
વજુ કોટક

વજુ કોટક
100
જન્મશતાબ્દી

બાળપણના વાનરવેડા



VISIT…

LANZAROTE

Caliente.COM

- પ્રભાતનાં પુષ્પો..
- રમકડાં વહુ..
- જુવાન હૈયાં..
- ઘરની શોભા..
- ચૂંદડી અને ચોખા..
- આંસુની આતશબાજી..
- માનવતાનો મહેરામણ..
- બુદ્ધિના બ્રહ્મચારી..
- કાદવના થાપા..
- બાળપણના વાનરવેડા..
- શહેરમાં ફરતાં ફરતાં..
- ગલગોટા..
- રૂપરાણી..
- ધોંડુ અને પાંડુ..
- ડૉ. રોશનલાલ..
- ચંદરવો..
- પુરાણ અને વિજ્ઞાન..
- આંસુનાં તોરણ..
- હા કે ના?..

લેખકનાં પુસ્તકો

બાળપણના વાનરવેડા

વજુ કોટક

ચિત્રલેખા
પ્રકાશન

BALPANNA VANARVEDA
by Vaju Kotak
2015
ISBN :978-81-9324-233-9

પ્રથમ આવૃત્તિ : ૧૯૬૯
બીજી આવૃત્તિ : ૧૯૭૮
ત્રીજી આવૃત્તિ : ૧૯૯૧
ચોથી આવૃત્તિ : ૨૦૧૫

મુખપૃષ્ઠ
દેવેન્દ્ર બંતપેલ્લીવાર (સૌજન્ય ચિત્રલેખા)

₹ ૧૫૦.૦૦

પ્રકાશક
ચિત્રલેખા
૨૫, અંધેરી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, વીરા દેસાઈ રોડ,
અંધેરી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦૦૫૩ ફોન : (૯૧-૨૨) ૬૭૩૦૯૮૯૮
chitralekha.com/books
books@chitralekha.com

ટાઇપ સેટિંગ
અપુર્વ આશર

મુદ્રક
યુનિક ઑફસેટ, અમદાવાદ

મુખ્ય વિક્રેતા



નવભારત સાહિત્ય મંદિર
જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૧ ફોન : (૦૭૯) ૨૨૧૩૯૨૫૩, ૨૨૧૩૨૯૨૧
૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ-૯ ફોન : (૦૭૯) ૨૬૫૮૩૭૮૭, ૨૬૫૮૦૩૬૫
E-mail : info@navbharatonline.com Web : www.navbharatonline.com
fb.com/NavbharatSahityaMandir

ટોચકા બીજા માળે, ઈન્દ્રપ્રસ્થ કૉર્પોરેટ હાઉસ, શેલ પેટ્રોલ પંપ સામે,
વિનસ એટલાન્ટિસ સામે, ૧૦૦ ફૂટ પ્રહ્લાદનગર ગાર્ડન રોડ,
અમદાવાદ ફોન : (૦૭૯) ૬૬૧૭૦૨૬૫ મો. ૯૮૭૯૧ ૧૦૬૫૦

અર્પણ...

બધા જ

તોફાની

છોકરાઓને—

ભવિષ્યમાં નામ કાઢે

એવી શ્રદ્ધા સાથે

બાળપણનું ભાથું

સત્તર વરસની મુગ્ધાવસ્થામાં વજુ કોટકે કાગળ પર કંડારેલા બાળપણનાં આ સંભારણાં કદાચ એમની સૌ પ્રથમ સાહિત્યકૃતિ હશે. છતાં પણ એમણે એ વિશે ભાગ્યે જ કોઈની પાસે ઉલ્લેખ કર્યો હતો. નિજાનંદ માટે જ લખાયેલાં આ સંભારણાંનું પ્રકાશન કરવાની પણ તેમણે ઇચ્છા દર્શાવી નહોતી.

'ચિત્રલેખા'ના વજુ કોટક સ્મૃતિ અંકમાં લાખો વાચકોના લાડીલા લેખકના બાળપણની ઝાંખી કરાવવા 'મારા બાળપણના વાનરવેડા' એ શીર્ષક હેઠળ આ સંભારણાંના કેટલાક પ્રસંગો પ્રગટ થયા ત્યારે વાચકો તરફથી અનહદ આવકાર સાંપડ્યો, આ પ્રસંગો વિસ્તારથી 'ચિત્રલેખા'માં ક્રમશઃ પ્રગટ કરવા માટે માગણી થઈ. પ્રકરણો છપાતાં ગયાં તેમ વાચકોના પત્રો આવવા લાગ્યાઃ 'વજુ કોટકની કોઈ નવલકથા વાંચતાં હોઈએ એટલો આનંદ અમને આ સંભારણાંમાંથી મળે છે...'

એમની નવલકથાના આશકોએ 'બાળપણના વાનરવેડા'ના કયા પાત્રો વજુ કોટકની કઈ નવલકથામાં ક્યા સ્વરૂપે આવ્યા છે તેનું પણ સંશોધન કર્યું.

એક વાચકે એમ પણ લખ્યું કે 'બાળપણનું આ ભાથું લેખકને ભાવિ સાહિત્ય સર્જનમાં કેટલું બધું ઉપયોગી થઈ પડ્યું તેનો અભ્યાસ કરવા માટે આ બધા જ સાચા પ્રસંગો પુસ્તકરૂપે પ્રગટ કરો તો ઘણાને લેખન માટે તેમાંથી પ્રેરણા મળશે.'

આજે 'બાળપણના વાનરવેડા' પુસ્તક રૂપે પ્રગટ થઈ રહ્યા છે ત્યારે અમારે એટલું જ કહેવાનું છે કે એક બે પાત્રો અને બેચાર પ્રસંગો સિવાય બધી જ સામગ્રી અમે તેમાં સમાવી લીધી છે.

— પ્રકાશક

નકાર સામેનો હુંકાર

બાળપણનું બારણું બંધ થઈ જાય, પણ એની પાછળ જે જીવન લપાયું છે, એ મોટપણને ક્યારેક ઘેરી લે છે. બિનઅનુભવ જીવનનું એવું વાજિંત્ર છે કે, એની અંદર આશા, આતુરતા, ઉશ્કેરાટ અને ઉમેદ સમયા છે. વય વધે છે એમ બુદ્ધિ અને તર્ક ખીલે છે; અનુભવ જેમ જેમ આકાર લે છે, એમ એમ જીવનની નરી નિર્દોષતા રૂખસદ લે છે. વિચાર અને આચારની ખેંચતાણ પછી શરૂ થાય છે. વિવેક અને અવિવેક વચ્ચેની સમજદારી ત્યારે પજવે છે. પૃથક્કરણ મગજમાં વાસ કરે છે. છતાં પાકટ વયે અણધારી લહેરખીની જેમ બાળપણ મનની બારીમાં કોઈવાર ઘૂસી આવે છે, ત્યારે મોટો જણ ભાગી જાય છે. શાણા આદમીના કરતાં આ તોફાની જણ ત્યારે વધુ રંગીન કળાય છે. કુંપળની હરિયાળી મસ્તી અને ઊગવા માટેની એની તમન્ના અડીખમ વૃક્ષ વચ્ચે ચમકી જાય છે ! કુંપળની આવી મસ્તી થોડા છોકરાઓમાં જોવા મળે. 'બાળપણના વાનરવેડા' ભાઈ વજુ કોટકની તરુણ ટાંચણપોથીને બુલંદી આપે છે. એમાં એ એકલા નથી. એમાં 'ચંડાળ ચોકડી' છે અને આ ટોળી વધતી રહે છે.

નાનપણથી વજુભાઈને બહારી દશ્યનું ઘેલું લાગ્યું. નાનપણના આ સંસ્કાર, પ્રકૃતિનો આ સમાગમ એમનાં સાહિત્યને પછી ચમકાવી ગયો. નદી, આકાશ, તરુવર, પંખી, પ્રાણી અને ગોઠિયા. ગોઠિયા પણ જેવાતેવા નહિ, નિશાળ સામેનું તેમનું તો બહારવટું.

વજુભાઈને નિશાળની ભીંતો પર ભારે ખીજ. એ લખે છે : 'કુમાર જીવનમાં લોહી ઉછાળા મારતું હોય, જ્યારે આભમાં પાટુ મારી આકાશના તારા નીચે ખંખેરી નાખવાની શક્તિ ભરી હોય, ત્યારે પાંચ પાંચ કલાક સ્કૂલમાં ગોંધાઈ રહેવું શું ગમે ? જ્યારે આંખ નવું નવું જોવા ઇચ્છતી હોય ત્યારે તે શેરડીના ચૂસી લીધેલ છોતરા જેવા ઇતિહાસ ઉપર આંખ ઠરે ?... પાંચ પાંચ કલાક પગને જમીન સાથે ચોંટી રહેવું ફાવે ખરું ? ટેકરીઓ, નદીઓ, જંગલો અને ગુફાઓ આજે સુમસામ પડ્યાં છે ? કોઈ કુમારનાં ત્યાં પગલાં દેખાતાં નથી. કુમારોનાં પગલાં સ્કૂલ અને ઘરની વચ્ચેના રસ્તા ઉપર દેખાય છે.'

વજુભાઈ અને એમની ટોળીએ 'નિશાળમાંથી નીકળી જવું પાંસરું ઘેર' આ શિખામણને સુકવી મારી હતી. નિશાળને બદલે નદીએ જતા અને ઘેર જવાને બદલે પેપા ખાવા ઝાડ પર ચડતા.

એક શેરીના છોકરા પર 'અલ્ટિમેટમ' મોકલે અને જે કજિયા થાય, આવી રસમય મારામારી આ પાનાં પર અવાજ કરે છે. ફોશી હોય, એને આ ટોળીમાં સ્થાન નહિ. ખતરો, સાહસ અને આકરા અનુભવોનું જે તિલક કરાવે, આ મસ્તીમાં એને બધું માણવા મળે.

તોફાનનું ટાંચણ ગતિ મેળવતું રહે છે. નિશાળનું બંધિયાર જીવન, બાપાની રોકટોક અને રોફ, બહાર ફરવા જવા સામે મનાઈ, શિખામણનાં પોટલાંના પોટલાં, ઘરેડુ જીવનની કિશોરના ગળે ઘંટી, આ સામે આ તરુણો બંડ જગાડતા રહે છે અને ચોરી-ચપાટી કરતા થઈ જાય છે. છાનીમાની બીડીઓ પીવાય છે. હોટેલોમાં નાસ્તા થાય છે. નકાર સામેનો આ હુંકાર છે. બાળહૈયાંને પાંજરામાં પૂરવા સામેનો આ લલકાર છે. આમાં જે નાના નાના અપરાધો છે, એ નિર્દોષ લાગે છે, કારણ કે કોઈ ગણતરીપૂર્વકના આ ગુના નથી. વજુભાઈએ સાફ

દિલથી તમામે તમામ વિગત રજૂ કરી છે. ક્યાંય દિલચોરી કરી નથી અને કારણ વગરનો પસ્તાવો વચ્ચે લાવ્યા વગર મુક્ત કિશોરજીવન વહેતું રાખ્યું છે.

'બાળપણના વાનરવેડા' પુસ્તકનાં પાનાં માણવા જેવાં લાગે છે, કારણ કે વજુભાઈએ લહેકાથી, વિનોદથી, રંગતથી, જુસ્સાથી આ વાનરવેડાને કૂદાવ્યા છે.

વાંચતાં આપણે ય આ 'ચિનાઈ'ની ટોળીના એક ગોઠિયા બની જઈએ છીએ.

બાળપણના આ સંભારણાં પછી, મોટાપણ શું ખૂચતું નથી ? શાણપણ શું પજવતું નથી ? અતિ જ્ઞાન શું હેરાન કરતું નથી ? વધતી વય ક્યારેક કરુણાના ઘરમાં આપણને ધક્કો મારી દે છે.

આ વાનરવેડામાં કિશોરનો જે શોર છે, એ ભારે મોહક છે.

લેબલ વિનાનું આ સાહસ, સ્વાર્થ વિનાની આ રખડપટ્ટી, જિગરી દોસ્તોની આ ઉજાણી વહી ગયેલા દિવસોને રોકી રાખે છે. બાળપણના કમળ પર ફરી સૂરજનું કિરણ પ્રગટે છે અને પ્રભાતનું પુષ્પ ખીલી ઊઠે છે.

– શ્રી જિતુભાઈ પ્ર. મહેતા

અનુક્રમ

૧ ટપાલપેટી, રેલગાડી

હું નાનો હતો ત્યારે મારી બા મને ઘણીવાર પોતાનો પત્ર ટપાલની પેટીમાં નાખવા માટે મોકલતાં. એ વખતે તો હું લાંબું કૉલર વિનાનું લાંબી બાયનું પહેરણ પહેરતો, બીજા કોઈ પોશાકની મારે જરૂર ન હતી. કાગળ લઈને હું ચાલી નીકળતો પણ જતાં જતાં મારી બા મને એટલું જ કહેતી કે, 'ભાઈ, ટપાલની પેટીને ખૂબ હલાવજે હોં.' તેમની શિખામણ બરાબર ધ્યાનમાં રાખી હું રસ્તા ઉપર ચારે બાજુ દૃષ્ટિ ફેંકતો પસાર થતો. ટપાલની પેટી થોડે ઊંચી હતી. એ પણ મારા મારા જોવાની રાહ જોઈ સદાય ત્યાં લટકતી હતી. હું ત્યાં બરાબર પહોંચી ન શકતો એટલે પાસેના ઓટલા ઉપર ચડી કાગળ નાખતો અને પત્ર નાખ્યા પછી બે હાથે ખૂબ જોરથી પેટીને હલાવતો, પેટીની ગાઢ ગંભીરતા અને તેની ઉદારતાને લીધે હું ખૂબ માનપૂર્વક તેની તરફ જોતો. એ બધાના પત્રો લઈ જતી. પછી ભલે સારા હોય કે ખરાબ. ટાઢ, તડકો અને વરસાદ સહન કરી માનવજાતિની એ અલ્પ સેવા બજાવતી. મારી કલ્પનાશક્તિ તો બહુ જ ઓછી અને મારા મનમાં તો એમ જ કે પત્ર અંદર પડે તો તરત જ ચાલતો થાય! કેવી રીતે, શા માટે, કેમ કરીને, એવા પ્રશ્નો બહુ ઉદ્ભવતા નહીં. ઘેર જઈને મારી બાને પૂછતો કે, 'બા, કાગળ વઢવાણ પહોંચ્યો હશે?' બા, કેટલા ગાઉ કાગળ પહોંચ્યો હશે?' મારી બા પણ મારી માન્યતાને પોષણ આપતાં અને કહેતાં કે, 'બાર ગાઉ કાગળ પહોંચ્યો હશે.' હું વાતને સાચી માની મારા મનમાં હરખાતો હરખાતો સૂઈ જતો. આવી રીતે ટપાલની પેટીની કલ્પના ઘણા સમય સુધી ચાલી; અને આ જ કલ્પનાને લીધે એ લાલ પેટી તરફ ઉપકારની દૃષ્ટિએ જોતો. ઘણી યે વાર એકલો એકલો ઊભો રહેતો અને તેની સામે જ જોયા

કરતો, અને પેટી ગંભીરતા ધારણ કરીને ભીંતે લટકતી રહેતી. એક નાનકડું પિત્તળનું તાળું લટકતું હતું પણ મારા મનમાં તો એ જ ભૂત ભરાઈ ગયેલું કે કાગળ અંદર પડે કે તરત જ ઊપડે! તાળા વિશે મેં કદી કલ્પના નહીં કરેલી. પછી પેટી તરફ માન ઉપજે એમાં નવાઈ શી?

પણ આખરે એક દિવસ આવી પહોંચ્યો, મારી કલ્પના ધૂળ ભેગી થઈ ગઈ. સવારે આઠ વાગે એ પેટી આગળ કંઈક વિચાર કરતો ઊભો હતો એવામાં એક માણસ આવ્યો ખાખી કપડાં તેણે પહેરેલાં એક ખાખી બગલથેલો તેની પાસે હતો. એ સત્તાધારી ચાલે ચાલતો હતો. અને સાચે જ એ સત્તાધારી હતો. ધીમે ધીમે આગળ આવ્યો અને તાળું ખોલ્યું, થોડીવારમાં તો બધા પત્રો તેના બગલથેલાના પેટમાં સંતાઈ ગયા. મને થયું કે જરૂર પેટીને વેદના થઈ હશે, શુ થયું? પેટી સામે મેં દૃષ્ટિ ફેંકી. પણ તેની તો ભવ્યતા એવી ને એવી જ હતી. સુખ અને દુઃખના મોજાં તેના શરીરને જરા પણ અસર નહીં કરતા હોય એમ લાગ્યું! મારી નવાઈનો પાર ન હતો. પેટી દગાખોર નીકળી! જે વાત મારી બાએ સાચી માનેલી તે શું ખોટી! હું ઊપડ્યો મારા બાપુજી પાસે અને મારી કલ્પના સાંભળી તે હસી પડ્યા. કદાચ મારી અજ્ઞાનતા ઉપર હસ્યા હશે એમ હવે લાગે છે! પછી તો એમણે મને બધી રચના કહી સંભળાવી અને આખરે ખબર પડી કે ટ્રેન એ બધા પત્રોને લઈ જાય છે. આ વખતે મારા આનંદનો પાર ન રહ્યો. પણ આ જ્ઞાન થયા પછી પેટી વિશે મારી ભાવના અદશ્ય થઈ. એ તો પછી મને એક નજીવી વસ્તુ લાગતી. માત્ર પતરાંનું ડબલું! ખરું કામ કરનાર તો ટ્રેન! અને ટ્રેન વિશે તો મેં અદ્‌ભુત વિચાર કરેલો. પણ આખરે ટ્રેનની કલ્પના ફળીભૂત ન થઈ! શું જ્ઞાનથી માણસ શુષ્ક બનતો હશે!

*

નદીમાં રખડ્યા સિવાય તો ન જ ચાલે! ત્યાં માછલા જોવાની ખૂબ મજા આવતી કિનારે રેતી ઉપર બેસી રહેતો. સૂર્યાસ્ત નિહાળતો અને આકાશના અવનવા રંગ જોઈ મારું હૃદય હર્ષઘેલું બની જતું. પણ નદીમાં રખડવાનું એક બીજું આકર્ષણ જબરદસ્ત હતું, તે એ કે રોજ સાંજે પુલ ઉપરથી એક ગાડી પસાર થાય અને હું પુલ નીચે ઊભો રહેતો. માથું ઊંચું રાખી, ટ્રેન પસાર થઈ જાય ત્યાં સુધી કુતૂહલતાથી તેને નીરખી રહેતો. ગાડીમા બેઠેલા મુસાફરો નદીનાં નીર નીરખતાં હોય તો વળી મારા જેવડાં નાનાં નાનાં બાળકો પોતાના બટુકડા હાથ બારીમાંથી બહાર કાઢી, 'આવ, આવ,' એમ સંજ્ઞા કરતાં. હું તેમની સામે

હસી પડતો અને જવાબ હાથની મદદથી આપતો. એ લોકો પોતાના નાનકડા આંગળાંને નીચે નમાવતાં ત્યારે તેના જવાબમાં હું મારા હાથનો નાનકડો પંજો ઘડિયાળના લોલકની જેમ હલાવતો બન્ને પક્ષો સમજી જતા. પછી તો સાંજ પડી હોય, સૂર્ય જુદા જુદા રંગ બનાવતો આકાશમાં નમતો હોય, નદીનાં નીર વહેતાં હોય અને હું એકલું ખમીસ પહેરી ઊંચું માથું રાખી આતુર નયને ટ્રેન નીરખતો. આ મારો થોડા દિવસનો કાર્યક્રમ થઈ પડેલો. મને ટ્રેનમાં બેસવાનું ખૂબ મન થતું પણ કોણ બેસાડે? ઘરમાંથી કોઈ ચસકે તો ને! ધુમાડાના ગોટા કાઢતું ઍન્જિન મને કોઈ વિજય પામેલા દેવ જેવું લાગતું. એ ગર્વથી આકાશ ગજાવતું આગળ ધપતું હોય અને પાછળ ડબ્બા ખેંચાતા હોય ત્યારે તેના અદ્ભુત બળ વિશે મને માન ઉપજતું. અમે પણ શેરીમાં એન્જિનના ચાળા પાડતા. હું ઘણીવાર એન્જિન બનતો અને એકબીજાનું ખમીસ પકડી દસ કે બાર છોકરા જોડાતા ધીમે પગલે હું શરૂઆત કરતો. શરૂઆત કર્યા પહેલાં મોઢામાંથી સીટી વગાડતો. 'પુ...પી...પી' સીટી વાગ્યા પછી 'ભક્ છ્સ ભક્ છસ્સ્' બોલાવતો આગળ ધપતો ફક્ત અમારી ટ્રેનમાં ધુમાડા ન નીકળતા કોઈ વાર હું એન્જિન થાઉં તો કોઈ વાર હું ગાર્ડ માસ્તર પણ બનતો અને પાછળથી હાથ લાંબો કરીને આખી ટ્રેન ઉપર સત્તા ચલાવતો.

એક દિવસ મને ખબર પડી કે, 'સિગ્નલ પડે' ત્યારે જ ગાડી આવે, ત્યારે મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. એન્જિન જેવી જબ્બર વ્યક્તિને ફક્ત એક સિગ્નલ જ અટકાવી શકે? મારી કલ્પના સળગી ઊઠી. અન સિગ્નલ પાડીને ગાડી બોલાવવાની મહત્વાકાંક્ષા જાગી કોઈ પણ ઉપાયે ગાડીને બોલાવતી તો ખરી જ, પણ આ કાર્યક્રમ કેમ પાર પાડવું?

તે દિવસે રાત્રે તો સૂઈ ગયો. પણ સ્વપ્નાં સિગ્નલ વિશે આવ્યાં. આખી રાત મેં લાંબી લાંબી ટ્રેન જોયા જ કરી. મુસાફરો મારી સામે જોતા હતા, મને મૂકી પેલાં બાળકો ચાલ્યા જતાં હતાં. બાકી રહેતા એક પુલ જૂનો અને જાણીતો. પુલ નીચે ફક્ત હું જ ઊભો હોઉં! પુલ ઉપર જ્યારે ટ્રેન પસાર થતી ત્યારે આખો પુલ કોઈ દિલ્હીના બાદશાહની જેમ નદીમાં પોતાનું પ્રતિબિંબ નીરખતો ઊભો રહેતો. પણ ટ્રેન ગયા પછી તેની જાહોજલાલીનાં પૂર ઓસરી જતાં, એ ઝંખવાણો પડી જતો અને હું પણ તેની સામે નિરાશાભરી દૃષ્ટિ નાખી ચાલ્યો જતો, ઘેર!

સવાર પડી ગઈ. મારે તો ટ્રેનને બોલાવવી હતી. મારી મૂંઝવણ મેં મારા મિત્ર ભુદરજીને કહી. એને વાત પસંદ પડી. ભુદરજી સાથે મારો સંબંધ તાજો થયેલો. એ જાતે બ્રાહ્મણ. ધોતિયું અને ખમીસ પહેરતો. માથે તોલો અને લાંબી

ચોટલી, શીળીના ડાઘાવાળું મોઢું અને છોકરી જેવો ચહેરો; આવા ભુદરજીએ મારી મહત્ત્વાકાંક્ષાને પોષી. બુદ્ધિમાં અમે બન્ને સરખા જ હતા. ભુદરજી અને હું આખરે નિશ્ચય ઉપર આવ્યા કે કોઈ પણ ઉપાયે સિગ્નલ પાડવો, પણ કોણ જાણે કેમ તેને કંઈ યાદ આવ્યું હોય તેમ તે બોલી ઊઠ્યો. 'વજિયા, ભાયલાની જરૂર પડશે ઈ વિના સિગ્નલ નહીં પડે!'

ભાયલાના માતાપિતા જાતે કડિયા. ભાયલાના બાપા, ભાયલાને નાના મૂકી મરી ગયેલા. પરિણામે ભાયલો અંકુશ વિના મોટો થયેલો અને કોઈ પણ કાર્ય માટે સદા તૈયાર! એના પિતાએ તેને વારસામાં બુદ્ધિ નહીં પણ શરીર આપેલું. ભાયલો સૈનિક જેવો હતો. પોતાના પિતા ન હતા તેથી તે બીજાના અનુભવ ઉપરથી એમ જ માનતો કે બાપા અને નિશાળના માસ્તર સરખા! બન્ને જુલ્મી અને શિખામણ દઈ દઈને માથું કાણું કરી નાખે. એટલું જ નહીં ક્યારેક લગાવે પણ ખરા! ભાયલો શરીરે કાળો; તેના ગાલ બટેટાને મળતા આવતા અને તેના કાળા ચહેરા ઉપર તેની મસ્તીભરી બે ચપળ આંખો સદાય ચમકતી રહેતી. ટૂંકું કપાળ અને ચોરણી-ખમીસ તેનો પોશાક ટૂંકામાં ભાયલો બેઠી દડીનો બટકો પણ જોરાવર. મારા કરતાં સહેજ મોટો પણ બહુ ભોળો!

'એલા ભાયલા!' ભુદરજીએ ઘર પાસે જઈ બુમ પાડી જરા ભૂખ લાગી હતી એટલે ભાયલો શિરાવતો હતો. પણ ભૂદરજીનો અવાજ સાંભળી હાથમાં રોટલાના બટકા સાથે બહાર કૂદી આવ્યો.

'કાં ભુદરિયા, શું કામ છે?'

ભુદરજીએ બધી વાત કહી, ભાયલો સાંભળી રહ્યો. હાથમાં રોટલાનો કટકો રહી ગયો, એની ચમકતી આંખો આશ્ચર્યથી ભરપૂર હતી. આખરે તે બોલી ઊઠ્યો,

'વજિયા', તારી વાત સાચી લાગે છે. આજે સાંજે વાત ભુદરિયા, તું પણ તૈયાર રહેજે. હું ધમલાને લઈને આવીશ.'

મારા આનંદનો પાર ન રહ્યો. ભાયલાના નિખાલસ સ્વભાવ ઉપર હું ફિદા થઈ ગયો. અને આવે પ્રસંગે તે ખાસ મદદ આપતો. ભુદરજી સહેજ બીકણ હતો. ફક્ત રાત્રે ઘરની બહાર ન નીકળે! પણ ભાયલો એટલે ભડનો દીકરો! એની હિંમત અજબ હતી. એની બહાદુરી શેરીમાં ગવાતી. જ્યાં કોઈ ન જઈ શકે ત્યાં ભાયલો જતો, જ્યાં કોઈ માર ન ખાઈ શકે ત્યાં ભાયલો માર ખાતો. અને જ્યાં કોઈ ફાવી ન શકે ત્યાં ભાયલો ફાવતો હું તેને ફક્ત નવા રસ્તા જ બતાવતો, એ રસ્તા ઉપર ભટકવું એ ભાયલાનું કામ! ભાયલે ધમલાને વાત કરી દીધી. ધમલો પોશાક તો ભાયલાના જેવો જ પહેરતો હતો પણ ભોળો અને ખાવાનો

બહુ શોખીન! તેના ખિસ્સામાં કંઈક તો ભર્યું જ હોય! તેના બાપા મિસ્ત્રી હતા. ધમલાને ખાવાનો ચટકો ક્યાંથી લાગ્યો તે મને ખબર નથી પણ જ્યારે કંઈ પણ ખાવનું ન હોય ત્યારે તેના ખિસ્સામાંથી બાજરો કે ચણાની દાળ નીકળતી! શરીરે ઠીક ઠીક, જરા લાંબો પણ ડહાપણ બહુ જ ટૂંકું અને ભાયલાનો એ પરમ મિત્ર હતો. સાંકડી ખોજા જેવી ચોરણી અને ખમીસ પહેરતો. બહાર નીકળતો ત્યારે કોઈ કોઈ વાર કાળી ટોપી પહેરતો.

સાંજ પડી, અમે નિશાળમાંથી છૂટી ઘેરે આવ્યા અને પછી તો હું, ધમલો, ભાયલો અને ભુદરિયો સ્ટેશન તરફ ઊપડ્યા. ધમલે ટોપી પહેરી હતી, ભુદરિયે ધોતિયું ધારણ કર્યું હતું અને મેં પણ ચોરણી પહેરી હતી; મારા બાપુજી ચુસ્ત સનાતની એટલે મારે માથે લાંબી ચોટલી ઊડતી હતી અને ભુદરને માથે તો હતી જ. રસ્તામાં ભુદરિયો બોલી ઊઠ્યો. 'ધમલા, ધાર કે ટ્રેન આવી તો શું કરવું?'

'આવશે તો જોવાની કેવી મજા આવશે?'

ધમલો જવાબ આપે તે પહેલાં જ મેં જવાબ આપ્યો. મારો આનંદ ઉભરાતો હતો. અમે સૌ વિજય માટે આગળ ધપતા હતા. ધમલો શેરડી ખાતો ખાતો, શેરડીના છોતાં આમતેમ વેરતો આગળ ધપી રહ્યો હતો. આખરે સવારી સ્ટેશન પાસે આવી પહોંચી. સ્ટેશનથી તો ઘણે દૂર બીજું સિગ્નલ હતું. અમે ત્યાં પહોંચ્યા. આસપાસ નજર કરી પણ કોઈ દેખાયું નહીં. ધીમે ધીમે થાંભલા પાસે આવ્યા અને પાસે જઈ ધમલે તાર ખેંચ્યો પણ વ્યર્થ!

'આપણાથી આ નહીં ખેંચાય; આપણે ચારે જણા ખેંચીએ.' ધમલો તાર આગળથી ખસી અમારી આગળ આવ્યો. આખરે એમ નક્કી થયું કે અમારે ચારે જણાએ જવું અને ગયા પણ ખરા; અને તાર એવી રીતે ઊંચો કર્યો કે સિગ્નલ પડ્યું! અમારા આનંદનો પાર ન હતો. થોડી વાર એમ ને એમ રાખ્યું. દૂર દૂર નજર ફેરવી પણ ટ્રેન તો ન દેખાઈ. ચારે જણા ટ્રેનની રાહ જોતા હતા પણ સીધા પાટા સિવાય બીજું કંઈ ન દેખાયું પણ અમારે માટે વિજય નહોતો.

એકદમ તાર છોડી, ધોતિયું હાથમાં લેતોક ભુદરિયો ભાગ્યો. પાછળ હું અને મારી પાછળ ધમલો! પણ ત્યાં તો અંધારી રાત્રે ઝાડ પર વીજળી પડે તેમ ભાયલાના ગોળમટોળ માથા ઉપર કોઈ કાળા માનવીનો જોરદાર હાથ પડ્યો. ભાયલે ભયમાં પાછું જોયું તો રેલવેનો પટાવાળો નીકળ્યો! તેણે ભયલાનું ગળું પકડ્યું. અને બોલ્યો;

'તારા બાપનું અહીં શું દાટ્યું છે? તારો દાદો જેલમાં નાખી દેશે જેલમાં; ભાગી જા અહીંથી!' છેલ્લા શબ્દો સાથે ભાયલાના માથા ઉપર બીજી ધોલ પડી,

અને ગળું પકડી ભાયલાને ધક્કો માર્યો. માથું ખંજવાળતો ભાયલો વીલે મોઢે અણારી પાસે આવ્યો. તેનું હૃદય ઘવાયું હતું. એ એકલો હતો. પટાવાળો મજબૂત હતો. ભાયલો ગંભીર હતો, એની આંખોમાં ખૂન ઉભરાતું હતું. તે હોઠ પીસતો હતો. તેના આખા શરીરમાં ક્રોધની જ્વાળાઓ સળગેલી પણ બહાર આવવા માટે તક ન હતી. ભાયલો પોતાનો ક્રોધ અંદર સમાવવા પ્રયત્ન કરતો હતો. મૂંગે મોઢે અમે પાછા ગયા. કોઈ કંઈ બોલતું ન હતું. અમે નિરાશ થયેલા અને નિરાશાના ડંખ સહન કરવા એ કંઈ સહેલા નથી! વીંછી કે સર્પના ડંખ કરતા પણ નિરાશા ભૂંડી છે. તે માણસના હૃદયને કોરી નાખે છે, માનવીના શરીરના રક્તનું તે શોષણ કરે છે અને આખરે તેને આત્મહત્યા તરફ પ્રેરવામાં પણ નિરાશા જરાપણ અચકાતી નથી.

થોડી વારે મૌન તૂટ્યું, ભાયલો ગંભીર ભાવે બોલ્યો;

'તમે ભાગી શું આવ્યાં? ઈ સા...ને આપણે ચારે જણા થઈ પૂરી કરત!' ભાયલાના શબ્દોમાં જોર હતું અને અન્યાય સામે ચોખ્ખો તિરસ્કાર હતો પણ અમે કોઈએ જવાબ ન દીધો, શું જવાબ આપવો? પણ ત્યાં તો ધમલે આડી વાત નાખી.

'હરામખોર બહુ જબરો હતો.'

હવે તો શાંત થઈ ગયેલા ભુદરજીને પણ વાચા આવી:

'પણ વજિયા, ઈ. સા...! ક્યાંથી ફૂટી નીકળ્યો?'

મેં જવાબ આપ્યો, 'મને શું ખબર? પહેલાં તો તું ભાગ્યો, પછી કંઈપણ વિચાર કર્યા સિવાય હું પણ તારી પાછળ. મને ખબર નહીં કે પટાવાળો આવતો હશે, જો એમ ખબર હોત તો તારી જેમ ભાગત નહીં!' ધમલાને પણ બહાનું જડ્યું, 'હું પણ ન ભાગત.'

ભાયલો તો શાંત હતો, ગંભીર હતો. થોડીવારમાં અમે અમારી શેરી પાસે આવી પહોંચ્યા. કે તરત જ ભાયલો વિચારતંદ્રામાંથી જાગ્યો અને બોલ્યો:

'વજિયા.'

'શું?' મેં નમ્રતાથી જવાબ આપ્યો.

'જો જાણે, મેં માર ખાધો છે એવી વાત ક્યાંય કોઈપણ છોકરાને ન કરવી. બોલ છે કબૂલ? ધમલા, તેં સાંભળ્યું?'

'મેં કહ્યું, 'કબૂલ, ક્યાંય વાત ન કરવી.'

'ખા તારા બાપના સમ!' ભાયલો બોલ્યો. ખરેખર એ વખતે અમે સૌ સોગનમાં ખૂબ માનતા. અને જો સોગન ન પળાય તો જરૂર વિપરીત પરિણામ

આવે એવી અમારી દૃઢ માન્યતા હતી. એટલે કોઈ સોગન આપે કે તરત જ અમે ભડકતા. એ બંધન હતું. પણ આ બંધનમાં તો બંધાવાની જરૂર હતી, કારણ કે ભાયલાની આબરૂ સાચવવી હતી. મેં સોગન લીધા:

'જો હું આ વાત કોઈને કહું તો મારા બાપના સમ.'

પછી ધમલે પણ મારી જેમ કર્યું અને ભુદરિયો પણ ધમલાને પંથે ચાલ્યો. પણ ભુદરિયે જરા ભૂલ કરી. એણે બાપને બદલે 'મા' ના સમ ખાધા. અમે ચલાવી લીધું પણ પાછળથી ખબર પડેલી કે તેની મા નવી હતી અને ભૂદરિયાને ખૂબ મારતી! ગમે તેમ હોય પણ વાત બહાર ન પડી. થોડા દિવસ પછી મને ખબર પડી કે ગાડી આવે ત્યારે જ સિગ્નલ પડે અને મારી ભૂલ મને સમજાઈ!

* * *

૨ હનુમાનની માનતા

જ્યારે સિગ્નલનું રહસ્ય સમજાયું તે પછી ગાડીનો મોહ ઊતરી ગયો. પણ મારા જ્ઞાનમાં વધારો થયો હતો. મને લાગ્યુ કે હું આગળ ધપ્યો. એ વખતે આનંદ એ મારા જીવનનું મધ્યબિંદુ હતું. તેના સિવાય બીજો મને જરાપણ ખ્યાલ ન હતો. નદીઓ, ખેતરો અને દૂર દૂર ટેકરીઓના માથાં ઉપર ભમી આવતા. બોરનાં ખિસ્સા ભરતા અને રસ્તામાં વાતો કરતા કરતા બોરના ઠળિયા મસ્તીથી ફેંકતા ફેંકતા ઘેર આવતા. સવારે જમીને હું બહાર નીકળતો કે ઠેઠ સાંજે જમવા વખતે હાજર થતો. બાપુજી ઑફિસમાં જાય કે તરત જ બહાર! રખડવામાં હું, ધમલો, ભાયલો અને ભુદરિયો.

નિશાળમાં અમે ડાબી બાજુની પહેલી બૅન્ચ પર બેસતા. ચરે ય સાથે. ભવાનીશંકર માસ્તર અમને 'ચંડાળ ચોકડી કહેતા. ચંડાળ ચોકડી રખડવામાં હોશિયાર હતી, તોફાન કરવામાં પહેલે નંબરે હતી પણ ભણવામાં જરા પાછળ પડતી. ચંડાળ ચોકડીનું ધ્યેય તો બીજું જ હતું. નિશાળ તો કડવી ઝેર જેવી લાગતી, પાંચ કલાક લાકડાંના કઠણ બાંકડા ઉપર બેસી રહેવાથી ચંડાળ ચોકડીનો નીચલો ભાગ તપી જતો અને ભાયલો કેટલીયેવાર પાણી પીવાનું બહાનું કાઢી બહાર રખડી આવતો. ભુદરિયો વારંવાર એકીને બહાને જતો. આવી રીતે ચંડાળ ચોકડીને નિશાળ જેલ જેવી લાગતી. ધમલો રોજ એક વાર ચાલતી નિશાળે પાયખાને જાય. તે ઠેઠ ઘેર! પછી આવે રખડતો રખડતો. પાયખાને જવું હોય ત્યારે બે આંગળાં માસ્તરને બતાવતા, એકી કરવા જવું હોય ત્યારે મુઠ્ઠી બીડી ટચલી આંગળી બતાવતા અને પાણી પીવા જવું હોય ત્યારે પ્યાલાની જેમ હાથનો માસ્તર સમક્ષ ધરતા આવી સંજ્ઞાઓ હતી. કોઈ પણ છોકરો 'બે આંગળાં'

બતાવી ઊભો રહે ત્યારે માસ્તર જરા બોલે પણ ખરા.

'કેમ, આજે શું ખાધું છે? જાઓ જલદી આવજો.' છેલ્લા વાક્યમાં સત્તાનો ભાવ હતો. ઘણી વાર મોડું થતું ત્યારે માસ્તર પૂછતા, આંખના ભવાં ચડાવીને:

'કેમ મોડા આવ્યા?' અમે ચાર જણા એક પછી એક જવાબ દેતા પહેલાં હું,

'સાહેબ, મારા બાપાને તાવ આવ્યો હતો એટલે તેમનું માતું દાબતો હતો તેથી મોડું થઈ ગયું.' મારા બાપાને તાવ આવ્યો ન હોય છતાં પણ માસ્તરને કહેતો કે 'તાવ આવ્યો છે' પછી ધમલો કંઈ નવું બહાનું કાઢી કાઢતો.

'સાહેબ, મારા પેટમાં દુઃખતું હતું. આજે મારે નહોતું આવવું પણ પેટમાં મટી ગયું કે તરત જ આવ્યો.' ધમલો તો જાણે માસ્તર ઉપર ઉપકાર કરતો હોય તેમ બોલતો. માસ્તર પણ પછી તો સમજી જતા કે અમે હડહડતું જુઠ્ઠાણું ચલાવીએ છીએ એટલે જરા ખીજાઈને બોલતા:

'હવે બેસો, અંદર પધારો, બહુ ભણ્યા!'

અમે ચાર જણા અંદર ઘૂસી જતા. છેલ્લી બૅન્ચ ખાલી જ હોય! માસ્તર કદી ભણવાનું પ્રોત્સાહને ન આપતા પણ ભણવા માટે ધમકી આપતા, મેણાં મારતા. અમને ઊભા કરતા, અંગૂઠા પકડાવતા. કાન પકડાવી ઊઠબેસ કરાવતા. અને બહુ ચિડાય ત્યારે અવળા હાથના આંગળા ઉપર ઊભી ફૂટપટ્ટી લગાવતા. ભુદરિયો રડી પડતો પણ ભાયલો તો સજાથી ટેવાઈ ગયેલો. ઘડીકમાં તો એ પચીસ ઉઠબેસ ખેંચી કાઢતો. કેટલીકવાર માસ્તર બહુ સજા કરતા. કાનની બુટ્ટી ઉપર કાંકરી મૂકી ખૂબ જોરથી દાબતા. આવે વખતે મારી આંખમાં પાણી આવી જતાં અને માસ્તરનું નિકંદન કાઢી નાખવાનું મન થતું. ભાયલો તો મને પૂછ્યા જ કરતો કે,

'વજિયા, આપણે ન ભણીએ એમાં માસ્તરના બાપનું શું જાય? ઇ ભવાને જરા ચખાડવું પડશે.' ભવાનીશંકર માસ્તરને ભાયલો 'ભવો' કહેતો. આવી રીતે અમે નહીં પણ આખો વર્ગ માસ્તરની સામે સળગતો હતો. નિશાળ બહાર નીકળ્યા કે તરત જ માસ્તરની વગોવણી! જેમ બને તેમ વાઢવાનું! ગાળો દેવાની અને તેમાંથી આનંદ મેળવવો. પણ એમાં અમારો શું વાંક? હજી પણ આગળ ધપેલા, યૌવનમાં ઊભેલા કૉલેજરકુમારો ક્યાં પ્રોફેસરને છોડે છે! કોઈને કોઈ હાથમાં આવવો જ જોઈએ. જ્યારે આટલા સંસ્કાર પામેલા યુવાનો બોલે ત્યારે અમે બોલીએ એમાં શી નવાઈ!

ભુદરિયો તો એમ જ કહેતો કે.

'ઈ ભવો, કાળ ચોઘડિયામાં જન્મ્યો છે.'

ધમલો પણ સાત પેઢીની સુણાવતો અને હું કંઈ બાકી ન રહેતો. આવી રીતે માસ્તરની નિંદામાંથી અમને અખૂટ આનંદ મળતો. માસ્તર અમારો દુશ્મન હતો, અમે માસ્તરના શત્રુ હતા!

માસ્તર જ્યારે મારવાની યુક્તિઓ રચતા ત્યારે અમે તેને પણ બરાબર હેરાન કરવાની યુક્તિ રચતા. એકવાર ભાયલે માસ્તરની ખુરશીમાં ખૂબ માંકડ ઠાલવી દીધા. માસ્તર ભણાવતા હતા ત્યાં તો ઊંચા થયા, વળી પાછા નીચા થયા; માંકડ પોતાનું કામ કરતા હતા, ભાયલો હરખાતો હતો પણ એવામાં તો માસ્તર બોલી ઊઠ્યા;

'આજે ખુરશીમાં છે શું?' માસ્તર ઊભા થયા અને જોયું તો માંકડ દોડાદોડ કરતા હતા.

'ભાયલા, આ ખુરશી બહાર ખંખેરી આવ.'

'લાવો સાહેબ.' ભાયલો ઊઠ્યો ખુરશી ખંખેરી આવ્યો અને માસ્તર ખુશ થયા. ભાયલાને વરદાન મળ્યું.

'જા, આજે પાંચમા નંબરે બેસી જા.'

વરસના વચલા દહાડે ભાયલો આવી રીતે પાંચમો નંબર મેળવતો અને ખુબ હરખાતો પોતાને ખૂબ હોંશિયાર માની લેતો. અને માને તેમાં નવાઈ શી! જુઓને, અત્યારે યુનિવર્સિટીની પરીક્ષામાં પણ એમ જ ચાલે છે! અર્ધો માર્ક વધારે મેળવે એટલે પાસ, એ મેળવનાર જ્ઞાની અને હોશિયાર અને એને અભિનંદનના તાર મળે, ત્યારે અર્ધો માર્ક ઓછો મેળવનાર નાપાસ, ઠોઠ અને એને માટે દિલાસો! જ્ઞાનની ભૂમિકા શું 'માર્ક્સ' ઉપર જ માપવી? ફક્ત અર્ધો માર્ક સારુ આખું વર્ષ બગડે અને સુધરે! ખરેખર, કેળવણીકારોની બુદ્ધિ અગમ્ય છે. તેમનો મહિમા અકલિત છે, ભાયલો ફુલાતો હતો એ વસ્તુ સ્વાભાવિક હતી એમ મને હવે સમજાય છે!

પણ અમે રખડવામાં જરા પણ પાછા હઠ્યા ન હતા. માસ્તરને હેરાન કરવામાં પણ પૂરા હોંશિયાર હતા. ગોખરૂ અને ટાંચણીઓ તો ઘણી યે વાટે ભરાવી દેતા! ઘણીવાર માસ્તર અમને રાખડી બાંધતા અને અમે સૌ પૈસો પૈસો માસ્તરને આપતા, અંગ્રેજી ભણાવતા માસ્તરો પણ આવી જ યુક્તિઓ બીજા સ્વરૂપમાં વાપરી રહ્યા છે એમ જ્યારે મેં જોયું ત્યારે મને ભવાનીશંકર માસ્તરનો જરા પણ વાંક ન લાગ્યો. એ પ્રથા બહુ જૂની લાગી. વર્ષો થયાં ચાલી આવે છે અને વર્ષો થયાં ચાલી આવતી પ્રથાને કંઈ તોડાય? ખરાબ હોય તો શું થયું? ગમે તેમ તોય રૂઢિ! ન તોડાય અને તૂટી પણ નથી! આજે પણ પાસ કરવા માટે લાંચો લેવાય છે અને હું ભણતો ત્યારે પણ લેવાતી! વિદ્યા શાક-મારકીટના શાકની

જેમ આજે વેચાય છે. એ વિદ્યા છે કે વાલોળ તેની મને શંકા થાય છે. મને તો માસ્તરો, હાઇસ્કૂલના શિક્ષકો કૉલેજના ગંભીર અતિ જ્ઞાનથી ભરેલા પ્રોફેસરો અને યુનિવર્સિટીના પરીક્ષકો શાક-મારકીટમાંના કાછિયા જેવા લાગે છે! દરેક જણ ત્રાજવું લઈને બેસી ગયો છે અને સૌએ સંપીને ભાવ નક્કી કરી નાખ્યાં છે! જોઈ છે કોઈ દેશમાં આવી વિદ્યાબજાર? શું ભારતના ભવ્ય ભૂતકાળમાં આમ વિદ્યા વેચાતી હતી? આજે જ્ઞાન નથી પણ ગદ્ધામજૂરી છે. પછી ભલે તે ગુજરાતી શાળા હોય કે કૉલેજના ગગનગામી ભવ્ય મકાનો હોય!

અમારી ચંડાળ ચોકડી જ્ઞાન પ્રાપ્ત ન કરી શકી. એને તો દૂર દૂર ભટકવું હતું. ખેતરોના પાકમાં અદૃશ્ય થવું હતું. ઝાડની ડાળીએ ડાળીએ કૂદકા મારવા હતા અને નદીનાં નીર ડોળવાં હતાં. પરીક્ષા આવી પહોંચી ભવાનીશંકર માસ્તરે ઘણી યુક્તિઓ અમને બતાવેલી પણ અમે નાપાસ થયા. માસ્તરે કહેલું કે વર્ગમાં જ્યારે તમે દાખલા ગણતા હશો ત્યારે હું આટાં મારીશ. ગમે તે છોકરાનો દાખલો જોઈશ. તેનો જવાબ જોઈશ. પછી છોકરાએ મારા સામું જોવું. જો હું ડાબા ગાલ ઉપર હાથ મૂકું તો સમજી લેવું કે દાખલો ખોટો છે અને જમણા ગાલ ઉપર હાથ મૂકું તો સમજી લેવું કે દાખલો સાચો છે. અને જો હું પાઘડી ઉપર હાથ મૂકું તો તરત જ સમજી લેવું કે છોકરાને દાખલાની રીત નથી આવડતી, અરે, આવી તો ઘણીયે યુક્તિઓ હતી પણ માસ્તરે કહેલું છે કે ખાનગી રાખવી, કોઈને કહેવી નહીં, કારણ કે માસ્તર ક્યાં પોતાના સ્વાર્થ ખાતર કરતા હતા. એ તો અમારા હિતની ખાતર યુક્તિઓ રચતા. અને અમારું હિત જે માનવી ખ્યાલમાં રાખતો હોય તેની યુક્તિઓ કંઈ જાહેર કરી દેવાય? કદી ન બને.

પરીક્ષામાં જતાં પહેલાં મેં સવારે દહીં ખાધું હતું, ગોળની કાંકરી મોઢામાં મૂકી હતી અને મારી બાને પગે લાગી લાંબો કોટ, ચોરણી અને માથે ઝરીની ભરેલી ટોપી પહેરી ઊપડ્યો. ઊપડતી વખતે મારી બાએ બે પૈસા વાપરવા માટે આપ્યા. હું બહાર નીકળ્યો, પણ શુકન સારા ન થયા. બિલાડી આડી ઊતરી, વિચારમાં પડી ગયો કે હવે શું કરવું? આ અપશુકન જરૂર નડશે! ઊભો રહ્યો: પણ ત્યાં તો કોઈ સદ્‌ગૃહસ્થની જેમ તૈયાર થયેલા ભુદરજી દેખાયા. મને તેડવા આવતા હોય એમ લાગ્યું.

'વજિયા, ઊભો છો શું? હાલ, હાલ મોડું થશે.'

'પણ ભુદરિયા બિલાડી આડી ઊતરી.'

'મીંદડી આડી ઊતરી? કઈ બાજુ ગઈ?' ભુદરિયો આશ્ચર્ય પામ્યો અને કંઈ ઉપાય શોધવા તૈયાર થયો. મેં જવાબ આપ્યો, 'આ બાજુ.'

'ઓ હો! જમણી બાજુ! ત્યારે સારા શુકન.'

શુકન ઉપર જ કેમ જાણે અમારા વિજયનો આધાર રહેલો હોય એમ શુકનને વધુ મહત્ત્વની બાબત ગણાતા. એવી જ બીજી વાત માનતાની છે. કોઈ સતનારાયણની કથા બેસાડે, તે કોઈ માતાજીને મંદિરે ઘોડિયું બંધાવે કે લાપશી જમાડે પણ મેં અને ભુદરજીએ જુદી જુદી માનતા માનેલી. શેરીના એક ખૂણામાં વર્ષો થયા હનુમાનજી એક નાનકડી દહેરીમાં બેઠા હતા. તેમને અમે યાદ કર્યા, અમારા રસ્તામાં જ એ દહેરી આવી. અમે આગળ ગયા અને પહેલાં ભુદરિયો આગળ ભકિતભાવે બોલ્યો:

'હે હનુમાનજી, પાસ થઈશ તો તમને પાશેર તેલ અને પૈસાનો સિંદુર ચડાવીશ.' માનતામાં શરત હોય છે, સ્વાર્થ હોય છે. પાસ થાય તો જ નહીંતર નહીં! ભગવાન ભલું કરે તો જ સાચા નહીંતર ખોટા!

મેં પણ માનતા માની, 'હે હનુમાનજી, પાસ થઈશ તો નાળિયેર વધેરીશ.'

આટઆટલા પ્રયત્ન અને શુકન જોયા છતાં અમારી માનતા સફળ ન થઈ. અમે ચારે ય જણા નાપાસ થયા! વિધિની બલિહારી પણ અજબ છે! શું હનુમાનજીએ અમારા શબ્દો નહીં સાંભળ્યા હોય! પાશેર તેલ અને એક નાળિયેર તેમને ઓછાં પડ્યાં હશે? કે પછી પેલી બિલાડીનો વાંક! ગમે તેનો વાંક હોય પણ અમે નાપાસ થયા એ સાચી વાત.

* * *

૩ ભવ બગાડ્યો

પરીક્ષાના પરિણામ પછી ગુજરાતી શાળામાં ભાગલા પડે છે એટલે છોકરાઓને ઉપલા વર્ગમાં ચડાવવામાં આવે છે. કોઈ ભરવાડ ઘેંટાના ટોળાને દોરે તેમ એક માસ્તર પોતાનાં ઘેટાં લઈ આવી પહોંચ્યા. એ પહેલી ગુજરાતીના છોકરા હતા. ભવાનીશંકર માસ્તર ઊઠ્યા, ત્યાં તો એની પાછળ પાસ થયેલા છોકરા ઊઠ્યા. બધાય, અમારા ચાર સિવય ત્રીજા ધોરણમાં ગયા. તરત જ પેલા રાહ જોઈને ઊભેલા વિજય પામેલા છોકરાઓ, સિનેમાના પીટ ક્લાસમાં જેમ માણસો બેસી જાય છે તેમ ધક્કામૂક્કી કરતા બેસી ગયા. અમારી પાસે આવવાની કોઈની હિંમત ન હતી. ચંડાળ ચોકડી નાટકનો ખેલ નીરખતી હતી. પણ મારા હૃદયમાં કંઈક થતું હતું. ભાયલો ગંભીર હતો અને ભુદરિયો શાંત હતો. નવા આવી પહોંચેલા છોકરાઓ અમારા સામું કંઈ નીચી દષ્ટિએ જોતા હતા. એમની દષ્ટિમાં વિજયનો ઉન્માદ હતો. અમે વીંધાતા હતા. અમે મોટું પાપ કર્યું હોય એમ લાગતું હતું. અમને નાપાસ કરવામાં હનુમાનજીનો વાંક છે એવી દઢ માન્યતા મારી અને ભુદરિયાની હતી. અમારી દશા કફોડી હતી. થોડી વારે ધમલો રેવડીનો દાણો પોતાના મોંમાં મૂકતો હતો. ભુદરિયાનો ગુલાબી ચહેરો કરમાઈ ગયેલો. જીવનનો આ પહેલો જ આઘાત અને તે આટલો ભયંકર હશે? શું પાસ થયેલા સ્વર્ગમાં જાય અને નાપાસ થયેલાં નર્કમાં!

માસ્તરે પોતાના સ્વભાવ પ્રમાણે શિખામણ દેવી શરૂ કરી, 'છોકરાઓ સાંભળો, તમે બીજી ગુજરાતીમાં આવ્યા. હવે આગળ વધ્યા. વધારે વાંચજો રખડશો તો આ ચંડાળ ચોકડી જેવા હાલ થશે. સાચું બોલવું, માબાપનું અને માસ્તરનું કહ્યું માનવું એમાં તમારું ભલું છે.' માસ્તરે તો ખૂબ લાંબો વખત શિખામણ આપેલી.

અને માસ્તર શિખામણ ન આપે તો કોણ આપે! અને શિખામણનાં પોટલાં માસ્તર ન બંધાવે તો માસ્તર શેના? માસ્તરની શિખામણ ચંડાળ ચોકડીના એક કાનમાં પસાર થઈ બીજા કાનેથી હવામાં ઊડી ગઈ હતી. પણ અમારી મૂંઝવણ અજબ હતી, ન સમજાય તેવી; અમે ચારે જણા જુદા તરી આવતા હતા. ભાયલો કરુણ સ્વરે બોલ્યો, 'વજિયા, આપણે નાપાસ.' શબ્દોમાં કરુણા હતી. ચારે જણા એક બીજા સામું જોતા હતા. ધમલો ઢીલો પડી ગયેલો. માસ્તરનું ધ્યાન ચૂકવી તેણે મારા હાથમાં કંઈ આપ્યું.

'લે, વજિયા, એકાદ બે રેવડી.' માસ્તરનું ધ્યાન ચૂકવી મેં પણ ભેટ મળેલા દાણા મોંમાં મૂકી દીધા. એ દિવસ ભુલાય તેવો નથી. પરીક્ષાનો એ પહેલો સપાટો હતો.

પણ યુનિવર્સિટીમાં નાપાસ થયેલા તો ઘણાય આપઘાત કરે છે, કેટલાય કુમારો એક એક મહિના સુધી ઘરની બહાર નથી નીકળતા. બહાર નીકળે તો શરમાય છે પણ ચંડાળ ચોકડીનો એક પણ સભ્ય આપઘાત કરે તેવો ન હતો. ચંડાળ ચોકડી બીજાને આપઘાત કરાવે તેવી હતી. એ ફટકો માત્ર ક્ષણજીવી હતો.

ઘંટ વાગ્યો. ઘંટ વાગ્યો ત્યારે ખૂબ આનંદ થતો અને તે પણ સાંજનો, સવારનો ઘંટ નહીં! જેમ કોઈ જેલખાનામાં વર્ષોની સજા ભોગવી કેદીઓ આનંદ માણતા છૂટા થાય તેમ નાનાં નાનાં બાળકો હાથમાં પતરાની દફ્તર પેટીઓ લઈ છૂટતા. વાતો કરતાં હોય, મીઠું મીઠું હસતાં હોય અને ભૂખ પણ લાગી હોય. વર્ગમાંથી બહાર આવ્યા પછી દરેકના મુખ ઉપર લાલાશ આવી જતી અને આનંદ ઉભરાતો. આવા નાજુકડા માનવ સમુદાયમાં ચાર જણા આનંદથી વાતો કરતા ચાલ્યા જતા હતા. ઘડી પહેલાનું દુઃખ એ ચંડાળ ચોકડી ભૂલી ગઈ! દરેકને ભૂખ લાગી હતી.

મારા આનંદી ચહેરા ઉપર નિરાશાની છાયા ઘૂમી વળી.

હું ઘેર પહોંચ્યો. અને તરત જ મારી બાને નવા સમાચાર આપ્યા કે, 'બા, હું નાપાસ.' મને હજી બરાબર ખ્યાલ નહોતો આવ્યો કે નાપાસ થવું એ ભયંકર ગુનો છે. મારી બાએ એ ખ્યાલ દીધો. એ તાડુક્યા,

'હજી રખડ, મારા રોયા ભણીશ નહીં તો ખાઈશ શું? આખો દિ' શેરીના છોકરા સાથે રખડ...ડ! ઘરમાં ટાંટિયો વાળીને બેસતો નથી, જો કાલથી રખડવા ગયો છે તો તારું માથું ભાંગી નાખીશ. ઈ ભાયલે તારો ભવ બગાડ્યો!'

બે-ચાર તમાચા પણ ખાધા અને મને લાગ્યું કે ભણીશ નહીં તો જરૂર ભૂખે મરીશ. થોડું રડ્યો અને પછી બોલ્યો:

'બા ભૂખ લાગી છે.'

'ભૂખ! તને તો લાગે જ ને! ભણવું નહીં અને ભૂખ લાગવી! આજે ખાવા નહીં મળે, તે વિના તું ઠેકાણે નહીં આવે.' મારે માથે બરાબરની કઠણાઈ બેઠી! મને થયું કે ભણવાને અને ખાવાને શો સંબંધ? ભણે એને જ ખાવાનો હક્ક, બીજાને નહીં? મારા બાપુજી પણ ખૂબ ચિડાયા તે દિવસે સાંજે હું ફરવા ન નીકળ્યો. મેં રખડવા ન જવું એવો નિશ્ચય કર્યો અને સૂઈ ગયો.

દરરોજ હું પડ્યા ભેગો સૂઈ જતો પણ તે દિવસે મેં ઊંઘ માટે ફાંફાં માર્યા, મારા હૃદયમાં વેદના હતી, હું બીજા છોકરાઓથી હલકો હતો. ભાયલે મારો ભવ બગાડ્યો હતો, એટલે ભાયલા સાથે હવે ઓછું બોલવું એમ નક્કી કર્યું. સવાર પડ્યું. અમારા ઘરમાં ચા ન થતી. નાહી-ધોઈ વાંચવા બેસી ગયો. વર્ષને વચલે દહાડે મેં આજ ચોપડી ઉઘાડી. મારી બા ખુશ થયાં.

'પિતાની કુહાડી લઈ બાળ નાનો...' એ કવિતા લલકારતો હતો. એક ખૂણામાં ચોપડીઓનો પથારો કરી હું બેઠો હતો. કોઈને એમ જ લાગે કે હું ખૂબ વાંચતો હોઈશ. હજી પણ ઘણાયના ટેબલ ઉપર ચોપડીઓના થોકડે થોકડા આમતેમ રખડે છે. મારી બાને લાગ્યું કે 'વજુ ખૂબ વાંચે છે' પણ કમનસીબીની વાત છે કે મારું ધ્યાન શેરીમાં હતું, ભણવામાં ન હતું મારું મન નદીના કાંઠા ઉપર રખડતું હતું. ભાયલો, ધમલો અને ભુદરિયો સાથે લહેર કરતા હતા. દસ વાગ્યા અને મેં રસોડામાં આંટા મારવા શરૂ કર્યા. જમવાની કેટલી વાર હતી તે જોવા હું વારંવાર આંટા મારતો અને સમય પસાર કરતો. આખરે સાડાદસ વાગે જમીને દફ્તરપેટી લઈ ઊપડ્યો. સદ્ભાગ્યે રસ્તામાં જ ધમલો મળ્યો. ચોરણી, લાંબો કોટ અને કાળી ટોપી એ તેનો નિશાળનો પોષાક હતો. હાથમાં પતરાંની પેટી હતી. મને જોઈને તે બોલી ઊઠ્યો.

'કાં વજિયા, કેમ છે?' પછી તરત જ હું જવાબ આપું તે પહેલાં જ તેણે હાથ ધર્યો. અને બોલ્યો, 'લે ભાગ.' અમારી શેરીમાં રિવાજ હતો કે જે કંઈ ખાવાનું ખિસ્સામાં ભર્યું હોય તેમાંથી થોડો ભાગ સભ્યતાની ખાતર આપવો જ જોઈએ. નિશાળે જતી વખતે ઘણીયે વાર અમે ખિસ્સામાં કંઈનું કંઈ ભરી જતા અને એકબીજાની સાથે લેવડદેવડ કરી આનંદ કરતા. ધમલે મને થોડા દાળિયા આપ્યા. પછી મેં ધમલાને પૂછ્યું કે 'તારા બાપા કંઈ બોલ્યા હતા?' ધમલો ચમક્યો અને બોલ્યો, 'ના ના. પણ મારી બાએ ખૂબ ગાળો દીધી; 'નફ્ફટ, ભણીશ નહીં તો કરીશ શું?' મેં સાંભળી લીધું. 'આજે સવારે લેસન કરવા બેઠો.' ધમલે પોતાની કથા કહી સંભળાવી ત્યાં તો પાછળથી અવાજ આવ્યો.

'એ ધમલા ઊભો રહે.'

મેં પાછળ જોયું તો બે જણા ચાલ્યા આવતા હતા. એકે ધોતિયું ધારણ કર્યું હતું અને બીજાની આંખો ચમકતી હતી. ધીમી ગતિએ હાથમાં પતરાંની પેટી લઈ બન્ને ચાલ્યા આવતા હતા. એક હતો 'મારો ભવ બગાડનાર ભાયલો.' અને બીજો ભુદરિયો!

'વજિયા, નાપાસ થવામાં મજા નથી હો મારી બાને મેં વાત કરી તેનો મિજાજ ફાટીને ધુમાડે ગયો. ઈ તો બોલવા જ માંડી કે 'મારા રોયા, લખમશીભાઈનો વજિયો નહીં ભણે તો હાલશે પણ તું નહીં ભણે તો નહીં કામ આવે.'

ભાયલે પોતાની કથા મને કહી સંભળાવી. ધમલો મીઠું મીઠું હસતો હતો અને મોઢું ચલાવતો હતો. મેં પણ ભાયલાને વાત કરી કે 'તેં મારો ભવ બગાડ્યો.'

'મેં તારો ભવ બગાડ્યો? કેવી રીતે?' ભાયલો તાડુક્યો હું જવાબ આપું તે પહેલાં ભુદરિયો શિખામણ આપતો હોય એમ બોલ્યો:

'હવે હાલોને ઝટ નિશાળે, આપણે એક બીજાના ભવ બગાડવા ભેગા થયા છીએ. મારા બાપાએ તો મને માર્યો અને કહ્યું કે 'ખબરદાર, જો ઘરની બહાર પગ કાઢ્યો છે તો! રોજ રાત્રે મારી આગળ આંકના ગડિયા બોલીને સૂઈ જજે!' હવે મારે તમારી સાથે કેવી રીતે રમવા આવવું?' ભુદરિયે પોતાની મૂંઝવણ કહી, ભુદરિયો નરમ ઘેંટા જેવો થઈ ગયેલો. ભાયલે આશ્વાસન આપ્યું:

'એમાં બાયડીના જેમ રોવા શું બેઠો? બાપા ઘરની બહાર જાય કે તરત જ કૂદકો મારવો ઘરની બહાર! એમાં તે શી મોટી વાત? હેરાન જો કોઈ કરતું હોય તો બધા બાપા! વઢવાનો ઈજારો રાખીને બેઠા છે. મને તો લાગે છે કે બાપા વિના જરૂર ચાલે!'

ભાયલાને એ અનુભવની વાત હતી, અને ભાયલો બાપા વિના ચલાવતો પણ ખરો. વાતો કરતાં નિશાળે પહોંચી ગયા અને એમ બે દિવસમાં જૂના થઈ ગયા. દુઃખ ભૂલી ગયા.

* * *

૪ વરઘોડો કાઢ્યો

આવી રીતે અમે નવા અનુભવ મેળવતા ગયા અને અમારા જ્ઞાનમાં વધારો થયો. જગતના જોડા ખાઈ અમે બરાબર ઘડાઈ ગયા. અમારું જગત એટલે માસ્તર અને માબાપ એ બન્ને ઠેકાણેથી શિક્ષાઓ અને સજાઓ થતી પરિણામે તિરસ્કાર વધતો ગયો. નિશાળ કડવી ઝેર જેવી લાગતી. ઘર તો કેદખાનું! અમારે આ કેદખાનામાંથી છુટવું હતું અને તેમાંથી છુટવા માટે યુક્તિઓ રચાઈ. જૂઠું બોલવાનો અભ્યાસ કેમ આગળ ધપાવવો, માબાપની નજરમાંથી કેમ છટકી જવું અને માસ્તરને કેમ ફોસલાવવા વગેરે કળાઓ જીવનમાં પ્રવેશવા લાગી. મારામાં તો નવો જ ફેરફાર થઈ ગયો, હું જ્ઞાની બન્યો; યુક્તિબાજ બન્યો. જ્ઞાની બધા યુક્તિબાજ હોય છે!

જો હું ઘરમાં હોઉં અને ભાયલાને જરા કામ હોય તો ભાયલો બહારથી મોઢામા બે આંગળા નાખી એક લાંબી સીટી વગાડે એટલે હું પેશાબ કરવાનું બહાનું કાઢી બહાર ધસી આવતો અને ભાયલાને મળતો. જો, બે લાંબી અને ટૂકી સીટી વાગે કે તરત જ મને ખબર પડી જતી કે ધમલો બહાર રાહ જુએ છે. અને ભોળાભટાક ભુદરજી તો સીધા ઘરમાં દોડ્યા આવતા. મેં તેને ઘણી યુક્તિઓ બતાવેલી પણ તેમના ભેજામાં એ વાત ન ઊતરતી મેં તેમને ઘણી વાર કહેલું કે, 'ભલા માણસ, મારા બાપા જ્યાં સુધી ઘરમાં હોય ત્યાં સુધી તારે ઘરમાં ન આવવું, પણ એ તો ભગવાન એના એ!'

માસ્તર પાસેથી રજા લેવી હોય ત્યારે હું પેટમાં દુઃખવાનું બહાનું કાઢી છટકી જતો અને નદીકિનારે બેસતો. એક વાર અમે ચારે જણા છટક્યા. માથું દુઃખવાનું બહાનું કાઢી ધમલો પણ આવ્યો, 'મારી માશીને ત્યાં જમવા જવાનું છે.' એવું બહાનું કાઢી ભુદરિયો પણ આવી ચડ્યો અને ભાયલો આવે એમાં શી નવાઈ!

પછી તો નદી સાથે મસ્તી! દફ્તર-પાટી એક બાજુ મૂકી, કપડાં ઉતારી, ચારે જણા નાગડા-પુગડા નદીના ધૂનામાં ઝુકાવતા, તે દિવસે ડૂબકીની શરત જામી.

'આવી જા, કોણ પાણીમાં ઝાઝી વાર રહે છે!' ભાયલે ચેલેન્જ ફેંકી.

'આવી જા, ત્યારે જોઈ લેજે. ભાયડાબંકાની બહાદુરી!'

ધમલે સામો જવાબ વાળ્યો. અને મૂછ ન હતી છતાં મૂછ હોય એવી એની કલ્પનાથી મૂછનો વળ ચડાવ્યો.

'ચાલો સૌ તૈયાર.' ભાયલો બોલ્યો. અમે તૈયાર થયા. ભુદરિયો નાક દાબી તૈયાર થઈ ગયેલો.

'એક... બે... અને...' પણ ત્યાં તો 'હાક્ છીં.' ભાયલો એક, બે અને ત્રણ પુરું કરે તે પહેલાં ભુદરિયે છીંક ખાધી. છીંકનું મહત્ત્વ તો સૌ કોઈ જાણે છે.

'ખબરદાર, છીંક થઈ છે, અપશુકન કહેવાય!' હું બોલ્યો.

'સાચી વાત.' ધમલે સાક્ષી પુરાવી. પણ ત્યાં તો બીજો અવાજ આવ્યો, હાક્ છીં.'

'કંઈ વાંધો નહીં એક છીંક ખાવાથી નુકસાન થાય છે, પણ બે છીંક ખાવાથી ફાયદો થાય છે.' ભાયલાના મુખમાંથી અવાજ 'એક, બે...અને...ત્રણ!' ખલાસ, છેલ્લા 'ણ'ની સાથે જ ચાર માનવીનાં નાનકડાં માથાં નદીના પેટમાં રમત ખેલવા ચાલ્યા ગયા. ચારે જણ અંદર બેઠા. આજે પરીક્ષા હતી કોણ વધારે રહી શકે છે તેની આજે કસોટી હતી. પણ મારાથી કેટલી વાર ટકાય? હું તો હજી થોડા દિવસ થયા જ તરતાં શીખેલો! પહેલાં હું બહાર આવ્યો પણ ત્યાં તો ધમલો દેખાયો. એવામાં સિંહ પોતાની કેશવાળી ખંખેરે તેવી છટાથી માથાનું પાણી ખંખેરતો ભાયલો બહાર આવ્યો અને રહ્યો ફક્ત એક ભુદરિયો! તેની શક્તિ ઉપર અમે મુગ્ધ થઈ ગયા. અને લાગ્યું કે ભુદરિયાને પ્રાણાયામનો અભ્યાસ હશે એટલે ઘણો સમય પાણીમાં ટકી રહ્યો હશે! થોડી વારમાં અમારી અજાયબી વચ્ચે ભુદરિયો 'ઠોં, ઠોં, ખોં... ઊહૂં...ઊંહૂં' કરતો બહાર આવ્યો. મુખ લાલઘૂમ બની ગયેલું અને આંખો ચકળ વકળ થતી હતી. મૂંઝાયેલો ભુદરિયો હાંફળો-ફાંફળો બહાર નીકળ્યો. ભાયલે તરત જ હાથ પકડ્યો અને સહેજ દૂર ખેંચી લાવ્યો. અને તપાસ કરતાં એમ જાણવામાં આવ્યું કે ભુદરજી જોઈએ તે કરતાં વધારે પાણી પી ગયેલો. પેટમાંથી વધારાનું પાણી કાઢી નાખ્યું પછી તેને શાંતિ વળી. એ માથા ઉપર હાથ રાખી બેઠો અને ભાયલે કટાક્ષમાં પૂછ્યું, 'કમાલ કરી, ખૂબ પાણીમાં રહ્યો!'

ભુદરિયો હવે જવાબ દેવાને શક્તિમાન હતો. તેણે તીખો તમતમતો જવાબ આપ્યો:

'કપાળ તારા બાપનું! મારા નાક ઉપરથી આંગળી છૂટી ગઈ અને કમભાગ્યે હુ પાસેના ખાડામાં ઊંડો ઊતરી ગયો. હેરાન હેરાન. આવું કોઈ દિ' નો'તું વીત્યું.'

ભુદરિયો જ્યાં ઊભો હતો ત્યાં જ પડખે ખાડો હતો એમાં તે ઊતરી પડ્યો, અને મૃત્યુના પડખામાં હાથ નાખી પાછો આવ્યો.

'હા...હા...હી...હી' ધમલો પેટ પકડીને હંસતો હતો. ભુદરિયો ચિડાયો.

'એમાં હસે છે શું? ત્યાં કંઈ લાડવો નથી દાટ્યો!'

ધમલો જરા જોરથી હસ્યો. હું પણ મનમાં હસતો હતો. ભુદરિયાને માઠું ન લાગે અને ભુદરિયાના દુઃખમાં હૃદયથી ભાગ લઉં છું એવો ડોળ કરતો હતો. વ્યવહારમાં પણ કોઈ મરી ગયું હોય ત્યારે બીજા માણસો હૃદયમાં કંઈ ન લાગતું હોય છતાં પણ 'ઓ... ઓ...' ક્યાં નથી કરતા! મનમાં હાસ્ય રમતું હોય છતાં મુખ ઉપર દુઃખની છાય દેખાડવા ઢોંગ કરવો. એનું નામ વ્યવહાર! અને વ્યવહારમાં રહ્યા સિવાય ચાલે? હું પણ ભુદરિયાના દુઃખમાં આવી વ્યવહારિક રીતે ભાગ લેતો હતો.

'કાં ભુદરિયા, ફરી વાર નહાવું છે?' ભાયલે પૂછ્યું.

'મારો તો દિ' નથી ફર્યો કે ફરી વાર અંદર પડું? હું તો અહીં કાંઠે બેસીશ.' ભુદરિયે સીધો જવાબ આપ્યો. ભુદરિયાના શરીર ઉપર જનોઈ લટકતી હતી. અમે પણ ત્રણ જણા નગ્નાવસ્થામાં ઊભા હતા. ઘરે પાંચ વાગે તો જવું જોઈએ. વહેલા જઈએ તો પકડાઈ જઈએ એ બીકે ફરી નદીમાં કૂદકા મારવા શરૂ કર્યા. ભૂદરિયો બહાર કપડાનું ધ્યાન રાખવા બેઠો. હજી એક કલાક હતો. નદી પણ અમારી રાહ જોતી હતી.

ધમલો અને ભાયલો બન્ને જણા એક ભેંસ ઉપર બેસી ગયા અને ભેંસ પણ જાણે બન્નેની જુગજુગની મિત્ર હોય તેમ તરતી અને બન્નેને સહેલ કરાવતી. હું કાંઠા આગળ નહાતો હતો. ભુદરિયો ઝાણાઝીણા કાંકરા ફેંકતો હતો. ધમલો ભેંસને હંકારતો અને લલકારતો કે, વાહ, પંજાબમેલ, વાહ, વાહ, હંબો. જાવા દો, ફાસ્ટ જાવા દો.' ભેંસ પણ જાણે પોતે સમજી હોય તેમ જરા જોરથી જતી.

આગળ ધમલો બેઠો હતો. ભાયલો ભેંસ કરતાં તો રૂપાળો હતો. આવી મજા કંઈ નિશાળમાં આવે? નદી અમારી નિશાળ હતી અને એ નિશાળમાં તોફાનમસ્તી કરવા સિવાય બીજું કંઈ ન હતું. અહીં પૂરેપૂરી સ્વતંત્રતા હતી. કૂદીકૂદીને ખૂબ થાકી જતા. પણ જ્યારે નહાતા હોઈએ ત્યારે ખૂબ ધ્યાન રાખવું પડતું. કોઈ ઓળખીતું નીકળે તો ભોગ મળે! અને અમારું પોકળ ફૂટી પણ જાય.

થોડી વારમાં અમે ત્રણે જરા બહાર આવ્યા. હજી ઘેર જવાની થોડી વાર હતી. થોડી વારમાં સૂર્યના તડકાએ અમને સૂકવી નાખ્યા. અમે કપડાં પહેરી લીધાં અને

હવે શું કરવું તેના વિચારમાં પડ્યા. એવામાં તો ધમલાની નજર ક્યાંક પહોંચી.

'વાહ, માળો ખાઈપીને ફાટ્યો છે.' ધમલો બોલી ઊઠ્યો, કોને કહ્યું? અમે આસપાસ દૃષ્ટિ ફેંકી. તો ફક્ત ભારવાહન કરવા માટેની પ્રખ્યાતી પામેલ કોઈ ઘોડાના આકારને મળતું આવતું પ્રાણી નિરાંતે લીલું ખડ ઉડાવતું હતું રંગ ધોળો હતો. ધમલાની નજર ત્યાં પહોંચી. ધમલામાં વીરતા પ્રગટ થઈ. એને સવારી કરવાનું મન થયું અને ધમલો એ બાબતમાં જરા વધારે પ્રવીણ હતો. ભાયલો પણ ગદ્ધાસવારી કરી જાણતો. ઘોડામાં અને ગધેડામાં કઈ ફેર જ નથી એવી ધમલાની માન્યતા હતી. ઘોડો ઊંચો અને ગધેડો નીચોઃ એટલો જ ફેર, બીજો કંઈ નહીં!

થોડી વારમાં તો કાન પકડી ધમલો ગધેડાને પકડી લાવ્યો.

'ભાયલા, જરા કાન પકડ. હું ઉપર બેસી જાઉં.'

ભાયલે ગધેડાને પકડ્યો અને થોડી વારમાં તો ગધેડું ઊપડ્યું! ધમલો કોઈ રણવીર જેવો લાગતો હતો. ફક્ત તલવારની ખામી હતી. એક આંટો મારી પાછો આવ્યો અને બોલ્યોઃ

'ભાયલા, છે તો પવનવેગી, પણ હરામખોર આડો હાલે છે.'

પછી તો ભાયલો પણ 'તબડક તબડક' કરતો એક આંટો મારી આવ્યો.

'તારે બેસવું છે, ભુદરિયા? ભાયલાને સહેજે દયા આવી.

'મને બેસતાં નથી આવડતું, ભુદરિયે લાચારી બતાવી. પણ ભાયલાના હૃદયમાં દયા ઉભરાઈ.

'મારી પાછળ બેસી જા.'

'ના, ના, મારે નથી બેસવું.' ભુદરિયે ના પાડી. મેં શિખામણે આપી 'બેસી જાને ભલા માણસ, ભાયલાનું ગળું પકડી રાખજે. આવી મજા પછી નહીં આવે.'

થોડી આનાકાની પછી આખરે નક્કી થયું. વરઘોડો તૈયાર થયો. ધમલે અને મેં ગધેડાને પકડ્યો. પહેલાં ભાયલો બેઠા અને પાછળ ભાયલાને પકડી ભુદરિયો બેઠો. ભુદરિયો જાણે લગ્નમાં જવું હોય તેમ ત્રણેય કપડાં પહેરીને બેઠો. મેં અને ધમલે ગધેડાને છૂટું મૂક્યું. ગધેડાને ભાર લાગ્યો હોય કે, ભુદરજીના બેસવાથી ખૂબ આનંદમાં આવ્યો હોય. ગમે તેમ પણ ગધેડો ઝપાટાબંધ ઊપડ્યો જાણે પંજાબમેલ!

ગધેડો આગળ ધપતો હતો. ભુદરિયાની ટોપી પડી ગઈ. ચોટલી ઊડતી હતી. ધમલો હસતો હતો અને ભુદરિયો તો આંખો મીંચી ભાયલાને ગળે બાઝેલો. પૃથ્વીરાજ સંયુક્તાને લઈ ગયા હતા ત્યારે આવો દેખાવ થયો હતો! પણ ભુદરિયાના

કમભાગ્યે ગધેડો રોક્યો રોકાતો ન હતો, અને પરિણામ 'ભફ' કરતો ભુદરિયો ઊંડી પડ્યો. અને ભાયલાને પણ નીચે ખેંચી લાવ્યો અમે તો હસી હસી ઊંધા વળી ગયા. ગધેડો તો ક્યારનોય નાસી છૂટ્યો અમે દોડ્યા, મદદ કરવા. ભાયલો તો તરત જ બેઠો થઈ ગયો. પણ ભુદરજી માથું ખંજવાળતાં બેઠા હતા, ત્યાં જઈ જોયું તો તેમનું ધોતિયું ફાટી ગયેલું અને માથામાં એક ઢીમણું થઈ આવેલું.

'બહુ ખોટું થયું ભુદરિયા.' હું ગંભીરતાથી બોલ્યો.

'સાલો પછાડીને ભાગી ગયો. મારું તો માથું ભાંગી નાખ્યું.' ભુદરિયો બોલ્યો. ધમલો તો હસતો હતો. ભુદરિયો બોલ્યો:

'ધમલા, મેં તને નો'તું કીધું કે મારે નથી બેસવું. છતાં પણ તેં મને બેસાડ્યો. બેસતી વખતે મારી ડાબી આંખ ફરકતી હતી અને જો પરિણામ કેવું આવ્યું!' પુરુષોની જો જમણી આંખ ફરકે તો સારું થાય અને ડાબી આંખ ફરકે તો ખરાબ, એવી ભુદરિયાની દૃઢ માન્યતા હતી. ભાયલાને વાંસામાં પછાટ લાગી હતી પણ એ મક્કમ હતો.

'હવે ઘેર હાલો.' ભુદરજી ઊભા થયા. વખત થઈ ગયેલો અને અમે દફતરની પેટીઓ લઈ તૈયાર થયા. અને નિશાળનો ઘંટ વાગી ગયો હશે એમ માની ઘર તરફ ઊપડ્યા. ચંડાળ ચોકડી ગંભીરતા ધારણ કરી ઘર તરફ ઊપડી. ભણીગણીને કંટાળી ગયા હોઈએ એવું મોઢું રાખી અમે ઘરે ગયા, અને સાચ્ચે જ અમે થાકી ગયા હતા. ભૂખ તો ખૂબ લાગેલી અને લાગે જ.

'બા, ભૂખ લાગી છે.' હું ઘરે પહોંચ્યો. દફતરની પેટી એક બાજુ મૂકી કપડાં ઉતારી જમવાની તૈયારી કરી. મારી બા તો એમ જ માનતા કે હું સાચ્ચે જ નિશાળેથી ભણીગણીને આવ્યો છું.

એક પછી એક અમારી યુક્તિઓ સફળ થવા લાગી. પણ નિશાળેથી નાસી જવાની યુક્તિ એક દિવસ પકડાઈ ગઈ. છતાં પણ નિશાળમાંથી છટકી જવું એ સહેલું થઈ પડ્યું હતું. માસ્તરને છેતરવા એ રમત હતી. માસ્તરને અમારી પડી જ ન હતી. ચંડાળ ચોકડી આગળ ધપતી હતી. એના સભ્યો ધીમે ધીમે વધવા લાગ્યા. એની કીર્તિ શેરીમાં ફેલાઈ. એનાં પરાક્રમોની વાતો થવા લાગી. ચંડાળ ચોકડીમાં પછી તો ગીધિયો આવ્યો, છગનો આવ્યો, ચંદુડો આવ્યો અને ડાહી લાંબીનો બચુડો પણ આવ્યો. બચુડાની બાનું નામ ડાહી હતું અને તે બહુ લાંબા હતાં એટલે અમે બચુડાને ડાહી લાંબીનો બચુડો કહેતા.

* * *

૫ પાણીમાં લડાઈ

નિશાળમાં માસ્તર શું ભણાવે છે તેનો અમને ખ્યાલ નહોતો. ખરું કહું અમારી ચોપડીઓમાં રસ જ ન હતો. આખી ચોપડી શિખામણના ઢગલાથી ભરપૂર! દરેક પાઠને અંતે કંઈક તો શિખામણ હોય. ભૂગોળ ગોખવાની મજા ન આવતી, મૂળ વાંધો તો ગોખવાનો જ હતો. રમતગમત તો જરા પણ નહીં. શાંતિ, અદબ અને નિયમના આકરા તાપ અમને મૂંઝવતા અને અમારા શરીરને શેકી નાખતા. પરિણામે અમે નદીના ઠંડા પાણીમાં શાંતિ લેવા લલચાતા. માંકડનું માથું ફાટી જાય એવો તડકો તપતો હોય ત્યારે નિશાળો ચાલતી હોય. ખરેખર, એ વખતે તો તપેલામાં બફાતા બટેટા જેવી અમારી દશા થતી. ક્યાંય નિરાંતે બેસી ન શકાય, પછી તો ભણી જ ન શકાય એ સ્વાભાવિક છે. ભાયલો તો એમ જ કહેતો કે છોકરાંને પાંચ કલાક ઢોરની જેમ પૂરવાથી શો ફાયદો? ધમલાની એવી માન્યતા કે નિશાળનો ભાંગીને ભૂકો કરી નાખવો જોઈએ ત્યારે મારો તો એવો દૃઢ વિચાર હતો કે માસ્તરોને મૂળમાંથી ઉખેડી નાખવા, એટલે પછી ભણાવે જે કોણ? ભુદરિયો આ બાબતમાં મૌન ધારણ કરતો. એ તો અમારે પગલે પગલે ચાલતો.

સ્વભાવ પ્રમાણે અમે, ફરી ગરમી સહન ન થવાથી નાસી આવ્યા. નદીના કિનારે સૌ ભેગા થયા પણ આ વખતે મિત્રો જરા વધ્યા હતા. છગનો અને ચંદુડો અમારી સાથે આવ્યા હતા. બન્ને જણા અમારાથી એક ધોરણ આગળ ભણતા હતા. પણ તોફાન કરવામાં તો અમે સૌ સરખા જ હતા. ચંદુડો તોતડો હતો. નદી કિનારે અમે નહાવાની તૈયારી કરતા હતા ત્યાં છગનાના મોઢામાંથી મેં ધુમાડા નીકળતા જોયા. એ બીડી પીતો હતો. આ ટેવ તેને ક્યાંથી પડી તે ખબર નથી પણ એની સામે ચંદુડો પણ પીતો હતો.

'વજિયા, તારે પીવી છે?' છગને વિવેક કર્યો. હું જરા અચકાયો.

'ત...ત...ત...તે...માં કંઈ પાપ નથી.' ચંદુડે વાતને લંબાવી અને મોઢામાંથી ધુમાડાના ગોટેગોટા ઉડાડ્યા!

'પણ મારા બાપુજીને કોઈ કહી દે તો!' મારામાં બીક હતી.

'હું કહું તો મારી માના સમ,' છગને સોગન ખાધા, પછી તો ભુદરિયે સોગન ખાધા, 'હું કહું તો મારી જનોઈના સમ.'

ભયલો કહે કે, 'હું કહું તો મારી વિદ્યાના સમ; ધમલે પણ સોગન ખાધા,

'હું કહું તો મને હનુમાનજીની આણ.'

અંદર અંદર વચન અપાયાં, આજે નવો પાઠ શીખવાનો હતો, આજે અમે આગળ ધપવાના હતા, નગ્ન દશામાં નદી કિનારે અમારી મંડળી બેઠી હતી, પવન ફૂંકાતો હતો, ધુમાડા ઊડતા હતા, અભ્યાસની શરૂઆત થઈ. ચંદુડો મારો માસ્તર બન્યો અને છગનો ભુદરિયાનો, પહેલાં અમે શીખીએ અને પછી ભાયલો તથા ધમલો. એમ નક્કી થયું હતું. ચંદુડે પોતાના મોઢામાંથી બીડી કાઢી અને બોલ્યો.

'જ...જ..જો, પાછી ફૂંક...ફૂંક લે અને પ... પ... પછી ધુમાડા બહાર કાઢ.' મારા હાથમાં તેણે બીડી આપી. ભુદરિયે પણ બીડી હાથમાં લીધી. મેં તો ધીમે ધીમે પાછી ફૂંક લીધી અને હર્ષ સાથે ધુમાડા કાઢ્યા પણ મારી પાસેથી તરત જ ભુદરિયો 'ઠોં ઠોં...' કરતો ઊઢ્યો. તેણે ફૂંક જોરથી લીધી અને ધુમાડો ગળે ઊતરી ગયો, નાકમાં ચડી ગયો! નાકમાંથી અને આંખમાંથી પાણી નીકળવા માંડ્યું અને તેણે ઘા કરીને બીડી પાણીમાં ફેંકી દીધી. ભુદરજી નાપાસ થયો. ધમલો તો હસતો જ રહ્યો. છગને બીજી બીડી સળગાવી અને પછી ધમલે અને ભાયલે અભ્યાસ શરૂ કર્યો. જરા મુશ્કેલી તો પડી પણ આખરે બન્ને પરીક્ષામાં પસાર થઈ ગયા. પછી તો બંને ધુમાડાના ગોટેગોટા કાઢવા લાગ્યા. હું પણ ભેગો. છગનના ખિસ્સામાં પુષ્કળ બીડીઓ પડી હતી ભુદરિયો તદ્દન ઠોઠ રહ્યો. પછી તો બીડીની એવી સજ્જડ ટેવ પડી કે રોજ પીવી જ જોઈએ અને તે પણ ખાનગીમાં બીડી પીધા પછી પાણીના કોગળા કરી અમે વરિયાળી ખાઈ લેતા આથી કરીને અમારી ચોરી પકડાતી નહીં. આ કળા હાથ કર્યા પછી નહાવા પડ્યા હતા. કપડાં અને દફતર કિનારે પડ્યાં હતાં.

અમે નહાતા હતા ત્યાં બે-ત્રણ જણા બીજા નહાવા લાગ્યા. એ અમારા જેવા જ ધોળા દિવસના ચોર હતા. એ છોકરાઓની સાથે અમારે બનતું નહીં.

'જમાદારની શેરીના છોકરા આવ્યા છે.' ધમલે કાનમાં વાત કહી હવે જમાદારની શેરી અને અમારી શેરીને દુશ્મનાવટ હતી. મૂળ વાત તો જમાદારીની

શેરીમાં કૂતરી વિંયાઈ હતી અને તેના સુંદર કુરકુરિયાં ધમલો એક દિવસ રાત્રે ઉપાડી આવેલો અને અમારી શેરીમાં અમે મોટાં કર્યાં. આ તો ઘણા સમયની વાત હતી એટલે અમારી શત્રુતા બહુ જ જૂના વખતથી ચાલી આવતી.

એક છોકરો પાણીમાં પડ્યો અને પાણીના છાંટા ધમલાને ઊડ્યા. ધમલાને તો એટલું જ જોઈતું હતું. અમે સૌ નદીમાં નહાતા હતા. ધમલો બોલ્યો કોઈ બાદશાહની જેમ!

'એય, મનકાના, તારા કાકાને છાંટા ઊડે છે! આંધળો છે?'

ત્રણે છોકરાઓમાં એ મનુ જરા મોટો હતો. શરીર સરસ હતું. અને મગજમાં ખુમારી પણ ભરી હતી. એમ એ ડરે તેવો ન હતો. તેણે જવાબ આપ્યો.

'તારો બાપ આંધળો, જીભ સમાલ નહીંતર મારામારી થઈ પડશે, સમજ્યો! કંઈ તારા બાપની નદી નથી!'

'એ ખચ્ચર, બાપ સામું નહીં બોલ.' ભાયલો તાડૂક્યો.

મામલો ગંભીર બન્યો. નદીમાં જ મારામારી થશે એમ લાગ્યું. મનુ પણ જબરો હતો. છગન છાતી કાઢી આગળ આવ્યો.

'કેમ કંઈ ભેજામાં રાઈ ભરી છે? સરખી રીતે બોલ નહીંતર ખાઈ બેસીશ એક અડબોથ. આ ભાયડાને ઓળખે છે?' છગને મૂછ ઉપર હાથ મૂક્યો અને ખોટેખોટો વળ ચડાવ્યો. પછી તો વાત અપશબ્દો ઉપર આવી પહોંચી અને આખરે જામી પણ ખરી.

'તું તો લેતો જા.' મનુડે છગનાને એક બરાબરની ચોડી દીધી અને ધક્કો માર્યો તરત જ છગનો પેલા ખાડામાં ઊતરી ગયો! પણ એ તરવામાં હોંશિયાર હતો બહુ જ સુંદર તરતો.

'તારી માના મન્યા.' પાછળથી આવી ભાયલે એક ગડદો લગાવ્યો. લડાઈ જામી. બન્ને પક્ષના યોદ્ધા તૈયાર થઈ ગયા. એક જણે ભુદરિયાનું ગળું પકડ્યું. ભુદરિયે બૂમ પાડી:

'ધમલા, જોને આ મારે છે! ધમલો ભુદરિયાનું રક્ષણ કરવા ઊપડ્યો અને પેલાને ઠીકઠીક લગાવ્યો. ધમલો મારી આગળથી ખસ્યો કે તરત જ કોઈકે મારા પગ પકડ્યા. મેં બૂમ પાડી, 'ભયલા...' પણ ત્યાં તો હું પાણીમાં ઊંડો ઊતરી ગયો. થોડું પાણી પીને જ્યાં બહાર આવું છું તો છગનો અને ભાયલો મનુડાને પકડી સારી રીતે ટીપતા હતા. મોઢામાંથી બંદૂકની ગોળીની જેમ ગાળો છૂટતી હતી અને ભાયલો તમાચા ઉપર તમાચા લગાવતો હતો. છગને મનુડાના હાથ પકડ્યા હતા. આ બાજુ ધમલો ટીપાતો હતો. સામાં પક્ષના બે છોકરાએ ધમલાને

કમ્મરમાંથી પકડ્યો હતો અને સારી પેઠે લગાવતા હતા. હું ધમલાને છોડાવવા પ્રયત્ન કરતો હતો.

'વજિયા, લગાવ, લગાવ, ઊભો છે શું?' ધમલો મદદ માટે બૂમો પાડતો હતો. હું મૂંઝાયો. શું કરવું? આખરે યુક્તિ જડી.

'ઓય, બાપલિયા, મરી ગયો!' તેણે ચીસ નાખી.

એવું તો જોરથી બટકું ભરેલું કે લોહીનાં ટશિયાં ફૂટી આવ્યાં. ધમલો છૂટો થયો, પછી તો ત્રણે જણાને કિનારે તગડી મૂક્યા.

'સાલાઓ શેરીમાં આવજો એટલે ચીરી નાખીશું.' જતાં જતાં પેલા ત્રણે જણાએ અમને દમ માર્યો. ભાયલે સામો જવાબ આપ્યો:

'હા, હા, તારાથી થાય ઈ કરી લેજે, પછી છે કાંઈ!'

ત્રણે જણા ચાલ્યા ગયા. એક જણ પાછળ હાથ ફેરવતો ફેરવતો જતો હતો. ચંદુડો લડાઈ શરૂ થઈ કે તરત જ કિનારે પહોંચી ગયેલો. અને પથ્થરનો ઢગલો કરીને ઊભો હતો. એ અમારાં કપડાંનું રક્ષણ કરતો હતો, ચંદુડાનું નિશાન અચૂક જણાતું. એ ધારે તેનાં માથાં ફોડી શકતો. પાછળથી મારો પણ હાથ એ બાબતમાં બેસી ગયેલો. આ કળાનો ઉપયોગ લડાઈ વખતે ખૂબ કામ લાગતો અને જ્યારે લડાઈ ન હોય ત્યારે અમે ખિસકોલીઓ મારતા. અમારે હાથે સંહાર થતો. કિલ્લાની ભીંત ઉપર હોય ત્યાંથી નીચે પડતી. ઝાડની ડાળીએથી પણ ઘણી વાર અમે નીચે પાડી દેતા. પાડ્યા પછી એટલે કે ઘાયલ કર્યા પછી તેના ઉપર પાણી રેડતા અને છોડી મૂકતા! પાછળથી તો ચુનિયો પણ આ કળામાં પાવરધો થઈ ગયેલો. એક વાર પકડાઈ ગયેલા કોઈ જૈન વાણિયાની નજર અમારા ઉપર પડી. અમને પકડ્યા. શિખામણ આપી, ધમકી આપી અને અમારા હાથ પકડીને લઈ ગયો ઢોરના અવેડા પાસે આવ્યા. ત્યાં અમારી પાસે પાણી મુકાવ્યું. અમે બોલ્યા:

'હવે પછી અમે ખિસકોલીઓ નહીં મારીએ.' મેં અને ચંદુડે સામસામું જોયું અને અવેડામાંથી પાણી મૂક્યું. પછી અમને છૂટા કર્યા. પણ અમે તો હતા તેના તે! શિખામણ અને ઉપદેશ સાંભળી સાંભળી કાન જડ જેવા થઈ ગયા હતા. આવી બાબતમાં ચંદુડો બહુ ગજબ! આવી નાની નાની બાબતો ઘણી ઘણી વાર બનતી.

પણ આજે ચંદુડે પોતાની કળાનો જરા પણ ઉપયોગ કર્યો નહોતો. તેણે ફક્ત કપડાંનું જ રક્ષણ કર્યું અને તે ઘણી જરૂરી ફરજ હતી. વિજયનો ઉન્માદ માણતા અમે બહાર આવ્યા. ખુબ થાકી ગયા હતા. લડાઈ કંઈ જેવી તેવી ન હતી! મૃત્યુ અને જીવનનો પ્રશ્ન ખડો થઈ ગયેલો ઇતિહાસમાં આવી લડાઈ ક્યાંય

સાંભળી છે? જમીન ઉપર તો લડાય, સ્ટીમરમાં બેસી દરિયા ઉપર પણ લડાય પણ પાણીમાં અમારા જેવી લડાઈ કોઈએ નહીં કરી હોય!

'વજિયા, તેં તો કમાલ કરી!' ધમલે મારાં વખાણ કર્યાં. મેં ધમલાને છોડાવ્યો હતો.

'વજિયાએ શું કર્યું?' ભાયલે ધમલાને પૂછ્યું.

'અરે, પેલા શિવલાને...!' ધમલો હસતાં હસતાં બોલ્યો ભાયલો પણ હસી પડ્યો.

'માળો, ચીનાઈ જબરો છે!' છગનો બોલ્યો. ચીનાઈનો અર્થ તો એ જાણે, પણ તે દિવસથી મારું નામ ''ચીનાઈ ગઠિયો' પડ્યું! કંઈ પણ યુક્તિ પ્રયુક્તિનાં કામ મારે કરવા પડતાં. નવા નવા રસ્તાઓ હું બતાવતો. હું શેરીનો યુદ્ધમંત્રી નિમાયો. છગનો સરદાર નિમાયો. કોઈપણ નવી લડાઈ થવાની હોય તે પહેલાં મારે તેની પરિસ્થિતિનો વિચાર કરવો પડતો અને સાધનોની વ્યવસ્થા કરવી પડતી.

આવી રીતે વાતચિતમાં શરીર સૂકાઈ ગયું. હજી ઘેર જવાની વાર હતી. કિનારેથી થોડે દૂર શિવના મંદિરમાં ગયા. ત્યાં જઈ બીડીઓ પીધી અને આનંદ કર્યો. મંદિર તો અમારે માટે છુપાવાનું સ્થળ હતું. ત્યાં એક બાવાજી પડ્યા રહેતા અને ગાંજો પીને વખત ગાળતા. અમારા જેવા શિષ્યો તેને મળી રહેતા. છગને બાવાજીને બીડી આપી ખુશ કર્યાં. વાતમાં ને વાતમાં સર્પની વાત નીકળી. તેમાં બાવાજીએ કહ્યું કે હવે મણિવાળા નાગ બહુ દેખાતા નથી. મણિ વિશે મેં નવાઈ ભરેલી વાતો સાંભળી હતી અને આજે મારી ઇચ્છા પ્રબળ થઈ કે મણિ મળે તો બેડો પાર!

* * *

૬ મણિની શોધમાં

છગને બાવાજીને પૂછ્યું.'બાવાજી, મણિ કેવા રંગના આવતા હેં?' છગને જાણી લીધું કે મણિનો રંગ લીલો હોય છે. મેં છગનાને ખાનગીમાં બોલાવ્યો અને વાત કરી. 'છગના, જો મણિ મેળવીએ તો બેડો પાર!'

'મણિ ક્યાં મળે?' છગને પ્રશ્ન પૂછ્યો.

કેમ વળી રાફડામાં!' મેં ટૂંકો જવાબ આપ્યો.

થોડી વારમાં સૌ બહાર નીકળ્યા અમે નક્કી કર્યું કે કોઈ પણ ઉપાયે મણિ મેળવવો.

'ઈ ધંધા કરવા જેવા નથી હો. પેલો કાકો ફટકારશે તો બાર વાગી જશે.' ભુદરજીએ સલાહ આપી, પણ ભાયલો બોલી ઊઠ્યો:

'હવે હાલ હાલ, તું મને હજી ઓળખતો નથી. ફટકાવે તો આખો ને આખો ખાઈ જાઉં. સમજ્યો?'

ભાયલાની વાત સાચી હતી, કારણ કે તેણે ઘણાંય સર્પોને સ્વર્ગમાં મોકલી આપેલા: તેની હિંમત તો ગજબ હતી. રાત્રે બાર વાગે પણ અમને તે સ્મશાનમાં લઈ ગયેલો પણ એ વાત થોડા દિવસ પછી જ બનેલી, આજે મણિ શોધવાનો ભગીરથ પ્રયત્ન કરવાનો હતો. દરેક જણ વિચારમાં પડી ગયેલ. દરેકની આંખોમાં કંઈ નવું જ તેજ ઉભરાતું હતું. વિજય પ્રાપ્ત કરવા માટે સૌ કોઈએ આજ કમ્મર કસેલી. પણ એક પ્રશ્ન ઊભો થયો, 'મણિ મળ્યા પછી કરવું શં?' ધમલાની આ શંકા હતી.

'હું મારી પાસે રાખીશ.' છગનો બોલ્યો, પણ ભાયલાને આ વાત પસંદ ન પડી. આટલી મહેનત પછી છગનો મણિનો માલિક બને એ વાત તેને કંઈ અયોગ્ય લાગતી હતી.

'હું મારી પેટીમાં રાખીશ, અને રોજરોજ દિવસે મારી સાથે રાખીશ.' ધમલો બોલ્યો. ભાયલો મૂંઝાતો હતો. એની ઇચ્છા એવી હતી કે મણિના માલિક પોતે થવું.

'ઇ કંઈ કામ ન આવે! જે નાગ મારે તેનો મણિ!' તે બોલ્યો

'પણ ચિનાઈ.. મૂ...મૂ...મ...મણિને કરશો શું?' ચંદુ બોલ્યો.

હું મૂંઝાયો કે મણિ મળે તો કરવું શું? 'મેં ક્યાંક વાર્તામાં સાંભળેલું કે મણિ મળે તો આપણે ધારીએ તે કરી શકીએ. એક વાર્તામાં તો મણિની મદદથી દરિયામાં રસ્તો થઈ ગયેલો, દરિયો બન્ને બાજુ ખસી ગયો અને રાજકુમાર પાતાળ દેશમાં. ચાલ્યો ગયો. અને નાગકન્યા પરણ્યો, મારી પણ ઇચ્છા મણિની મદદથી આવાં ભયંકર સાહસો કરવાની હતી.' મેં કહ્યું.

'જો મણિ મળે તો આપણે ધારીએ તે કરી શકીએ. પહેલાં આપણે નદીમાં રસ્તો બનાવીશું. પછી પાતાળમાં જશું અને...' પણ ત્યાં ભુદરિયો બોલ્યોઃ

'ભેંસ ભાગોળે, છાશ છે ગોળે અને ઘેર ધમાધમ! પહેલાં મણિ તો મેળવો પછી બીજી-વાત.' ભુદરિયાની વાત મને તદ્દન સાચી લાગી. હજી તો મણિ મળ્યો ન હતો ત્યાં તો ધમાલ શરૂ થઈ. છતાં પણ ધમલો કહે કે, એ ન ચાલે. પહેલેથી જ ચોખવટ કરી નાખો. પછી તો ગોટાળો થશે!'

ધમલાનો સ્વભાવ જ શંકાશીલ હતો. સિગ્નલ પાડવા ગયા ત્યારે પણ તે એમ જ બોલતો કે, 'સિગ્નલ પડ્યા પછી શું કરવું?' ધમલો હંમેશાં પરિણામ પછીની વ્યવસ્થા માટે ચિંતા કરતો, ઘણાંયને એવી ટેવ હોય છે કે તેઓ પરિણામ પછીની વ્યવસ્થા માટે ચિંતા કરે છે. આવી ચિંતા માણસને આગળ વધવા દેતી નથી. એવો માનવી કાર્યની શરૂઆત પણ કરી શકતો નથી. ધમલાના આવા સ્વભાવને લીધે અમે જરા હેરાન થયા. આખરે થોડી માથાકૂટ પછી એમ નક્કી થયું કે જો મણિ મળે તો દરેકને વારાફરતી પોતાના પાસે રાખવા દેવામાં આવશે. આવી રીતે વચલો રસ્તો નીકળ્યો અન અમે ઊપડ્યા, દૂર દૂર!

ભાયેલો ક્યાંકથી મોટો ખીલો શોધી લાવ્યો હતો, ધમલાના હાથમાં મોટું સુકાઈ ગયેલું લાકડું હતું. છગને લીંબડાની ડાળી, જાડી ધોકા જેવી હાથમાં રાખી હતી. અને ચંદુડે ખિસ્સામાં પથરા ભર્યા હતા.

શિવાલયના એક ખૂણામાં કોઈ ન જુએ તેવી રીતે બાવાજીની નજર નીચે અમે દફતર-પેટીઓ સંતાડી, ઉપર મોટી લીંબડાની પાંદડાંવાળી ડાળીઓ ઢાંકી દીધી, વિદ્યા લેવાનાં સાધનોને આમ શિવમંદીરમાં આરામ આપી અમારું સૈન્યા મણિની શોધમાં ઊપડ્યું! આનંદ, આનંદ આનંદ. વાતાવરણમાં અમારે માટે ઉલ્લાસ ભર્યો હતો હું પાતાળદેશની કલ્પના કરતો આગળ ધપી રહ્યો હતો. કોઈ પણ

હિસાબે મણિ મળવવો હતો. 'જો મણિ મળે તો બધી નિશાળોને સળગાવી મૂકું. એવો મારો નિશ્ચય હતો. હું આમ વિચાર કરતો હતો ત્યાં ભાયલો બોલી ઊઠ્યો:

'જો ચિનાઈ, મણિ મળે તો પહેલાં ભવાને ઠેકાણે કરવો, જ્યાં સુધી ઈ જીવે છે ત્યાં સુધી આપણે માટે સુખ નથી. ભાયલે શિક્ષક ઉપરની દાઢ કાઢી.

'બરાબર છે.' ધમલે ટેકો આપ્યો, પણ મારો વિચાર એવો છે કે મણિ મળે એટલે સૌથી પહેલાં તેની પાસે મિઠાઈના થાળ મંગાવવા. ધમલે પોતાનો સ્વભાવ વ્યક્ત કર્યો. અમારી સામે વગડો પથરાયો હતો. આજુબાજુ કાંટાની વાડ અને થોડે દૂર રસ્તાની બન્ને બાજુએ આવળનાં નાનકડાં ઝાડ ઊભાં હતાં. શાંતિ હતી. તડકો તપે અને પછી જે શાંતિ ફેલાય એવી શાંતિ સારાયે વગડા ઉપર ફરી વળેલી. અમે રાફડાની શોધમાં હતા. એવામાં:

'વજિયા, રાફડો!' ભુદરિયે બૂમ પાડી, તેની નજર રાફડા ઉપર પડી અમારા આનંદનો પાર ન રહ્યો.

'ચાલો સૌ ત્યાં.' છગને હુકમ કર્યો અને પાછળ અમે ગયા.

'ચંદુડા, તું પથ્થર લઈ પાછળ ઊભો રહે. જો નાગ માથા ઉપર મણિ લઈને બહાર આવે તો ઢીબી નાખજે.' છગને વ્યવસ્થા કરી. માન્યતા એવી હતી કે નાગ મણિ માથે રાખે છે અથવા તો નીચે મૂકે છે. સૌ ગોઠવાયા, ભુદરિયો જરા દૂર ઊભો રહ્યો. કાંટાની વાડ પાસે તે ઊભો હતો. એ પાસે ન આવ્યો.

'પહેલાં બધાં દર તપાસી લ્યો.' મેં સલાહ આપી. ભાયલે બધાં દરમાં નજર કરી પણ કૂંઈ દેખાયું નહીં. થોડી તપાસને અંતે નક્કી થયું કે નાગના કિલ્લા ઉપર હવે હલ્લો કરવો. રાફડો ફાડી તેને બહાર કાઢવો અને પછી મારી નાખવો અને મણિ લઈ લેવો. શુભ સમય જોઈને ખોદકામ શરૂ કર્યું, રાફડાનું માથું ખોડ્યું પણ કંઈ ન નીકળ્યું. 'છગના, હજી કેમ ન નીકળ્યો?' ભાયલાની ધીરજ ખૂટી.

'નીકળશે, નીકળશે, ધીરજનાં ફળ મીઠાં છે!' મેં ભાયલાને જરા આશ્વાસન આપ્યું. કામ આગળ ચાલ્યું. હું ધૂળ એક બાજુ કરતો હતો. ભાયલો અને છગનો ખોદકામમાં રોકાયા હતા, માથે તડકો તપતો હતો, ભુદરિયો વાડ પાસે જરા દૂર ફાટી આંખે જોઈ રહ્યો હતો. એ એમ માનતો હતો કે જરૂર કંઈક અમંગળ થશે. ભાયલાનું કે છગનાનું નખ્ખોદ જરૂર નીકળી જશે. અમે કામ કરતા હતા. ત્યાં એક ચીસ સાંભળી અમે ચમક્યા.

'ઓય મારા બાપલિયા, મરી ગયો!' ચીસ ક્યાંથી આવી? પાછળ નજર કરી તો ભુદરજી ધરણી ઉપર ઢળી પડેલા. અમારા સૌના પેટમાં ફાળ પડી. શું થયું તે જોવા દોડ્યા.

'છે શું ભુદરિયા?' ભાયલે તેને હાથ પકડી બેઠો કર્યો. ભુદરિયો સલામત હતો પણ તેણે કંઈક જોયેલું એ વાત સાચી!

'તારો કાકો, બે પગ નીચેથી હાલ્યો ગયો! સાળું કંઈક લીસું લાગ્યું અને હું પડી ગયો!' ભુદરિયો બોલ્યો.

'પણ ગયો ક્યાં?' ધમલો આતુર બન્યો.

'અરે આ બાજુ, ધ્યાન રાખજો, મારી દેશે અને ઘડીમાં આપણે હતા ન હતા થઈ જઈશું.' ભુદરજીએ દિશા બતાવી અને સલાહ પણ આપી. અમે ઉતાવળ કરી તે તરફ ગયા અને જોયું તો એક નોળિયો પૂંછડી હલાવતો ઉતાવળથી જતો હતો!

'હા, એ જ!' ભુદરિયો બોલી ઊઠ્યો.

'ઘનચક્કર, એ તો નોળિયો છે. બાપદાદે કોઈ દિ' નોળિયો જોયો છે?' ભાયલો ખિજાયો હું પણ જરા તપી ગયો. ધમલો હસતો હતો.

'મને શું ખબર કે નોળિયો હશે, મારા પગને અડકીને ચાલ્યો ગયો અને હું બીકમાં ને બીકમાં આંખો મીંચી જમીન ઉપર પડ્યો.' ભુદરિયે ખુલાસો કર્યો. અમે એની બહાદુરી ઉપર ખૂબ હસ્યા! ફરી ખોદકામ શરૂ કર્યું.

'હવે માબાપ, હેરાન કરીશ મા.' ભાયલે ભુદરિયાને ચેતવણી આપી. રાફડો ખોદાયો પણ કંઈ ન નીકળ્યું. ન મળ્યો મણિ કે ન મળ્યો નાગ. અમે આગળ ધપ્યા. પાસે જ બીજો રાફડો હતો. તે ખોદવો શરૂ કર્યો. પણ ત્યાં તો ભુદરિયે બૂમ પાડી:

'મારી નાખ્યા મારા બાપ, ભાયલા ભાગજે, દાદો આવે છે!' અમે બધા ભેગા થઈ ગયા અને જોયું તો લાંબો એક કાળો ભ્રમર જેવો નાગ ઝગારા મારતો દીઠો. તે રાફડા તરફ આવતો હતો. ચંદુડાના હોશકોશ ઊડી ગયા. તેના હાથમાંથી પથરા પડી ગયા. છગનો અને ભાયલો પાછા હઠવા લાગ્યા. હું બોલ્યો:

'લગાવ છગના, ઊભો શું?'

'ભાયલા ઊપડ, મારી નાખ.' છગનાએ ભાયલાને હુકમ આપ્યો. 'ચંદુડા માર પથરો.' ભાયલે ચંદુડાને હુકમ કર્યો.

'તું મારને પ... પ... પથ્થર... પ... પ... પ... પડી ગયો.' ચંદુડો ધ્રુજતો હતો. પાસે જવાની કોઈની હિંમત ન હતી. સૌએ મોતનાં દર્શન કર્યાં, કોઈની હિંમત ન હતી કે મણિ લઈ શકે! નાગ માથે મણિ હતો કે નહીં તે જોવાનીય કોઈએ દરકાર ન કરી. આજે ભાયલા જેવો ભડવીર પણ હિંમત હારી બેઠો ભૂદરિયો ભાગીને દૂર ઊભો હતો: તેણે તો અમને ચેતવી દીધો એ જ તેનો મોટો ઉપકાર! તરત જ નાગ રાફડામાં આવવાને બદલે પાસે કાંટાની વાડ તરફ વળી ગયો.

અને અમને નિરાંત વળી. ભુદરિયો પોતાની પોતડી સરખી કરતો અમારી પાસે આવ્યો અને બોલ્યો:

'હવે મૂકોને લપ, એમ તે કાંઈ મણિ મળતા હોય તો જોઈએ શું!'

'એને માથે મણિ ન હતો, હોય તો આમ જીવતો જાગતો આપણે જવા દઈએ? કદી ન બને! મારો તો વિચાર હતો કે હમણાં પૂરો કરી નાખું પણ મણિ ન હતો, એટલે જવા દીધો.' છગનો બોલ્યો. તેના શબ્દોમાં બહાદૂરીનું વજન હતું અને તેની આંખોમાં વિજય પ્રાપ્ત કર્યાની શાંતિ ભરી હતી. ઘણા ય વાણીમાં વિજય મેળવે છે, મોટા મોટા શબ્દો વાપરે છે, ગાળો વરસાવે છે અને જોર હોય એટલું તાણીતાણીને સામા માનવીને ડરાવવા માટે બોલે છે. કોઈ કોઈ વાર તો આવા પ્રસંગો બજારમાં જોવા મળે છે. અથવા તો ઘણી વાર ઘરમાં જ્યારે બાપા ગુસ્સે થયા હોય ત્યારે જોવામાં આવે છે. બાળકો બાપાની હાકથી ધ્રૂજતા હોય છે અને બાપા છાપરું ફાટી જાય એવી રાડો પાડે છે. આખરે બાળક ઉપર અસર થઈ છે એમ માની વિજયની શાંતિ માણે છે. છગનો પણ લગભગ આવા જ પ્રકારની શાંતિ માણવા ટેવાઈ ગયો હતો.

'છગના, મને પણ તારા જેવો જ વિચાર આવ્યો એટલે ઘા કરવાનું માંડી વાળ્યું!' ધમલે પોતાની વાતનો ખુલાસો કર્યો.

'હવે બીજો રાફડો ખોદવો છે?' મેં પૂછ્યું. સૌથી પહેલાં ભુદરિયે જવાબ આપ્યો, 'જો તમારા બધાનો દિ' ફર્યો હોય તો ઈ ધંધો કરજો, બાકી મારી સલાહ નથી. હવે આપણે મંદિરે જઈએ.'

ભુદરિયાની સલાહ સાંભળી મારા પાતાળમાં જવાનાં સ્વપ્ના ભાંગીને ભૂકો થઈ ગયાં. મણિની મદદથી નિશાળો સળગાવી મૂકવી હતી, એ ઇચ્છા પણ નિષ્ફળ ગઈ. અને સાચું કહું તો મારા મનમાં પણ થયેલું કે મણિ લેવામાં ફાયદો નથી!

'હાલો, આપણે પાછા જઈએ.' છગને પોતાનો વિચાર દર્શાવ્યો. સૌ ધોયેલ મૂળાની જેમ પાછા ફર્યા.

* * *

૭ પિતાનો માર–માતાનો પ્યાર!

વગડાની હવા ખાતા ખાતા અમે મંદિર તરફ વળતા હતા. પછી તો અમે સડક ઉપર આવી પહોંચ્યા. સડકની બન્ને બાજુએ ઝાડ ઝળુંબી રહ્યાં હતા. સીધા રસ્તા ઉપર ચંડાળ ચોકડી અને તેના સભ્યો આનંદ કરતા ચાલ્યા જતા હતા. એવામાં ધમલાની નજર એક ઝાડ ઉપર ગઈ. ધમલાનું મોઢું અત્યાર સુધી બંધ હતું. કંઈ ખાવાનું ન હતું. આખરે એક ઝાડ તેની નજરે ચડ્યું! એ આનંદમાં આવી ગયો અને બોલ્યો:

'ઊભા રહો, હું ઝાડ ઉપર ચડું છું, અને આંબલી નીચે પાડું છું.'

અમારી નજર ઝાડ ઉપર ગઈ અને જોયું તો આનંદનો પાર ન રહ્યો. ધમલો તો જોતજોતામાં ઝાડ ઉપર વાનરની જેમ ચડી ગયો અને ખૂબ આંબલી ખંખેરી. તોડી તોડીને એ આંબલીના કાતરા નીચે નાખતો હતો અને અમે નીચે ઊભા ઊભા લહેરથી ઉડાવતા હતા. ધમલાનું ધ્યાન આવી બાબતમાં બહુ જતું. એ કંઈનું કંઈ નવીન ખાવાનું શોધી આવે! ગલગોટાના ફૂલની પાંખડીઓ ખેરવી નાખવાની તેની નીચે જે સફ્દ બી નીકળે છે તે બી ખાતાં મને ધમલે શીખવેલું! વડના ટેટા તો અમે ખૂબ ખાતા અને પીપળની પેપડી તો રોજ ઉડાવતા. બોરની ઋતુ આવતી ત્યારે ખૂબ દૂરના દૂર બોર વીણવા જતા; અને ઠેઠ સાંજે ઘેર પાછા આવતા. ભુદરિયો શાંત ઊભો હતો, તેને જોઈ છગને પૂછ્યું:;

'કેમ ભુદરિયા, પાળિયાની જેમ ઊભો છો શું? ખાને આંબલી!'

'અરે મારી દેન! આંબલી ખાવાથી તાવ આવે તાવ!'

'હવે બેસને તાવવાળી! એમ તે કંઈ તાવ આવતા હશે!'

ભાયલો બોલ્યો અને બોલવાની સાથે ભુદરિયાનું માથું પકડી તેના મોઢામાં

એક કાતરો મૂકી દીધો. આ ક્રિયામાં પ્રેમ હતો. અમે બધા ખાઈએ અને ભુદરિયો શાંત ઊભો રહે એ કેટલું ખરાબ!

'ચિનાઈ, આની ચટણી સરસ થાય હો.' ઝાડ ઉપરથી ધમલો બોલ્યો.

'હા તારે કરવી હોય તો થોડા કાતરા ખિસ્સામાં ભરી લેજે.'

મેં ધમલાને રસ્તો બતાવ્યો. અમે ચટણી તો ઘણી વાર કરતા. નદીની કોઈ શિલા ઉપર ચટણી વાટતા. હું ઘરેથી મીઠું લઈ આવતો તો વળી ભાયલો મરચું લઈ આવે! આવી રીતે સાધનો એકઠાં થઈ જતાં. અને પછી અમે પૈસાના દાળિયા મંગાવી ચટણી સાથે ખાતા. શરૂઆતમાં મને ચટણી ખાતા ન આવડતી પણ ધમલે મને યુક્તિ શીખવેલી.

'જો વજિયા, પહેલાં ચટણી દાઢમાં મૂકવી, દાઢમાં મૂકતી વખતે એટલું ધ્યાનમાં રાખવું કે ચટણી જીભને ન અડી જાય અને પછી ઉપર થોડા દાળિયા ચાવવા એટલે બહુ મજા આવશે! જરા પણ તીખું નહીં લાગે!'

આવી સુંદર યુક્તિ ધમલે શીખવેલી અને એ યુક્તિથી તીખા મરચાં પણ ખાઈ શકાય છે. પણ આ ખાવાનો ચટકો કેટલી હદે લઈ ગયેલો તેની આગળ વાત! અત્યારે તો ધમલો ઝાડ ઉપરથી નીચે આવ્યો. અમે હવે આગળ વધ્યા. થોડી વારમાં ઘરે પહોંચી જવું જોઈએ. દરેક જણ મણિની વાત તો ભૂલી ગયેલ. પણ મારા મનમાંથી ન ગઈ. મારું તો એમ માનવું હતું કે જો જરા વધુ પ્રયત્ન કર્યો હોત તો જરૂર મણિ મળી આવત! મારા મનમાં પરાજયનો ડંખ રહી ગયેલો!

કોઈના બાપની જાણે પરવા ન હોય એવી રીતે અમે રસ્તા ઉપર બાદશાહી ઢબે ચાલ્યા જતા હતા. લાખ લાખની વાતો થતી હતી.

'ધમલા, આવતી કાલે રજા છે?' ભાયલે આતુરતાથી પૂછ્યું ભાયલો કોઈ મસ્તફકિરની જેમ જ બોલેલો.

'કાલે!' ધમલો વિચારમાં પડ્યો, 'કંઈ હોય એમ લાગતું નથી!'

'કદાચ પડે!' પાછળથી ભુદરિયો બોલ્યો. એ કંઈક વિચારમાં હતો. ભુદરિયો તેની નવી બાથી ખૂબ દબાઈ ગયેલો અને ભુદરિયાના બાપ પણ તેને ઘણીવાર મારતા છતાં તે અમારી સાથે લહેરી હતો.

'શેની રજા પડે?' રજાની વાત સાંભળી છગનો પણ રસ લેતો થયો.

આજે રાત્રે કદાચ કોઈ માસ્તર મરી જાય તો! અથવા તો કોઈ મોટો અમલદાર મરી જાય તો...' ભુદરજી ઠાવકાઈથી બોલ્યા.

'ઓત્તારી! વચમાં 'તો' આવે છે ને?' હું જરા ખુશ થઈ બોલ્યો. ચંદુડો તો આંબલી ખાતો હતો અને શાંત હતો.

રજાનો બહુ શોખ! એક કલાક વહેલી રજા મળતી તો અમે ખુશ ખુશ થઈ

ગયું કે ખોટાં નામ દઉં, પણ ફરી વિચાર આવ્યો કે કદાચ તેની પણ ખબર હશે તો ભોગ મળશે એટલે મેં જવાબ આપ્યો:

'ભદ્રીશંકરભાઈનો ભુદરિયો, ભાયલો, છગનો, ધમલો, ચંદુડો તોતડો!'

'બધાય એકબીજાને માથે પછાડવા જેવા છે! મારા વાલીડા ભણવાનું નામ લઈ નદીએ માથાં કાઢે છે! ખબરદાર, જો હવે રખડવા ગ્યો'તો, નહીંતર તારો હડતાલો જોખી નાખીશ; પધારો ઘરમાં, તમારા જેવું કોણ થાય!'

મને અંદર જવાની છૂટ મળી.

મારો 'હડતાલો' જોખી નાખવાની ધમકી મળી. 'હડતાલો' શબ્દ હજી પણ હું સમજી શક્યો નથી. છતાં પણ હડતાલો જોખી નાખવાની ધમકીથી હું બહુ ડરતો! 'હડતાલો' શબ્દ સાંભળી મારી આંખ આગળ કોઈ નરકની ભયંકરમાં ભયંકર શિક્ષાનું દૃશ્ય ખડું થતું! આવી જ એક બીજી ધમકી હતી કે જે હું સમજતો ન હતો છતાં પણ ડરતો. તે આ રહી: 'સુવર, બે કાન વચ્ચે માથું કરી નાખીશ.' મારા બાપુજી ખીજાતા ત્યારે ઘરની ચાર દીવાલો ફાટી જાય એવા જોરથી બૂમ પાડતા અને મને તે સમયે વિચાર કરવાનો વખત પણ ન રહેતો, અને 'બે કાન વચ્ચે માથું કરી નાખીશ.' એ વાક્ય મારા ઉપર ભય ઉપજાવતું, પણ અમુક સમય પછી જ્યારે નદી કિનારે એકલો બેઠો હતો ત્યારે વિચાર કરતાં ખબર પડી ગઈ કે મારું તો શું પણ બધાયનું બે કાન વચ્ચે માથું છે! મારા બાપુજીનું માથું કંઈ ચાર કાન વચ્ચે ન હતું! આ જ્ઞાનથી હું તરત જ હસી પડેલો અને પછી તો મારા બાપુજીની ધમકીની અસર મારા ઉપર જરા પણ ન થતી કદાચ ભીંત ઉપર થતી હશે!

અરે ઘણા પિતાઓ ખીજાય છે ત્યારે અપશબ્દોનો પણ વરસાદ વરસાવે છે. જે હાથમાં આવે તે લઈ મારવાનું શરૂ કરે છે. કોઈ લાકડી તો વળી કોઈ જોડો! જોડાનો માર તો મેં ઘણી વાર ખાધો છે. આજે નસીબમાં વેલણ ખાવાનું લખ્યું હતું! છતાં મારા થી કે દબાણથી છોકરાઓ સુધર્યા હોય એ વાત ગળે ઊતરતી નથી. હા, મારા અનુભવ ઉપરથી કહું તો તાત્કાલિક અસર મારની અને દબાણથી થાય છે. બાપા ઘરમાં હોય ત્યાં સુધી શાંતિ જળવાય છે. સભ્ય વર્તન રખાય છે પણ બાપા ઘરની બહાર એટલે છોકરો પણ બીજે બારણેથી રફૂચક્કર! સુધરેલા પિતાઓ જો આને વિજય માનતા હોય તો તે ભૂલ ખાય છે. એમાં વિજય નથી, કેળવણી નથી પણ ઊલટું છોકરાઓ પિતા પ્રત્યે છાનો તિરસ્કાર કેળવે છે. તેન પોષે છે અને યૌવન આવતાં, તે તિરસ્કાર મૂર્ત સ્વરૂપે હાજર થાય છે; પિતાપુત્ર વિખૂટા પડે છે!

મારા હૃદયમાં પણ આવો તિરસ્કાર ઉછળી રહ્યો હતો. મારા મિત્રોમાં તો હતો જ અને અત્યારે પણ એ જ દશા છે. વેલણ ખાધા પછી મને ભવાનીશંકર

માસ્તર ઉપર એવી ચીડ ચડી કે જો હાથમાં આવે તો ગળું દાબી મારી નાખું! ભવાએ અમારો ભવ બગાડ્યો હતો!

મારી બાએ માર્યો પણ મેં તેનું વેર ભવાનીશંકર માસ્તર ઉપર લેવાનું નક્કી કર્યું! તેણે ચાડી ખાધી ન હોત તો આમ ન થાત. મારી બાએ ખાવા તો આપ્યું! માર ખાધો અને ખીચડી પણ ખાધી. બન્ને વસ્તુઓ ખાધા પછી રાત્રે હું સૂઈ ગયો. પણ મારી આંખ આગળ એક વ્યક્તિ ડોળા કાઢીને ઊભી રહી. માથે પાઘડી, કપાળે વિભૂતિ, લાંબો કોટ, એમાંથી આગળ તરી આવતું પેટ અને ધોતિયું! હાથમાં આંકણી લીધી હતી. એની આંખોમં ક્રોધ હતો, એક પછી એક માનવજાતિના પુષ્પછોડ ઉપરથી પોતાની આંકણીથી કળીઓ ખંખેરી નાખતો હતો, મરું હૃદય રડતું હતું અને તેના મોઢામાંથી શબ્દો નીકળતા હતા:

'હરામખોર, લેશન નથી કરતા? તારા બાપાને કહેવા દેજે.' નાના બાળકના કુમળા હાથ ઉપર આંકણી પડતી હતી, બાળક રડી પડતો. તેનું ગુલાબી મોઢું કરમાઈ જતું હતું. કોઈનો તમાચો પડતો હતો. જાણે એ ભયંકર ગુનેગાર ન હોય! તેણે શું ગુનો કર્યો હતો? 'લેશન કર્યું ન હતું.' બસ આ જ ગુનો! મારાથી આ દેખાવ સહન ન થયો. મારું લોહી તપી આવ્યું. ગુલાબી ચહેરાઓને સુકાતા જોઈ મારામાં ક્રોધ વ્યાપી ગયો. મારાથી બૂમ પડાઈ ગઈ:

'એ ભવા, તારો દિ' ફર્યો લાગે છે! બાળકોને કેમ મારે છે?' આ શબ્દો સાથે હું મારવા દોડ્યો પણ આ શું? મારી આસપાસ અંધારું હતું. મારી બા મારી પાસે સૂતા હતા. મને ખ્યાલ આવી ગયો કે આતો ફક્ત સ્વપ્ન હતું. મારા જાગવાથી મારી બા બેઠા થઈ ગયા. તેના કંઠમાંથી દયા ઝરી:

'ભાઈ, શું જોઈએ?' ગમે તેમ તોય બા! કેવો પ્રેમ!

'બા પાણી!' હું રોઈ પડ્યો.

મને પાણી પાયું અને પછી મારી બાના પડખામાં હું સૂઈ ગયો. તેણે મારા ગાલ ઉપર વહાલથી હાથ ફેરવ્યો. મારી આંખમાંથી આંસુ ટપકતાં હતાં. મારી બાના મનમાં મને મારવા માટે પશ્ચાતાપ થતો હતો. મને માર્યા પછી તે રોજ પસ્તાતી. આજે તે આ દશા અનુભવતી હતી. મને ઊંઘમાં રડતો દેખી તે પણ રડી પડી.

'ભાઈ, સૂઈ જા, હવે નહીં મારું હોં! સૂઈ જા ભાઈ, સવારે પૈસો વાપરવા આપીશ.' કેવું હેત! પુત્રના ગમે તેવા ગુના ભૂલી જનાર જો કોઈ હૃદય હોય તો તે માતાનું!

* * *

૮ ભાયલાનું પ્રતિજ્ઞા પાલન

ઘરમાં જાણે એવુ હોય છે કે જેટલા વડીલ હોય તેટલાને ચિડાવાનો અને શિખામણ દેવાનો હક્ક હોય છે! મારી બા મને મારતાં અને ઑફિસમાંથી આવીને બાપા પણ ધમકાવતા! આવી બધી ક્રૂર દશાઓ મેં વટાવી. સવાર પડી. હું ઊઠ્યો. જ્યારે મેં માર ખાધો હોય ત્યારે હું એક જ દિવસ વાંચતો, ડાહ્યો થઈ જતો અને મારી બાને તથા મારા બાપુજીને લાગતું કે વજુ હવે સુધરી ગયો છે. આજે પણ હું લુચ્ચો જ હતો. હું ઢોંગ કરતો હતો. મને એક જ વિચાર મૂંઝવતો હતો અને તે ભુદરિયાનો. બીજા બધા તો ખેપાની હતા પણ બિચારા ભોળાભટાક ભુદરજીનું શું થયું હશે? તેનાં આંસુ લૂછનાર કોઈ માતા તેને માટે ન હતી. તેની નવી મા તેને ખૂબ મારતી. ભુદરિયાના બાપા પણ તેને સારી રીતે લગાવતા. ભુદરજી તદ્દન નિર્દોષ હતા. તેનામાં લુચ્ચાઈનો જરા પણ છાંટો ન હતો, છતાં તે વફાદાર હતા. ગમે તેવી વાત હોય પણ તે બહાર ન પાડે એ ભુદરજીનો ખાસ સ્વભાવ! ભુદરજીનું આંતરજીવન કરુણાથી ભરપુર હતું. એમની વાર્તા મારી આંખમાં પાણી લાવી દેતી. ભુદરજી ઘણી વાર નદી કિનારે પોતાની જૂની બાને સંભારી મારી આગળ રડી પડતાં. હું તેમને આશ્વાસન આપતો.

ભુદરજીને સુધારવા માટે ઘર તરફથી અખૂટ પ્રયત્નો થતા. એમને છાણાં લાકડાં ભરવાની ઓરડીમાં ઘણી વાર પૂરી દેવામાં આવતા! બબ્બે દિવસ સુધી તો ખાવાનું પણ નહીં આપતા. અને તેની બા મારતાં તે વધારામાં! પરિણામે ભુદરજી ખૂબ દબાઈ ગયેલા. તેના જીવનમાંથી ઉલ્લાસ ગયો હતો અને એ હસે ત્યારે જાણે ચોરીછૂપીથી હસતા હોય એમ લાગતું.

જમી-કરીને હું પેલું પતરાનું કોઠિયું લઈ નિશાળે ઊપડ્યો. વિચાર થતો

હતો કે માસ્તરને શું જવાબ દેવો! ક્લાસ વચ્ચે રોજડી થશે અને માર પડશે. ત્યાં મારી નજર દૂરદૂર એક છોકરા ઉપર પડી તે જરા લંગડાતો ચાલતો હતો. કંઈ દુઃખની વેદના સહન કરતો હતો, મેં બૂમ પાડી. 'ભુદરિયા, ઊભો રહે.'

તરત જ તે ઊભો રહ્યો. હું તેની પાસે ગયો અને મેં તેની સામે જોયું. તેણે મારા સામી દર્દ ભરી દૃષ્ટિ ફેંકી. અમારી બન્નેની નજર એક થઈ અને ભુદરિયાની આંખમાંથી આંસુ ટપક્યાં! તેની આ મનોવેદના જોઈ મારું અંતઃકરણ પણ ભરાઈ આવ્યું. છતાં હું હિમ્મત રાખી બોલ્યોઃ 'ભુદરિયા, કેમ રડે છે? તારી બાએ તને માર્યો છે?'

મેં તેના ખભા પર હાથ મૂક્યો, થોડીવારમાં તે શાંત થયો. પણ તેની આંખો ભીની હતી.

તે બોલ્યો, 'વજીઆ, કાલે મેં બહુ માર ખાધો. ભવાએ પાછળથી તપાસ કરાવી હતી. મારી બાએ તો મને ડામ પણ દીધો! હું ખૂબ રડ્યો.'

આટલું બોલ્યો ત્યાં તો તે ફરી રડી પડ્યો. તેનું હૃદય લાગણીપ્રધાન હતું. ધોતિયું ઊંચું કરી મને તેણે પોતાનો પગ બતાવ્યો. અને મેં શું જોયું? ભુદરિયાના પગ ઉપર મોટું ચાઠું પડી ગયું હતું. આસપાસની ચામડી બળી ગઈ હતી. મારી આંખોમાં આંસુ આવ્યાં. પણ મેં રોકી રાખવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો.

'વજીઆ, મારા બાપાએ પણ મને ખૂબ માર્યો છે. મારું ગળું પકડી મને ભીંત સાથે અફાળ્યો. વજીઆ, મને બહુ લાગ્યું. હજુ મારું માથું દુઃખે છે.'

ભુદરિયો ધીમે ધીમે આગળ ધપતો હતો. મારું હૃદય ચિરાતું હતું મેં તેનાં માથા ઉપર હાથ ફેરવ્યો તો મોટું ઢીમણું પાછળના ભાગમાં ઊપસી આવેલું. ખરેખર, આ જુલમ હતો. અન્યાય હતો. ભુદરિયા જેવા શા માટે દુઃખી થાય? ખરો વાંક મારો હતો. મેં જ ભુદરિયાને નવી નવી કળાઓ શીખવેલી!

'વજીઆ, મને હજુ ખાવા નથી આપ્યું. બહુ સખત ભૂખ લાગી છે, શું કરવું?' ભુદરિયો રડતાં રડતાં બોલ્યો. ગઈ કાલે સવારે તેણે ખાધું હતું. સાંજે ખાવા મળ્યું ન હતું. મારી પાસે પૈસો હતો. ભુદરિયાને હું બીજી શી મદદ કરી શકું?

'ચાલ આપણે કાંઈ ખાવાનું લઈએ. હું અને ભુદરિયો પાસેની દુકાને ગયા અને પૈસાના મમરા લીધા. મમરા લેતા હતા, ત્યાં પાછળથી કોઈ બુલંદ અવાજ આવ્યો. 'ચીના...ઈ.'

પાછળ જોયું તો ગજરાજની ધૂનથી ડોલતો ડોલતો ભાઈલો આવતો હતો. તેના ચહેરા ઉપર આનંદ સિવાય બીજું કંઈ નહોતું. તેને મેં ભુદરિયાની વાત ટૂંકમાં કહી દીધી. તરત જ એ દયાળુ હૃદયે પોતાનો વાપરવાનો પૈસો કાઢી

આપ્યો. તેના દાળિયા લીધા. ભુદરિયે પાણી પીધું અને જરા સ્વસ્થ થયો. ભાઈલો ફક્ત એટલું જ બોલ્યો:

'ઈ ભવાનું હું માથું ન ફોડું તો કડિયાનો બચ્ચો નહીં! મારો બેટો ચાડિયો!' ભાઈલે હોઠ પીસ્યા. તેની આંખમાં ક્રોધ સળગતો હતો. આજે તેણે આકરા સોગંદ લઈ લીધા. ભુદરિયાની કરુણ કથા સાંભળી તેનું હૃદય દયાથી પીગળ્યુ હતું અને ભાઈલાની મસ્તીખોર આંખોના તેજ નીચે દયા છુપાયેલી હતી. ગરીબો પ્રત્યે તે ખૂબ દયાળુ હતો. ધમલામાં પણ દયા તો હતી જ.

અમે સૌ નિશાળે પહોંચી ગયાં. હૃદય ધબકારા મારતું હતું. આજે ભવાનીશંકર માસ્તર ભવાની માતાનું સ્વરૂપ ધારણ કરશે એમ લાગતું હતું. ઘંટ વાગ્યો, 'ઓ ઈશ્વર ભજીએ તને' એ પ્રાર્થના પૂરી થઈ. સ્કૂલમાં શાંતિ ફેલાઈ ગઈ. ઘડી પહેલાં જે આનંદ હતો, કિલકિલાટ હતો, તે શાંત થયો. ભાવિ નાગરિકો ઘડવાનં કારખાનું ચાલુ થઈ ગયું. માસ્તર આવી પહોંચ્યા આખા વર્ગમાં શાંતિ ફેલાઈ. સિંહ જેમ શિકાર માટે ચારે બાજુ પોતાની નજર ફેરવે તેમ માસ્તરે નજર ફેરવી. પહેલેથી છેલ્લે સુધી નજર કરી છોકરાઓનાં મોઢાં જોઈ લીધાં, પણ તેમની નજર છેલ્લી પાટલી આગળ અટકી. તેણે ત્રણ માનવીનાં માથાં જોયાં અને જરા ઉગ્ર અવાજે બોલ્યા:

'બાંકડા ઉપર ઊભા થાઓ, રખડુના સરદારો.'

હું, ભાઈલો અને ભુદરિયો યંત્રવત્ ઊભા થયા. બીજી ગમે તે શિક્ષા કરે પણ મારે નહીં તો સારું, એવો વિચાર હું કરતો હતો. આખો વર્ગ અમારી તરફ જોઈ રહ્યો હતો. અમે ચોપડીઓમાં માથું છુપાવી મૂર્તિની જેમ ઊભા હતા. વર્ગમાં અભ્યાસ શરૂ થઈ ગયેલો. વાચન ચાલતું હતું. ભુદરિયાનો પગ દુઃખતો હતો. આવી શાન્તિમાં બધા ય છોકરાઓનુ ધ્યાન બારણા તરફ ખેંચાયું. ચોરણી, લાંબો કોટ અને કાળી ટોપીમાં સજ્જ થયેલો અને પાન ચાવતો એક ઊગતો કુમાર અંદર આવવાની આશામાં ઊભો હતો. એ ધમલો હતો. આજે ભાઈસા'બ મોડા થયેલા, જાણે કાંઈ બન્યું જ ન હોય અને બનવાનું પણ ન હોય એવી બેફિકરાઈમાં તે પાન ચાવતો ઊભો હતો. મને થયું કે ભોગ લાગ્યા; હમણાં આવી બન્યું. માસ્તરે કરડાકી ભર્યું મુખારવિંદ ફેરવ્યું અને બોલ્યા:

'બકરાંની જેમ પાન ચાવતો શું ઊભો છે? થૂંકીને અંદર આવ.' ધમલો પાન થૂંકી આવ્યો.

'કેમ મોડું થયું?' માસ્તર ચિડાયા, આજે ધમલાનું આવી બન્યું હતું.

'સા'બ, જરા બેકી ગયો હતો, એટલે મોડુ થયું.' ધમલો બોલ્યો: પાયખાને જવું હોય તેને શાળાની ભાષામાં 'બેકી જવું' કહે છે.

'પધારો અંદર, કાલે ક્યાં રખડવા ગયા હતા?'

'ક્યાંય નહીં.' ધમલે જવાબ આપ્યો.

માસ્તરે ભુદરિયાને પૂછ્યું: 'સાચું બોલ ભુદરિયા, કાલે ક્યાં રખડવા ગયો હતો?'

ભુદરિયો સાચું જ બોલ્યો: 'સાહેબ નદીમાં નાહતા હતા.'

માસ્તરે તો ભુદરિયાને પ્રતાપે અમને ત્રણેને બેસાડી દીધા અને ન રખડવા માટે શિખામણ આપી પણ ધમલો મરાઈ ગયો. માસ્તરે તેને પાસે બોલાવ્યો, બે તમાચા, ચાર આંકણીઓ હાથ પર અને પચાસ ઊઠ-બેઠ-આટલી શિક્ષા ધમલાએ સહન કરી. જાણે કાંઈ જ ન બન્યું હોય એવા ભાવ પોતાના ચહેરા પર લાવી ધમલો ભુદરિયાની પડખે આવી બેઠો અને બેસતાં બેસતાં ભુદરિયાની પડખામાં આંગળી મારી! ધમલો ધૂંવાફૂંવાં થઈ ગયેલો. આખા વર્ગની વચ્ચે ધમલાની કીર્તિ ગઈ! જોકે અમારી આબરૂ તો અમે ક્યારનીય ગુમાવી જ હતી. સારું થયું કે અમે માર ખાતાં બચી ગયા અને અમારે બદલે ધમલો કૂટાયો.

થોડા દિવસ પછી એક વાર માસ્તર માથે પાટો બાંધીને આવ્યા. મને નવાઈ લાગી કે આ શું થયું? મને કેમ કંઈ ખબર ન પડી? કાવતરું મારી જાણ બહાર થાય એ મારે માટે અપમાન હતું. થોડીવારમાં આખી નિશાળમાં વાત ઊડી કે ભવાનીશંકર માસ્તરે માર ખાધો! સાંજે ચંદુડે ખાનગીમાં બોલાવીને વાત કરી કે 'વજીઆ, માસ્તરનો તોલો ભાઈલાના કહેવાથી મેં રંગી નાખ્યો છે!' ત્યાં ભાઈલો આવ્યો અને મેં ભાઈલાનો ઉધડો લીધો. તેણે ટૂંકો જવાબ આપ્યો, 'આવી નાની બાબતમાં તારી સલાહ લેવાય?'

નિશાળની હાડમારીથી તો હવે ટેવાઈ ગયેલા. માસ્તર પણ જરા શાંત બનેલા, મારા ધારવા પ્રમાણે ચંદુડાના ઘાની અસર કદાચ થઈ હોય ગમે તેમ હોય, પણ 'ચંડાળ ચોકડી'નું નામ કોઈ લેતું ન હતું. એથી ઊલટું, તેના સભ્યો વધતા જતા હતા અને ધીમે ધીમે ચંડાળ ચોકડીમાંથી તો એક સુંદર લશ્કરી ટુકડી તૈયાર થઈ. કડિયા શેરીના છોકરાઓનું કોઈ નામ ન લઈ શકે. ચંદુડા અને ચુનિયા જેવા નિશાનબાજો અમારી પાસે હતા એ ગૌરવ લેવા જેવી વાત હતી. ભાઈલા જેવા ભડવીર હોય ત્યાં અમને બીક શેની? અને ધમલા જેવા માણસો હોય ત્યાં ખાવાની ખોટ શી? એ ગમે ત્યાંથી ખાવાનું શોધી લાવતો અને નવી નવી યુક્તિઓ બતાવતો. સરદાર બન્યા પછી છગનો સિગારેટ પીતો. એ વખતે મને યાદ છે કે પૈસાની ચાર કે પાંચવાળી ઊંચી જાતની સિગારેટ છગનો વાપરતો. અમે સૌ બીડી પીતા. ધમલાને વળી એક નવું લફરું વળગ્યું! તેના ખિસ્સામાં

દસ-પંદર બીડી અને બાકસ પડ્યું જ હોય. પાન તો તે ઘણીવાર ખાતો અને પાન ખાતાં ખાતાં અમે સૌ નદી કિનારે ધુમાડા કાઢતા હતા. ટ્રેન રોજ પસાર થતી પણ મારી કલ્પના શક્તિએ જુદું જ સ્વરૂપ પકડેલું એટલે ટ્રેન તરફ હું તદ્દન બેદરકાર હતો. હવે મને એવી વસ્તુઓમાં આનંદ નહોતો આવતો, કારણ કે અમે આગળ વધ્યા હતા! ધમલો, ભુદરિયો, ભાઈલો વગેરે મિત્રોને છોડી બીજા કોઈના વિચાર હું કરતો નહીં. માસ્તર તો એક સામાન્ય વ્યક્તિ બની ગયેલા એટલે તેમનો ભય ચાલ્યો ગયો હતો.

ભેગા થવા માટેનાં અમારાં ત્રણ સ્થળો હતાં-એક તો શેરીમાં આવેલો ઓટલો, બીજું શિવમંદિર અન ત્રીજો નદીકિનારો! રવિવારે એક દિવસ ઓટલા ઉપર ભેગા થયા. ગંભીર વિચારો કરવા હતા. માથે યુદ્ધના ડંકા વાગતા હતા યુદ્ધની તૈયારી માટે વિચાર કરવા હતા.

'ડાહી લાંબીનો બચુડો કેમ ન આવ્યો?' છગને ચિનાઈને પ્રશ્ન પૂછ્યો.

'ગિદ્ધા, ડાહી લાંબીના બચુડાને બોલાવી લાવ.' મેં ગિધિયાને હુકમ કર્યો.

ડાહી લાંબીનો બચુડો આવી પહોંચ્યો. બચુડો અને ધમલો શેરીનાં કૂતરાંઓની સંભાળમાં હતા ખાસ કરીને ધમલાને બહુ શોખ. જમાદારની શેરીમાંથી તે રાતોરાત કુરકુરિયાં ચોરી લાવેલો. ધમલાએ આ વ્યવસ્થા સ્વીકારેલી તેનું એક કારણ હતું! ધમલાની સંભાળ નીચેનું કોઈ કુરકુરિયું ભૂખે ન મરતું! શેરીમાં કૂતરાઓનું એક જબરદસ્ત સૈન્ય તૈયાર થયેલું કૂતરાંઓના સરદાર તરીકે રાતડો હતો; તે જરા પ્રોઢ હતો અને તેના મુખ ઉપર શહેનશાહી ગંભીરતા સદા છવાઈ રહેતી. અને ત્યારે તે કોઈ વનકેસરી જેવો લાગતો. એનું માથું વિશાળ હતું. એને જોતાં નાનાં છોકરાં તો ડરી જતાં. રાતડો ક્યાંથી આવી ચડેલો તે ખબર નથી પણ કૂતરાંઓમાં રાતડો સંસ્કારી હતો. સંસ્કારી એટલા પૂરતો કે તે ભાગ્યે જ ગુસ્સે થતો. પણ જ્યારે ગુસ્સે થતો ત્યારે તેનું મુખ એટલું ભયંકર લાગતું કે સામે દૃષ્ટિ પણ ન ફેંકી શકાય. રાતડો એટલે ધમલાનો પ્રિય મિત્ર, ધમલો જાણે રાતડો પોતાની બધી ભાષા જાણે છે એમ બોલતો.

'રાતડા, તને કેમ છે?' એ તો એવા લહેકાથી બોલતો કે ન પૂછો વાત કાગળ ઉપર કોરા શબ્દ લાવી શકાય પણ શબ્દની પાછળનો રણકાર ખડો ન થઈ શકે. બચુડો ધમલાની મદદમાં હતો. રાતડાએ ઘણી સ્ત્રી કરેલી. પણ મારા વખતમાં તો એકજ કૂતરી હતી. તે પણ રૂપરૂપનો અંબાર! તેનું મુખ બહુ જ નમણું હતું અને આંખોમાં સૌમ્યતા ભરી હતી. ધમલાએ તેના રૂપ ઉપરથી તેનું નામ ભૂરડી પાડ્યુ હતું. શિયાળાના તડકામાં ભૂરડીની આસપાસ જ્યારે તેનાં કુરકરિયાં લહેર કરતાં

હોય, તેનું મોઢું ચાટતાં હોય, અથવા તો ભૂરડી પોતાનાં સુંવાળા કુરકુરિયાંને ચુંબન કરતી હોય ત્યારે ભૂરડીનું માતૃત્વ ખીલી ઊઠતું! તેની આસપાસ પ્રેમનું વાતાવરણ જામી રહેતું અને તેમાંય જ્યારે રાતડો ભવ્ય મુખમુદ્રા રાખીને બેઠો હોય, પાસે ભૂરડી બેઠી હોય અને આસપાસ જ્યારે તેનાં કૂરકુરિયાં બેઠાં હોય ત્યારે એમ લાગતું કે રાતડો ખરેખર આદર્શ પિતા છે! પણ આ ઉપરાંત રાતડાને ઘણા પુત્રો હતા. એ સૌ જુવાન હતા. તેમાંનો કાળિયો તો બહુ તેજસ્વી ગણાતો. કાળિયામાં તેની માનો સ્વભાવ ઊતરેલો. બીજો એક સુંદર કૂતરો હતો, ચાંપલો, રાતડા જેવો જ સ્વભાવ, પણ રાતડા જેટલો ઊંચો નહીં! ભૂરડીને ત્રણ દીકરીઓ હતી, તેમાંથી ઉરૂરી બહુ જબરી. ખૂબી તો એ હતી કે ઉરૂરી બહુ જ લુચ્ચી! એ ભાગ્યે જ ભસતી. કોઈ અજાણ્યો માણસ આવે તો કોઈ પણ જાતની ચેતવણી આપ્યા વગર પગે બટકું ભરતી! ઉરૂરીનું શરીર ઘણું જ સુંદર સુંવાળું અને પાતળું મજાનું હતું. એટલે જ ધમલાએ તેનું નામ ઉરૂરી રાખ્યું હતું.

ધમલો 'ઉરૂરી' શબ્દ એટલી મીઠાશથી બોલતો કે આંખ આગળ ઉરૂરીનું સૌન્દર્ય ભરેલું સ્વરૂપ ખડું થઈ જતું. ધમલાને ઉરૂરી એટલી બધી વહાલી હતી કે દરરોજ ધમલો પોતાના ભોજન પછી અર્ધો રોટલો ખાસ ઉરૂરી માટે વધારતો! ભૂરડીની સુવાવડ ધમલો ખાસ પોતાના ફળિયામાં કરતો. સુવાવડ વખતે ધમલો તેની બધી સગવડ સાચવતો. તેલનો શીરો વખતસર ખવડાવતો અન ભૂરડી પણ એવી ટેવાઈ ગયેલી કે ધમલાની ડેલીમાં જ દર વખતે વિંયાય. ભૂરડી વિંયાય કે તરત જ ધમલો અમે ગમે ત્યાં હોઈએ પણ વધામણી પહોંચાડતો અને કેટલા કૂતરા અન કેટલી કૂતરી છે તે કહેતો દૂર દૂર એક કોથળાનો ગાભો પડ્યો હોય, તેમાં ભૂરડી સૂતી હોય અને કુરકુરિયાં તેને ધાવતાં હોય! પાસે પાણીનું એક કુંડું પણ પડ્યું હોય. અમે દૂર ઊભા રહી ભરડીને નિરખતા, કારણ કે સુવાવડ વખતે ભૂરડી તદ્દન બદલાઈ જતી. તે કોઈનો વિશ્વાસ ન કરતી, પણ નવાઈની વાત તો એ હતી કે ધમલા આગળ ભૂરડીનો તીખો સ્વભાવ મીઠો થઈ જતો અને હાથમાં એક કુરકુરિયું લાવી અમને બતાવતો અને કહેતો કે, 'વજિયા, હજી તેની આંખો નથી ઊઘડી.'

ધમલો કુરકુરિયું નીચે મૂકતો અને સત્તાવાહક સ્વરે ભૂરડીને કહેતો. 'ભૂરડી, આને લઈ જા.'

અને અમારી બધાની નવાઈ વચ્ચે ભૂરડી ધમલાના પગ આગળથી નમ્ર ભાવે પોતાના બાળકને મુખમાં લઈ જતી. હું આશ્ચર્યમુગ્ધ બની ધમલાની મીઠી મશ્કરી કરી કહેતો કે:

'ધમલા, નક્કી તારે ઓલા, ભવમાં ભૂરડી સાથે કાંઈ સંબંધ હોવો જોઈએ, નહીંતર ભૂરડી આટલું બધું સમજે ખરી?'

ધમલો પણ મને એવો જ ઉડાઉ જવાબ આપતો, 'સાચી વાત, ગયા ભવમાં અમે બધાં સાથે જ રહેતાં અને આ ભવમાં પણ સાથે જ છીએ!' અમે હસી પડ્યા.

એક દિવસ ભુદરજી બરાબર હેરાન થઈ જાત. ધમલાનો ભૂરડી ઉપરનો આટલો બધો કાબૂ જોઈ તે ભૂરડીની ગેરહાજરીમાં તેનાં કુરકુરિયાંને રમાડતો હતો. પાછળથી ભૂરડી આવી. તેની આંખોમાં ક્રોધ વ્યાપ્યો અને તે ભુદરિયાને કરડવા દોડી. સારું થયું કે ભુદરિયાની નજર તરત જ પડી, એ તો પોતડી ઊંચી લેતોકને ભાગ્યો. પાછળ ભૂરડી પણ દોડી. માંડમાંડ ભુદરજી બચ્યા નહીંતર હેરાન થઈ જાત!

સાત દિવસ પછી કુરકુરિયાંની આંખો ઊઘડતી. અમે તેમનાં નામ પાડતા.

આવી રીતે કૂતરાંઓનું સૈન્ય ધમલાએ તૈયાર કરેલું. સૈન્ય એટલા પૂરતું કે અમારી શેરીમાં અને અમારી આસપાસ ઘણી શેરીઓમાં કૂતરાં લડાવવાનો રિવાજ હતો.

* * *

૯ ખૂનખાર જંગ

આજે રવિવારે એટલા માટે ખાસ ભેગા થયા હતા કે હરઘોળની શેરીના છોકરાઓએ લડાઈ માટે આમંત્રણ આપેલું અને લડાઈનું આમંત્રણ કદી પાછું ન ઠેલાય! જો પાછું ઠેલીએ તો આબરૂ જાય. એ વખતે હરઘોળની શેરીનું સૈન્ય જોરાવર ગણાતું હતું અને અમારું પણ એટલું જ જોરાવર ગણાતું લડાઈ થવાની હોય ત્યારે આસપાસની શેરીઓમાં પણ અમે ખબર આપતાં અને અમારા જેવા બીજા સદ્‌ગૃહસ્થો લડાઈ જોવા આવતા.

આજે ચાર વાગે લડવા જવાનું હતું. છગનાની ફરજ હતી કે તેણે શ્વાનસૈન્યમંત્રી ધમલાની સલાહ લેવી જોઈએ.

'ધમલા, આજની લડાઈમાં લડી શકે એવા કોણ કોણ તૈયાર છે?' છગને ધમલાને પૂછ્યું. અમે સૌ છગનાની આસપાસ ગોઠવાયા હતા.

'ગઈ લડાઈમાં ચાંપલાનો પગ ઘવાયો હતો તે હજી સાજો થયો નથી, પણ ચાંપલા સિવાય બીજા બધા લડી શકે તેવા છે. કંઈ વાંધો નહીં આવે.' ધમલે વિચાર કરી જવાબ આપ્યો. ઘાયલ થયેલ સૈનિકોની સારવાર ધમલો કરતો. પાટા બાંધતો, ઘાસલેટ લગાવતો અને બીજી ઘણી માથાકૂટ કરતો!

'ત્યારે ચાર વાગે સૌ તૈયાર થઈ જજો.' છગને ચૂકાદો આપ્યો.

સભા વિખેરાઈ ગઈ. નદીએ નહાવા ઊપડી ગયા. હસવું તો આવશે પણ અમે સૌ કપડાં ઉતારી નાગડા બાવાની જેમ સાથે જ શૌચ જતા અને એક જ હારમાં બેસતા, વાતોનાં ગપ્પાં હાંકતા અને પછી ઝુકાવતાં નદીમાં! તે દિવસે રવિવારે નહાયા અને થોડીવારમાં ચાર વાગ્યાનો સમય થઈ ગયો. સૌ બહાર નીકળ્યા. બીડીઓ ફૂંકી અને શેરીમાં ગયા.

'રાતડા, રાતડા.

ધમલાનો અવાજ આખી શેરીમાં ગાજી ઊઠ્યો અને રાતડો જ્યાં હતો ત્યાંથી પૂંછડી પટપટાવતો ધમલાના પગ આગળ ખડો થઈ ગયો. રાતડી પણ આવી પહોંચી, ભૂરડી પણ ધીમે ધીમે આવી ગઈ, ધમલે કાળિયાને બૂમ પાડી, 'કાળિયા, કાળિયા...'

પણ કાળિયો ન આવ્યો. તેનો સ્વભાવ બહુ જ તીખો હતો. ધમલો મૂંઝાયો અને બોલ્યો:

'મારો બેટો ક્યાં સંતાઈ ગયો? હમણાં પકડી લાવું!'

ધમલો તપાસ કરવા ઊપડ્યો અને જોયું તો કાળિયો એક કબૂતરને પીંખતો હતો. ધમલો બોલી ઊઠ્યો:

'મારા બેટાને ખાવાનું ઓછું મળે છે કે કબુતરને મારી લાવ્યો! ઊઠ, ઊઠ, લડાઈ કરવા જવું છે!'

કાન પકડી કાળિયાને સાથે લીધો. લશ્કર તૈયાર થયું. કાળિયા સિવાય બીજા જુવાનો પણ જ્યાં હતાં ત્યાંથી લાવવામાં આવ્યા. સાત-આઠ જણા અમે ને શ્વાનસૈન્ય જુદું! યુદ્ધપતિ રાતડો આગળ ગોઠવાઈ ગયો; પાસે ભૂરડી; રાતડાની પાછળ ત્રણ જુવાનિયા અને ભુરડીની પાછળ ત્રણ જણા ગોઠવાયા. ચાંપલાનો પગ દુઃખતો હતો, છતાં લંગડાતો લંગડાતો હાજર થઈ રહ્યો હવે આ લશ્કરને દોરી જવા માટે એક યુક્તિ હતી, જેમ બ્યુગલ ફુંકાય અને ખબર પડે કે લડાઈ જાહેર થઈ છે તેમ શ્વાનસૈન્ય સેનાપતિ ધમલો એક અક્ષર બોલતો અને તરત જ દોડતો. તરત જ એની પાછળ આખું લશ્કર ચારે પગે મારમાર કરતું જતું! અમે પાછળ દોડતા અને યુદ્ધભૂમિ ઉપર હાજર થઈ જતા.

સેના તૈયાર થઈ અમે પણ તૈયાર થયા, છગને હુકમ કર્યો, 'ધમલા, જવા દે!'

ધમલો બોલ્યો: 'શ્યો' રાતડા શ્યો!' ખલાસ, દરેક કાન સાવધાન થઈ ગયા. આંખોમાં યુદ્ધની ખુમારી આવી ગઈ. દરેકમાં શૂરાતન પ્રગટ્યું અને ધમલે દોટ મૂકી. તરત જ પાછળ આખું લશ્કર પડ્યું. અમે પણ દોડાદોડ કરતા પાછળ જતા હતા. આગળ ધમલો, પાછળ રાતડો, ભૂરડી અને બીજાં બધા અને તેની પાછળ અમે! અસલ સૈન્ય જેવો જ દેખાવ લાગતો.

પણ આ સૈન્યના સૈનિકો પાસે હથિયાર ન હતાં. હથિયારવિહોણું આ યુદ્ધ હતું!

યુદ્ધનો નિયમ એવો હતો કે બન્ને શેરીના છોકરાઓ સામાસામા ગોઠવાઈ જાય, વચ્ચે શ્વાન યુદ્ધ ચાલતાં વચ્ચે બન્ને પક્ષના છોકરાઓ પોતપોતાના સૈન્યના સૈનિકોને ઉશ્કેરે! કોઈએ વચમાં ગરબડ ન કરવી અને પથ્થરા પણ ન ફેંકવા.

લશ્કર આવી પહોંચ્યું. હરઘોળની શેરીમાં! ત્યાં પ્રેક્ષકો હાજર થઈ ગયેલા. હરઘોળની શેરીનું સૈન્ય પણ તૈયાર થઈ ગયેલું. ટીપુડો એ ત્યાંનો સરદાર હતો. કાળા રંગનો એ ટીપુડો દેખાવમાં ભયંકર લાગતો હતો. ટીપુડાની પાછળ તેનું સૈન્ય ગોઠવાઈ ગયેલું. બન્ને પક્ષો ગોઠવાઈ ગયા. પ્રેક્ષકો આજુબાજુ ઊભા રહ્યા અને જેમ કોઈ સુજ્ઞ સંગીતકાર રાગનું સુંદર સ્વરૂપ શરૂ કરે તેમ બન્ને પક્ષના સૈનિકો યુદ્ધનું સ્વરૂપ કરવા લાગ્યા. એક બાજુ કુતરીઓ ગોઠવાઈ ગઈ અને પાસે બન્ને પક્ષના કૂતરાઓ ગોઠવાઈ ગયા. રાતડો અને ટીપુડો સામસામા ગોઠવાઈ ગયા અને યુદ્ધ કરવા લાગ્યા. કૂતરાની જાતિમાં એવો નિયમ છે કે કોઈ કૂતરો કૂતરીની સાથે ન લડે અને કોઈ કૂતરી કૂતરા સામે ન લડે. ભોગ-જોગ સામસામા આવી જાય તો તરત જ શાંત થઈ જાય પણ યુદ્ધ ન ચાલે. કેટલી ઉમદા ભાવના! માનવજાતિમાં આવા નિયમો હોય એમ લાગતું નથી! જો હોય તો ઝાંસીની રાણી સામે પશ્ચિમથી આવેલા સફેદ માનવીઓ શા માટે લડે? અકબર ચાંદબીબીની સાથે શા માટે યુદ્ધમાં ઊતરે?

આવી રીતે બન્ને પક્ષો સામસામા ઘૂરકવા લાગ્યા. પ્રેક્ષકો આનંદ પામતા હતા અને આખી શેરીમાં અંગ્રેજી ઓરકેસ્ટ્રાનું સંગીત ગાજતું હતું. ધીમે ધીમે બન્ને સૈન્યો આગળ આવવા લાગ્યાં અને ધમલો રાતડાને પ્રેરણા આપતો હતો.

'શ્યો લગ્ લગ્ રાતડા, શ્યો લગ્ લગ્ હુડદો.'

'હુડદો' શબ્દ ધમલો જોરતી અને ભારથી બોલ્યો. તરત જ ટીપુડો અને રાતડો બથંબથા આવી ગયા. બીજા સૈનિકોએ તેનું અનુકરણ કર્યું. ભયંકર યુદ્ધ શરૂ થયું. યોદ્ધાઓની રણગર્જનાથી અમારા હૈયામાં પણ વીરરસ ઊભરાઈ ગયેલો અને ધમલો તો તદ્દન બદલાઈ ગયો હતો! ધમલો તો બે પગે ઊંચો થઈ જોરથી બૂમો પાડતો:

'શાબાશ, રાતડા, ખબરદાર, જો પાછો હઠ્યો તો!'

જેમ કોઈ ખાંસાહેબ ગાતાં ગાતાં સુંદર તાન ફેંકે અને પછી સમ ઉપર આવીને પડે અને શ્રોતાજનોના મુખમાંથી 'વાહ' નીકળી જાય તેમ અમારા મુખમાંથી 'વાહ' ખરી પડી ક્રિકેટની રમત કે દોડવાની શરત જોતાં જે આનંદ આવે છે એવો આનંદ અમે અનુભવતા હતા. આસપાસની બારીઓમાંથી અવાજ આવતો કે,

'મારા રોયા, નવરા પડે એટલે નખ્ખોદ વાળે છે! માસ્તરે રજા જ ન આપવી જોઈએ!'

પણ એ બારીમાંથી બોલનારીઓને ખબર ન હતી કે રજા ન પડે તો અમે માસ્તરનું અને નિશાળનું બન્નેનું નખ્ખોદ કાઢી નાખીએ એવા હતા!

યુદ્ધ પૂરજોશમાં ચાલતું હતું, રાતડીએ ઠીક પ્રગતિ કરી હતી. ભૂરડી પણ પોતાની શક્તિ અજમાવતી હતી અને રણગર્જના કરતી હતી.

‘શ્યો લગ્ લગ્ લગ્ ધમલો વારંવાર બોલતો. યુદ્ધમાં જેમ બેન્ડ વાગે છે અથવા ઢોલ વાગે છે તેમ ધમલો પણ એવી જ જાતનું કામ કરતો હતો. કાળિયાને શૂર ચડ્યું. તેણે પોતાના દુશ્મનનું ગળું પકડ્યું.

‘શાબાશ ચાંપલા!’ ધમલો બોલ્યો અને જોયું તો ચાંપલો પણ કાળિયાની પાસે આવી ગયો અને તેણે પાછળથી પેલા કૂતરાનો પગ મોઢામાં લીધો; કાળિયો અને ચાંપલો પેલા ઉપર સવાર થઈ બેઠો અને હેરાન હેરાન કરી નાખ્યો. ખૂબ બટકાં ભર્યાં. પેલો કૂતરો માંડમાંડ નાસી છૂટ્યો. અમારું ત્રાજવું વિજય તરફ ઢળતું હતું. વિજય પ્રાપ્ત કર્યાં પછી કાળિયો અને ચાંપલો યુદ્ધિપતિ રાતડાની મદદે આવી પહોંચ્યા. રાતડો આ દરમિયાન નીચે પટકાતો હતો. પણ કાળિયાને અને ચાંપલાને મદદે આવતા જોઈ તેનામાં જોર ઉભરાયું અને એ વયોવૃદ્ધ સેનાપતિએ ટીપુડાને એવા જોરથી ફેંકી દીધો કે અમારા સૌના મુખમાંથી એકી સાથે શબ્દો સરી પડ્યા કે,

‘શાબાશ રાતડા!’

પણ જેવો ટીપુડો નીચે પછડાયો કે તરત જ મદદે આવી પહોંચેલો ચાંપલો ટીપુડાના ગળા ઉપર ચડી બેઠો. ધમલો તો લડાઈમાં ઓતપ્રોત થઈ ગયેલો! ચાંપલાની બહાદુરી જોઈ ધમલો બોલી ઊઠ્યો:;

‘મારો બેટો લૂલિયો, ભારી જબરો લાગે છે!’

કાળિયો પાછળથી હલ્લો કરતો હતો અને ટીપુડો સિંહની જેમ માથે હતો. તેના બે પગ ટીપુડાના પગ ઉપર હતા! જેમ સિંહ તરાપ મારી શિકાર ઉપર આગલા બે પગે ઊભો રહે અને જેવો ભવ્ય દેખાવ લાગે તેવો દેખાવ રાતડાનો હતો. પોતાના પતિનું આવું દૃશ્ય નિહાળી ભૂરડીની નસેનસમાં નવું લોહી ઝપાટાબંધ વહેવા લાગ્યું અને નવું જોર આવ્યું, એ અખૂટ ઉત્સાહથી ભયંકર ઘુઘવાટા કરતી આગળ ધપી. તેની મુખમુદ્રા તદ્દન બદલાઈ ગયેલી, તેણે રૌદ્રસ્વરૂપ ધારણ કરેલું અને સિંહણ જેવી લાગતી હતી. આખી શેરી અવાજથી ભરપૂર હતી. છોકરાઓના અને સૈનિકોના મિશ્ર અવાજથી ભરપૂર હતી. છોકરાઓના અને સૈનિકોના મિશ્ર અવાજથી વાતાવરણ વીરરસથી ભરપૂર હતું. સામા પક્ષના છોકરાઓ ઉપર પરાજયની છાયા ધીમે ધીમે ઊતરતી હતી. ધમલો, ચિનાઈ, ભાઈલો, ભુદરિયો અને છગનો વગેરે સૌ આનંદમાં ગરકાવ હતા. એકદમ તાળીઓનો અવાજ આવ્યો ટીપુડો બે પગ વચ્ચે પૂછડી નાખતો રણમેદાનેથી પાછો ભાગી ગયો.

ટીપુડે યુદ્ધભૂમિનો ત્યાગ કર્યો. પાછળ ત્રણ યુદ્ધવીરો દોડ્યા. રાતડો, ચાંપલો અને કાળિયો! રાણા પ્રતાપની પાછળ પણ મુસલમાનો પડ્યા ન હતા? અને પશ્ચિમ પ્રદેશના સફેદ માનવીઓ પાછળ અફઘાનો શું પડ્યા ન હતા? હારેલા દુશ્મનની પાછળ પડવું એ લડાઈનો નિયમ છે!

ત્રણે યોદ્ધાઓ એક થઈ ટીપુડાને દૂર દૂર તગડી આવ્યા. ધમલે તેમના વાંસા ખૂબ થાબડ્યા! શ્વાસ તો ક્યાં સમાતો ન હતો! ટીપુડો નાસી જવાથી બીજા બધા નાસી ગયા. જેમ પાણીપતના યુદ્ધમાં હેમુના પડવાથી સૈનિકો નાસી ગયા હતા તેમ!

બન્ને પક્ષના છોકરાઓ ભેગા મળ્યા. સૌએ અમારા રાતડાનાં અખૂટ વખાણ કર્યાં. રાતડો પણ વિજયનો મીઠો ઉન્માત અનુભવતો ધમલાના પગ આગળ 'લહ્ લહ્' જીભ કાઢીને હાંફતો હતો.

'ચિનાઈ, આ શું?' ધમલો બોલ્યો. તેના હાથ રાતડીના ગળા ઉપર હતા. અમે નીચે જોયું તો રાતડીના ગળાને કોઈ કૂતરીએ યુદ્ધમાં મોટું બચકું ભરી લીધું હતું, લોહી ખૂબ નીકળતું હતું. ધમલાને લાગી આવ્યું. એ જરા ચીડાઈને બોલ્યો:

'ચિનાઈ, તેં ઘાયલ કેમ થવા દીધી? ઊભા ઊભા શું તું માખીઓ મારતો હતો? ધમલો લડાવવાની કળા જાણતો હતો, હું પણ થોડી થોડી જાણતો હતો પણ મારું ધ્યાન રાતડી ઘાયલ થઈ ત્યારે ન હતું. રાતડી ઉપર ધમલાને અત્યંત પ્રેમ હતો તે હું જાણતો હતો. રાતડીનું રેશમ જેવું ગળું ઘાયલ થાય અને ધમલાનું હૃદય ન ચીરાય તે બને જ કેમ? મેં બહાનું કાઢ્યું:

'ધમલા, મારા મનમાં એમ હતું કે બચુડો ધ્યાન રાખે છે એટલે મેં રાતડીનો બહુ ખ્યાલ ન રાખ્યો!'

'હવે બચુડામાં ક્યાં મીઠું બળ્યું છે?' ધમલો બચુડા તરફ લાંબો હાથ કરી બોલ્યો. હું મનમાં હરખાયો. સાચું કહું તો ચિનાઈ ટીપુડાનું અને રાતડાનું યુદ્ધ જોવા રોકાયેલો. ધમલે રાતડીને ચિનાઈના હાથ નીચે મૂકી હતી. ડાહી લાંબીનો બચુડો ભૂરડીને ઉશ્કેરતો હતો અને ભુદરિયો ચાંપલાને શૂર ચડાવતો હતો! આવી રીતે બીજા સૈનિકો પણ જુદા જુદાના હાથ નીચે સોંપવામાં આવ્યા હતા અને તેમને ઉશ્કેરવાનું કામ કરવું પડતું. હવે શરત એવી હતી કે જે પક્ષ હારે તે પક્ષ જીતનારને ખોળો ભરીને બોર આપે! અને આવી લડાઈ બોરની ઋતુમાં થતી!

થોડી વારમાં એક છોકરો ખોળામાં બોર લઈને આવ્યો અને છગનના ખોળામાં ઠાલવ્યા. પછી તો હાથ મિલાવી સૌ સૌના ઘેર ઊપડ્યા. ધમલે ઘાયલ થયેલી રાતડીને પોતાના ખભા ઉપર બેસાડી હતી. ગળે લુગડાંનો ડૂચો ક્યાંકથી લાવી બાંધી દીધો હતો, પાછળ રાતડો અને ભૂરડી વિજયી પગલે ચાલ્યા આવતા હતા.

કાળિયાની સાથે ચાપલો લંગડાતો લંગડાતો ચાલ્યો આવતો હતો. સેના વિજય મેળવી પાછી ફરતી હતી! રસ્તામાં વખાણ કરતાં કરતાં ચાલ્યા આવતા હતા. ધમલાના ખભા ઉપર રાતડી સુંદર લાગતી હતી. ધમલો બોલ્યો:

'મારો બેટો ચાંપલો બહુ જબરો નીકળ્યો! ઈ લંગડખાં આવું સરસ લડશે એવું મેં નહોતું ધાર્યું!'

ધમલો 'મારી' ને બદલે 'માળી' બોલતો અને 'મારો' ને બદલે 'માળો' બોલતો!

વિજય પામેલનું સૈન્ય શૈરીમાં દાખલ થયું. સરખે ભાગે બોરના ભાગ પણ પડ્યા. ઘાયલ થયેલાઓની સારવાર કરી અને રાતડાને પૈસાના ગાંઠિયા ખવરાવ્યા! સેનાપતિને કંઈ આપવું તો જોઈને ને!

* * *

૧૦ સુલેહ થઈ

સૌ પોતપોતાનાં વખાણ કરતા ઘેર ગયા પણ બીજા દિવસની સવારે આઠ વાગે હું ઘરમાં બેઠો હતો ત્યાં બહાર સીટીનો અવાજ આવ્યો. હું ચમક્યો, ફરી અવાજ આવ્યો. મારી બાનું ધ્યાન ચૂકવી હું ઘરમાંથી સરકી ગયો અને જોયું તો ભુદરજી ગભરાયેલો ઊભો હતો, આંખોમાં ભય અને નિરાશાની છાયા હતી અને મુખ ઉપર ગભરાટ હતો. મને જોઈને તે એકદમ બોલી ઊઠ્યો:

'ચિનાઈ, રાતડો પકડાયો! રાતડો પકડાયો!'

મારા મોઢામાંથી અવાજ નીકળી ગયો, 'રાતડો પકડાયો? હાલો જલદી ધમલા પાસે.'

વાત જાણે એમ બની હતી કે ઘણીવાર અમારી શેરીમાં કૂતરા પકડવાની ગાડી આવતી અને એ ગાડી કૂતરાઓને છૂપી રીતે દગો દઈને પકડી જતી. દર વખતે અમે કૂતરાઓને છુપાવી દેતા પણ આ વખતે ખબર ન રહી. કૂતરા પકડનારા ઉપર મને બહુ તિરસ્કાર હતો, કારણ કે તેમની પકડવાની રીત બહુ જ ક્રૂર હતી. કૂતરાની ગાડી આવી કે તરત જ શેરીમાં ભસવાનું શરૂ અને એકબીજા ચેતી જાય!

કૂતરા પકડવાની રીત એટલી બધી ક્રૂર હતી કે આંખમાં પાણી આવી જાય. લોખંડના સળિયાનો એક ચીપિયો ગળે હોય અને બીજો કમ્મર ઉપર હોય, આવી રીતે બે જણા કૂતરાને ઊંચકીને ગાડીમાં પૂરી દે. ઘણા દિવસ પછી મને ખબર પડેલી કે માનવી કૂતરાને પૂરે છે એટલું જ નહીં પણ અંદર અંદર એકબીજાને પૂરે છે અને ખૂબ રીબાવે છે.

કૂતરાની ગાડીવાળો અમારા વફાદાર સૈનિકોને જેલમાં પૂરી દેતો અને

દૂર દૂર છોડી આવતો, જેમ કોઈ રાજા સત્તાની તોરમાં દેશસેવકોને દૂર દૂર દેશાવરમાં છોડી આવે છે તેમ!

ભુદરિયો, ભાયલો, ધમલો અને ચિનાઈ દોડતાં દોડતાં આગળ ધપ્યા. અને જોયું તો રાતડી ચીસો પાડતી હતી. એક જણાએ તેને ગળેથી પકડેલી અઅને બીજાએ કમરેથી! હજી તો ગઈ કાલે જ ઘાયલ થયેલી, રાતડો કેદી બનેલો અને કોઈ રાજા બંદીવાન તરીકે શોભે તેમ શ્વાનસૈન્ય સેનાપતિ રાતડો અંદર ઊભો ઊભો રાતડીની વેદના નીરખતો હતો. સળિયા પાછળ બીજાં કૂતરાંઓ પણ નિરાશ વદને ઊભાં હતાં કોઈ ચીસો પાડી રડતું હતું તો કોઈ શાંત ઊભું પોતાની દશા ઉપર વિચાર કરતું હતું. દરેકના ચહેરા ઉપર વેદના હતી. રાતડાને આવી દશામાં નીરખી મારું હૃદય ચીરાયું! ધમલાની આંખો ભીની થઈ ગયેલી, કારણ કે રાતડીની ચીસો હૃદયભેદક હતી. ધમલે મને ગળગળા કંઠે કહ્યું,

'વજિયા, ભારે થઈ, હવે શું કરવું? કંઈક યુક્તિનો તો બતાવ?'

મેં કહ્યું, 'ગાડી જરા આગળ જવા દે પછી વાત.'

ધમલો શાંત થયો, જરા નિરાંત વળી. મિત્રોને કે સંબંધીઓને જ્યારે કોઈ શયતાની સત્તા શંકા લાવી જેલના સળિયા પાછળ ધકેલી દે છે ત્યારે શું હૃદય નથી ચીરાઈ જતું? ચિનાઈનું હૃદય આમ ચીરાઈ ગયેલું અને કોઈ પણ ઉપાયે રાતડાને તથા રાતડીને છોડાવવી એવો એણે નિશ્ચય કર્યો.

ચિનાઈએ નિરીક્ષણ શરૂ કર્યું અને જોયું તો પાંજરાની બારીમાં તાળું ન હતું. પણ ફક્ત એક લોઢાનો સળિયો ભરાવેલો, કેદીઓને લઈ ગાડી આગળ ધપી અને બહાર રસ્તા ઉપર જ્યાં માણસોનો આવરોજાવરો બહુ ઓછો હતો એવા રસ્તા ઉપર તે જતી હતી. એ કૂતરાંઓને દૂર દૂર છોડી મૂકવા જતી હતી. કેટલાક તો બહુ જબરાં હતાં. અને પાછાં આવતાં. તો વળી કેટલાંક પરભૂમિમાં જ આશ્રય શોધી લેતા.

'મારી પાછળ પાછળ છૂપી રીતે ચાલો.' ચિનાઈએ હુકમ કર્યો.

જ્યારે કૂતરા પકડનારા જુલમગારો ગાડીના આગલા ભાગ ઉપર બેઠા ત્યારે ચિનાઈ પાછળ આવ્યો અને ધીમેથી પેલી બારીનો સળિયો ખેંચી કાઢ્યો અને બારીનાં બારણાં ખોલી નાખ્યાં: તરતજ રાતડો, રાતડી અને તેમની પાછળ આખી ગાડીનાં કૂતરાં જાય ચારે પગે કૂદકા લેતાં! પાછળ અમે પણ મારી મૂકેલી! જુલમગારો પાછળ પડ્યા પણ પછી કોઈ પકડાય? ઘડીના છઠ્ઠા ભાગમાં લગભગ આખી ગાડી ખાલી થઈ ગઈ અને લગભગ બધી મહેનત ધૂળધાણી કરી નાખી. શેરીમાં આનંદ કરતા કરતા પહોંચી ગયા અને ધમલે ચિનાઈના વાંસા ઉપર ધબ્બો માર્યો અને બોલ્યો:

'ખરેખર ચિનાઈ, તું તો ચિનાઈ જ છે!' વાતચીત અને અભિનંદન જ્યાં

પૂરા થાય છે ત્યાં ચંદુડો નહાવાના સમાચાર લઈ આવ્યો! એના માથા ઉપર પાટો બાંધ્યો હતો, આવીને તરત જ બોલ્યો:

'ચિનાઈ, જમાદારની શે... શે... શેરીના છોકરાઓએ મ્... મ્... મને માર્યો!'

જમાદારની શેરીના છેકરા અમારા દુશ્મન હતા. થોડા દિવસ પહેલાં જ એ લોકોએ નદીમાં માર ખાધેલો અને તેનું વેર ચંડુડા ઉપર લીધું.

'પણ તું ત્યાં શા માટે ગયો હતો?' ચિનાઈએ પૂછ્યું.

'બ્...બોર ખાવા.' ચંદુડે જવાબ આપ્યો. જમાદારની શેરીમાં એક મોટી બોરડી હતી અન એ બોરડીનાં બોર ખૂબ મીઠાં ગણાતાં. ચંદુડો લોભાઈને ખાવા ઊપડેલો અને સારી રીતે ટીપાઈને પાછે આવેલો. પણ ચંદુડો એમ કંઈ ગાંજ્યો જાય તેવો ન હતો. એ તો નિશાનબાજ હતો. પોતાનું માથું ફૂટ્યું એ વાત ખરી પણ બીજા ચારનાં એ માથાં રંગી આવેલો. અને ખિસ્સામાં બોર લઈ આવેલો એ વાત જુદી! પણ ચંદુડા સાથે વાત કરતાં ખબર પડી કે જમાદારની શેરીના છોકરાએ લડવાનું આમંત્રણ આપેલું! આ યુદ્ધ કંઈ પેલા યુદ્ધ જેવું ન હતું. આ યુદ્ધમાં તો માનવીઓ ઊતરવાના હતા અમે એકદમ વિચારમાં પડી ગયા. પણ ભાયલે કહ્યું:

'કંઈ વાંધો નહીં, આવવા દો. આપણે તૈયાર છીએ.'

છગનાને બોલાવવામાં આવ્યો અને લાંબી ચર્ચા પછી નક્કી થયું કે જમાદારની શેરીના સરદારને કાગળ લખવો અને યુદ્ધનું સ્થળ નક્કી કરવું છગને સરદારને કાગળ લખ્યો; સરદાર મનુ નામનો છોકરો હતો.

'મનુડા!

તારી શેરીના છોકરાઓએ અમારા ચંદુડાને માર્યો છે. તેનું વેર લેવા અમારો વિચાર છે. તમે સૌ તૈયારીમાં રહેજો અને આવતા રવિવારે ચાર વાગે તમારી માએ જો સવાશેર સૂંઠ ખાધી હોય તો આવી જજો બેટમજી. જામસાહેબના પટ પર!

લિ.

છગનલાલભાઈ.'

આવી જાતનો ઢંગધડા વિનાનો છગનાને શોભે એવો કાગળ છગને લખ્યો અને ભાઈલાને પહોંચાડી આવવો પડ્યો. દુશ્મનની શેરીમાં જ્યારે આવી જાતનો કાગળ કોઈ દૂત સાથે મોકલવો હોય ત્યારે દૂતે પોતાના ગળામાં લીંબડો બાંધવો જોઈએ, કારણ કે પછી કોઈ હેરાન કરી ન શકે. ભાઈલો પણ ગળે લીંબડો ધારણ કરીને ગયેલો અને લડાઈનું નક્કી કરીને આવેલો, સોમવાર હતો, અમારો

નિશાળે જવાનો સમય થઈ ગયો અને સૌ છૂટા પડ્યા. હું વિચારમાં જ હતો કે લડાઈનાં સાધનો ક્યાંથી લાવવાં?

સાંજે નિશાળેથી આવ્યા પછી ઓટલા ઉપર ભેગા થયા અને પછી સૌ નદીએ ગયા; આવતી લડાઈની તૈયારી કરવી હતી.

'ચિનાઈ, કંઈ વાંધો તો નહીં આવે ને?' છગનાએ યુદ્ધમંત્રી ચિનાઈને બીડી આપતાં ઉપલો પ્રશ્ન પૂછ્યો. ચિનાઈએ બીડી સળગાવી અને ધુમાડો કાઢતાં બોલ્યો:

'ના, ના, આ ચંદુડો પથ્થરા લેશે, તું લાકડી લેજે. ધમલો ધોકો લેશે, ગિધ્ધો, છગનો, પુનિયો, ભાઈલો, ભુદરિયો, ડાહી લાંબીનો બચુડો અને હું આડટલા બધા છીએ અને બીક તે કેમ લાગે?' ચિનાઈએ ખુલાસો કર્યો.

'બીક! આપણને બીક શેની?' ભુદરિયો જોરથી બોલ્યો.

નદીની રેતીમાં અમે બેઠા. પાસે નદીનું પાણી ખળખળ વહેતું હતું. અને મીઠો પવન આવતો હતો. ભુદરિયા સિવાયના દરેકના મુખમાં બીડી હતી, અને દરેકની આંખમાં તેજ હતું. ધમલો છાતી કાઢીને બેઠેલો અને ભાઈલો તો ગોઠણભર બેઠો હતો.

'કરેણના સોટા કાપી લાવીશું?' ચિનાઈ વિચાર કરી બોલ્યો. દરવાજા બહાર બગીચો હતો. અને બગીચામાં કરેણનાં ઝાડ ખૂબ હતાં. તે ઝાડની ડાળીઓ સીધી સોટા જેવી હોય છે. તે કાપવાનું નક્કી થયું.

આ વાત ચાલતી હતી ત્યાં ખૂબ પવન ફૂંકાવા લાગ્યો અને વાવાઝોડું શરૂ થયું, અમે એકદમ ઊઠ્યા. દરેક જણાએ રેતીનો નાનો ઢગલો બનાવ્યો અને દરેક જણ પોતાના ઢગલા ઉપર બેસી ગયું! માન્યતા એવી હતી કે જ્યારે વાવાઝોડું શરૂ થાય ત્યારે ઢગલો બનાવી લેવો અને તેના ઉપર, વાવાઝોડું પુરું થાય ત્યાં સુધી બેસવું અને પછી ઢગલામાં જોવું. ઢગલામાંથી પૈસા કે રૂપિયા નીકળશે એવી અમારી અંધશ્રદ્ધા હતી આ માન્યતા કેવી રીતે ફેલાયેલી તેનો મને ખ્યાલ નથી પણ અમે તો તેનું અક્ષરશઃ પાલન કરતા એક વાર ચંદુડાના ઢગલામાંથી પૈસા નીકળેલા અને તે પણ અકસ્માત! તે દિવસ પછી અમારી શ્રદ્ધા મજબૂત બનેલી. પણ પછી તો ઘણાય અખતરા કર્યા પણ કંઈ નીકળેલું નહીં છતાં પણ અમે ઢગલા કરી ઉપર બેસતા,

એવી વિચિત્ર તો અમારી ઘણી માન્યતાઓ હતી. રસ્તા ઉપર જો ધૂળનો ઢગલો કરીએ અને ઉપરથી ઊંટ ચાલ્યો જાય તો જરૂર એ ઢગલામાંથી કંઈ નાણું તો નીકળે ખરું! જ્યારે અમે ઊંટ જોતા ત્યારે આખા રસ્તા ઉપર ઊંટનો પગ પડ્યો હોય તે ઢગલો જોતા પણ કદી કંઈ મળેલું નહીં. અમે કોઈ લાંબો

વિચાર જ કરતા નહીં! પૈસો કેવી રીતે આવી જાય તે પણ અમે વિચારતા નહીં!

જ્યારે વિચાર શક્તિ અટકે છે ત્યારે શ્રદ્ધા પ્રગટે છે. શ્રદ્ધા રાખી અમે ઢગલા ઉપર બેઠા હતા. થોડી વારમાં વાવાઝોડું બંધ થયું અને સૌએ પોતાના ઢગલા વીંખ્યા તો કંઈ ન નીકળ્યું!

પછી યુદ્ધની વાતો નક્કી થઈ ગઈ. ચિનાઈનો વિચાર સૌને ગમ્યો.

'ભાઈલે પાછળથી હલ્લો કરવો. ધમલાએ આગળથી યુદ્ધ ચાલુ રાખવું અને હું પાછળથી બીજા નવા છોકરાઓ લઈ આવી પહોંચીશ.' ચિનાઈએ વાત કરી તેનો વિચાર એવો હતો કે આસપાસની બીજી શેરીના છોકરાઓને પણ સાથે લેવા; અને પછી મોટું લશ્કર લઈ લડવા જવું, બધાને આ વિચાર પસંદ પડ્યો. ધમલો ખુશ થઈ ગયો.

'વાહ ચિનાઈ, બહુ સરસ યુક્તિ!' શાબાશી આપ્યા પછી ધમલે ચિનાઈને પોતાના ખિસ્સામાંથી ચણાની દાળ આપી. ધમલાની ટેવને લીધે મને પણ એવી નાની નાની ટેવ પડી ગયેલી. હું પણ ખાંડનો બૂકડો ઘણી વાર છૂપી રીતે ભરી લેતો અને તરત જ મોઢું લૂછી નાખતો અથવા તો બહાર મીઠાના પાણીમાં પલાળેલી કેરી અથાણા માટે સૂકવી હોય તો તેમાંથી થોડી કેરીના કટકા ખિસ્સામાં મૂકી દેતો અને બહાર મિત્રમંડળમાં આપતો ધીમે ધીમે એ બાબતમાં અમે બહુ આગળ ધપેલા પણ એ બધી વાત પછી

પણ અત્યારે તો અમારું મંડળ ઊઠ્યું અને ઘેર ગયું. બીજે દિવસે સવારમાં માળીની નજર ચુકાવી સોટીઓ કાપી, અને ધમલાના ઘરમાં ધમલો છૂપી રીતે સંતાડી આવ્યો. ઇલેક્ટ્રિક વાયરોના પણ અમે ખૂબ ઉપયોગ કરતા. કમર ઉપર બાંધતા અને જ્યારે લડાઈ થાય ત્યારે સામા માણસને ફટકારતા છગના પાસે એક સુંદર ચાબખો હતો ડાહી લાંબીના બચુડાએ તીર બનાવેલું અને ભાઈલા પાસે જાડાં પતરાની મોટી પટ્ટી હતી, ભાયલો તેને તલવાર કહેતો.

રવિવાર આવી પહોંચ્યો. ચાર વાગે લશ્કર જામસાહેબના મેદાન ઉપર જવાનું હતું. સૌ તૈયાર થઈ ગયા. પાસેની શેરીના છોકરાઓ સાથે સલાહ કરી હતી અને તે પણ સાડા ત્રણ વાગે આવી પહોંચ્યા. ઓછામાં ઓછા વીસ-પચ્ચીસ સૈનિકો તૈયાર થઈ ગયા. દરેકના હાથમાં કંઈક હથિયાર તો હતું જ. એકની પાસે મજબૂત નાળવાળો જોડો હતો. ભાઈલો પણ પોતાની તલવાર સાથે ઊભો હતો; બચુડાના ખભા ઉપર તીર હતું. ચંદુડાના ચારે ખિસ્સાં ગોળમટોળ પથ્થરાઓથી ભરેલાં હતાં. અન પછી છગને પોતાનો ચાબખો હવામાં ઉલાળ્યો. અને અવાજ કર્યો 'ફટાક્' પછી બોલ્યોઃ 'સૌ ગોઠવાઈ જાઓ.'

આગળ છગનો અને ચિનાઈ ગોઠવાયા અને પાછળ આખું સૈન્ય ગોઠવાયું. ચિનાઈના હાથમાં તેની બાનો કપડાં ધોવાનો ધોકો હતો. ધીમે ધીમે લશ્કર ઊપડ્યું. દરેક જણ આનંદથી વાતો કરતું હતું અને ભાઈલો તો કહેતો હતોઃ

'ભાંગી નાખું હાડકાં, આજે તો ખોખરાં કરી નાખું.'

સામે ગાય મળી છે. એટલે શુકન તો સારા થયાં છે!' ભુદરિયો બોલ્યો.

આમ વાતો કરતા કરતા સૌ મેદાન ઉપર આવી પહોંચ્યા. તડકો ખૂબ તપતો હતો. મેદાન ઉપર જોયું તો જમાદારની શેરીના છોકરા પણ આવી ગયેલા. ખરા તડકામાં બન્ને લશ્કરો સામસામા ઊભાં રહ્યાં. સામા પક્ષના દરેકના હાથમાં ધોકો હતો. કોઈની પાસે પથ્થરા પણ હતા. અત્યાર સુધી લડાઈનો ખ્યાલ આવ્યો ન હતો. પણ જ્યારે સામા પક્ષને જોયો ત્યારે એમ થયું કે જરૂર હાડકા ભાંગી જાય એવું કામ છે! અમારા હૃદયમાં બીક પેસી ગઈ. સામો પક્ષ અમારી તૈયારી જોઈ ગભરાઈ ગયો. આ પહેલી જ વાર અમે આવી રીતે ભેગા થયા હતા અને લડાઈ સહેલી વસ્તુ નથી એ ખ્યાલ મને આવી ગયો અન બીજો વિચાર એ આવ્યો કે જો માથાં ફૂટશે તો ઘરે જઈ જવાબ શું આપવો? મનુડાના પણ દરેક સૈનિકને લડાઈની ભયંકરતાનો ખ્યાલ આવી ગયો. મનુડાના હાથમાં મોટી ડાંગ હતી. છગનો હિંમત કરી બોલ્યો:;

'તમારી માએ જો સવાશેર સૂંઠ ખાધી હોય તો આવી જાઓ મેદાન ઉપર!' હવામાં છગને ચાબખાનો અવાજ કર્યો.

પણ છગનના મનમાં એમ હતું કે સુલેહ થાય તો સારું. મારા મનમાં પણ એમ જ હતું. છતાં પણ હિંમત રાખી છગનાને મેં ઉપલું વાક્ય બોલવા માટે ઉશ્કેર્યો. આ વાક્યથી સામા પક્ષ ઉપર બહુ ભયંકર અસર થઈ. મનુડાને લાગ્યું કે સાચે જ આ લોકો લડાઈ કરશે. એ જરા મીઠાશથી બોલ્યોઃ

'તમે સંધિ કરવા તૈયાર છો?'

છગનો અને ચિનાઈ એક સાથે જ બોલી ઊઠ્યા, 'હા, તૈયાર છીએ.' લડાઈ અટકી. ભયંકર ખુવારી થતી અટકી, લોહીની નદીઓ આજે વહેત પણ તે અટક્યું. બન્ને પક્ષો આનંદમાં આવી ગયા. અને હથિયાર નીચે મૂકી દીધાં. છગનો, ચિનાઈ અને મનુડો આગળ આવ્યા. લાંબી વાટાઘાટ થઈ અને એક કાગળ ઉપર મનુડે સુલેહની શરતો કબૂલ કરી આ રહ્યો તે સુલેહ પત્રઃ

> 'અમે વચન આપીએ છીએ કે કડિયા શેરીનો કોઈ પણ છોકરો અમારી શેરીમાં બોર ખાવા આવશે તો ખાવા દઈશું અને તેની સહી સલામતી માટે અમારી શેરી જોખમદાર છે.'

અમે પણ મનુડાની એક શરત કબૂલ કરી; અને કાગળ ઉપર લખી આપી:

'અમે દિલથી વચન આપીએ છીએ કે જમાદારની શેરીનો કોઈ પણ છોકરો નદીના ધૂનામાં નહાવા આવશે તો અમે તેને સુખપૂર્વક નહાવા દેશું અને કોઈ પણ રીતે હેરાન નહીં કરીએ.'

લિ.

છગનલાલભાઈ અને ચિનાઈ.

એક બીજાઓને શરતપત્રો લખી આપ્યા અને અમે સૌ છૂટા પડ્યા. અમે વિજય પ્રાપ્ત કર્યો હતો, કારણ કે સામો પક્ષ સુલેહ કરવા તૈયાર થયો હતો અને કોઈ સુલેહ કરવા આવે ત્યારે કંઈ ના પડાય?

આવી વ્યવસ્થિત લડાઈ તો એક જ વાર લડેલા પણ તેમાં સુલેહ થઈ એટલે સારું થયું, નહીંતર ભાઈલો કે ધમલો કેટલાયનાં હાડકાં ભાંગી નાખત અને ચંદુડો પણ ઘણાંયનાં માથાં ફોડી નાખત!

ચંદુડો તો બહુ ભયંકર ગણાતો, એનું નિશાન ભાગ્યે જ ખાલી જતું. પથ્થરો પડે અને લોહીની ધાર થવી જ જોઈએ! ચંદુડે ઘણાંયના માથાં ફોડી નાખેલાં અને ખાસ એ માટે પ્રખ્યાત હતો. અમે ચાર-પાંચ જણા પછી નદીકિનારે આવ્યા. રસ્તામાં થોડી ખિસ્કોલીને ચંદુડે મારી. મેં પણ બેત્રણ ખિસકોલીને મારી નાખી.

નદીએ જઈ થોડા ધુમાડા કાઢ્યા. અને પછી તો તડકો ખૂબ પડતો હતો એટલે નહાવા પડ્યા. ભુદરજી અંદર ન પડ્યા. એ તો બહાર બેઠા. ભુદરજી એક પથ્થરા ઉપર બેઠા હતા. પગ નીચે હતા. અમે આનંદથી નદીનું નીર ડહોળતા હતા ત્યાં અવાજ આવ્યો.

'મરી ગયો રે મરી ગયો!'

ઝપાટાબંધ અમે બહાર નીકળ્યા. ભુદરજી પોતાનો પગ પકડી બરાડા પાડતા હતા.

'પણ થયું શું? ભાઈલે પૂછ્યું. ભુદરજી રોતાં રોતાં બૂમો પાડતા હતા.

'અરે કંઈક કરડ્યું. મરી ગયો બાપલિયા!'

અમે જોયું તો એક વીંછી ઝપાટાબંધ કરડીને નાસી જતો હતો.

'હરામખોર.' ધમલો બોલ્યો અને વીંછીને મારી નાખ્યો. ભુદરિયે તો બૂમો પાડી નદી ગજાવી. ખૂબ વેદના થતી હતી. અમે ગભરાયા. આખરે મને એક યુક્તિ સૂઝી હું બોલ્યો:

'સૌ પોતાની ચોરણીની નાડી કાઢો.' તરત જ સૌએ નાડી કાઢી અને બધી નાડીઓ ભુદરિયાના પગે બાંધી પણ કંઈ ફેર ન પડ્યો. એની વેદના અસહ્ય હતી. ધમલો તો હસતો હતો પણ મારું હૃદય ભુદરિયાની આ દશા જોઈ રડી ઊઠ્યું. અમે સૌ ભુદરિયાને ઊંચકી ઘેર લઈ આવ્યા. ભુદરિયાના દુ:ખની ચીસો સાંભળી હું રડી પડેલો. ભાયલાના મુખ ઉપર દયા હતી. છગનો પણ દયાળુ હતો. મને વિચાર આવતો હતો, ભુદરિયાની ક્રૂર માતાનો, જરૂર ભુદરિયાને તે લગાવશે. એવામાં તરત જ બારણાં ખોલી એક બાઈ ભુદરિયાની ચીસો સાંભળી બહાર આવી, એના મુખ ઉપર કરડાકી હતી. હું જરા નમ્રતાથી બોલ્યો:

'ભુદરિયાને વીંછી કરડ્યો છે!'

પણ મેં આશા નહોતી રાખી એવો જવાબ મળ્યો:

'વીંછી કરડ્યો તો ભલે કરડ્યો! ઈ મરી કેમ નથી જાતો?' મારો રોયો મારું લોહી પી ગયો છે!' આ જવાબ સાંભળી મને ખૂબ લાગી આવ્યું શું સ્ત્રીઓમાં પણ આટલી કઠોરતા વસતી હશે?

'ઓ બા, પીડા થાય છે, ચસકા આવે છે!' ભુદરિયો ઉંબરામાં પડ્યો પડ્યો વેદના સહન ન થવાથી બૂમો પાડતો હતો.

'ચસકા આવે જ ને? રખડવા જતાં ચસકા કેમ ન આવ્યા?'

ભુદરિયાની બા સાક્ષાત્ કોઈ ક્રોધાયમાન માતા જેવી લાગતી હતી. અમારા સૌના દેખતા છતાં તેણે ભુદરિયાને પકડી છાણાંની ઓરડીમાં પૂર્યો પૂરતાં પૂરતાં તે બોલી:

'મારા રોયાને આટલું આટલું કરતાં છતાં બુદ્ધિ નથી આવતી? પડ્યો રે'જે અંદર, ખબરદાર જો ચીસો પાડી તો!'

દવા કરવાને બદલે ભુદરિયાને દુ:ખ મળ્યું. છાણાં ભરવાની અંધારી ઓરડીમાં બીજો વીંછી કરડશે તો? એ વિચારે મને કંપાવ્યો. પણ હું શું કરી શકું? ભુદરિયાની બાને શું કહું? તે સાંભળે તેવી ન હતી. ક્રૂરતાનો એ સાક્ષાત્ અવતાર હતી. શા માટે ભુદરિયાને દુ:ખ દેતી હશે તે મને ન સમજાયું! કદાચ ભુદરિયાને સુધારવા માટે આ પ્રયત્નો હશે? કેટલા ભયંકર પ્રયત્નો! માતા-પિતાઓના છોકરાઓને સુધારવા માટેના ભયંકર પ્રયત્નો સુધારવાને બદલે બગાડે છે. દીકરો આખરે દુશ્મન બને છે! ભુદરિયાની હૃદયભેદક ચીસો સાંભળતા સાંભળતા મેં તેનું ઘર છોડ્યું. બહાર આવી ખમીસ વડે મેં મારી આંખો લૂછી

* * *

૧૧ ખાવાનો ચટકો અને ચોરી

ખાવાનો શોખ એટલો આગળ ધપી ગયેલો કે આખરે પૈસા ક્યાંથી કાઢવા તે વિચાર થઈ પડેલો! એક વાર ધમલે દસ પાન મંગાવ્યા અને દસ હાથી છાપની સિગારેટ મંગાવી અને અમને સૌને ખુશ કર્યા. છગનો પણ બીડી પીતો, કેટલીક વાર ભાયલો પણ પાન ખવડાવતો અને ઉપરથી બીડી પાતો, પણ હું તદ્દન પૈસા વિનાનો. મારી બા મને ભાગ્યે જ પૈસો આપતી એટલે હું લાચાર હતો. ધમલે અમને આંબલીવાળા બાફેલા ચણા ખવડાવ્યા. પૂરી-પકોડીનો ખટમીઠો સ્વાદ ચખાડ્યો અને મને થયું કે ખરેખર જગતમાં ખાવાલાયક વસ્તુઓ છે તો ખરી!

ધમલો પહેલી વાર જ્યારે હૉટલમાં લઈ ગયો ત્યારે હું એક ખૂણામાં છુપાઈ ગયો અને શરમાતાં ચા પીધી. ચા પીતી વખતે મને એમ થતું કે હું ચોરી કરું છું, ચા પીવી એ પાપ છે અને હૉટેલમાં જવાથી ભ્રષ્ટ થઈ જવાય છે એવી જાતનું વાતાવરણ ઘરમાં ખડું થયેલું એટલે હું ખૂબ શરમાઈ એ સ્વાભાવિક છે.

હવે પૈસા ક્યાંથી મેળવવા એ વિચારે મને મૂંઝવણમાં નાખ્યો આખરે ધમલો વાત લઈ આવ્યો કે પૈસા મેળવવા એ કંઈ અઘરી વસ્તુ નથી.

મેં ધમલાનું પૂછ્યું. 'ધમલા, તું પૈસા ક્યાંથી કાઢે છે?'

'લે, તને ખબર નથી, ઈ તો બહુ જ સહેલામાં સહેલું કામ છે!' ધમલો મારી મૂંઝવણ સાંભળી આશ્ચર્ય પામ્યો અને બોલ્યો. મેં તેને પૂછ્યું:

'કઈ રીતે? એવી તે શી યુક્તિ છે કે પૈસા મળે?'

ધમલે મને ચટણી તો ખાતાં શીખવી હતી પણ આજે પૈસા મેળવતા શીખવશે એ વિચારે હું ખૂબ ખુશ થઈ ગયો. ધમલે મને ઉદારતાથી રસ્તો બતાવ્યો. તે ધીમેથી બોલ્યો:

'જો ચિનાઈ સાંભળ, બાપાનું જ્યારે ધ્યાન ન હોય, અથવા બાપા જ્યારે આઘાપાછા થાય તો તરત જ તે તકનો લાભ લઈ લેવો અને ખિસ્સામાં હાથ નાખી એકાદ બે આના લઈ લેવા!'

હું જરા ચમક્યો. આ તો મારી સમક્ષ નવા જ જ્ઞાનનો રસ્તો નીકળ્યો! પણ જ્ઞાન લેતાં હું જરા અચકાયો. મેં ધમલાને આતુરતાથી પૂછ્યું:

'ધમલા, એ ચોરી ન કહેવાય?'

'હા,હા,હા,હા,હા' ધમલો પોતના સ્વભાવ પ્રમાણે હસી પડ્યો અને બોલ્યો:

'ચોરી! એ ચોરી જ નથી! બાપા કમાય તે આપણું જ છેને?' ચિનાઈ, એ ચોરી નથી. તારે ધ્યાનમાં રાખી લેવું કે જેટલા બાપા હોય એટલા લોભિયા હોય! ભાગ્યે જ એ લોકો પૈસા વાપરવા આપે છે; અને આપણા ઘરમાંથી પોતાની વસ્તુઓ લઈએ એમાં ચોરી શેની? બાપા કે બા ન આપે તો છૂપી રીતે લેવું! છે તો બધું એકનં એક! બાપા મરી ગયા પછી બધું આપણું જ છે.'

ધમલામાં આટલી બધી બુદ્ધિ હશે તે મેં આજે જ જાણ્યું. અને મને તેની વાત ખૂબ સાચી લાગી. મારા બાપુજી મને કદી પૈસો વાપરવા દેતા ન હતા એટલે ધમલાનું કહેવું સાચું લાગ્યું કે 'બાપા તેટલા લોભિયા!'

હું ખૂબ ધમાલ કરતો અને રડતો ત્યારે માંડ માંડ વરસને વચલે દિવસે મને પૈસો મળતો અને જ્યારે પૈસો માગતો ત્યારે જવાબ મળતો કે 'ખાવું પીવું ને પૈસો કેવો? બહારનું ખાવાનું ન ખવાય!' શા માટે ન ખવાય તે મને કોઈ સમજાવતું નહીં. અને એવા બહુ જ ઓછા માબાપો છે કે જે છોકરાંઓને કારણસર દરેક વસ્તુ સમજાવે. 'શા માટે ન ખવાય?' એવો પ્રશ્ન મારાથી તો પૂછી જ ન શકાય! એમાં તો બાપુજીનું અપમાન થાય અને બાપુજી ધોકો લઈ ઊઠે! મેં મારી આખી વસ્તુસ્થિતિનો વિચાર કર્યો તો મને ધમલાની વાત સાચી લાગી. અને 'ચોરી કરવામાં પાપ નથી.' એ ધમલાનો સિદ્ધાંત ગળે ઊતરી ગયો! છતાં પણ મેં તેને પૂછ્યું:

'પણ ધમલા, પાપ ન લાગે?'

'પાપ! પાપ જેવું છે જ નહીં, દરેક માણસ પાપ કરે છે! તું જોતો નથી આ મંદિરનો પૂજારી પ્રભુને નામે પૈસા લૂંટી જાય છે? લોકો પ્રભુને પૈસા ધરે અને પ્રભુને નામે મારા બેટા માલમલિદા ઉડાવે! આપણે નાળિયેર વધેરીએ અને અર્ધું નાળિયેર પૂજારી ખાઈ જાય!'

ધમલો પોતાના નવા વિચરો મારી આગળ વ્યક્ત કરતો હતો. અત્યાર સુધી મને એમ જ ખ્યાલ હતો કે ધમલાને તેના બાપ પૈસા વાપરવા આપતા હશે પણ આજે ખબર પડી કે ધમલો પણ પશ્ચિમથી આવેલા ઠગ જેવો છે!

ગમે તેમ પણ મને ધમલાના વિચાર તદ્દન સત્ય લાગ્યા. મેં પણ મનમાં નક્કી કર્યું કે આવતી કાલે મારા બાપુજી પાયખાને જાય કે તરત જ કોઈ જાઈ ન જાય એવી રીતે ધાડ પાડવી!

'ધમલા, તારી વાત તો સાચી લાગે છે, પણ તું મંદિરમાંથી પૈસા ચોરી લાવે છે?' મેં ધમલાને જરા શંકાભરી રીતે પૂછ્યું.

'હાસ્તો, લાગ મળે ત્યારે ઉપાડી લાવું છું! હું ન લઈ આવું તો પૂજારી લઈ જાય!' ધમલે ઠાવકાઈથી જવાબ આપ્યો.

'પણ કોઈ જોઈ જાય તો?' મેં શંકાનું સમાધાન માગ્યું.

'લો એમાં જ ખૂબી છે ને?' ધમલો જરા હસ્યો અને જવાબ આપ્યો.

'હા એ વાત સાચી!' મેં જવાબ આપ્યો.

'ઠીક, ચલ ચિનાઈ પાન ખાવા.' ધમલો મને શિખામણ આપ્યા પછી પાન ખાવા લઈ ગયો. મેં પાન ખાધું પણ મારા મગજમાં ધમલાની વાતે ખૂબ અસર કરેલી અને મને તો ખાતરી થઈ ગઈ કે દુનિયામાં બધા ચોર છે!

આજે પણ મને બધા લૂંટારા લાગે છે! હજી પણ ધમલાના ઉપદેશની અસર રહી ગઈ હોય એમ લાગે છે! શું આજની યુનિવર્સિટીના સંચાલકો પૈસા નથી લૂંટતા? લાખોનું લોહી ચૂસી મહેલાતોમાં મોજશોખ ઉડાવનારા શું બધા સદ્‌ગૃહસ્થો છે? ખેડૂતોને કરવેરાથી નીચોવી નાખનાર દુષ્ટ સત્તાના સ્વાર્થી સંચાલકો શું સુકૃત્યો કરી રહ્યા છે? વકીલો તો બધા સત્યના પૂજારી હશે કેમ? ન્યાયાધીશો અન્યાયને પંથે નથી ચાલતા તેની શી ખાતરી? અમલદારો તો જાણે લાંચ જ નહીં લેતા હોય કેમ? દાતણ વેચવાવાળીને ધમકાવીને એક દાતણની સોટી લઈ જનાર પટાવાળો શું અમલદારોનું અનુકરણ નથી કરતો? હિંદ પર રાજ કરતી સત્તા ધર્મના સિદ્ધાંતો બરાબર જાળવે છે ખરી? આજે તો લૂંટવું એ જ ધર્મ થઈ પડ્યો હોય એમ લાગે છે! બુદ્ધિનો આથી વધુ સદ્‌ઉપયોગ ઇતિહાસે બીજો કયો જોયો હશે? ચૂસવું એ કળા છે, એ કળા શીખવા માટે બુદ્ધિની જરૂર છે, સત્તાની જરૂર છે અને પથ્થર જેવા કઠણ હૃદયની જરૂર છે.

ઘુંમટમાં ડંકા વાગે અને આખો ઘુંમટ ધણધણી ઊઠે તેમ આજે મારા મગજમાં ધમલે ઘંટ વગાડ્યો હતો. આજે મને નવું જ્ઞાન પ્રાપ્ત થયું! બીજા દિવસે સવારે હું આનંદમાં અને આનંદમાં ઊઠ્યો. આજે મારે એક અખતરો કરવો હતો. મારા બાપુજી શૌચે ગયા અને મારામાં આનંદ છલકાયો. આસપાસ નજર કરી લીધી, મારી બા રસોડામાં હતા. ઓરડામાં હું એકલો જ હતો તરત જ મારા મગજમાં ભણકારા વાગ્યાઃ

'બાપાના પૈસા તો આપણા જ છે ને?'

ધીમે પગલે જેમ કોઈ બિલાડી રસોડા આગળ આવી ઊભી રહે તેમ હું પણ કોટ આગળ આવી ઊભો રહ્યો, કોટ ખીંટી ઉપર લટકતો હતો. આજે મને તે જીવતો જાગતો લાગ્યો. કોટ ગંભીરતાથી મારી સામે જોતો હતો. મારા આખા શરીરમાં એક કંપારી આવી અને આખા શરીરમાં પરસેવો આવી ગયો, કોટ મને બોલતો લાગ્યો:

'આ ખોટું થાય છે, બાપુજીની રજા સિવાય મને ન અડાય, પાછો જા.'

હું કોટ આગળથી પાછો આવતો રહ્યો પણ જ્યાં થોડે દૂર ગયો હોઈશ ત્યાં ફરી અવાજ આવ્યો.

'દુનિયામાં બધા પાપ જ કરે છે!'

ના, ના, જવું તો ખરું જ. પણ તે વખતે મારી દશા એવી હતી કે મારા પગ જમીન ઉપર હતા કે નહીં તેની મને શંકા થયેલી. હું યંત્રવત્ ફરી ખેંચાયો અને કોટ આગળ આવી ઊભો, પણ આ શું? આજે કોટને શા માટે વાચા પ્રગટી?

'આ ખોટું થાય છે, બાપાની રજા સિવાય ન અડકાય, પાછો જા.'

કોઈ ઋષિરાજ પોતાની આંખો ઉઘાડી અને પછી વર્ષોના ધ્યાનમાંથી જગૃત થઈ બોલે અને અવાજમાં જેવા પ્રકારની ગંભીરતા ગાજતી હોય તેવા પ્રકારની ગંભીરતા આ કોટની વાચામાં હતી. આ વખતે મેં મનને જરા કાબૂમાં રાખ્યું. ફરી અવાજ આવ્યો, 'બાપા તેટલા લોભિયા!' આખરે એ અવાજ આવી પહોંચ્યો... પહેલી વાર જ્યારે હું કોટ આગળ ગયેલો ત્યારે જ અવાજના શબ્દો મારાથી ચાર હાથ દૂર અટકી પડ્યા. મેં તરત ખિસ્સામાં હાથ નાખ્યો. મારા આંગળાઓ ગોળ કટકા ઉપર ફરવા લાગ્યા અને જ્યાં બહાર કાઢું છું ત્યાં તો હાથમાં ધાતુનો એક ચોરસ કટકો હતો, એ ચોરસ કટકા ઉપર એક બુઢિયો મુગટ પહેરી બેઠો હતો! એ બે આની હતી. જ્યાં જોઉં છું ત્યાં ડબલાનો અવાજ સંભળાયો, મને ફાળ પડી. આખું અંગ ધ્રૂજી ઊઠ્યું. માથામાં કંઈ અફળાયું હોય એમ લાગ્યુ.

'ચોરી કરીને ન પકડાવું એમાં જ ખૂબી છે!'

હું ભાગ્યો અને પાસેના ઓરડામાં વાંચવા બેસી ગયો. પણ મેં જોયું તો કપાળે પરસેવો હતો અને હાથમાં ચોપડી ધ્રૂજતી હતી. ચોપડી મૂકી દાખલા ગણવા બેઠો પણ પાટી ઉપર મારાથી આંકડા મંડાતા ન હતા. છાતીના ધમબકારા વધી ગયા હતા. આવી ભયંકર દશા તો મેં તે દિવસે પહેલી જ વાર અનુભવી. મારા બાપુજી ઓરડામાં આવી પહોંચ્યા. મને થયું કે જોઈ તો નહીં ગયા હોય ને? હમણાં મને લગાવશે પણ તેમણે મને પૂછ્યું.

'વજુ, અભ્યાસ સારો ચાલે છે ને?'

અહા! જ્યારે તેઓ 'વજુ' શબ્દ બોલ્યા ત્યારે હું બધો ભેદ ખોલી દેવાનો હતો. પણ કોણ જાણે ક્યાંથી જોર આવી ગયું અને મેં ધીમેથી જવાબ આપ્યો.

'હા બાપુજી, અભ્યાસ બરાબર ચાલે છે!'

હું ક્યો અભ્યાસ કરતો હતો એ બાપુજીને ક્યાંથી ખબર પડે? નિશાળે જાઉં અને વાંચવાનો ઢોંગ કરું એટલે બાપુજી સમજી જતા કે અભ્યાસ બરાબર ચાલે છે!

શાળાના ભણતર સિવાય બીજી કેળવણી નથી એમ જે માબાપો માને છે તે માબાપો ભીંત ભૂલે છે. તેઓ બાળકોના જીવનના હિતશત્રુ બને છે. જે માસ્તરો અને માબાપો સોટીના જોરે સંસ્કાર આપવા પ્રયત્ન કરે છે તે રસ્તો ચૂક્યા છે! ઇતિહાસ, ગણિતના લુખ્ખા દાખલા અને કવિતાની ગોખણપટ્ટી સિવાય જીવનમાં એક કેળવણી બાકી રહી જાય છે તે માબાપોને અને કેળવણીકારોને ખબર છે? છોકરાઓના ચારિત્ર્ય ઉપર કોણ ધ્યાન આપે છે? ચારિત્ર્યવિહોણી કેળવણી એ કેળવણી નથી પણ માનવભક્ષી કાળ છે!

મારો અખતરો સફળ થયો. મને ખાતરી થઈ ગઈ કે બાપુજીની નજરમાં હું આવ્યો નથી. વિજ્ઞાનનો અખતરો કરનારા વિજ્ઞાની પ્રયત્ન પછી વિજયનો જેવો આનંદ અનુભવે તેવો આનંદ મેં અનુભવ્યો પણ ક્યારે? બાપુજી જ્યારે ઓરડાની બહાર ગયા ત્યારે! તે દિવસે હું મારા બાપુજીના મોઢા સામું જોઈ વાતો કરી ન શક્યો! મારી બા સામું પણ બરાબર જોઈ ન શક્યો. જમવા બેઠો પણ રોટલીમાં મીઠાશ ન આવી. સાડા દશ વાગ્યા અને હું પતરાંની પેટી લઈ નિશાળે ઊપડ્યો.

આજે હું પૈસાદાર હતો. મારા હાથમાં કદી આટલા બધા પૈસા આવેલા નહીં! મારા ખિસ્સામાં કોઈ દિવસ આટલા બધા પૈસા પડ્યા ન હતા! ઘણાય કમીસનાં ખિસ્સા ફાટી ગયાં પણ કદી તેમાં બે આનાના પૈસા પડ્યા ન હતા! રસ્તામાં એક દુકાન આવી અને પૈસાની પિપરમીન્ટ લીધી, અને બાકીના સાત પૈસા રોકડા ખિસ્સામાં નાખ્યા અને ખખડાવ્યા, પૈસા ખખડાવતી વખતે મારા ચહેરા ઉપરથી આનંદની લહરી પસાર થઈ ગઈ. અને હું મનમાં બોલી ઊઠતો. બોલતાં પહેલાં એક ખોંખારો ખાધો, 'હું, બંદા પૈસાદાર છે!'

ખિસ્સામાં પૈસા પડવાથી કેવી અસર થાય છે તે તો તે દિવસે જ અનુભવ્યું. પગમાં જોર હતું. જમીન ઉપર પગ 'ધબધબ' પડતા હતા, આંખમાં ખુમારી હતી, માથું મારું ટટ્ટાર હતું પણ હૃદયમાં સહેજ જરા જોરથી ધબકારા બોલતા હતા. પૈસાદારોના હૃદયના ધબકારા આમ ઉતાવળથી બોલતા હશે?

રસ્તા ઉપર એક ભિખારી બેઠો હતો. મારી નજર તેના ઉપર પડી. તેના

વસ્ત્રો ફાટેલાં હતાં. ભૂખ્યો હોય એમ લાગ્યું, અને મારા હૃદયમાં દયા જાગી, મને ખબર હતી કે જો પાપ કર્યું હોય તો તે ધોવા માટે પુણ્ય કરવું જ જોઈએ નહીંતર તે પાપની શિક્ષા આપણે નરકમાં ભોગવવી પડે! મેં આજે પાપ કર્યું હતું એવો અવાજ હૃદયના ઉંડાણમાંથી આવતો હતો અને મારાથી એ અવાજ સહન થતો ન હતો. અને એ અવાજને દાબી દેવા માટે મેં અર્ધો-અર્ધ પૈસા પેલા ભિખારીને આપી દીધા અન વિચાર કર્યો કે 'એક આનાનું પાપ અને એક આનાનું પુણ્ય.' આવી રીતે મેં મારું પાપ ગણિતનો ઉપયોગ કરી ધોઈ નાખ્યું. જેટલું પાપ તેટલું જ પુણ્ય! બસ પછી હતા તેવાં ને તેવાં!

હવે મને નિરાંત વળી. અત્યાર સુધી માર હૃદયમાં ઉકળાટ હતો પણ આ દાન કર્યા પછી ઉકળાટ શમી ગયો. અને શાંતિ ફેલાઈ ગઈ. નિશાળે આવી ધમલાને મળ્યો અને મેં મારી વિજયકથા કહી. તે ખુશ ખુશ થઈ ગયો. એન બોલી ઊઠ્યો 'શાબાશ, ચિનાઈ.'

પણ મેં ધમલાને પ્રશ્ન પૂછ્યો, 'ધમલા, પૈસા લેતી વખતે ધ્રુજારી કેમ છૂટતી હશે? મારા આખા શરીરમાં પરસેવો આવી ગયેલો!'

ધમલો પૂરેપૂરો અનુભવી હતો; તેણે મને જવાબ આપ્યો: 'ચિનાઈ, પહેલે દિવસે જરા એમ થાય પછી કંઈ વાંધો નહીં આવે. બોલ, કેટલા પૈસા લઈ આવ્યો છે?'

'બે આના લીધા હતા, તેમાંથી એક પૈસાની પિપરમીન્ટ લીધી અને એક આનો એક ભિખારીને આપ્યો, મેં હિસાબ આપ્યો. પણ ભિખારીનું નામ સાંભળી તે જરા ચમક્યો અને બોલ્યો, 'ભિખારીને શા માટે આપ્યો?'

'કેમ વળી! પાપ ધોઈ નાખવા!' મેં ખુલાસો કર્યો.

'તું સાવ ઘોઘા જેવો જ રહ્યો! એમાં પાપ શેનું? એ ભિખારી ભજિયાં ઉડાવશે એ તને ખબર છે? બ્રાહ્મણો લોટ માગી લાડુ ઉડાવે છે તે તું જાણે છે?' ધમલો બોલ્યો.

ખરેખર તેનું જ્ઞાન મારા કરતાં વધારે હતું. હું અત્યાર સુધી ધમલાને તદ્દન ભોળો જ ગણતો હતો પણ હવે ખબર પડી કે તે જબરો ઉસ્તાદ હતો. મને લાગે છે કે તેની સ્વાદવૃત્તિએ તેને આ જ્ઞાન આપ્યું હશે! સ્વાદવૃત્તિ અને કામવૃત્તિ જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે ગમે તેવો સામાન્ય માણસ યુક્તિબાજ બને છે અને સામા માણસની આંખમાં ધૂળ નાખતા શીખે છે. ધમલામાં દયા નથી તે મને ત્યારે જ ખબર પડી. પછી તો મને સમજાયું કે શા માટે તે ભુદરિયાની વેદના જોઈ હસ્યો હશે! વેદના નિહાળી ઘણા હસે છે; ધમલો તેમાંનો એક હતો. હવે તે

આગળ ચાલ્યો તે દિવસે ત્રણ પૈસા ખરચી નાખ્યા. પૈસાના આંબલીવાળા ચણા લીધા. ઉપર ખૂબ મસાલો નંખાવ્યો. પછી મેં અને ધમલે ખૂબ રસપૂર્વક ખાધા, પૈસાની પૂરીપકોડી લીધી અને એક પૈસાના બે પાન લીધાં. પછી તો તરત જ ઘંટ વાગ્યો અને અમે અંદર ઘૂસી ગયા. જેમ રાત્રિ પડે અને ઢોરને ખીલે બાંધી દે તેમ અમે ખીલે બંધાયા, પાંચ કલાક માટે.

પૈસા ચોરવાની કળા મને આવડી ગઈ. હવે કંઈ થતું ન હતું. ઘણી ઘણી યુક્તિઓ હું શીખી ગયો. કેટલીક વાર તો મંદિરમાંથી પણ હું અને ધમલો ઠીક ઠીક માલ ઉપાડી લાવતા અને લહેર કરતા. બાપુજીના ખિસ્સામાંથી પૈસા લઈ હું તરત જ ચોરણીના નેફામાં છુપાવી દેતો એટલે જરા પણ પકડાતો નહીં. ધમલાના બાપા હિસાબ નહીં રાખતા હોય પણ મારા બાપુજી તો રાત્રે મોટો ચોપડો ઉઘાડી હિસાબ નોંધતા અને જરા મોઢું કટાણું કરી બોલતા કે, 'આ રોજ બે આના ખૂટે છે! શું ગોટાળો થાય છે ખબર પડતી નથી!' મારા બાપુજીને ક્યાંથી ખબર પડે કે ગોટાળો કરનાર રોજ રાત્રે વહેલો સૂઈ જતો અને પૈસા ઉડાવી લહેર કરતો હતો! પણ એક દિવસ ગોટાળો ફૂટી ગયો અને હું બરાબર ફૂટાયો. બહુ જ સખત માર મને સુધારવા માટે માર્યો.

વાત જાણે એમ બની કે મારા બાપુજી સાંજે બજારમાંથી આવ્યા અને કોટ ખીંટી ઉપર ટીંગાડ્યો, પછી જરા કંઈ કામસર બહાર ગયા કે તરત જ મેં ખિસ્સામાંથી રૂપિયો ઉપાડ્યો. થોડી વારમાં તે પાછા આવ્યા અને કંઈક પૈસાનું કામ પડ્યું એટલે ખિસ્સામાં હાથ નાખ્યો.

'અરે, આમાં હમણાં જ રૂપિયો હતો અને ગયો ક્યાં?' તે બોલ્યા.

કોટનાં બધાં ખિસ્સાં તપાસ્યાં. જ્યારે વસ્તુ ખોવાઈ જાય છે ત્યારે આપણે ગમે તેવી જગ્યાએ પણ શોધ કરીએ છીએ. આખા કોટમાં ક્યાંય રૂપિયો ન નીકળ્યો. એ તો એમ જ બોલતા હતા કે:

'હમણાં જ હું બજારમાંથી રૂપિયો લઈને આવું છું અને જાય ક્યાં?'

આ બાજુ હું પણ પૂરેપૂરો ગભરાયો. ચોરણીના નેફામાં તો રૂપિયો જાય નહીં; હવે શું કરવું? મને પકડાઈ જવાની બીક લાગી. આઠ-દસ દિવસ થાય આમ રોજ પૈસા ઊપડી જતા હતા. એટલે મારા બાપુજીને મારા ઉપર શંકા તો આવેલી. થોડીવારમાં એક સત્તાવાહી અવાજ આવ્યો.

'વજુ, અહીં આવ.' મારું આવી બન્યું! રૂપિયો સંતાડવાનો સમય ન રહ્યો. પહેલાં તો મને પૂછ્યું, 'તે રૂપિયો લીધો છે?'

મેં નમ્રતાથી જવાબ આપ્યો: 'જી ના, બાપુજી મારે રૂપિયાને શું કરવાનો છે?'

કોડીએ લઈ જાય. અને જો કાઢતાં કાઢતાં પાસેથી કોડી જરાક દૂર થઈ જાય તો કાઢનારને દંડ ભરવો પડતો એ દંડને અમે 'બચ્ચું' કહેતા. ફરી વાર રમત રમાય અને જે નિશાનબાજીમાં એક્કો હોય તે ફાવી જાય. એક બીજી રમતનું નામ 'ગચ્ચો' હતું. જમીનમાં નાનકડો એક ખાડો ખોદી તેમાં શરત પ્રમાણે કોડીઓ નાખવાની હતી. ત્રીજી રમતનું નામ 'રૂઝુ' હતું. એવી તો ઘણી રમતો હતી. અને તેની રચના ઘણી જ બુદ્ધિશાળી! કોણે શોધી હશે તે ખબર નથી. પણ અમારી તે પ્રિય રમતો હતી. એ પછી તે રમતોમાંથી આગળ ધપતાં ધપતાં પૈસાની મદદથી પણ જુગાર રમતાં શીખી ગયા હતા. એક વાર પૈસા ખૂટી ગયા અને હુ વિચારમાં પડ્યો કે હવે કરવું શું? મેં ભાયલાને બોલાવ્યો:

'ભાયલા, મને થોડી મદદ કરીશ?'

મેં યુક્તિ શોધી કાઢી હતી. પણ તેમાં બે જણા સિવાય કામ થાય તેવું ન હતું. એટલે ભાયલાની મદદની જરૂર હતી. ભાયલે જવાબ આપ્યો: અને બોલ્યો: 'પણ શાહી ક્યાં નાખવી?'

'શાહી! ઓહો, તેમાં શું, આપણે એક શીશી લઈ જશું તેમાં ઠલવી દેશું.' મેં તેની શંકા ભાંગી નાખી.

સાંજ પડી: હું ઘંટની રાહ જોતો જોતો નિશાળના છેલ્લા બાંકડા ઉપર બેઠો હતો. સાંજ પડે ત્યારે છોકરાઓનો એ સ્વભાવ છે કે ક્યારે ઘંટ વાગે તે વિશે વિચાર કરતા હોય. એ વખતે ભણવામાં ધ્યાન નથી હોતું! આ વસ્તુ એટલું સાબિત કરી બતાવે છે કે બાળકો નિશાળમાં પાંચ પાંચ કલાક પુરાઈને ખૂબ હેરાન થાય છે. તેમનો આનંદ અને ઉત્સાહનો ભંડોળ અકાળે ખૂટી જાય છે. આવી શાળામાંથી પસાર થયેલો કુમારો હાઇસ્કૂલોમાં અને કૉલેજોમાં જાય છે ત્યારે તેમના ચહેરા પર નૂર નથી દેખાતું. કોઈ મુક્ત હાસ્ય કરી શકતું નથી અને સદાય પરીક્ષાની બીકમાં અને બીકમાં બકરી જેમ સિંહણ આગળ ભયમાં તરફડિયાં મારે છે તેમ તેઓ તરફડે છે, કારણ કે તેમનો ઉલ્લાસ તો બાળપણથી ઉખેડી નાખવામાં આવ્યો હોય છે અને પરીક્ષાનો ભય એકડિયાથી પરીક્ષા ગણીએ તો બી. એ. થતાં સુધીમાં સત્તર પરીક્ષાઓ થાય! આ તો પહેલે જ વર્ષે પાસ થનાર માટે છે! મૅટ્રિકમાં ચાર ચાર વર્ષની ઉગ્ર તપશ્ચર્યા કરનાર માટે તો વાત જુદી છે!

ઘંટ વાગ્યો. સૌ ચાલ્યા ગયા. ભુદરિયો અને ધમલો બન્ને બહાર ઊભા હતા. હું અન ભાયલો નિશાળના મેદાનમાં આંટા મારતા હતા. થોડી વારમાં જેલખાનું ખાલી થઈ ગયું. માસ્તરો પણ ચાલ્યા ગયા. દૂર દૂર એક બીજા ઓરડામાં પટાવાળો ઝાડુથી વર્ગ વાળતો હતો. એ તો વૃદ્ધ હતો. ભાયલો અને હું ક્લાસમાં

ઘૂસ્યા. મારા હાથમાં શીશો હતો. કમ્પાઉન્ડના એક ખૂણામાં સંતાડીને શીશો મૂકી રાખેલો. ઝપાટાબંધ કામ શરૂ થયું અને થોડીવારમાં તો પચ્ચીસ ત્રીસ ખડિયા એક નાનકડી ઝોળીમાં સમાઈ ગયા. ભાયલે ઝોળી લીધી અને મેં શીશો લીધો. બિલ્લીપગે બહાર આવ્યા.

'શાબાશ ચિનાઈ.' ધમલે શાબાશી આપી. મેં ધમલાને કહ્યું:

'ધમલા, આ શીશો તારે ઘરે લઈ જશે?'

'કબૂલ કબૂલ, હવે દોસ્ત આપણે શાહીના પૈસા ખરચવા નહીં પડે!' તે આનંદથી બોલ્યો.

'પણ આ ખડિયાઓનું કરવું છે શું?' ભુદરિયે પ્રશ્ન કર્યો.

'ભલા માણસ, તું જરા ધીરજ તો રાખ. બધી વ્યવસ્તા થશે.' ચિનાઈએ જવાબ આપ્યો. પછી ચંડાળ ચોકડી ઘરે ગઈ.

ચિનાઈ અને ભાયલો સાંજે સહેજ અંધારું હતું અને બહાર નીકળ્યા બન્ને જણા આગળ જતા હતા. પૈસા કમાવા જતા હતા. ભાયલો આનંદથી વાતો કરતો હતો. ચિનાઈના પગમાં જોર હતું. થોડીવારમાં એક સાધારણ વોરાની દુકાન આગળ અટક્યા. એ વોરો રદ્દી સામાન રાખતો અને જ્યારે ગુજરી ભરાય ત્યારે બધો સામાન વેચતો. કપડાં રાખતો, પતરાનાં ડબલાં રાખતો, લોઢાનો જૂનો સામાન પણ રાખતો અને ચોપડીઓ પણ રાખતો એ વોરો એમને ઠીક મળી ગયેલો. નવું નવું લાવવા માટે પ્રોત્સાહન આપતો હતો. એ ગમે તે વસ્તુ રાખતો અને અમને પૈસા આપતો.

'વોરાજી, આ ખડિયા વેચવા છે, રાખશો?' મેં તેને પૂછ્યું.

'હા, ખરિયા જરૂર રાખશું!' વોરાજીએ જવાબ આપ્યો.

'બોલો એક ખડિયાનું શું આપશો?' ચિનાઈએ વેપાર શરૂ કર્યો.

'પૈસાના તન ખરિયા!' વોરાજી આનંદથી બોલ્યા. ચિનાઈ જરા વિચારમાં પડ્યો, કારણ કે પૈસાના ત્રણ ખડિયા એ પાલવે તેવું ન હતું પણ ચિનાઈને ક્યાં ઘરની ખોટ જતી હતી? આખરે બરાબર માથાકૂટ કર્યાં પછી 'પૈસાના બે ખડિયા'ના ભાવે ચિનાઈએ પોતાનો માલ વેચ્યો અને વેપાર કરી ઘેર આવ્યા. રસ્તામાં હાથી છાપીની સિગારેટ લીધી અને પીધી. બીજે દિવસે ઉજાણી કરી અન શેરીના ચોકરાઓ ખુશ થઈ ગયા! પંણ આ પૈસા લાવવાની યુક્તિ અમારા ચાર સિવાય કોઈ પણ જાણતું નહીં.

એ વોરાજીને અમે ખૂબ માલ આપેલો અને વોરાજીએ પણ પૈસા આપેલ કોઈનાં કપડાં સૂકાતાં હોય તો તે લઈને જઈએ વોરા આગળ; એ ઈસ્ત્રી કરી

વેચતો હતો. લોઢાના કટકા એટલે લોઢાનો જુનો સામાન પણ ક્યાંકથી શોધી લાવી વોરાને આપતા અને વારતહેવાર હોય ત્યારે મંદિરમાં જતા બહાર અમે સૌ ઊભા રહીએ. માણસનું બરાબર ધ્યાન રાખતા અને જેવો તે પ્રભુને નમવા માટે અંદર જાય કે તરત જ જોડા પહેરી રવાના થતા આ બાબતમાં મારા પગ નાના હતા પણ ભાયલો, ધમલો અને ચંદુડો સરસ કામ કરતા. હું એક જગ્યાએ ઊભો રહેતો અને જોડાની જોડ ભેગી કરતો એ બધા જોડા ભાયલો પોતાને ઘેર છૂપી રીતે સંતાડતો. તેની બાને જરા પણ ખબર પડવા ન દેતો. એક મોચી અમારો મિત્ર બની ગયેલો. એ જૂના જોડા રાખતો અને ઠીક ઠીક પૈસા આપતો. મોચી ઘણી વાર પૂછતો કે, 'તમે આ જોડા ક્યાંથી લાવો છો?' અમે પણ જાણે શાહુકારના બેટા હોઈએ એવો જવાબ દેતા:

'અમારા બાપા દર મહિને જોડાની જોડ બદલે છે!' મોચી ઉપર અમારા જવાબની અસર થતી હોય કે ન થતી હોય તેની પરવા કર્યા સિવાય અમારો વેપાર વગર મૂડીએ ચાલતો. એક વાર અમે મૂડીથી વેપાર કરેલો તેમાં કમાયા તો ખરા પણ મેં માર ખાધો. મારું ધ્યાન બરફ વેચવાવાળા ઉપર ગયું. બરફની ગાડીવાળો રોજ અમારી શેરીમાં આવતો. અને બૂમો પાડતો, 'સરબતી ગોલા!' અમે પૈસાના બે 'સરબતી ગોલા' ખાતા. વાંસના પાતળા સાંઠીકડા ઉપર તે બરફનો ભૂક્કો કરી તેના ઉપર ગોળા બનાવતો અને ઉપર સરબત નાખતો હતો! મને થયું કે બે પૈસે શેર બરફ મળે છે, અને તેમાંથી ગોળા બનાવ્યા હોય તો ઘણાય ગોળા બને અને પૈસાના બે લેખે વેચીએ તો ખૂબ કમાણી થાય! આખરે વાત અમલમાં મુકાઈ. ધમલો કપડું લઈ આવ્યો, હું લાકડાનું નાનું ખોખું લઈ આવ્યો અને ભાયલો વાંસની સળીઓ બનાવી લાવ્યો.

'પણ સરબતનું શું કરવું?' ભુદરિયે પુછ્યું. હું વિચારમાં પડ્યો. શીશી તો હતી પણ સરબત ન હતું. આખરે ધમલો ઘરમાંથી ખાંડ ચોરી લઈ આવ્યો. પણ વળી એક વિચાર આવ્યો કે સરબતનો લાલ રંગ ક્યાંથી કાઢવો? મારી તો એવી જ માન્યતા હતી કે સરબતનો રંગ જે લોકો બનાવે છે તે બજારમાંથી રંગ લેતા હશે એને વાપરતા હશે! ખરી રીતે તો ખાવા માટે જુદો રંગ વપરા છે એ મને ખબર નહીં એટલે સરબતનાં રંગ માટે મને મારા બાપુજીનો લાલ શાહીનો ભરેલો ખડિયો યાદ આવ્યો. તરત જ ઘરમાં ગયો. આમ તેમ આંટા માર્યા, અને જેવાં મારી બા રસોડામાં ગયાં કે બંદા બહાર! લાલ શાહી સરબતમાં નાખી અન ઊપડ્યા વેપાર કરવા. અમને જે શેરીમાં કોઈ ઓળકતું ન હતું તે શેરીઓમાં ભટકવા લાગ્યા.

'સરબતી ગોળા, પૈસાના બે!' એવી બૂમો પાડતા હતા. છોકરાઓ અમારી આસપાસ પાઈપૈસો લઈ ટોળે ઉભરાતા હતા. અમે થોડી વારમા બમણાં નાણાં કરી લીધા. પણ જ્યાં થોડો બરફ વધ્યો હશે ત્યાં એક માણસ આવ્યો. સામાન્ય મજૂર જેવો લાગ્યો. બોગ જાગે તેને પણ અમારો 'સરબતી ગોળો ખાવાનું મન થઈ આવ્યું. પૈસો આપ્યો અને મેં પૈસા વાળો મોટો ગોળો બનાવી દીધો. પણ તેણે સ્વાદ લીધો કે તરત જ પૂછ્યું. 'આ કડવો કેમ લાગે છે?'

જે છોકરાઓ લઈ ગયેલા તેને પણ 'સરબતી ગોળો' કડવો લાગેલો. એટલે મેં જવાબ આપ્યો કે:

'બરફ જરા કડવો આવ્યો લાગે છે!' પણ પેલાને આ વાત ગળે ન ઊતરી. તેના મુખ ઉપરની રેખાઓ બદલાતી હું જોઈ શક્યો. પછી તરત જ બીજો પ્રશ્ન પૂછ્યો:

'આ સરબતમાં શું નાખ્યું છે?' મેં તો તદ્દન નિર્દોષ ભર્યો જવાબ આપ્યો:

'કેમ વળી? લાલ શાહી!'

પણ મારું વાક્ય પૂરું થાય કે તરત જ તેણે મને નાનો ધારી તમાચો ચોડી કાઢ્યો અને બોલ્યો:

'ત્યારે તો કડવો લાગે જ ને! બધાને ઝેર આપવા બેઠો છે? લાવ પૈસો પાછો' મેં રડતાં રડતાં પૈસો પાછો આપી દીધો. એ માર ખાધા પછી મને ખબર પડેલી કે સરબતમાં લાલ શાહી નથી હોતી! મને થયું કે–

'આ ઘોરખોદીયાને ભગવાને અહીં ક્યાં મોકલ્યો!' સારું થયું કે તે તદ્દન છેલ્લો આવ્યો, નહીંતર વધુ હેરાન કરત! જે નફો થયો તે અમે સરખે ભાગે વહેંચી લીધો. અન પાન-સિગારેટ ઉડાવી લહેર કરી.

* * *

૧૩ પંદર રૂપિયાની ઉજાણી

ધમલે અને છગને તો તમાકુ ખાવાની પણ ટેવ પાડેલી, પણ મને પહેલે દિવસે ઊલટી થઈ એટલે એ કળા હું હાથ ન કરી શક્યો. ધમલે ઘણી સલાહ આપી પણ મારા ગળે ન ઊતરી.

બીડી પીવાની ટેવ તો એટલી બધી મજબૂત પડી ગયેલી કે એક દિવસ શિવ મંદિરમાં જઈ બાવાજીની ગાંજાથી ભરેલી ચલમની પણ એક બે ફૂંક દરેક જણ ખેંચી આવેલું! મેં ગાંજાનો સ્વાદ પણ લીધો! એક દિવસ દારૂ પણ પીવો એવી કલ્પના કરેલી પણ પાર ન પડી!

નિશાળમાં બૂમ તો પડી કે આ ચોરી કોણ કરે છે! માસ્તર હાજરી પૂરતાં બોલેલા કે 'આ મારો બેટો ચોર કોણ જાગ્યો છે? બસ ખડિયો જ લઈ જાય છે! જરા ધ્યાન રાખી પકડવો પડશે!' અમે ચારે જણા મનમાં મલકાયા. ખડિયાની ચોરી બે વખતે કરેલી, બીજી વખત ભુદરજી અંદર ગયા હતા, એ નામદાર પકડાઈ જાત પણ આબાદ છટકીને ભાગી આવ્યા.

એક વાર સાંજે રમીને ઘરે ગયો પણ જ્યાં બારણામાં પગ મૂકું છું ત્યાં તો રસોડામાંથી અવાજ આવ્યો. અવાજ બહુ જ પરિચિત હતો.

'મારા પિટ્યા નફ્ફટ, ઊભો રે'જે બહાર, ખબરદાર જો ઘરમાં ટાંટિયો ઘાલ્યો તો!' મને થયું આ શું નવી હોનારત જાગી! શું ચોરીની ખબર પડી ગઈ હશે! શું કોઈ નવરા માણસે કંઈ ચાડી ખાધી હશે એવા વિચારમાં ને વિચારમાં હું માથે આવી પડતી આફત સહન કરવા, હતો ત્યાંને ત્યાં જ ઊભો રહ્યો. ધૂંવાપૂંવા થતા, કોઈ ચંડીકા સમા શોભતા મારી બા મારી આગળ આવી પહોંચ્યા. હું બેઘડી થંભી ગયો. મને લાગ્યું કે હવે મારું આવી બન્યું અને સાચ્ચે જ આવી

બનેલું. તે પાસે આવ્યા અને બોલ્યા

'બોલ, આજે કેટલી બીડી પીથી છે?' બસ, હું કારણ સમજી ગયો, આ ક્યાંથી ખબર પડી? મેં બચાવ કર્યો.

'બા, હું બીડી કોઈ દિ પીતો જ નથી!'

'એમ કે? તું સાચું જ કે દિ બોલે છે? હમણાં તો ફાટીને ધુમાડી ગયો છે! ભાયલાને વાદે તું પણ હવે બગડતો જાય છે કેમ?'

તે મારા ઉપર ચિડાયા. મારા હોઠ કાળા પડી ગયેલા તે મને ખબર નહીં, હોઠ જોઈ તે બોલ્યા, 'આ તારા હોઠ જો ને? ભૂંડા ભમરાવાળા?'

'ભમરવાળા' શબ્દ પૂરો થયો અને મારા ગાલ ઉપર બરાબરનો એક તમાચો પડ્યો! હું મારથી કંટાળી ગયેલો અને ટેવાઈ પણ ગયેલો એટલે મારા ઉપર કંઈ બહુ અસર ન થઈ. હું જડની જેમ માર ખાઈ લેતો અને બીજે દિવસે શું કરવું તેનો વિચાર કરતો સૂઈ જતો. પણ તે દિવસે તો મને 'આ બીડી પીવાની વાત કોણે કહી' તે જ વિચાર આવ્યા.

બીજે દિવસે સવારે ઊઠ્યો અને જાણે નવું જીવન શરૂ થયું. ગઈ કાલનો પડેલો માર હું ભૂલી ગયેલો અને નવી મસ્તી અને નવાં તોફાન કરવાનું ફરી જોર આવેલું. થોડી વારમાં બહાર સીટીનો અવાજ આવ્યો. સીટીના અવાજ ઉપરથી લાગ્યું કે નક્કી ધમલો હશે! ઘરમાં એક આંટો મારી આવ્યો. બાપુજી બહાર ઊપડી ગયેલા અને મારી બા ડબ્બામાંથી એક થાળીમાં રસોઈ કરવા માટે ચોખા કાઢતા હતા. આ લાગ જોઈ મેં તો છૂકાવ્યું ઘરની બહાર અને જોયું તો ધમલો ઠાવકું મોં રાખી કમ્મર ઉપર હાથ દઈને ઊભેલો. કાંઈ પરાક્રમ કર્યું હોય એમ લાગ્યું. આંખોમાં આનંદ હતો. મને જોઈ તે બોલી ઊઠ્યો:

'વજિયા, આજે પણ ગજબનો ફાયદો થયો છે!'

હું વિચારમાં પડ્યો કે જરૂર ધમલાજી કંઈ સાહસ કરીને આવ્યા લાગે છે! મેં પૂછ્યું:

'શું કર્યું? બોલ તો ખરો!'

'ચાલ મારી સાથે. ખાનગીમાં વાત કરવી છે!' ધમલો મને એક શેરીના એક ખૂણામાં લઈ ગયો અને કાનમાં વાત કરી:

'ચિનાઈ, આજે દસ રૂપિયાની નોટ અને પાંચ રૂપિયા રોકડા લઈ આવ્યો છું!'

હું તો આ ધીમી વાત સાંભળી ચમક્યો! મને થયું કે હું જાગું છું કે ઊંઘું છું! મારા મુખમાંથી એક જ અક્ષર નીકળી પડ્યો.

'હેં! ?'

'બોલ હવે શું કરવું?' ધમલે પ્રશ્ન પૂછ્યો અને આસપાસ જોવું કે કોઈ આવતું તો નથી ને?

'પણ તું લાવ્યો ક્યાંથી?' ચિનાઈએ ધમલાને પૂછ્યું.

'સાંભળ, હજી ગઈ કાલે મારા બાપાએ તેમની પેટીમાં રૂપિયા મૂક્યા અને મેં જોયા પછી તો બંદાનું ધ્યાન વાંચતાં વાંચતાં પણ તે પેટી સામે જ હતું અને મને ખબર હતી કે કૂંચી ક્યાં ટ્રંકમાં પડી રહે છે. આજે સવારે મારી બા પાણી ભરવા ગયા અને મેં રૂપિયા લઈ લીધા!' ધમલે આખો ઇતિહાસ કહ્યો; હું તો મૂર્તિની જેમ ઊભો રહ્યો. મને લાગ્યું કે ધમલે આજે હદ વટાવી છે અને જો પકડાશું તો મૂઆ સમજ્યા. આખરે લાંબો વિચાર કર્યા પછી મેં ધમલાને સલાહ આપી:

'ધમલા, તેં તો ભારે કરી! જો પકડાઈ જઈશું તો તારાં અને મારાં જરૂર હાડકાં રંગાઈ જશે! માટે તું રૂપિયા પાછા મૂકી આવ. આ ધંધો કરવામાં સોએ સો ટકાનું જોખમ છે!'

પણ મને રોજ શિખામણ દેનાર ધમલો મારી શિખામણ માને ખરો? ચોરી કરવાની કલામાં જે માણસે મને જ્ઞાન આપ્યું તે માણસ એ જ બાબતમાં મારી સલાહ માને ખરો! ધમલો જરા ઉગ્ર થઈ બોલ્યો:

'તું તો તદ્દન ફોસી છે, આટલ દિવસ સુધી ન પકડાયો અને હવે પકડાઉં ખરો? તારા કરતાં મને વધારે ખબર છે માટે બડબડ મૂકી સીધી વાત કર; બોલ આપણે શું કરવું છે?'

હવે આ બાબતમાં મારે રસ્તો બતાવ્યા સિવાય છૂટકો જ ન હતો. પંદર રૂપિયા જેટલી ભયંકર રકમ કેમ વાપરી નાખવી તે વિશે હું અને ધમલો વિચારમાં પડ્યા. મને તો ઘણા રસ્તા સૂઝી આવ્યા, પૈસા વાપરવા માટે હજાર રસ્તા છે, અને પૈસા મેળવવા માટે પણ હજાર રસ્તા છે હજાર રસ્તેથી પૈસો આવે છે અને હજાર રસ્તેથી ચાલ્યો જાય છે! ફક્ત એક જ પૈસો હજારોના હાથમાં ભમી ભમીને આપણી આગળ આવે છે અને ફરી આપણી પાસેથી ભમવા જાય છે. એ સ્થિર નથી. એનો એ જ પૈસો આજે કોઈ પવિત્ર બ્રાહ્મણ પાસે હોય તો આવતી કાલે એક ભંગી પાસે આવી જશે! આવી રીતે નાણું એક ઘરમાંથી બીજા ઘરમાં અને બીજા ઘરમાંથી ત્રીજા ઘરમાં પસાર થાય છે. દરેક પૈસાની પાછળ અદ્‌ભુત ઇતિહાસ લખાય તો ખબર પડે કે પૈસો કેટલાં ઘર ભમી આવે છે!

અમારી પાસે આવી પડેલા રૂપિયા પણ બીજે જવા માટે કૂદાકૂદ કરી રહ્યા હતા. પણ તેમને ક્યાં જવા દેવા તે અમારી મરજી ઉપર હતું. મેં ઠીક ઠીક વિચાર કર્યા પછી ધમલાને મારી યુક્તિ કહી:

'ધમલા, જો જાણે તારે પહેલાં કોઈને કહેવું નહીં કે તેં રૂપિયા ચોર્યા છે. આપણી શેરીમાં કોઈ પાસે સીટી નથી અને બહુ જ મુશ્કેલી આવે છે માટે પહેલાં તો બધાને સીટી અપાવી દેવી; પછી કમ્મર ઉપર બાંધવા માટે બધાને ચામડાના પટ્ટા અપાવી દેવા; બે મોટાં ચપ્પાં લેવાં તેના વિના ઘણીવાર મુશ્કેલી આવે છે. અને પછી દરેકને એક એક નેતરની સેટી અપાવી દેવી એટલે લડાઈમાં કંઈ વાંધો ન આવે!'

'કબૂલ, કબુલ. આજે બધાને ખુશ કરી દેવા છે.' ધમલો બોલ્યો, તે મને રૂપિયા આપી ગયો અને મેં પતરાંના દફતરમાં ચોપડી વચ્ચે ખૂબ સાવચેતીથી અવાજ ન થાય તેમ સંતાડ્યા પછી અમે તો નિશાળ માટે છૂટા પડ્યા. નિશાળે જઈ જોયું તો રજાના ભણકારા વાગતા હતા. આખા વાતાવરણમાં આનંદ હતોઃ મેં તપાસ કરી અને ખબર પડી કે મોટા માસ્તર માંદા હતા તે આજે મરી ગયા હતા. મારા ચહેરા ઉપર આનંદ ફેલાયો અમને થતું હતું કે હમણાં રજા પડશે પણ ત્યાં તો અંદર પુરાવાનો ઘંટ વાગ્યો!

પ્રાર્થના બોલાઈ, 'પ્રિયતમ પ્રભુ નમીએ આપને' એ અવાજથી આખી નિશાળ ગાજી ઊઠી. ખરેખર મને પ્રિયતમનો અર્થ ઘણા સમય પછી સમજાયો. હું યંત્રવત્ પ્રાર્થના બોલતો અને શા માટે બોલાય છે અથવા તો તેની શું અસર થાય છે તેનો પણ મને ખ્યાલ ન હતો. મારા જેવી દશા લગભગ આખા વર્ગની હતી. પ્રાર્થનાની અસર લગભગ કોઈ ઉપર ન હતી. ઘણા છોકરા બોલતા હોય અને સામસામા હસતા હોય. કેટલાક ખોટેખોટી આંખો મીંચી ઢોંગ કરતા હતા. હું પણ આજે આંખો મીંચી પ્રાર્થના બોલતો હતો. મોઢામાંથી શબ્દો ઝપાટાબંધ નીકળતા હતા પણ મન તો પૈસાની વ્યવસ્થા કરવા માટે રોકાયેલું. એવામાં ધમલે કાનમાં કહ્યું:

'ચિનાઈ, રજા કેમ ન પડી?'

પ્રાર્થના વખતે માસ્તર ઊભા હોય અને એ દરેકનું ધ્યાન રાખતા હોય, વાતો કરવાની સખત મનાઈ હતી. જો કોઈ વાત કરતો નજરે ચડે તો બરાબર હેરાન થાય! જવાબ દેવા માટે સામા માણસે સામું મુખ ફેરવવું પડે છે, પણ જો હું એમ જવાબ આપું તો માસ્તરની નજરે ચઢું એટલે મોઢું જાણે પ્રાર્થના કરતો હોઉં એમ સીધું રાખી, આંખો મીંચી મેં જવાબ આપ્યોઃ

'હવે છાનો મરને, હમણાં ખબર પડશે.' જવાબ દેવાની આ યુક્તિનો અમે વારંવાર ઉપયોગ કરતા અને ચારે જણા થોડી થોડી વાતો કરી લેતા. માસ્તર જાણતા કે અમે પ્રાર્થના કરીએ છીએ!

શું કેળવણીકારો આજે રસ્તો ભૂલ્યા નથી? ઊગતી પ્રજામાં નૈતિક બળના

દીવડા શું આવી રીતે તેઓ પ્રગટાવવા માગે છે? શુદ્ધ ઘીના પોષણ વિના એ દીવડા શું કદી પ્રગટશે ખરા? ભૂતકાળના આશ્રમમાં શું આવી પ્રાર્થના થતી હશે? ભૂલે છે! આજે કેળવણીકારો ભૂલે છે! બુદ્ધિ અને સત્તાનું ગુમાન રાખી તેઓ પોતાના જ પગ પર કુહાડો મારે છે! પોતાના જ પુત્રોને કચરી નાખે છે, કેળવણીકાર જ્યારે જ્યારે સત્તાનો ઉપયોગ કરે છે ત્યારે તે કેળવણીકાર મટી, જુલમગાર બને છે!

હજારો ને લાખો બાળકોનાં કોમળ જીવનમાં ઝેર ભેળવી તેમનું આખું જીવન બરબાદ કરનારા ગુરુઓ આજે નિશાળના દરેક ઓરડામાં વસે છે. એ પ્રેમની મૂર્તિ સમા નથી શોભતા, એ તો શોભે છે કોઈ કાળભૈરવની ભયંકર મૂર્તિ જેવા! ગુરુને જોઈ પ્રેમની ધારા છૂટવી જોઈએ. આજે પ્રેમને બદલે તિરસ્કાર વરસે છે. આચાર્યને જોઈ માથું પ્રેમથી ઢળી પડવું જોઈએ તેને બદલે છોકરાઓ માથું સંતાડી દે છે. અને તેની દષ્ટિમાંથી છટકવા પ્રયત્ન કરે છે. જે દેશમાં શિષ્ય અને ગુરુ વચ્ચે જ્યારે પ્રેમભાવ નષ્ટ થાય છે અને નવી સંસ્કૃતિ ઘડાવાને બદલે જે જૂની સંસ્કૃતિ હોય તે પણ નાશ પામે છે. દેશ ઉપર રાજ્ય કરતી પરદેશી સત્તાને આટલું જ જોઈએ છીએ એ તો જૂની સંસ્કૃતિ ભુલાવવા માગે છે. ગુલામીના પાયા ઊંડા ખોદવા માટે ગમે તે પરદેશી સત્તા પહેલી કેળવણી હાથમાં લે છે અને દેશના ઊગતાં વૃક્ષોનાં મૂળિયાં કાપી નાખે છે. તેમને વૃક્ષના રૂપમાં ઊગવા માટે ખાતર પૂરું નથી અપાતું અને પરિણામે દેશમાં વૃક્ષોને બદલે ચારે બાજુ નાના નાના છોડવાઓ નજરે પડે છે! અને કદી છોડવા છાંયડો અન હૂંફ આપી શકે ખરા?

અરે, આ તો હું આડે રસ્તે ચડી ગયો! કેળવણીકારો સામે મારાથી બોલાય? હવે મૂળ વાત ઉપર આવું. પ્રાર્થના પૂરી થયા પછી માસ્તર ગંભીર ભાવે બોલ્યા:

‘આજે મોટા માસ્તર મરી ગયા છે એટલે મેદાનમાં સૌએ ભેગા થવાનું છે અને પછી તમને રજા આપવામાં આવશે.’

આખા વર્ગે ગંભીરતા ધારણ કરી. થોડી વારમાં ઘંટ વાગ્યો અને દરેકના મનમાં આનંદ થયો. બહાર મેદાનમાં સૌ ભેગા થયા. ત્યાં એક માસ્તરે થોડું વિવેચન કર્યું, તેમનાં ગુણગાન ગાયાં. શું વિવેચન કર્યું તે યાદ નથી પણ તેના છેલ્લા શબ્દો યાદ છે!

‘હવે સૌ આંખો બંધ કરો અને એમ મિનિટ સુધી એમ બોલો કે પ્રભુ, એમના આત્માને શાંતિ આપો.’

અમે સૌએ આંખો બંધ કરી અને પ્રાર્થના કરી કે ‘પ્રભુ, તેમના આત્માને

શાંતિ આપો.' શું આ પ્રાર્થનાની પાછળ ગંભીરતા હતી? હું તો નથી માનતો પ્રાર્થના પૂરી થઈ અને તરત જ ભુદરિયે મને પૂછ્યું:

'વજીયા, 'આત્માને શાંતિ આપો' એટલે શું?'

ખરું પૂછો તો મને જ ખબર ન હતી! ભુદરિયાના પ્રશ્નથી હું સહેજ મૂંઝાયો અને કંઈક જવાબ શોધી કાઢવા માટે વિચારમાં પડ્યો પણ એવામાં તો ભાયલે જ ભુદરિયાની શંકા ભાંગી નાખી તેણે કહ્યું:

'લે, એટલું પણ નથી સમજતો? માણસ નરકમાં જવાનો હોય પણ આપણે એમ કહીએ કે 'પ્રભુ તેના આત્માને શાંતિ આપે.' તો તે માણસ સ્વર્ગમાં જાય! માસ્તર નરકમાં ન જાય એટલા માટે આમ બોલાય છે!'

'ઠીક, હવે સમજ્યો!' ભુદરિયે શાંતિથી જવાબ આપ્યો. ભાયલાની વાત તેના ભોળા ભેજામાં તરત જ ઉતરી ગઈ. મને પણ લાગેલું કે ભાયલો કહે છે તે સાચું કહે છે. માસ્તરને ત્યાં અશાંતિ મળતી હશે ત્યારે જ શાંતિ આપવા માટે પ્રાર્થના થતી હશે!'

જાણે કોઈ મરી જ ન ગયું હોય એવો આનંદ સૌના ચહેરા ઉપર છવાઈ રહ્યો!

'આજે બપોરે સૌએ ઓટલા ઉપર ભેગા થવાનું છે.' ચિનાઈએ વાત કરી, કારણ કે પૈસાની વ્યવસ્થા તેના હાથમાં આવી હતી.

'શા માટે?' ભુદરિયે પ્રશ્ન પૂછ્યો.

ત્યાં આવ્યા પછી વાત, પણ સૌ માથે ટોપી પહેરીને આવજો.' ચિનાઈએ ખુલાસો કર્યો. ટોપી પહેરવાનું એટલા માટે કહ્યું કે બજારમાં જવાનું હતું અને બજારમાં જવાનું હોય ત્યારે અમે ટોપી પહેરીને જતા, સદ્‌ગૃહસ્થ બનતા, નહીંતર કોઈને શંકા આવે કે આ તો રખડુના સરદાર છે.

શેરી આવી પહોંચી, સૌ છૂટા પડ્યા અને હું ઘેર આવ્યો ત્યાં તો મારી બા બોલી ઊઠ્યાં, 'કેમ પાછો આવ્યો?' એના મનમાં એમ કે હું વગર રજાએ નાસી આવ્યો હોઈશ પણ મારી છાતીમાં જોર હતું તેથી મેં આનંદ સાથે જવાબ આપ્યો:

'બા, મોટા માસ્તર મરી ગયા એટલે રજા પડી!'

'સાચું બોલે છે કે ખોટું?' મારી બાને શંકા આવી.

'પણ હું ખોટું જ ક્યા બોલું છું!' મેં ઠાવકાઈથી જવાબ આપ્યો.

એ વાત તો પતી ગઈ અને હું બહાર નીકળી આવ્યો અને જોયું તો બધા સદ્‌ગૃહસ્થોના પોષાકમાં તૈયાર હતા! મારા ખિસ્સામાં રૂપિયા હતા તે મેં ધમલાને આપી દીધા. ધમલો આજે ચીનનો શાહુકાર હતો હું તેનો મુનીમ બન્યો હતો. આખી મંડળી વાતો કરતી ઊઠી. આગળ હું. ધમલો અને છગનો છટાથી ચાલતા

હતા અને અમારી પાછળ બીજા છ-સાત મિત્રો પણ આનંદ કરતા કરતા ચાલ્યા આવતા હતા. દરેક સભ્ય સમજી તો ગયો હતો કે વરઘોડો આનંદ કરવા જાય છે. ધમલો વરઘોડામાં સરદાર તરીકે શોભતો હતો. ટૂંકમાં એને લીધે જ આ જાન તૈયાર થઈ હતી; પાસે જ ચિનાઈ માથા ઉપર જેમતેમ ટોપલું ઘાલી અણવરની જેમ ચાલતો હતો. બજારમાં સૌ આવી પહોંચ્યા. એક દુકાને સૌ અટક્યા. ચિનાઈએ હુકમ કર્યો,

'ચામડાના કડીવાળા પટ્ટા બતાવો!'

દુકાનદાર ઊઠ્યો અને પટ્ટા બતાવાયા. ધમલે જોયા, ચિનાઈએ પણ તપાસ્યા અને છગનાનો મત પૂછ્યો, આખરે ત્રણે જણાની સંમતિથી માલ ખરીદવામાં આવ્યો. પૈસા રોકડા ચૂકવી દીધા, કારણ કે અમે કદી ઉધાર માલ લેતા નહીં! સૌએ કમ્મર ઉપર પટ્ટા બાંધી લીધા, નાડીવાળી ચોરણી ઉપર ચામડાના પટ્ટા બંધાયા; ભુદરિયે ધોતિયું પહેર્યું હતું તો પણ પટ્ટો ધોતિયા ઉપર બાંધ્યો અને નવો આનંદ અનુભવ્યો. પટ્ટા બાંધવાથી અમે જરા સત્તાશીલ બન્યા હોઈએ એવું લાગ્યું.

'ચિનાઈ, હજી સીટી લેવી તો રહી ગઈ!' ધમલો જરા ઉતાવળ કરતો હતો. મેં જવાબ આપ્યો, મારા જવાબમાં કોઈ રાજાના દીવાન જેટલું જોર હતું.

'જરા ધીમો પડ, લેવાશે, બધુંય લેવાશે; કંઈ ઉતાવળ નથી!' તરત બીજી દુકાનેથી નેતરની સોટીઓ અને દરેક જણ માટે સીટી ખરીદ કરી દરેક જણ હાથમાં સોટી આવવાથી જોરમાં આવી ગયું!

હથિયાર હાથમાં આવવાથી ગમે તેવો નબળો માણસ પણ જરા હિંમતમાં આવી જાય છે. આ વસ્તુઓની ખરીદી થઈ ગઈ કે તરત જ એક બીજી વસ્તુ પર ધમલાનું ધ્યાન પડ્યું:

'ચિનાઈ, દરેક માટે ઘડિયાળ લેવી છે! ધમલે પોતાનો વિચાર દર્શાવ્યો. મારે તો ધમલાનું માન જાળવવું જ જોઈએ. મેં દુકાનદારને કહ્યું:

'સાત ઘડિયાળ લાવ.'

દરેકના કાંડા ઉપર ઘડિયાળ શોભવા લાગ્યું, પણ એ ઘડિયાળ એવું સરસ હતું કે તેના કાંટા જરા પણ ચાલવાની તસ્દી લે તેવા નવરા ન હતા! વર્ષો સુધી કદાચ એ ઘડિયાળ પણ રહ્યું હોય તો પણ તેના ટાઇમમાં ફેરફાર ન થાય. બનાવનારે અંદર લોખંડના ઝીણાં કાંટા નહોતા નાખ્યા, રૂપાના કે સોનાના પણ નહોતા. કાંટા અને આંકડા એક જ કાગળ ઉપર છપાયેલા હતા. આવું અમૂલ્ય, શહેનશાહ પણ ન બાંધી શકે એવું, કિંમતી ઘડિયાળ આજે ધમલે બધાને ભેટ આપ્યું. ધમલાની ઉદારતા ઉપર સૌ ખુશ થઈ ગલેયા; ધમલાની 'વાહવાહ'

બોલાવી, રમવા માટે ધમલાની મરજીથી એક બીજો પટ્ટો લીધો, એ પટ્ટો ગળે બાંધવાનો હતો. ધમલાને ગળે નહીં પણ ધમલાને પ્રિય એવી 'ઉરૂરી'ના રેશમ જેવા સુંવાળા ગળા માટે એ પટ્ટો હતો.

'ચિનાઈ, હાલો હવે હૉટેલમાં.' ધમલો પોતાના મૂળ સ્વભાવ પર આવ્યો.

'હા, ચાલો.' ચિનાઈએ જવાબ આવ્યો. સૌ જરા આગળ ધપ્યા અને એક દુકાન આગળ અટક્યા, ચિનાઈએ બોર્ડ વાંચ્યું:

'શ્રી હનુમાન વિજય હિન્દુ હૉટેલ.'

* * *

૧૪ રજાનો સદુપયોગ

એક પછી એક સૌ હૉટલના અંધારિયા ખૂણામાં ભરાઈ ગયા અને ખૂણામાંથી ધમલાનો સત્તાભર્યો હુકમ છૂટ્યો.

'સાત સ્પેશિયલ!'

હૉટેલમાં બે-ત્રણ જાતની ચા થાય છે. તેમાંથી ઊંચી જાતની ચા ધમલે મંગાવી. એ વખતે હું 'સ્પેશિયલ'નો અર્થ જરાપણ સમજતો ન હતો. ચા પીતી વખતે એવો અપૂર્વ આનંદ થતો હતો કે ન પૂછો વાત. ચાથી ભરેલી પિત્તળની રકાબીઓ હોઠ આગળ કોઈ કોઈ વાર અટકી જતી અને વાતો ચાલતી. કોઈને ઘેર ચા થતી નહીં એટલે ચા પીવામાં ખૂબ મજા આવતી. હૉટલમાં તો ખરાબ જ માણસો જાય અને ત્યાં જઈએ તો વટલાઈ જઈએ એવું વાતાવરણ ઘરમાં હતું. ચા પીધા પછી ધમલે ત્યાં કામ કરતા છોકરા પાસે સિગારેટ અને પાન મંગાવ્યા. બે-ત્રણ પાનમાં તમાકું પણ નખાવી હતી. એ જ ખૂણામાં સિગારેટના ધુમાડા નીકળવા લાગ્યા. ભુદરિયો પાન ચાવતો બેઠો હતો. આનંદથી વાતો કરતા હતા ત્યાં છગનો બોલ્યો:

'ચિનાઈ, તું કેટલો વખત ધુમાડો છાતીમાં રાખી શકે છે?'

મોઢાના એક ખૂણામાં સિગારેટ રાખીને ચિનાઈએ જવાબ આપ્યો:

'તું કેટલો વખત ધુમાડો રાખી શકે છે?'

'આપણે બન્ને સાથે લઈએ અને જોઈએ કે કોણ જીતે છે!' છગને આંગળી વચ્ચે સિગારેટ રાખી જવાબ આપ્યો. જવાબ આપતી વખતે તેના મોઢામાંથી ધુમાડા નીકળતા હતા. છગનો બીડી પીવાની કળામાં બહુ જ પ્રવીણ હતો. સળગતી બીડી મોઢામાં રાખી, બીડીના પાછલા ભાગમાંથી થોકબંધ ધુમાડાના

ગોટેગોટા કાઢતાં મને છગને શીખવેલું!

અમે બન્નેએ શરત કરી. છગનો વધારે વાર ધુમાડો પોતાની છાતીમં રાખી શક્યો! તે દિવસે હું નાકમાંથી ધુમાડા કાઢતાં શીખ્યો. અને તે પણ છગને શીખવ્યું. તેણે શિખામણ આપી કે, પહેલાં ફૂંક લઈ ધુમાડો મોઢામાં ભરવો, પછી મોઢું બંધ કરવું અને નાકથી શ્વાસ છૂટો મૂકી દેવો! પણ આમ કરતાં માથામાં ધુમાડો ચડી ન જાય તે ધ્યાનમાં રાખવું.' પહેલા પ્રત્યત્ને હું ખૂબ હેરાન થયો પણ બે-ત્રણ વાર પછી એ કળા હાથ લાગી ગઈ. છગનો તો એટલો બધો બાહોશ હતો કે અમે જે નસકોરામાંથી ધુમાડા કાઢવાનું કહીએ તે નસકોરમાંથી ધુમાડા કાઢી શકતો. વાતો કરતાં કરતાં પણ કાઢી શકતો. અને બીજી ઘણી યુક્તિઓ આ બાબતમાં જાણતો.

હાલો, હવે ઊઠીએ. ધમલો બોલ્યો અને તેની સાથે સૌ ઊઠ્યા, જેમ કોઈ સભાના પ્રમુખ ઊઠે કે તરત જ બીજા બધા ઊઠે તેમ! ધમલો આજે બહુ સુંદર લાગતો હતો; હાથમાં નેતરની સોટી હતી. કાંડા ઉપર અમૂલ્ય ઘડિયાળ શોભી રહી હતી અને માથે કાળી ટોપી! ઘડિયાળે તો તેની શોભા ખૂબ વધારેલી; હોઠ લાલચોળ હતા. ભાયલાના હોઠે તો અજબ સૌન્દર્ય ધારણ કરેલું. કાળા મુખ વચ્ચે લાલ હોઠ બહુ જ સુંદર લાગતા હતા. તેના હાથમાં પણ ઘડિયાળ અને સોટી સરસ લાગતાં હતાં. ભુદરજીનું વર્ણન અસ્થાને છે; તેને જોઈને જ ધમલાને હસવું આવતું. એ બોલે તો પણ ધમલો હસે. પણ ધમલાને ખબર નહીં કે ભુદરજીના જીવન પાછળ કરુણ કથાઓ છુપાયેલી હતી. ધમલાને ખબર નહીં કે ભુદરિયાને દુઃખ દેવામાં, તેને હેરાન કરવામાં એક સ્ત્રીના કેટલાક ભયંકર પ્રયોગો હતા. ભુદરિયો પોતાની જાતને આ પૃથ્વી ઉપર નકામી ગણતો હતો. એ ઘણીવાર ચોધાર આંસુએ રડતો અને ચિનાઈને પણ રડાવતો હતો. ભુદરિયાની નવી બા તેને રોટલી ઉપર ઘી પણ ન આપતી. કપડાં તો ફાટેલાં હોય! અને પગમાં કદી જોડા હોય તો તે પણ મૃત્યુને કાંઠે પહોંચેલા.

બજારમાં ટહેલતાં ટહેલતાં બજારને છેડે એક દુકાન આગળ ધમલો અટક્યો. તડકો પડતો હતો એટલે ધમલાનો વિચાર જરા પેટમાં ઠંડક વાળવાનો હતો. આઇસ્ક્રીમ અને શરબત સિવાય શહેરમાં ખરે બપોરે બીજું શું મળે? એ દુકાનમાં ગયા સિવાય છૂટકો જ ન હતો; આખરે અમારે જવું પડ્યું પણ અંદર જતાં જ તેથી બમણો આનંદ થયો. કાચના પ્યાલા, નાની નાની રકાબીઓ અને રકાબીઓ શોભે તેવી આઇસ્ક્રીમ ખાવાની ચમચીઓ જોઈ, સોડા-લેમનની (શીશીઓ) બાટલીઓ જોઈ, ભીંત સામે નજર કરી, ઘણી જાતનાં ચિત્રો જોયાં.

લાલ, પીળા અને લીલા રંગવાળા સરબતથી ભરેલા શીશા જોયા. અમે દાખલ થયા કે બધાની દૃષ્ટિ અમારી ટોળી ઉપર પડી દરેકના હાથમાં નેતરની સોટી જોઈ, સૌ કોઈ અમારી સામે જોઈ રહે તેમાં કાંઈ નવાઈ જેવું નથી! નિયમ મુજબ અમે એક ખૂણામાં ભરાયા. ભુદરિયાના જીવનમાં આ પહેલો જ પ્રસંગ હતો એટલે તે જરા શરમાતો હતો. અને મારી પાસે જ બેસતો. ઘણી વાર તો હસવું આવે તેવા પ્રશ્નો પૂછતો. સામે અરીસા ગોઠવેલા હતા. એમાં સાત માનવીનાં માથાં દેખાતાં. સૌ હસતા હતા. દરેકના મુખ ઉપર તેજ હતું.

ભુદરિયો કાંડા ઉપર બાંધેલ ઘડિયાળ સામું જોતો અને હરખાતો ઘડિયાળ જોવાની છટા છે, એ છટાથી મારું કાંડું આંખ સમક્ષ લાવતો અને ખોટી ઘડિયાળને સાચી માની વખત જોતો, મૂછો ન હતી છતાં મૂછો છે એવી કલ્પના કરી મૂછોને વળ દેવાની જેવી મજા અમે માણતા તેવી જ મજા આ ઘડિયાળ જોવામાં આવતી.

બાદશાહ જેમ હજુરિયાને હુકમ કરે તેમ ધમલે પાસે ઊભેલ છોકરાને હુકમ કર્યો:

'સાત લેમન આવે.'

અમે પણ છાતી કાઢીને જ બેઠેલા, ધમલે હુકમ કર્યો અને બધાની આંખો પ્યાલા ભરાતા હતા ત્યાં ગઈ. એ આંખોમા તરસ હતી. કદી નહીં માણેલો એવો આનંદ અમારે જોઈતો હતો, માબાપ અને માસ્તરના અતિ દબાણમાંથી કેમ છૂટવું અને કેમ લહેર કરવી તે હવે જાણી લીધું અને એ જાણ્યા પછી અમે લગામ વિનાના ઘોડા જેવા હતા.

સાતે પ્યાલા ટેબલ ઉપર ગોઠવાઈ ગયા. પ્યાલા નીચેથી ઝીણા ઝીણા પરપોટા ઉપર પસાર થતા હતા અને ઉપર આવી ફૂટી જતા. કોઈ દિવસ ભુદરિયે લેમન પીધેલી નહીં, એ તો પાણીના પ્યાલાની જેમ બે ઘડીમાં ગટગટાવી ગયો અને બાઘાની જેમ દુકાનની ભીંત ઉપરનાં ચિત્રો નીરખતો બેઠો!

'ભુદરિયા, આટલી વારમાં લેમન પી લીધી?' ધમલે પૂછ્યું.

'ત્યારે લેમન પીતાં શું આખો દિવસ જોઈએ!' ભુદરિયો બોલ્યો.

'હા...હા...હા...હા, અરે ભૂત, ઘૂંટડે ઘૂંટડે પીવામાં મજા છે.' ધમલે કહ્યું.

પહેલાં તો તે ભુદરિયાનો જવાબ સાંભળી હસી પડ્યો અને પાછળથી લેમન પીવાની રીતભાત કહી ધમલો પૂરેપૂરો અનુભવી હતો.

લેમન ખલાસ કર્યા પછી આઇસ્ક્રીમ પણ ઉડાવ્યો. મેં આવી મજા તો પહેલી જ વાર કરી. પછી તો પેટમાં બહુ જગ્યા ન હતી એટલે ઊઠ્યા. પૈસા ચૂકવી બહાર આવ્યા. બજાર વચ્ચે તો સિગારેટ ન પિવાય એટલે સિગારેટની બે પેટી

લઈ ધમલે ખિસ્સામાં મૂકી અને સિગારેટ પીવા પાસેના બગીચામાં જવું એમ નક્કી થયું. આઇસ્ક્રીમ અને લેમનનાં વખાણ કરતા બગીચા આગળ આવી પહોંચ્યા.

એક અવાજ સાંભળી ધમલાના કાન ચમક્યા, તેની નજર ત્યાં ગઈ અને એક જ ઘડીમાં તેણે નિશ્ચય કરી લીધો અને મને જણાવ્યો. એ અવાજ આ રહ્યો, બહુજ પરિચિત છે, સ્ટેશન ઉપર ઘણી વાર સંભળાય છે: 'ચેવડો મસાલેદાર.'

આ અવાજ સાંભળી કોણ નથી ચમકતું? ધમલાની તો ફરજ હતી કે તેણે એ અવાજ ઉપર ધ્યાન આપવું જ જોઈએ!

'ચિનાઈ, બસેર ચેવડો લઈ આવ.' ચીનના શાહુકારે હુકમ કર્યો.

ખરેખર આજ ધમલો બદલાઈ ગયો હતો. પૈસા પાસે આવવાથી કોણ નથી બદલાતું? હું ધમલાનો હુકમ માથે ચઢાવી ચેવડો લેવા ગયો. ચેવડો જોખાતો હતો ત્યાં બધા આવી પહોંચ્યા અને ચેવડાવાળાની રેકડી આસપાસ ગોઠવાઈ ગયા. ભુદરજીની આંખો ચેવડાનો થાળ જોઈ ચકળવકળ થતી હતી. ચેવડાવાળે પ્રમાણમાં ચટણી નાખી પણ ધમલાને કંઈ ઓછી લાગી હોંય તેથી તે બોલ્યો, બાદશાહી રીતે.

'જરા ચટણી તો વધારે નાખ!'

'ચટણી બરાબર છે, વધુ નહીં આવે.' ચેવડાવાળે જવાબ આપ્યો.

'બે પૈસા વધારે લેજે પણ ચટણી તો જોઈએ.' ધમલો બોલ્યો.

મેં તેના સામું જોયું તો તેના મુખ ઉપર પૈસાની ખુમારી હતી. હાથમાં નેતરની સોટી આમતેમ ફરતી હતી. અને વાંકી ટોપી પહેરીને ઊભેલો ધમલો આજે ઉદાર બન્યો હતો. ધોતિયા ઉપરનો પટ્ટો ખસી જતો તે વધારે મજબૂત બાંધવા ભુદરિયો પ્રયત્ન કરતો હતો.

ચેવડાવાળાને પૈસા ચૂકવ્યા. ચટણીના બે પૈસા પણ વધારે આપ્યા. તે ચટણી આંબલીની બનાવેલી હતી. ધમલાની તે પ્રિય વસ્તુ હતી અને મને તો ખૂબ ભાવતી હતી. એટલે બે તો શું ચાર પૈસાની લે તો પણ મારે કાંઈ વાંધો ન હતો.

હાથમાં ચેવડાનું પડીકું લઈ, ધીમે ધીમે સીટી વગાડતો ધમલો અને બીજા બધા બગીચામાં દાખલ થયા. અમે કદી બગીચાની વચ્ચે બેસતા નહીં, ગમે તેવી રીતે એકાદ ખૂણો શોધી કાઢતા કે જેથી કોઈ અમારી પાસે આવી ન ચડે! એક વિશાળ લીંબડાના છાંયડા નીચે ચેવડાનું પડીકું ખોલાયું આસપાસ સાત જણા ગોઠવાઈ ગયા. ધમલાનો હાથ પહેલાં ચટણી ઉપર પડ્યો અને ચાખ્યા પછી બોલ્યો:

'કેમ ચિનાઈ, ટેસદાર છે?'

'બહુ સરસ છે.' હું જવાબ આપવા તૈયારી કરતો હતો ત્યાં ભુદરિયો બોલી ઊઠ્યો, ભુદરજીનો શોખ અજબ હતો. એ નામદાર ચેવડામાંથી શિંગો વીણી વીણીને ચટણી સાથે ખાતા હતા. ચટણી બધાને બહુ પસંદ પડી.

'હજી તો ગોવિંદનાં ભજિયાં નહીં ખાધાં હોય!' બધાએ ધમલા સામે જોયું. ધમલાના મુખ ઉપર અનુભવની છાપ હતી. ગોવિંદ કરીને એક બ્રાહ્મણ સરસ વડાં-ભજિયાં બનાવતો હતો, તેની વાત ધમલો કરતો હતો. મને લાગ્યું કે હજુ આ ધમલાજી ધરાયા લાગતા નથી મારું પેટ તો સજ્જડ થઈ ગયેલું. ભાયલો નાડી સહેજ ઢીલી કરતો હતો અને ભુદરિયો પણ કંઈ પટ્ટો ઢીલો કરતો હોય એમ લાગ્યું. આ બાબતમાં ધમલો અમારા કરતાં ખૂબ આગળ વધી ગયેલો! મારકીટમાંથી તરબૂચ ચોરતાં પણ તેણે શીખવેલું. પણ એમ તરબૂચ ચોરતાં એક દિવસ હું બરાબર પકડાઈ ગયેલો. જેવો મને પકડ્યો કે ધમલો મારકીટમાંથી પસાર થઈ ગયેલો. મને તો તરબૂચ વેચનાર વાઘરીએ ઠીક ઠીક ટોપરાપાક આપેલો. બહાર આવી મેં ધમલાને પૂછ્યું:

'તું ભાગી કેમ ગયો?'

'અરે ચિનાઈ, આવું થાય ત્યારે છટકી જવામાં જ મજા છે. જે પકડાય તે માર ખાય!'

ધમલાના સિદ્ધાંતો મારે ગળે ઊતરી ગયેલા, પણ એક દિવસ તે સિદ્ધાંત તેને જ ભારે પડેલો અને ધમલો મારો કટ્ટો દુશ્મન બની ગયેલો, પણ હજી એ પ્રસંગને વાર છે. ધીમે ધીમે ચાલ્યો આવે છે.

તે દિવસે ગોવિંદના ભજિયાં ખાવાનું અટક્યું, કારણ કે કોઈની ઇચ્છા કંઈ પણ વસ્તુ વધુ લેવાની ન હતી. ચેવડો પૂરો થયો અને હવે શું કરવું એ વિચારમાં ધમલો પડ્યો. બગીચાના દરવાજા છોડ્યા અને રસ્તા ઉપરથી એક ગાડી પસાર થતી જોઈ. એ ગાડી ધીમે ધીમે આગળ જતી હતી, અંદર બૅન્ડ વાગતું હતું અને પાછળ એક માણસ કંઈ લીલા-પીળા કાગળિયા જે આવે તેને આપતો હતો. ગાડીને જતી જોઈ ધમલો એક કાગળિયો લઈ અમારી પાસે આવી પહોંચ્યો તે ઉલ્લાસભેર બોલ્યો:

'આજે દિવસનો ખેલ! ચારથી છ!'

કઈ ફિલ્મ હતી તે ખ્યાલ નથી પણ અમારે સિનેમા જોવા જવું એમ નક્કી થયું. હજી ઘણો વખત હતો અને સાંજે બરાબર વખતસર પહોંચી જઈશું એવી ધમલાની ગણતરી હતી. મારા અને ભુદરિયાના જીવનમાં ફિલ્મ જોવાનો પહેલો જ પ્રસંગ હતો. ફિલ્મ જોવાનું તો ખૂબ મન થતું પણ કોઈ લઈ ન જતું એટલે

અમે ફિલ્મનાં ચિત્રો જોઈ આનંદ પામતા. પણ આજે એ ઇચ્છા પાર પાડવાની હતી, આનંદની છોળો ઊડતી હતી. આટલો આનંદ કર્યા પછી સિનેમા જોવા જવું એ અમારા આનંદની અવધિ હતી.

'ચિનાઈ, જરા ઉતાવળે પગલે ચાલો.' ધમલે સલાહ આપી. અમારો વરઘોડો સિનેમા આગળ આવી પહોંચ્યો. છગનો સેકન્ડ ક્લાસની ટિકિટ લઈ આવ્યો અને અમે અંદર એક ખૂણામાં ભરાયા. મારી આંખો ભૂખી હતી હું આગળ-પાછળ ઊંચે-નીચે બધે જોયા કરતો હતો, પડદા ઉપર પણ ખૂબ આતુરતાથી નજર ફેંક્યા કરતો હતો. એનો એ પડદો વારંવાર જોવામાં પણ ખૂબ મજા આવતી હતી. શરૂ થવાને કેટલીક વાર છે તે જોવા માટે હું અને ભુદરિયો વારંવાર ઘડિયાળ સામે જોયા કરતા, ચિનાઈશીંગ અને સોડા લેમનના અવાજથી થિયેટર ગાજતું હતું.

સિનેમાં શરૂ થયું, જાહેરખબરો પણ ખૂબ રસથી વાંચી. તે દિવસે તો સિનેમાની દરેક ઝીણી ક્રિયામાં અપૂર્વ રસ આવતો હતો. ધમલો, ભાયલો, છગનો વગેરે સૌ મોગલ શહેનશાહની જેમ બેઠા હતા. ગૌહરનું નામ મેં પહેલી વાર ત્યાં જાણ્યું અને મને નવાઈ લાગી કે આ બાઈ જીવતી છે કે કોઈ પૂતળી, કારણ કે મારી કલ્પના સિનેમા વિશે કંઈક જૂદી જ હતી. અને એ વખતે બરાબર ખ્યાલ નહીં કે સિનેમાની ફિલ્મ તૈયાર કરવામાં જીવતા જાગતા માણસો કામ કરતા હશે!

ચિનાઈશીંગ પૈસા પૈસાની દરેકને આપવામાં આવી!

સિનેમા પૂરો થયો. અમારો રખડવાનો દિવસ પણ પૂરો થતો હતો. મોટા માસ્તર સ્વર્ગવાસી થયા છે એ તો અમે સૌ ભૂલી જ ગયા. તે દિવસ પછી સિનેમાનો ચટકો એવો લાગ્યો કે એક દિવસ 'ચિનાઈશીંગ' અને 'સોડાલેમન'ની બૂમો પાડવામાં પણ હું હતો. સિનેમા શરૂ થાય એટલે એક ખૂણામાં બેસી જવું અને જ્યારે એક ભાગ પૂરો થાય એટલે ફરી બૂમ પાડવી, 'સોડાલેમન' બૂમ પાડતી વખતે. મારું ધ્યાન આસપાસ બધે રખડતું હોય, કારણ કે કોઈ ઓળખીતો મળે તો ભૂંડા હાલ થાય. ઓળખીતાઓનું એ જ મોટું દુ:ખ! ગમે ત્યાં ભેગા થાય અને હેરાન કરે! શનિ કે રવિવારે દિવસના ખેલમાં હું સોડાલેમન વેચવા પહોંચી જતો!

* * *

૧૫ છગનાની આખરી વિદાય

આખો દિવસ પૂરો થયો, ખૂબ આનંદ કર્યો હતો અને આનંદ પછી જ્યારે ઘર યાદ આવતું હોય ત્યારે આનંદ ઊડી જતો, અને બે ગંભીર ચહેરા આંખ આગળ ધમકી દેતા આવી ઊભા રહે! સાંજે વખતસર અમે પહોંચી ગયા. આવતી કાલે પણ આનંદ કરવા જવું છું એવો નિશ્ચય કરી સૌ છૂટા પડ્યા. પૈસા હજી ઘણા હતા અને કોઈ પણ ઉપાયે તેને પૂરા કરવા જ જોઈએ! પૈસા એ વાપરવાની વસ્તુ છે એમ ધમલો સારી રીતે જાણતો હતો, ક્યાં વાપરવા અને કેવી રીતે વાપરવા એ બતાવનાર તો પૈસા મળ્યા પછી ઘણાય મળી રહે છે. પૈસો મેળવવો તે અતિશય અઘરી વસ્તુ છે પણ મારે માટે અને ધમલાને માટે એ સહેલામાં સહેલી વસ્તુ હતી એટલે જ અમે બીજા પાંચ દિવસ સુધી આઇસ્ક્રીમ અને શરબત ઊડાવ્યા પણ છઠ્ઠો દિવસ બહુ ભયંકર નીકળ્યો, બહુ ભયંકર!

આઇસ્ક્રીમવાળાને હવે ખાતરી થઈ ગયેલી કે આ લોકો નિયમિત આવનારા છે તેથી અમારા પ્રત્યે તે માયાળુ વર્તન રાખતો હતો. છઠ્ઠે દિવસે તેની પાસે ગયા તે પહેલાં અમે એક બીજી દુકાને જવાનો વિચાર કર્યો. ચંદુડો માથે બાબરી રખાવતો અને સુંદર પટિયાં પણ ઘણીવાર પાડતો. મારા બાપુજી આવા વાળ રખાવવાની તદ્દન વિરુદ્ધ! તેમને આ બાબત ઉપર બહુ જ તિરસ્કાર અને જ્યારે હું વાળ કપાવવાનું પૂછતો ત્યારે તે એક જવાબ દેતા:

'તને એવા ભીંથરા ગમે છે કેમ? આપણે મુસલમાન નથી થવું! નાસ્તિક હોય એ જ વાળ રખાવે, આપણું કામ નહીં!' આ જવાબ સાંભળી હું મનમાં સમસમી જતો અને નિરાશ થઈ બેસી જતો!

દુકાનનું પાટિયું વાંચી અમે સૌ અંદર ઘૂસ્યા આજે અમારે વાળ કપાવવા

હતા. થોડા થોડા વાળ દરેકને માથે હતા પણ તેમાં જરા સુધારો કરાવવો હતો. અંદર જઈ અમે સાતે જણા બેઠા. અરીસા, ખુરશી અને જુદાં જુદાં રંગની તેલની શીશીઓ, ફોટાઓ વગેરે જોઈ અમે ખુશ થઈ ગયા. પહેલાં ધમલો તૈયાર થઈ ગયો. તે રૂવાબથી બોલ્યો.

'પટિયા પડે તેવા વાળ કાપી દો.'

હજામ જરા હસી પડ્યો પણ તેણે પોતાનું કામ શરૂ કર્યું. ધમલો ટટ્ટાર બેઠો તેના ગળે રૂમાલ બાંધવામાં આવ્યો અને રૂમાલ પર ઝીણા ઝીણા વાળના કટકા પડવા લાગ્યા. જેમ કોઈ શિલ્પી પથ્થરમાંથી મૂર્તિ કોતરતો હોય અને આસપાસ પથ્થરની કટકીઓ ખરી પડતી હોય તેમ ધમલાના વાળની ઝીણી ઝીણી કટકીઓ ગળે બાંધેલા ટુવાલ ઉપર પડતી હતી અને ધમલો પોતાના સ્વરૂપવાન થતા જતા ચહેરાને અરીસામાં નિરખતો હતો. ધમલો બદલાતો હતો અને થોડીવારમાં આખો ચહેરો બદલાઈ ગયો અને ધમલાના ચહેરા ઉપર અમીરાઈ ખીલી ઊઠી! વાળ કાપનારે સુગંધી પાઉડર ચહેરા ઉપર લગાવ્યો, વાળ ઓળ્યા અને ધમલો સિંહાસનેથી નીચે ઊતર્યો. એક પછી એક અમારા ચહેરા પણ સુંદર બનાવવામાં આવ્યાં! પૈસા ચૂકવી બહાર આવ્યા. બહાર નીકળતી વખતે ભુદરિયે પાટિયું વાંચ્યું:

'ધી મહારાજા હેરકટીંગ સલૂન.'

અમે પણ મહારાજા જેવા જ શોભતા હતા. પછી તો અમારી જૂની થઈ ગયેલી દુકાને ગયા. સરબત અને આઇસ્ક્રીમ ખૂબ ઉડાવ્યો બબ્બેવાર તો આઇસ્ક્રીમ મંગાવ્યો અને લહેર કરી! આઇસ્ક્રીમ ખૂબ ખાતા હતા ત્યારે ધમલે મારા કાનમાં ધીમેથી વાત કરી, તેના ચહેરા ઉપર ગભરામણ હતી.

'ચિનાઈ, ખિસ્સામાં ફક્ત ચાર જ આના છે. હવે?'

ચમકાવે એવી જ મૂંઝવણ હતી. ધમલાને ખબર નહીં કે 'ધી મહારાજા હેરકટીંગ સલૂન'માં તિજોરીનું તળિયું દેખાઈ ગયેલું! મેં વિચાર કરી જવાબ આપ્યો અને તે ધમલાને પસંદ પડ્યો. મંત્રણા થઈ ગઈ. આખી ટોળી સમજી ગઈ. લહેર ઉડાવ્યા પછી ધમલો પાછળથી પૈસા ચૂકવતો હતો અને બીજા બધા નીચે ઊતરી એક પછી એક રવાના થતા. આ નિયમ મુજબ ધમલો ખિસ્સામાં હાથ નાખી પૈસા બહાર કાઢવા પ્રયત્ન કરવા લાગ્યો. મેં તેને ગંભીર મુખ રાખવાની ચેતવણી આપી હતી અમે સૌ ઊતરી ઊતરીને ઉતાવળે પગલે નક્કી કરેલા સ્થળે એકઠા થઈ ગયા. ધમલા માટે આ કટોકટીનો પ્રસંગ હતો. ધમલે ડોળ કર્યો, પૈસા કાઢતાં થોડી વાર લગાડી અને દુકનદાર જેવો બીજાના પૈસા લેવા માટે રોકાયો કે તરત જ ધમલે કૂદકો માર્યો અને પોતાની બે પગવાળી

મોટર મારી મૂકી! દુકાનદારને શી ખબર કે રોજ આવી, પ્રમાણિકપણે નાણઆં ચૂકવી જનાર સદ્‌ગૃહસ્થ આમ નાસી જશે! ધમલો દોડવામાં બહુ જબરો હતો. કહેવાય છે કે દુકાનદારે પોતાના માણસો તપાસમાં મોકલેલા પણ ધમલો તો આડે રસ્તે પસાર થયેલો, એમ તે એ હાથમાં આવે!

નદી કાંઠે શિવમંદિર હતું. ત્યાં અમે સિગારેટ ફૂંકતા બેઠા હતા અને આખી પરિસ્થિતિનો ગંભીરતાથી વિચાર કરતા હતા. જો ખબર પડશે અને ધમલો પકડાશે તો ધમલો માર ખાશે એટલું જ નહીં પણ આખું ભોપાળું કદાચ ફૂટી જશે! આવી રીતે ચિંતામાં ધુમાડો કાઢતા બેઠા હતા, એવામાં પરસેવે રેબઝેબ થયેલો, હાંફતો હાંફતો એક સૈનિક દાખલ થયો; મોટા ઉપરથી પાઉડર ધોવાઈ ગયો હતો અને ઘડી પહેલાંના એ શાહુકારને જોઈ ભુદરિયો બોલી ઊઠ્યો.'

'ધમલો આવ્યો!'

'હાશ' કહી ધમલો આરામ લેવા નીચે બેઠો. પછી શિવમંદિરના કૂવામાંથી તેને પાણી પાયું અને પછી ધમલે પોતાનો ઇતિહાસ કહ્યો. છગનો ઇતિહાસ સાંભળી ખુશ થઈ ગયો અને બોલ્યોઃ

'શાબાશ ધમલા, તેં તો આપણું નાક રાખ્યું!'

ધમલે એક શ્વાસ મૂકી જવાબ આપ્યોઃ

'અરે નાક તો ચિનાઈએ જાળવ્યું. તેણે રસ્તો ન બતાવ્યો હોત તો ભૂંડા હાલ થાત.'

ભુદરિયાને બોલ્યા સિવાય ન ચાલ્યું; તે નિરાંતે બોલ્યોઃ

'ના ના મને ખાતરી જ હતી કે ધમલો ભાગી જશે તો કંઈ વાંધો નહીં આવે!, કારણ કે જ્યારે જમણી આંખ ફરકે ત્યારે જરૂર ફાયદો થાય.'

'તારી પાસે કેટલા પૈસા છે?' ચિનાઈએ ધમલાને પૂછ્યું.

'ચાર આના. પણ મારો વિચાર છે કે આપણે કંઈ મંગાવીએ અને પછી વાડીમાં ફરવા જઈએ, ત્યાં જઈ આપણે મજા કરીશું.'

ચિનાઈ આ સાંભળી ચમક્યો; ધમલાના ચહેરા ઉપર જાણે કંઈ જ ન બન્યું હોય તેવા ભાવ હતા. એ ચાર આનાનો ઉપયોગ કરવા માગતો હતો. ખિસ્સામાં પૈસા પડ્યા રહે એ ધમલાને પસંદ ન હતું. કોઈ પણ રીતે એ ચાર આના વાપરવા માટે તૈયાર હતો. આખરે એક જણને ડુંગળી અને ગાંઠિયા લેવા મોકલ્યો. લીલીછમ વાડીઓમાં રખડવું અને આરામથી ઠંડકમાં બેસી ડુંગળી અને ગાંઠિયા ઉડાવવા એમ નક્કી થયું. કેટલી અજબ રચના! બાજરના કુત્રિમ વાતાવરણથી અમે કુદરતના ખોળામાં લહેર કરવા ઊપડ્યા. વાતોના ટોડા ઝીંકતા

અમે વાડીમાં આવી પહોંચ્યા. પણ જે વાડીમાં અમે પહોંચ્યાં ત્યાંથી અમને કાઢી મૂકવામાં આવ્યા; કારણ, અમારી કીર્તિથી તે વાડીવાળો પટેલ સાવધાન હતો. થોડા દિવસ પહેલાં ધમલો અને ભાયલો વાડીમાથી કોઈ માનવીની રજા સિવાય મૂળા ચોરી લાવેલા અને પાછા ફરતી વખતે પટેલે ઠીકઠીક ટોપરાપાક આપેલો.

કોઈ શિયાળામાં ટોપરાપાક ખાય, કોઈને અશક્તિ હોય ત્યારે વૈદ્ય ટોપરાપાક ખાવાની સલાહ આપે પણ અમારે માટે તો બારે માસ ટોપરાપાક ખાવાનું સરજાયું હતું. માસ્તર ગુસ્સે થાય ત્યારે માસ્તર અમારા હિતની ખાતર ટોપરાપાક આપતા. બા જ્યારે ગુસ્સે થાય ત્યારે તે પણ થોડો ચખાડે અને બાપા તો ચખાડે તેમાં નવાઈ નથી. બાપા પુત્ર ઉપર હુકમ ન ચલાવે તો બીજા કોના ઉપર હુકમ ચલાવે! પિતાપદ એટલે હુકમ, સત્તા અને શિખામણ.

'પડે સાલો ખાડામાં, હાલો આપણે બીજી વાડીએ જઈએ!' ધમલો ખીજાઈને બોલ્યોઃ તેને તો વાડીવાળાનો વાંક છે એમ લાગતું હતું. ભાયલો પણ આ વિચારને મળતો હોય એમ લાગ્યું!' તે બોલ્યોઃ

'પટલા સીધા હાલે જ નહીં, તેની જીભ એટલે કુહાડો!'

અમારી આગળ કુદરતે પોતાનો ખોળો પાથર્યો હતો, જાણે કોઈએ લીલીછમ શેતરંજી બિછાવી! આસપાસ મોટા વૃક્ષના પાંદડે પાંદડેથી શીતળતા ઝરતી હતી, પક્ષીઓ પણ એમને વધાવતાં હતાં. અને વાડીઓમાં કોસ હાંકવાનો અવાજ આવતો હતો. ધમલો ગાંઠિયા અને ડુંગળી લઈ આગળ ધપતો હતો. કેવી મજા! કેવો આનંદ! ક્યાં 'ધી મહારાજા હેર કટીંગ સલૂન' અને ક્યાં આ કુદરત! શહેર અને કુદરતનો કદી મેળ ખાય ખરો? જ્યાં શહેર વસે છે ત્યાંથી કુદરત દૂર અને દૂર નાસી જાય છે! કુદરત મસ્ત છે; એ એકલતામાં મજા માણે છે અને પોતાનાં વૃક્ષો, ઝરણાંઓ, નાના નાના છોડવાઓ અને સંગીત લલકારતાં પક્ષીઓ વગેરે સૌ કુદરતનાં મિત્રો છે. માનવી તેનો દુશ્મન છે; કુદરતને કાપી રહેવા માટે તે શહેર વસાવે છે! અને મોટાં શહેરોમાં કેવા પ્રકારનો આનંદ મળે છે તે તો અનુભવી જાણે! કપટ, લુચ્ચાઈ, નબળાને ચગદી નાખવા, ધાર્મિક અને રાજકીય કાવાદાવા, ગરીબોને ચૂસવા; મારામારી, ગંદકી અને રોગ બધુંય શહેરોમાં! કુદરત જ્યારે માનવીથી જુદી પડે ત્યારે માનવી કુદરતના નિયમોને ભૂલી ગયો. ભણતરને નામે લોહી ચૂસી લેતી સંસ્થાઓ પણ શહેરમાં! કુદરતવિહોણી કેળવણી એ તે કંઈ કેળવણી નથી પણ કાળ છે!

શહેરને છોડી અમે કુદરત પાસે ગયા હતા અને તેની પાસેથી અમને ખૂબ આનંદ મળતો હતો. એક મોટા વડ નીચે બેસી ડુંગળી અને ગાંઠિયા ઉડાવ્યા

એ ખાવામાં જે આનંદ આવેલો તે આનંદ આઇસ્ક્રીમ ખાવામાં ક્યાંથી આવે? નાસ્તો કર્યા પછી પાણી પીધું અને પછી વડ ઉપર ચડી સિગારેટ પીધી વડની ઘેરી ઘટામા જે આનંદ સિગારેટ પીવામાં આવેલા તે અદ્‌ભુત હતો.

'હાલો હવે હેઠા ઊતરીએ!' ભુદરિયો બોલ્યો. તે છેક નીચલી ડાળે બેઠેલો; ભાયલો અને ધમલો ખૂબ ઊંચે બેઠા બેઠા કંઈક લલકારતા હતા, છગનો વળી બીજી ડાળીએ બેઠો બેઠો સુપ્રસિદ્ધ 'મેરે મૌલા બુલા' એ નામની ગઝલ લલકારતો હતો. છગનો આજે ખૂબ આનંદમાં હતો. વડલાની ડાળી ઉપર બેસીને સંગીત લલકારવાની જે મજા આવે તે મજા કંઈ નિશાળની પ્રાર્થનામાં આવે ખરી? છગનાનો આનંદ આજે અદ્‌ભુત હતો. આજનો જેટલો એ કદી આનંદી ન હતો. તેની આંખમાં આજે ઘેરી મસ્તી હતી. તેના સંગીતથી આખો વડલો સજીવન બન્યો હતો. વડલા ઉપર શહેરમાંથી છટકી આવેલા સાત માનવીઓ આજે કિલ્લોલ કરતા હતા. છગનો એક ડાળીએથી બીજી ડાળીએ કૂદતો હતો અને વડના ટેટા ભુદરિયાના માથા ઉપર મારતો હતો અને ભુદરિયો ચિડાતો હતો. ભુદરિયો ચિડાય તેમાં છગનાને આનંદ આવતો હતો.

સૌ નીચે ઊતર્યા પણ એક વ્યક્તિ ધીમે ધીમે નીચે ઊતરતી હતી; થોડી વારમાં અમે બધા હસી પડ્યા, વડના થડ ઉપરથી પગમાં ધોતિયું ભરાયું અને ભુદરજી નીચે ગબડી પડ્યા! સદ્‌ભાગ્યે કંઈ ઈજા થઈ ન હતી. ઊભા થઈ તે પણ અમારી પાસે આી પહોંચ્યા અને અમે ઘર તરફ પ્રયાણ કર્યું. આજે અખૂટ આનંદ હતો. 'મેરે મૌલા બુલા' નું ગીત ગાતો ગાતો છગનો નાચ કરતો હતો અને અમે સૌ વાહ વાહ કરતા હતા. આવો આનંદ કદી કર્યો ન હતો. સાંજ પહેલાં અમારે ઘેર પહોંચી જવું જોઈએ, પક્ષીઓ જેમ.

ઉલ્લાસ અને આનંદ કરતા કરતા અમે નદી આગળ આવી પહોંચ્યાં. નદીને વટાવી અમે શિવમંદિર આગળ આવ્યા. છગનાનો આનંદ વધતો જતો હતો. મંદિરથી થોડે દૂર બધા પેશાબ કરવા પણ સાથે બેઠા.

અતિ આનંદ પછી અતિ વેદના કોઈ કોઈ વાર ખડી થાય છે. આનંદના મસ્ત મોજાંઓ નીચે મૃત્યુના મુખ જેવી ભયંકર, અગાધ ઊંડી ખીણ પણ હોય છે જ્યારે એ મોજાંઓ શાંત થાય છે ત્યારે માનવી એ ખીણમાં ધકેલાય છે, દીવડાની જ્યોત પણ બુઝાયા પહેલાં થોડીવાર વધુ પ્રકાશિત બને છે. છગનો આજે દીવડાની જ્યોત જેવું નૃત્ય કરતો હતો. તેને માથે મૃત્યુદેવની છાયા પડતી હતી. એ છાયા છગનાને ઢાંકી દેવા પ્રયત્ન કરતી હતી. જેમ જેમ એ પાસે આવતી હતી તેમ તેમ છગનો વધુ ઉલ્લાસિત બનતો હતો. સિગારેટના ધુમાડા

એ ભુદરિયાના મોઢા ઉપર ઉડાડતો હતો અને હસતો હતો. શિવમંદિરના એક ઝાડ નીચે એ ઊભો હતો, અમે પાસેના પથ્થર ઉપર બેઠા હતા; છગનો જે ઝાડ નીચે ઊભો હતો તે ઝાડ ઉપર કોયલ કંઈ ગાન ગાતી હતી, પણ એ ગાન ન હતું, મૃત્યુ-ગીત હતું! છગનાને કોઈ બોલાવી રહ્યું હતું પણ છગનાને તેનું ભાન ન હતું. શિવમંદિર ઉપર અસ્ત પામતા સૂર્યનો પ્રકાશ પડતો હતો; પક્ષીઓના કિલકિલાટથી આખું દેવાલય ગાજી ઊઠ્યું. છગનાનો વિચાર હતો કે આજે આરતી કરીને ઘેર જવું. મંદિરમાં અમે ઘણીવાર આરતી સુધી રોકાતા, છગનો ડંકા વગાડતો, ધમલો ઢોલ વગાડતો અને ભુદરિયો શંખ ફૂંકતો આવી રીતે અમે મંદિરને ગજાવી મૂકતા, પણ હજી આરતી ઉતારવાને વાર હતી, હજી પણ અમે આનંદમાં હતા ત્યાં એક હૃદયભેદક ચીસ સાંભળી, મારું આખું શરીર કંપી ઊઠ્યું. સૌએ જોયું તો છગનો પગનો અંગૂઠો પકડી નીચે બેસી ગયેલો, તેને પકડ્યો પણ તેના મુખમાંથી હૃદય વલોવી નાખે એવી ચીસો નીકળતી હતી 'ઓ બા... ઓ બા...' અમે છગનાને પૂછતા હતા કે શું થયું પણ ત્યાં તો ભુદરિયાનો ફાટી ગયેલો અવાજ આવ્યો, એ અવાજ ન હતો પણ ચીસ હતી: 'નાગ! નાગ!'

જોયું તો પાસેના દરમાં એક નાગ ચાલ્યો એ મૃત્યુ લઈ આવ્યો હતો, મૃત્યુદેવતાનો એ દૂત બનીને આવ્યો હતો. આવી ખબર હોત તો પહેલેથી જ અમે શિવમંદિરમાં ન આવત, પણ ક્યાંથી બને! છગનાને આજે શિવમંદિરમાં છેલ્લી વાર બોલાવતું હતું, પણ છગનાની આરતી કરવાની ઇચ્છા પાર ન પડી; એ તો ત્યાં પ્રભુ પાસે આરતી કરવા ચાલ્યો ગયો; બાવાજી અને બીજા બધા દોડી આવ્યા પણ છગનો ધરણી ઉપર ઢળી પડેલો, હળાહળ વિષ તેની રગરગમાં ફેલાઈ ગયેલું. તેની મજબૂત કાયા ઉપર સહેજ લીલાશ આવી ગઈ હતી, આંખો ફાટી ગયેલી, ભુદરિયો ધીમું ધીમું રડતો હતો અને અમે સૌ મૂર્તિ જેવા અવાચક બની ગયેલા. ઘેર શું મોઢું લઈ જવું એ વિચાર મૂંઝવતો હતો, સંધ્યા અને રાત્રિ ભેગા મળી છગનના શબને નિહાળતા હતા, ઘડી પહેલાંનો નૃત્ય કરતો છગનો અમને મૂંઝવણમાં મૂકી ક્યાં ચાલ્યો ગયો? ઝાડ નીચે છગનો ચત્તોપાટ પડ્યો હતો, જાણે વાતચીત કરતો હમણાં જ ઊંઘી ગયો એમ લાગતું હતું.

'મારો છગન... છગન...' એવા છાતીફાટ અવાજ કરતી છગનની માતા આવી, છગન જવાબ દેવા તૈયાર ન હતો, મંદિરના પથ્થરને પણ રડાવી દે એવું એ રૂદન હતું. પુત્ર માટે માતાનો પ્રેમ અને તેનું હૃદયભેદક રુદન બન્ને સરખા જ હોય છે. છગનની માતા રડતી રડતી બોલતી હતી અને છગનાના કરમાયેલા મુખ ઉપર હાથ ફેરવતી હતી:

'છગન, બાપુ છગન... તને શું થયું? બોલ ભાઈ બોલ.'

મૃતદેહને બોલાવવાના એ કાલાવાલા હતા પણ છગનાની ફાટેલ આંખો તેની માતા સમક્ષ હતી હમણાં જવાબ દેશે એમ લાગ્તું હતું પણ તે બોલે: એ તો આરતી કરવા ગયો હતો! છગનો ગયો, અમારો આનંદી સરદાર સદાને માટે પોઢ્યો અને બાકી મૂકતો ગયો તેના જીવનમાં મીઠાં સ્મરણો: તેના શબને ઘેર લઈ જવામાં આવ્યું, ઘણા ઉપચાર કર્યા પણ છગનો બેઠો ન થયો, સદાને માટે સૂવાનો નિશ્ચય કરીને જ તેણે શિવમંદિરમાં સોડ તાણી! આખી શેરીમાં હાહાકાર વર્તી રહ્યો, અમારા ઉપર તિરસ્કાર વરસ્યો અને બધા એમ કહેવા લાગ્યા કે અમે છગનાને રખડુ બનાવ્યો હતો! સાંભળીને સહન કર્યા સિવાય છૂટકો ન હતો.

તે દિવસે રાત્રે મારા બાપુજી પણ મારા ઉપર ચિડાઈ ગયા. તેમાં વળી મારું માથું જોયું, ફાનસ ઊંચું કરીને જોયું અને આખરે તેઓ બોલી ઊઠ્યા, 'આ શું? આવા વાળ કોણે કાપ્યા?'

હું મૂંઝાયો અને તુરત જ સાવધાનપણે જવાબ આપ્યો:

'બાપુજી, મારો દોસ્ત એક હજામ છે તેણે કાપ્યા! મેં ના પાડી હતી છતાં પણ કાપ્યા! એમાં વમારો વાંક નથી!'

'અરે જંગલી! તું તદ્દન નાસ્તિક કેમ બનતો જાય છ? ચોટલી રખાવી છે કે તે પણ કપાવી નાખી?'

સદ્ભાગ્યે ચોટલી રહી ગયેલી. મેં જવાબ આપ્યો, 'ચોટલી તે કંઈ કપાવાય?'

ચોટલી જોઈને બાપુને સંતોષ થયો. તે દિવસે રાત્રે છગનાની જ વાતો આખી શેરીમાં થઈ; એ આખો દિવસ ભયંકર વીત્યો રાત્રે મને સ્વપ્નાં પણ છગનાનાં જ આવ્યાં.

કોઈ દેવ જેવો લાગતો સુંદર માણસ છગનાને પોતાની પાછળ દોરી જતો હતો. છગનો પાછળ આનંદ કરતો કરતો જતો હતો, અમે છ જણા પાછળ ઊભા રહ્યા હતા. છગનો પાછળ જોતો પણ ન હતો. એ આગળ ને આગળ ચાલ્યો જતો હતો. અમારી બૂમો તે સાંભળતો ન હતો. છગનો અમને મૂકીને દૂર દૂર ચાલ્યો ગયો આખરે અદૃશ્ય થઈ ગયો!

* * *

૧૬ એક આધુનિક કળાનું શિક્ષણ

સ્વપ્ન પૂરું થયું અને મારી આંખો ઊઘડી ગઈ અને જોયું તો સવાર પડી ગઈ હતી. હવે શેરીમાં રખડવા ન જવું. એવો મારો નિશ્ચય હતો અને મારી બાની સલાહ હતી. શેરીમાં શું મોઢું લઈને રમવા જવું? દાતણપાણી કરીને વાંચવા બેસી ગયો, પણ હજી માથેથી પનોતી ઊતરી ગઈ હોય એમ લાગતું ન હતું. બરાબર આઠ વાગ્યે બહાર આવ્યો. મારી બા બહાર ગયાં અને જોયું તો એક પુરુષ છોકરાના હાથ બાંધી હાથમાં નેતરની સોટી લઈ ફળિયામાં ઊભો હતો. છોકરાના આખા શરીર ઉપર સોટીના ઘા સૂઝી આવ્યા હતા. પેલા પુરુષે મારી બાને કંઈ ફરિયાદ કરી, મને બોલાવવામાં આવ્યો; બહાર જઈ જોયું તો ધમલો!

ફોજદાર જેમ કોઈ ચોરને દોરીથી બાંધે તેમ ધમલાને બાંધ્યો હતો. તેનું આખું શરીર ઉઘાડું હતું; ફક્ત ચોરણી જ પહેરેલી. તેની આંખમાં આંસુડા સુકાઈ ગયાં હતાં, શરીરે સોટીના ઘા ઊઠી આવ્યા હતા. તેને જોતાંની સાથે જ હું આખી પરિસ્થિતિ કળી ગયો, આખું પોકળ ફૂટી ગયેલું.

ધમલો જ્યાં સુધી ખિસ્સામાંથી થોડા પૈસા ઉપાડતો હતો ત્યાં સુધી તેને કંઈ અડચણ ન આવી પણ જ્યારે એકસામટા પંદર રૂપિયા ચોર્યા ત્યારે મને થયેલું કે પરિણામ સારું નહીં આવે! આખરે સાતમે દિવસે બધી વાત બહાર આવી ગઈ. ધમલાએ જે નેતરની સોટી લીધી હતી તે જ નેતરની સોટીથી ધમાને સખત માર મારેલો. અને આખરે સહન ન થવાથી ધમલો બધું ય બોલી ગયો અને તેમાં મુખ્ય મારું નામ લીધેલું! કારણ, પૈસાની વ્યવસ્થા તો મેં કરી આપી હતી. અને પૈસા કેમ વાપરવા તે પણ મેં બતાવ્યું હતું, એટલે ધમલો મારું નામ લે તેમાં નવાઈ નહીં, પણ મને ધમલે પાઠ શિખવેલો, મેં તેનો ઉપયોગ કર્યો.

મને બહાર આવેલ જોઈ ધમલો બોલ્યો:

'આ વજિયો મારી સાથે હતો, અને તેણે મને કહ્યું કે કેમ પૈસા વાપરવા!'

હું આખી પરિસ્થિતિ કળી ગયો. મને ધમલા ઉપર ખૂબ દાઝ ચડી ચોરી કરેલી ધમલે અને તેમાં મારું નામ આવે તે મને પસંદ ન પડ્યુ! મને થયું કે સત્ય બોલવામાં ફાયદો નથી. મેં જવાબ આપ્યો:

'હવે જાવે જા, મને કંઈ ખબર જ નથી!'

આ વિશ્વાસઘાત સાંભળી ધમલો ખીજાયો અને જોરથી બોલ્યો:

'વજિયા, ખા તારા ધરમના સમ, તું મારી સાથે ન હતો?'

ધમલાની સંગતમાં રહી હવે મને ખોટા સોગન ખાતાં આવડી ગયેલા. મેં જવાબ આપ્યો:

'મારા ધરમના સમ, મને કંઈ જ ખબર નથી.'

ધમલાની આંખોમાં અગ્નિ ઝરતો હતો. આજે ધમલો બદલાઈ ગયેલો અને હું પણ બદલાઈ ગયેલો. હજી ગઈ કાલે રાત્રે જ મેં માર ખાધો હતો. ફરી મારમાંથી છટકવા માટે મારે અસત્ય બોલવું જ જોઈએ. મને વધારે ચીડ ધમલા ઉપર એટલા માટે ચડી કે તેણે મારું જ નામ લીધું, આથી હું વધુ ઉશ્કેરાયો અને કપટનીતિનો આશ્રય લીધો. ધમલાનો ક્રોધ અજબ હતો. જો છૂટો મૂકે તો મને ગળું દાબી મારી નાખે એવું જોમ મારો જવાબ સાંભળી તેનામાં આવી ગયું!

આવી બાબતમાં મારી બા મારું ઉપરાણું લેતી, એ મારા પક્ષમાં ભળતી અને મારો બચાવ કરતી. તેને ધમલા ઉપર બહુ ચીડ હતી. ધમલાના બાપાને મારી બાએ કહ્યું:

'ખોટી વાત છે. મારો વજુ કદી એવું કરે જ નહીં! એમ તો એ બહુ ડાહ્યો છે. તમારા ધમલાનો જ વાંક હોવો જોઈએ! મારો દીકરો કદી ચોરીના પૈસા ન ખાય!'

મારો પક્ષ વધુ જોરાવર બન્યો; આવી પડેલી મદદથી મને અતિ હર્ષ થયો. મારા મનમાં તો એમ હતું કે ફરી પાછો માર પડશે અને મારે સહન કરવું પડશે. મારી આંખ આગળથી આઇસ્ક્રીમની દુકાન, ધી મહારાજા હેર કટિંગ સલૂન, બગીચો, હૉટેલ વગેરે સૌ એક ઘડીમાં પસાર થઈ ગયું અને મને લાગ્યું કે જો માર પડશે તો આ બધા આનંદ ઉપર પાણી ફરી જશે!

ધમલાના બાપે મારી બાનો મત સાચો માન્યો અને બોલ્યા:

'સુવર, હજી તું ખોટું બોલે છે? આટલો માર ખાધા પછી પણ તું સીધો નથી થતો? હવે તો મારી નાખીશ; ચોર, સાલા, કટકા કરી નાખીશ. તું ઘરમાંથી

રૂપિયા ચોરતાં શીખ્યો કેમ?'

ધમલાના બાપાને તો આજે ખબર પડી કે ધમલો ચોર હતો; અત્યાર સુધી બધું અંધારામાં ગયું, ધમલો અત્યાર સુધી ન પકડાયો પણ આખરે તે પકડાયો. પણ છગનો ગયો તેને બીજે જ દિવસે અમારી નજર સમક્ષ ધમલાને નેતરની સોટીઓ પડી. જ્યારે માર પડ્યો ત્યારે મને લાગી આવ્યું કે મેં આ ખોટું કર્યું છે. ધમલા જેવા ઉદાર મિત્રને મેં દગો દીધો છે, મારું હૃદય મને ડંખ મારતું હતું. ધમલાને પડતો માર મારાથી જોઈ શકાતો ન હતો. તેના શરીર ઉપર નેતરની સોટી ભરડો લઈ પાછી આવતી હતી. ધમલે પણ મારી પાસેથી આવા દગાની આશા નહીં રાખી હોય!

ધમલાને માર પડતો હતો ત્યારે જ મને થયું કે હું સત્ય હકીકત બહાર પાડી દઉં. પણ બહાર પાડવામાં મને પણ મારી બાની અને બાપુજીની બીક લાગતી હતી. અતિ દબાણ અને મારનું પરિણામ બહુ ખરાબ આવેલું, સત્ય બોલવાની અમારા કોઈમાં હિંમત ન હતી, કારણ કે સત્ય સાંભળી અમને સૌ કોઈ મારવા પ્રેરાય એવાં અમારાં કાર્યો હતાં. આવાં કાર્યો કરવાની ફરજ પાડનાર નિશાળ હતી. પાંચ કલાક પુરાઈ રહેવું ન ગમતું ત્યારે અમે આડે રસ્તે ચડેલા.

આખરે ધમલાને મારી બાએ છોડાવ્યો અને કહ્યું:

'હોય, માર મારવો રહેવા દો. છોરુંકછોરું થાય પણ માવતર કંઈ કમાવતાર થાય! માર માર્યે કોઈ સીધા થતા જ નથી!'

મારી બાએ સલાહ આપી. એમને ખબર હતી કે માર માર્યે કોઈ સીધા થતા નથી. છતાં પણ તેઓ ન છૂટકે મને ફટકારતાં અને મારીને સુધારવાનો પ્રયત્ન કરતાં.

ભુદરિયાને પણ સુધારવા માટે જાતજાતના પ્રયત્નો થતા હતા તેની મા જુદા જુદા પ્રયોગો કરતી પણ દરેક પ્રયત્ન નિષ્ફળ નીવડેલો. ભુદરિયાના બાપા પણ ભુદરિયાની નવી માતાના પ્રયોગમાં મદદ કરતા પણ ભુદરિયો તો હતો તેવો ને તેવો રહ્યો, તેથી ઊલટું જરા વધારે યુક્તિઓ અને જૂઠ્ઠું બોલતાં શીખેલો. એક પણ દિવસ એવો નહીં હોય કે તે દિવસે ભુદરિયે માર ન ખાધો હોય! ભુદરિયાને તેના માતાપિતા પથ્થર ગણતાં.

ધમલાની અને મારી સ્થિતિ ભુદરિયા કરતાં ઘણી સારી હતી. ગમે તેમ હોય પણ ધમલાની બા બહુ પ્રેમાળ હતી. ધમલાને ખૂબ લાડ લડાવતી અને ધમલાને રોજ કંઈ નવું નવું ખવરાવતી!

જ્યારે પિતા ગુસ્સે થાય છે અને પુત્રને શિક્ષા કરે છે ત્યારે માતાનું હૃદય

દયાથી પીગળી જાય છે અને પુત્રને છોડાવવા માટે તે પ્રયત્ન કરે છે. ગમે તેમ તોય માતા! તેનો પ્રેમ તો અગાધ છે.

ધમલાને આવી રીતે બાંધીને લઈ જવામાં આવ્યાં છે એ યાદ આવતાં તે પણ થોડીવારમાં આવી પહોંચ્યા.

'હવે મૂકોને, પંદર રૂપિયા વાપરી નાખ્યા તો શું થયું? આપણા જ દીકરે વાપર્યા છે, ક્યાં કોઈ બીજાએ વાપર્યા છે?'

પોતાના ધણીને ધમલાની બા શિખામણ દેતી હતી. ધમલાને વધુ શિક્ષા થશે એ વિચાર તેને જરા પણ પસંદ ન હતો. માતા માર મારે અને પિતા માર મારે એમાં બહુ ફેર છે!

'આજે તો ઘરમાંથી ચોરી કરી, પણ આવતી કાલે રાજમહેલમાંથી ચોરી કરશે તો કોણ છોડાવવા જશે?' ધમલાની બાને ધમલાના પિતાએ કહ્યું.

'તે દિ'ની વાત ત્યારે! અત્યારે ક્યાં તેણે રાજમહેલમાંથી ચોરી કરી છે તે મારી મારીને બિચારાને અરધો કરી નાખ્યો, હવે હાલો ઘેર.'

ધમલાની બાએ ધમલાને છોડી નખાવ્યો અને ધમલાને ઘરે લઈ ગઈ.

પિતા, પુત્ર અને માતાને જતાં હું જોઈ રહ્યો. મારા હૃદયમાં ડંખ લાગતો હતો અને અવાજ આવતો હતો કે 'વિશ્વાસઘાત વિશ્વાસઘાત!'

ધમલે જતી વખતે મારી સામે છેલ્લી દૃષ્ટિ ફેંકી. તેમાં પ્રેમ ન હતો; વેરથી ભરેલી આખી દૃષ્ટિ હતી. મારા ઉપર તિરસ્કાર હતો. મને મારવાની ધમકી હતી. એ મિત્ર મટી દુશ્મન બન્યો. હજી ગઈ કાલે જ સાથે લહેર કરી હતી. ગઈ કાલનો મિત્ર તે આજે દુશ્મન બન્યો; એમાં મારો વાંક હતો.

છગનાના અને ધમલાના પ્રસંગ પછી આઠ દિવસ સુધી કોઈ રખડવા બહાર ન નીકળ્યું. ભુદરિયો ડાહ્યોડમરો થઈ મારે ત્યા લેશન કરવા આવતો નિશાળમાં ધમલે મારી સાથે અબોલા લીધા હતા. ભુદરિયો અને હું જરા પાસે આવેલા. સાથે લેશન કરતા અને ડાહ્યાડમરાં થઈ નિશાળે જતા. અમને લેશન કરતા જોઈ મારી બા આનંદથી કહેતીઃ

'આમ ડાહ્યા થઈ લેશન કરો તો જરૂર સુધરી જાઓ. ચારે પગે ઘોડાની જેમ ઉલળવામાં તમને શું મજા આવે છે?'

હવે એ મજા મારી બાને કેવી રીતે સમજાવવી! અમે એક ઠેકાણે બેસી આખો દિવસ વાંચીએ એ તેને પસંદ હતું. મારે માટે તે માથાનો ઘા હતો.

છગનો ગયો અને ધમલો પકડાયો એ વાત હવે જૂની થઈ ગઈ હતી. ઘરમાં કેટલા દિવસ બેસી રહેવાય? છગનના સ્વર્ગવાસ પછી આઠ દિવસ સુધી આખી

શેરીમાં ખાવા ધાય એવી ગમગીની ફેલાઈ ગઈ હતી. હું શેરીમાં નીકળતો ત્યારે શેરીની ભીંતો પણ મને સલાહ આપતી કે, 'જા, જા પાછો જા. શું મોઢું લઈને બહાર રખડે છે? છગના વિના ગમે છે કેમ?' સરદારના ગયા પછી આવી ભયંકર સ્થિતિ થઈ હતી. અમે છગનાની બહાદુરીનાં જ વખાણ કરતા હતા અને મારી આંખ આગળ તો છેલ્લા દિવસનો છગનો નૃત્ય કરતો ખડો થતો. જ્યારે કોઈ વડને જોઉં ત્યારે વડની ઉપર સાત જણ કિલ્લોલ કરતા દેખાતા હતા. હવે એ વસ્તુ સ્મરણ તરીકે રહી. આકાશ સામે જોતો અને જ્યારે સપ્તર્ષિ નિહાળતો ત્યારે શિવમંદિરના મેદાનમાં મને સાત જણા આનંદ કરતા દેખાતા હતા. પણ એ તો સ્મરણ! યાદ કરીને નિશ્વાસ મૂક્યો! નદીનું ખળખળ વહેતું નીર. નિરખતો અને એ નીરમાં દૂર દૂર ચાલ્યો જતો કોઈ કુમાર દેખાતો હતો. એ પાછો ન જ આવ્યો. નૃત્ય અને આનંદ કરતો એ બીજા પ્રદેશમાં ચાલ્યો ગયો. અને પાછળ થોડા ધુમાડાના ગોટા દેખાયા, તે અક્ષરના રૂપમાં ફેરવાયા, 'છગનો, છગનો'

ધીમે ધીમે સૌ બહાર નીકળવા લાગ્યા. ધમલાની સાથે મારે સુલેહ થઈ ગઈ અને ફરી આવી દુશ્મનાવટ ન જાગે એ માટે સાવચેતી રાખવી એમ નક્કી થયું. ધમલાની સાથે સુલેહ કરવામાં મારે ધમલાને એક હીરો આપવો પડ્યો. મેં તેને ખુશ કરવા ખાતર જ આપ્યો. એ હીરો અમૂલ્ય હતો, તેની કિંમત જ ન હતી! ઝૂમરના જે પાસાદાર કાચ હોય છે તેમાંનો એક કટકો મારી પાસે હતો એને હું આંખ આગળ રાખી તેમાં દેખાતી આકૃતિઓ નીરખતો. ધમલાને એ વસ્તુ ગમી અને મેં ફરી મિત્રતા બાંધવા માટે તે આપી. હું અને ધમલો ફરી મિત્ર બન્યા.

ભમરડાથી રમવું, મોઈ-દાંડિયો ખેલવો, કોડીએ રમવું, ખિસકોલી મારવી, શ્વાનસૈન્યની જમાવટ, નદીમાં મસ્તી, આંબલી ખાવી વગેરે વગેરે અમારા દૈનિક ક્રમની આ વસ્તુઓ હતી. અને તે ઉપરાંત કંઈ નવા મોજાં આવી ચડે તે જુદાં! આ રમતો રમતાં રમતાં અમે ભૂતકાળને ભૂલી ગયા હતા તેવા ને તેવા રહ્યા! ફક્ત સુધારો એટલા પૂરતો થયો કે અમે શિવમંદિરમાં બહુ જતા નહીં. બીડી પીવી એ તો હવે સદ્‌ગુણ ગણાતો અને જે ન પીએ તે મૂર્ખો ગણાતો અને અમારી સાથે બહુ ભળી ન શકતો. ભુદરજીએ ઘણા પ્રયત્ન કર્યા પણ દરેક પ્રયત્ને તેના નાકમાં, ગળામાં અને કપાળમાં ધુમાડા ઘૂસી ગયા અને તે હેરાન થઈ ગયેલા. પછી તો અમે તેને સલાહ આપી કે બીડી ન પીવી!

આ બધી ધમાલમાં એક વાત મુખ્ય હતી કે અમે હાલતાં-ચાલતાં અપશબ્દો બોલતાં હતા. અમારી વાતચીતમાં સંસ્કારિતા હતી જ નહીં અને દરેક વાક્યની શરૂઆતમાં, વચ્ચે કે છેલ્લે અપશબ્દો તો આવી જ જાય! એટલા બધા એ

અપશબ્દો હતા કે જો ભેગા કરીએ તો મોટો અપશબ્દકોષ બને!

કોઈ નવી ગાળ જાણવામાં આવતી તો અમે એનો ખૂબ ઉપયોગ કરતા અને જૂની થઈ જાય ત્યાં સુધી વાપરતા! આ અપશબ્દો વાપરવાનું પરિણામ એ આવ્યું કે અમે ભીંતો ઉપર અમુક પ્રકારનું સાહિત્ય લખતાં શીખ્યા! શેરીની એક પણ ભીંત એવી નહીં હોય કે જ્યાં અમારું સાહિત્ય ન ઝળકી ઊઠ્યું હોય! દરેક ભીંત ઉપર કંઈક તો લખ્યું જ હોય! કોઈ છોકરા માટે હોય, કોઈ છોકરી માટે હોય કે કોઈ મોટી ઉંમરનાં સ્ત્રીપુરુષ માટે પણ કંઈક તો લખ્યું હોય! એ લખાણ ભીંત ઉપર જ શોભે, કાગળ ઉપર ન શોભે!

ભીંત ઉપર લખવાની કળા હજી જીવે છે. કૉલેજોમાં, હાઇસ્કૂલોમાં, શેરીની ભીંતો ઉપર અને વધુ રસ લેવો હોય તો રેલવેના પાયખાનાની ભીંતો ઉપર નજર નાખી જોજો.

અમે અમારી શેરીમાં લખતા, એટલું જ નહીં પણ અમારા દુશ્મનની શેરીમાં પણ રાતોરાત લખી આવતા અને તેમાં જરા પણ સંકોચ ન થતો. શેરીમાં એક બીજો રિવાજ બહુ જ પ્રચલિત હતો અને તે ઊંધા અક્ષર બોલવાનો! ઘણા ખરાબ શબ્દો અમે આ ભાષામાં વાપરતા!

રમતગમત અને રખડવામાં ફરી રસ જાગ્યો. પણ આ વખતે અમારી વચ્ચે એક વ્યક્તિ જરા આગળ તરી આવતી હતી. એ અમારા કરતાં સૌથી મોટો હતો. તેના મુખ ઉપરથી બાળપણની કુમાશ ચાલી ગયેલી. ચોરણી, ખમીશ અને જાકીટ પહેરતો. તેના વાળનાં ઝૂલફાં મુગ્ધ કરી દે તેવાં હતાં અને તે હંમેશા ઓળતો અને સાફ રાખતો. બે-ચાર મોટાં શહેરો પણ તે જોઈ આવેલો અને વાંચેલું જરા વધારે એટલે તે સ્વાભાવિક રીતે છગનાની જગ્યાએ ગોઠવાઈ ગયો અને અમે તેને માન આપતા. મણિયો જબરો તોફાની હતો અને અમારી ટોળીને લાયક હતો. અપશબ્દો બોલવામાં તો તેના જેવો કોઈ નહીં અન પોતાના જ્ઞાન વડે તે નવી નવી ગાળો બનાવતો અને અમને કહેતો. બીડી અને સિગારેટ, પાન અને તમાકું એ તેનાં વહાલાં વ્યસનો હતાં. આ ઉપરાંત પણ બીજાં ઘણાં વ્યસનો હતાં. પણ તે તેણે આગળ ઉપર અમને શિખવ્યાં અને અમને જ્ઞાની બનાવ્યા! મારા હાથમાં તેણે સુંદર પુસ્તકો મૂક્યાં અને તેના જ્ઞાનના છાંટા અમને બધાને ઊડ્યા. ‘સદેવંત સાવળીગા’ની વાર્તા મેં પહેલપહેલી તેની પાસેથી લઈને ધીમે ધીમે વાંચી; ‘ગજરા મારૂ’ અને ‘કાળીનો એક્કો’ એ બે ચોપડીઓ પણ વાંચી અને મને થયું કે જગતમાં જીવવા જેવું તો છે.

મણિયો અમારાં કરતાં વાંચવામાં ચડી જાય તેવો હતો. આથી સારી, ઘણી

ચોપડીઓ તેની પાસે હતી. અને તેમાંથી અમને વાતો કરતો હતો. અમારો ક્રમ બીજી દિશામાં બદલાયો. અમારી શેરીમાં એક ભેદી ભાષા બોલાતી અને તે ‘ચ’ની બોલી. દરેક અક્ષરની આગળ ‘ચ’મૂકવો અને વાત કરવી. એક વાર ધમલો મારી પાસે આવ્યો અને બોલ્યો:

‘ચવ, ચજી, ચયા, ચત, ચને, ચઆં, ચખ, ચમા, ચર, ચતાં, ચઆ, ચવ, ચડે, ચછે?’

આ પ્રશ્ન સાંભળી મને નવાઈ લાગી મને થયું કે આ વળી કઈ કળા છે?

‘ચના.’ ‘ચ’ની બોલીમાં મેં ધમલાને ના પાડી. ધમલો જરા આશ્ચર્યમાં બોલ્યો.

‘અરે એ તો બહુ સહેલું છે! આંખ મારવી એ કંઈ અઘરી વસ્તુ નથી.’

મારે માટે આ નવું જ્ઞાન હતું અને મેં ધમલાને પૂછ્યું:

‘તને કોણે શિખવ્યું?’

‘ગઈ કાલે સાંજે મણિયે શિખવ્યું.’ ધમલે જવાબ આપ્યો. જવાબ આપ્યા પછી ધમલે પોતાની કળા મને બતાવી. ડાબી આંખ અરધી બંધ કરી અને બોલ્યો, ‘ચિનાઈ હાં!’ એ ‘હાં’ આંખ મારતી વખતે બોલ્યો. ધમલાનું મોઢું એ વખતે જોઈ હું હસી પડ્યો.

એવામાં તો મણિયો આવી પહોંચ્યો અને તેણે મને જ્ઞાન આપ્યું,

‘જો ચિનાઈ, આંખ મારતી વખતે બરાબર અરધી આંખ બિડાવી જોઈએ, અને બીજી આંખ તદ્દન ખુલ્લી હોવી જોઈએ.’

મને કળા સમજાવ્યા પછી તેણે પોતે એ પ્રયોગ મારી સમક્ષ કરી બતાવ્યો. મણિયાનો અભ્યાસ જોઈ મને નવાઈ લાગી. તે બન્ને આંખો વારાફરતી અરધી બંધ કરી શકતો. મેં તેની પાસે બે ત્રણ વાર પ્રયત્ન કર્યો પણ આખી આંખ બંધ થઈ જતી અને ધમલો હસી પડતો, પણ મણિયે મને આશ્વાસન આપ્યું અનેં કહ્યું:

‘કંઈ વાંધો નહીં, થોડા દિવસમાં આવડી જશે.’

આખરે મેં મણિયાને મારી મૂઝવણ પૂછી,

‘પણ મણિયા, આંખ મારવામાં ફાયદો શું?’

મારી આ અજ્ઞાનતાથી તે જરા મલકાયો અને બોલ્યો:

‘લે એટલી તને ખબર નથી? જો કોઈ આપણી સામે જુએ ત્યારે આંખ મારવી અથવા વાતચીતમાં પણ આંખ મારી શકાય છે!’

‘ઠીક, સમજ્યો!’ મેં ઉપકારના ભાર તળે દબાઈને જવાબ આપ્યો. તે દિવસે મને લાગ્યું કે હું કંઈ નવું શીખ્યો. પણ હજી તે કળા બરાબર ન આવડી મારે થોડા અભ્યાસની જરૂર હતી.

ઘરે આવી મેં અભ્યાસ ચાલુ કરવા માટે તક શોધી. જ્યારે મારા બાપુજી ઑફિસમાં ગયા ત્યારે મેં અરીસો લીધો અને મારો અભ્યાસ શરૂ કર્યો. લગભગ અર્ધા કલાકની સખત મહેનત પછી મને આંખ મારતાં આવડી ગઈ. ભુદરિયાને પણ મેં શીખવી દીધું. જ્ઞાન જેમ ફેલાય તેમ સારું! ભુદરિયો તદ્દન ભૂત જેવો! એ જ્યારે આ કળા મારી પાસેથી શીખતો હતો ત્યારે એકદમ બન્ને આંખો બંધ કરી દેતો અને મને ખૂબ હસાવતો. ખરેખર, ભુદરિયો તદ્દન ભોળો હતો. તેનું ગાડું જે રસ્તે હાંકીએ તે રસ્તે હાંકી શકાય. આ સ્વભાવને લીધે એક દિવસ હું અને ભુદરિયો ખૂબ હેરાન થઈ ગયા. વાત એમ બની કે એકવાર શેરીમાં ગપ આવી કે શીંગના ફોતરાં ખાવાથી મૂછો વહેલી ઊગે છે. અને મારા મનમાં એમ હતું કે મોટા થવામાં બહુ જ ફાયદો છે. કોઈ વઢે નહીં, કોઈ લડે નહીં અને આપણે જે ધારીએ તે કરી શકીએ એવી મારી માન્યતા હતી. અને હું જોતો કે મારા બાપુજી મને ધમકાવતા પણ જો મોટો થાઉં તો કોઈ કંઈ કરી ન શકે! એ વખતે મોટા થવામાં બીજા હું અસંખ્ય ફાયદા જોઈ શકતો. તેમાંનો મુખ્ય ફાયદો પૈસા વાપરવાનો અને ગમે ત્યાં ફરવાનો. મારી માન્યતામાં ભુદરિયો પણ સંમત હતો. તે પણ એમ જ માનતો કે મોટા થવામાં ફાયદો છે, કારણ કે નાના છોકરાઓને બધાય વડીલો વઢે અને મારે. આ જુલમમાંથી જો છૂટવું હોય તો મૂછ વિના છૂટકો જ નથી એમ નક્કી થયું. આખરે મેં અને ભુદરિયે શીંગના ફોતરાં ખાધાં. ઠીક ઠીક ખાતાં, ખાતાં તો ખવાઈ ગયાં પણ રાત્રે મારે બહુ હેરાન થવું પડ્યું. સુખેથી સૂઈ જ ન શકાય. ઘડીકમાં આમ પડખું ફેરવું તો ઘડીકમાં તેમ પણ ક્યાંય નિરાંત વળે નહીં. મારી આવી કરુણા ઉપજાવે એવી દશા જોઈ મારી બા બોલ્યાં:

'ભાઈ, શું થાય છે? કેમ ઊંઘ નથી આવતી?'

હું મૂઝાયો, મારે શી રીતે કહેવું કે મોટા થવા માટે મેં શીંગના ફોતરાં ખાધાં છે! પણ મેં જવાબ ઘડી કાઢ્યો:

'બા, પેટમાં જરા દુ:ખે છે, ખીચડી જરા ઉતાવળમાં ખવાઈ હતી.'

નવા જવાબ તાત્કાલિક કેમ બનાવી આપવા એ કળા મે સહેજમાં પ્રાપ્ત કરી હતી. માસ્તરે માર મારીને એ કળાને શોભાવી! તેના મારથી હું જુદી જુદી રીતે બહાનાં કાઢતાં શીખ્યો હતો. મારો જવાબ સાંભળી મારી બા ઊઠ્યાં અને મને સંચળ વાટીને પાઈ દીધું. ભુદરિયાના પણ મારા જેવા જ હાલ થયા હતા. ત્રણ દિવસ સુધી આ તપના ફળની રાહ જોઈ પણ મૂછો ન ઊગી તે ન જ ઊગી. ત્રણ દિવસ સુધી મેં અરીસામાં જોયા કર્યું પણ આખરે મારા નસીબમાં

નિષ્ફળતા લખાઈ હતી. મૂછો આવી નહીં અને હું મોટો થયો નહીં અને પેટમાં દુઃખ્યું તે જુદું!

આવી ગયો ઘણી આવતી અને અમે ખૂબ હેરાન થતા. આવી. માન્યતા અમારે ગળે પણ અકદમ ઉતરી જતી અને અમે તરત જ તેનો અમલ કરતા હતા. કોઈ ગાળ દે કે તરત જ અમે થૂંકી નાખતા, કારણ કે એમ કરવાથી ગાળ નથી લાગતી! અથવા તો પાસે સમળીસૂતર રાખવાથી પણ ગાળ નથી લાગતી એમ અમે સૌ માનતા અને ખિસ્સામાં સમળીસૂતર રાખીને ફરતા. જો કોઈ ગાળ દે કે તરત જ ખિસ્સામાંથી ગાળવિનાશક સમળીસૂતર કાઢીને કહેતા કે 'જો આ રહ્યું. તારી ગાળ નકામી!'

એક વાર મારી બાએ મને કહેલું કે સંધ્યા વખતે મકાનના નેવા નીચે ન બેસાય, કારણ કે સૂર્યના રથનું પૈડું કદાચ ફરી જાય અને હાથ-પગ ભાંગી જાય. આ માન્યતાઓ પાછળ વિચાર ન હતો, પાલન હતું. બાળકોને ઘડવા એ બહુ સહેલી વસ્તુ છે. એ ઘડવા માટે સુંદર કેળવણીની જરૂર છે. વિચારશક્તિ ઊઘડે એવું જ્ઞાન જોઈએ. એ સારાનરસાનો ભેદ જોઈ શકે એવા સંસ્કાર જોઈએ. હું અને ભુદરિયો તદ્દન ભૂત જેવા હતા. નવી નવી માન્યતાઓ હું ગમે ત્યાંથી ખેંચી લાવેતો અને ભુદરજીને કહેતો પછી એ તરત જ અમલમાં મૂકતા.

શનિવારને દિવસે જો ચત્તી કોડી મળે તો લાખ્ખોપતિ થઈએ એમ હું માનતો અને નાનપણમાં લાખ્ખોપતિ થવા માટે ઘણી એવી અચાનક જડેલી ચત્તી કોડીઓ ભેગી કરેલી. પણ આખરે હું લાખ્ખોપતિ ન થયો એ દિલગીરીની વાત છે એમાં વિધિનો વાંક છે!

આવી માન્યતાઓ તો ડગલે અને પગલે આવીને ઊભી રહેતી. પણ અમે સૌ આંખ મારતાં શીખ્યા એ નવી વસ્તુ હતી. વાતચીત કરતાં કરતાં પણ અમે એકબીજા સામે આંખો મારતા અને જરા આનંદ મેળવતા!

* * *

૧૭ નવું શિક્ષણ

મને ભૂખ લાગી હતી અને મેં ઘર તરફ પગલાં માંડ્યાં પણ ત્યાં તો પાછળથી 'ચ'ની બોલીમાં કોઈએ મને બૂમ પાડી બોલાવ્યો:

'ચવ, ચજિ, ચયા, ચઊ, ચભો, ચર, ચહે.'

મને ઊભા રહેવાનો હુકમ મળ્યો, હું તરત જ ઊભો રહ્યો. ભુદરિયો મારી પાસે આવ્યો. તેણે ફાટેલો કોટ પહેર્યો હતો. કોટમાં થીંગડાં પણ ઠીક ઠીક હતા. માથે જેમતેમ ટોપી પહેરી હતી. ભુદરિયો પ્રેમની મૂર્તિ જેવો હતો. અતિ હર્ષ અને આનંદમાં તેણે મારી સામે હાથ ધર્યો અને બોલ્યો:

'લે દોસ્ત, તારે માટે ખાસ લાવ્યો છું.'

મેં જોયું તો તેના હાથમાં બુંદીનો એક લાડવો હતો. લાડવો લેતાં પહેલાં મેં પૂછ્યું:

'ભુદરિયા, તું લાડવો લાવ્યો ક્યાંથી?'

મેં જોયું તો તેના હાથમાં બુંદીનો એક લાડવો હતો. લાડવો લેતાં પહેલાં મેં પૂછ્યું:

'ભુદરિયા, તું લાડવો લાવ્યો ક્યાંથી?'

મને ખાતરી હતી કે ભુદરિયાની બા તેને કદી પણ ખાવાનું આપતાં નહીં. ભુદરિયો બીજા ખિસ્સામાં હાથ નાખતાં બોલ્યો:

'તું ખા તો ખરો પછી બધી પંચાત!' ફરી હાથ લંબાવીને બોલ્યો.

'આ લે ગાંઠિયા, ખાસ તારે માટે જ લાવ્યો છું.'

'અરે, પણ તું લાવ્યો ક્યાંથી? બોલતો ખરો.' હું જરા ભારથી બોલ્યો.

ભુદરિયાની આંખમાં નૈસર્ગિક પ્રેમ હતો. તેની આંખોમાંથી પ્રેમ નીતરતો હતો.

હું ભુદરિયાને જોઈ હરખાતો અને ભુદરિયો મને જોઈ! ભુદરિયે જવાબ આપ્યો.

'હવે ભાઈ, નાતમાંથી લઈ આવ્યો! ' 'ભાઈ' શબ્દ ઉપર તેણે ભાર મૂક્યો.

'અરે નાતમાંથી કેવી રીતે લાવ્યો?' અજાયબીમાં મેં તેને પૂછ્યું. પણ આ પ્રશ્ન પૂછતાં પહેલાં અર્ધો લાડવો મારા મોઢામાં ચાલ્યો ગયો હતો.

'કેવી રીતે કેમ! કોઈનું ધ્યાન ન હતું એટલે ખિસ્સામાં એક મૂકી દીધો અન બીજા ખિસ્સામાં ગાંઠિયા ભરી દીધા!' ભુદરિયે ભેદ ખુલ્લો કર્યો. મારા ઉપરના અતિ પ્રેમે આ કાર્ય કરવા તેને પ્રેરેલો. મેં વિવેક કર્યો.

'એવી કંઈ ખાસ જરૂર ન હતી, ગાંઠિયા લાવ્યો હોત તો ચાલત.'

ભુદરિયો એકદમ બોલી ઊઠ્યો:

'વજિયા, એમ તે ચાલે! તું મને રોજ ભાગ આપે અને હું તને એક દિ' ન આપું? મારી પાસે બીજું કંઈ નથી, પણ હું મોટો થઈશ ત્યારે...'

'લે હવે રાખ, બહુ બોલ મા.' ભુદરિયાને વચમાં જ અટકાવ્યો.

ભુદરિયાના અતિ પ્રેમને લીધે મારા ગળામાં ડૂમો ભરાઈ આવ્યો. ભુદરિયાના આખા દુઃખી જીવનમાં આશ્વાસનરૂપે હું જ હતો. મારાથી બનતી થોડી મદદ પણ કરતો. મારા બાપુજીના કાગળ, પૅન્સિલ પણ મેં ભુદરિયાને ઘણીવાર આપી દીધા હતા. બાપુજી બીજા લાવતા. ભુદરિયો તદ્દન બાળક જેવો હતો. તેનો પ્રેમ બાળક જેવો સ્વાર્થરહિત હતો. એટલે જ મને તે બહુ ગમતો.

લાડવો અને ગાંઠિયા મેં ખલાસ કર્યા. ભુદરિયો પછી ચાલ્યો ગયો. જતી વખતે ભુદરિયાને હું જોઈ રહ્યો. ધોતિયું, થીંગડાં દીધેલો કોટ અને માથે જેવી તેવી ટોપી, આટલી વસ્તુ સંધ્યાના ઝાંખા પ્રકાશમાં દૂરદૂર જતી દેખાતી હતી. હું ભુદરિયાને જોતો રહ્યો, તે ઘર તરફ જતો હતો. થોડી વારમાં તે પોતાના ઘર તરફના ખાંચા આગળ વળ્યો અને હું તરત જ ઘેર ગયો.

આખી શેરીમાં અમારો ત્રાસ હતો. હોળી આવે એટલે હોળી માટે અમે તૈયારી કરતા અને તૈયારીઓ કરવા માટે નવી નવી યુક્તિઓ રચતા. હું ઘરમાં આંટા મારવા શરૂ કરી દેતો અને ઘરના ગમે તે ખૂણામાંથી એકાદ શીશી શોધી કાઢતો અને તેમાં રંગ ભરતો. એ સમયમાં મારા બાપુજીના ખડિયામાંથી શાહી ખલાસ થઈ જાય!

આખા શહેરમાં અમારી હોળી મોટી થાય અને ખૂદ રાજા, પ્રધાન અને આખો દરબાર સાંજે હોળીનાં દર્શન કરવા દર વર્ષે આવતો એટલે અમે ખૂબ છાણાં ભેગાં કરવા માટે પ્રયત્ન કરતા. હોળીની ગોઠ ઉઘરાવવા માટે પણ ધમાલ કરતા અને જો કોઈ ન આપે તો રંગ છાંટી તેનાં ધોયેલાં કપડાં પણ બગાડવાનું ચૂકતા નહીં.

હોળી એ અમારા આનંદની વસ્તુ હતી. રંગે રમવાની, નવા નવા રંગ બનાવવાની ખૂબ મજા પડતી. કોઈ બીજી શેરીના છોકરાને હેરાન કરવા માટે ગાડાના પૈડામાં જે કીલ થાય છે તેનો ઉપયોગ કરતા. અને બીજી શેરીના છોકરાઓ પણ તે કીલનો ઉપયોગ કરતા. એક દિવસ ભુદરજી પણ કાળું બિલાડા જેવું મોઢું લઈને શેરીમાં દાખલ થયો. અમે બધા રંગની શીશીઓ ભરી ઓટલે બેઠા હતા. ભુદરજીને જોઈ બધા હસી પડ્યા. મણિયે પૂછ્યું:

'ભુદરિયા, આ તારું મોઢું કોણે ચીતરી માર્યું?' ભુદરિયો દેખવામાં તદ્દન બદલાઈ ગયેલો. કાળા ચહેરા વચ્ચે તેની ચોખ્ખી આંખો ચમક ચમક થતી હતી, ભુદરિયે જવાબ આપ્યો.

'અરે જરા જમાદાર શેરીમાંથી નીકળ્યો ત્યાં તો પાછળથી બેત્રણ જણાએ મને પકડ્યો. અને મોઢે કીલ લગાવી દીધું.

જમાદારની શેરીના છોકરાઓએ અમારું અપમાન કર્યું તેનો બદલો તો લેવો જ જોઈએ. મેં ભુદરિયાનું મોઢું ધોઈ નાખ્યું, મહામહેનતે કાળો રંગ ગયો અને ફરી ભુદરિયો હતો તેવો ને તેવો થઈ ગયો. મેં તેને શિખામણ આપી.

'ભલા માણસ, જમાદારની શેરીમાં ભૂલચૂકે પણ જતો નહીં, નહીંતર હેરાન હેરાન કરી મૂકશે.'

'અરે સાલો મનુડો બહુ ખરાબ છે!' ભુદરિયે વાત કરી.

'આજે વાત છે એ મનુડાની, બેટમજી જરા ફાટ્યા છે!' મે કહ્યું પછી તો નક્કી કર્યું કે સૌએ રંગની શીશી લઈ લેવી અને જમાદારની શેરીમાં અણધાર્યો હલ્લો કરવો.

એક પછી એક સૌ રંગની શીશી ભરી તૈયાર થઈ ગયા, ધમલે અને ભાયલે મોટા મોટા શીશા લીધા હતા. ભાયલા પાસે કાળો રંગ હતો અને ધમલા પાસે જાંબુડિયો, ચંદુડે અને ચૂનિયે રંગ ઉપરાંત પથરા પણ ખિસ્સામાં ભર્યા હતા, કારણ કે કોઈના માથામાંથી લાલ રંગ કાઢવો હોય તો કામ આવે! બધા ઓટલા ઉપર ભેગા થયા હતા અને મારી રાહ જોતા હતા, પણ હું મહામુશકેલીમાં આવી પડેલો. મારી પાસે રંગ ન હતો, રંગ ક્યાંથી કાઢવો એ વિશે વિચાર કરતો હતો. આસપાસ બધે નજર ફેરવી, પણ વ્યર્થ! બાપુજીનો શાહીનો ખડીઓ પણ ખાલી હતો, હવે શું કરવું એ વિચારમાં હતો ત્યાં મારી નજર રસોડામાં ગઈ. શાક કે દાળ ખાતી વખતે જે પીળો રંગ વપરાય છે તે લેવાનું મન થયું. મારી બા ફળિયામાં બેસી વાતો કરતાં હતાં એટલે તક સુંદર હતી, અને તકનો ઉપયોગ કરવો, એ ડાહ્યા પુરુષોનું કામ છે. ધીમે પગલે હું રસોડામા ગયો અને

જોયું તો ચૂલા ઉપર કંઈક ચડતું હતું. પાસે હળદરનો ડાબલો પડ્યો હતો. આસપાસ એક નજર ફેંકી, કોઈ આવતું ન હતું, ધીમેથી ડાબલો ઉઘાડ્યો અને શીશીમાં હળદર ભરી લીધી, સુંદર પીળો રંગ થઈ ગયો, રંગ લેવા માટે કદી પૈસો મળતો જ નહીં. આવી રીતે રંગ બનાવી જ્યાં રસોડું વટાવું છું ત્યાં એક પરિચિત અવાજ આવ્યો:

'એઈ શું કરે છે?'

મનમાં થયું કે આવે વખતે જ મારી બા ક્યાંથી હાજર થાય છે! મેં જવાબ આપ્યો:

'બા, એ તો ચૂલામાં તાપ બળે છે કે નહીં તે જોવા ગયો હતો.'

મારી બા મને ચૂલાનો તાપ જોવા ઘણી વાર મોકલતાં એટલે તરત જ આ બહાનું સૂઝી આવ્યું. પણ મારી બાએ ફરી પૂછ્યું:

'પણ આ હાથ હળદરવાળા કેમ છે?'

હું તો મૂંઝાયો, શું જવાબ આપવો? મેં તરત જ જવાબ આપ્યો:

'બા, ઈ તો ડાબલામાં જરા હાથ પડી ગયો હતો.'

મારી બા વધુ પૂછે તે પહેલાં હું ઘરની બહાર નીકળી ગયો. મારે લડાઈમાં જવું હતું. બહાર બધા રાહ જોતા હતા.

'આવ્યો, આવ્યો, ચિનાઈ આવી પહોંચ્યો.' બે-ત્રણ સૈનિકો મને જોઈ બોલી ઊઠ્યા. બધા તૈયાર હતા, જમાદારની શેરીમાં ઓચિંતા હલ્લો કરવો હતો. મારા રંગની શીશી જુદી તરી આવતી હતી, કોઈ પાસે પીળો રંગ ન હતો. આ રંગ જોઈ ધમલો બોલ્યો:

'ચિનાઈ, આવો રંગ ક્યાંથી લાવ્યો?'

મેં બડાઈ મારી, 'અરે, મારા બાપુજીએ ખાસ મુંબઈથી મંગાવી આપ્યો છે. બહુ પાકો રંગ છે. તને ખબર તો છે કે લાલ, પીળો અને વાદળી મૂળ રંગ કહેવાય!'

'પણ ચિનાઈ, કેવી રીતે હલ્લો કરવો તે તો બોલ!' મણિયે મારી સલાહ માગી. લડાઈની વ્યવસ્થાનું કામ તો લગભગ મારે માથે જ આવતું મેં જવાબ આપ્યો:

'પહેલાં ચંદુડો તપાસ કરી લાવે કે એ લોકો અત્યારે શું કરે છે?'

'ચંદુડા, તું જા અને જોઈને આવ કે બધા શું કરે છે?' મણિયે હુકમ કર્યો.

હુકમ માથે ચડાવી ચંદુડો છૂપી તપાસ કરવા માટે ઊપડ્યો. છૂપી તપાસ કરવામાં તે બહુ ચાલાક હતો. થોડીવારમાં તો તે સમાચાર લઈ આવી પહોંચ્યો. જમાદારની શેરીના છોકરાઓ ત્યાં એક ઓટલા ઉપર વાતો કરતા બેઠા હતા, એવા સમાચાર ચંદુડે આપ્યા. મણિયાને મેં કહ્યું:

'પાછળથી હલ્લો કરવો. હું મનુડાને પકડીશ અને તું તેનું મોઢું ચીતરી મૂકજે. બીજા બધા રંગનો મારો ચલાવી મનુડાની ટોળીને હેરાન હેરાન કરી મૂકશે.'

બધાને આ વિચાર બહુ ગમી ગયો અને ધીમે પગલે ઊપડ્યા. મણિયો જોરાવર હતો. તેના હાથ કીલથી ભરેલા હતા, કારણ કે મનુડાનું મોઢું કાળું રંગી અપમાનનો બદલો લેવો હતો. જમાદારની શેરી આવી પહોંચી, અમે બિલ્લીપગે ચાલતા હતા. જો ખબર પડે તો આખું કાવતરું ફૂટી જાય તેમ હતું.

'મણિયા, ધીમે ધીમે, ચંદુડા તૈયાર, ભાયલા ધ્યાન રાખજે!' હું ઝીણું ઝીણું બોલતો હતો. બધા લૂંટારાઓ આગળ વધતા હતા. હજી પણ પેલા લોકો ઓટલા ઉપર બેસી વાતો કરતા હતા. હવે અમે તદ્દન પાસે આવી ગયા અને એક જ કૂદકે મેં મનુડાને કમ્મરથી પકડ્યો. એકદમ ધમાલ મચી ગઈ. બન્ને પક્ષ સામસામા તૈયાર થયા. રંગ ઊડવા લાગ્યો. મનુડો મને આંચકો મારી છોડાવવા જાય છે ત્યાં તો ભુદરિયો મનુડાને પગે બાઝ્યો અને મનુડો ભક કરતો નીચે પડ્યો. મણિયો તેની છાતી ઉપર ચડી બેઠો અને આખું મોઢું કીલથી રંગી દીધું. રંગની સાથે અપશબ્દો પણ બન્ને પક્ષોમાંથી સરખા જ નીકળતા.

'સાલા વાંદરીના પેટના... તું તો લેતો જા.' ચંદુડો બોલ્યો. તેણે વિકરાળ સ્વરૂપ ધારણ કરેલું, ઉપલું વાક્ય બોલી નાસી જતા એક છોકરાને પથરો માર્યો. પણ એ નિશાન અચૂક હતું. તમરીખાઈ એ છોકરો નીચે પડ્યો. અને તેના માથામાંથી લોહી નીકળવા લાગ્યું. એ છોકરો ચંદુડાના માથા ઉપર શીશો મારી નાઠેલો. અને ચંદુડો પછી ખિજાયો! શીશો એટલા જોરથી માર્યો હતો કે શીશો ફૂટી ગયેલો. પછી ચંદુડો ખિજાય તેમાં શી નવાઈ? મણિયો તો ભૂંડા બોલતો જાય અને મનુડાને લગાવતો જાય. ભાયલે એક જણનું ગળું પકડીને તેને ભીંત આગળ દાબી દીધો હતો. અને બુમો પાડી મારતો હતો કે, 'સાલા, લેતો જા.' ચુનિયો દુર દૂર છોકરા ઉપર ઘા કરતો હતો. તેણે પણ બે-ત્રણ જણના તોલા રંગી કાઢ્યા હતા; જમાદારની શેરીના બધા છોકરાઓ ઘરમાં ઘૂસી ગયા. આખરે મનુડાએ પણ લાતો મારી મારીને કાઢી મૂક્યો. જતાં જતાં તે એટલું જ બોલ્યો:

'યાદ રાખજે મણિયા, તારું માથું ફોડી ન નાખું તો મારું નામ મનુડો નહીં!'

મનુડાનું મોઢું કાળું કરી મૂક્યું. તેના કપડાં ફાડી નાખ્યાં અને તેના રંગની શીશી હું ઉપાડી લાવ્યો. અમે પણ થોડા થોડા રંગાયા હતા. ચંદુડાના માથા ઉપર શીશો બહુ સખત લાગ્યો હતો.

લડાઈ કર્યા પછી અમે બધા નદીએ ગયા. ત્યાં નહાવા પડવું એમ નક્કી કર્યું

હતું કારણ કે શરીર રંગવાળું અને ધૂળવાળું થઈ ગયું હતું. હોળીના દિવસોમાં અમે બધા ઘણે ભાગે જૂના કપડાં પહેરતા હતા.

'ભુદરિયે કમાલ કરી!' મણિયો બોલ્યો.

'અરે તેણે જ મારું મોઢું રંગી માર્યું હતું. એટલે મેં તો દાઝ કાઢી!' ભુદરિયે તદ્દન સાચી વાત કહી. અને ભુદરિયે આજે સુંદર ભાગ ભજવેલો એમાં ના પણ ન પાડી શકાય.

* * *

૧૮ હોળી માટે શિકાર

અમારે હજી ઘણું કામ હતું. હજી હોળી માટે છાણાં ઉઘરાવવાનાં હતાં. છાણાં ઉઘરાવવા અમે ઘેરઘેર જતા અને બોલતાં:

'હોળીમાતા માટે છાણાં આપો.' એક એક કોથળામાં છાણાં ભેગાં કરતા, પણ આ સિવાય છાણાં લેવાના બીજા ઘણા રસ્તા; અને તે ચોરી કરીને નદીના પથ્થરો ઉપર ઘણાં બૈરાંઓ છાણાં થાપતાં અને અમે રાતોરાત ત્યાંથી લઈ આવતા. ચોરીનો માલ એવી રીતે સંતાડતા હતા કે કોઈને ખબર પણ ન પડે.

નાહીધોઈને શેરીમાં પહોંચ્યા મણિયે વાત કરી કે આજે છાણાંની ધાડ પાડવી પડશે, કારણ કે હજી છાણાં પૂરતાં એકઠાં થયાં નથી! બધા વિચારમાં પડ્યા હતા. એવામાં ભુદરિયો બોલી ઊઠ્યો:

'એક ઉપાય છે, પણ તમારે કોઈએ મારું નામ ન લેવું!'

'શું છે? બોલતો ખરો. તારું નામ નહીં લઈએ.' ધમલો બોલ્યો.

ભુદરિયે યુક્તિ બનાવી.

'જુઓ, જાણે અમારી છાણાંની ઓરડીને કોઈ તાળું લગાવતું નથી, માટે આજે રાત્રે ત્યાંથી છાણાં લઈ જાઓ; પણ હું બહાર નહીં આવું. હું ઘરમાં સૂઈ રહીશ. તમારે આવીને છૂપી રીતે લઈ જવાં!'

'છે તો બહુ સરસ ઉપાય! ચિમાઈ, તારો શો વિચાર છે? મણિયે પૂછ્યું. મને પણ આ વિચાર પસંદ પડેલો. ભુદરિયો પોતાની બા ઉપર કોઈ પણ રીતે દાઝ કાઢવા તૈયાર હતો. મેં કહ્યું:

'યુક્તિ સરસ છે, પણ પકડાવું ન જોઈએ.'

'ત્યારે આજે રાત્રે થજો સૌ તૈયાર! હું કોથળા લાવીશ. ભાયલો બોલ્યો.

તેનામા શૂરાતન ઊભરાયું. આવાં કામ કરવાં તેને બહુ ગમતાં. ચંદુડો પણ તૈયાર થયો અને રાત્રે દસ વાગે છાણાંની ઓરડી ઉપર હલ્લો કરવો એમ નક્કી થઈ ગયું. હું વિચાર કરી બોલ્યો:

'ડાહી લાંબીની છાણાંની ઓરડી ઉપર છાપો મારવો જોઈએ. તે આપણને કોઈ વખત છાણાં આપતી નથી અને હનુમાનજીનું તેલ પણ નથી આપતી.'

દર શનિવારે અને બુધવારે અમે રિવાજ પ્રમાણે હનુમાનજી માટે તેલ ઉઘરાવતા. એક છોકરાના હાથમાં શીશો હોય અને તેની પાછળ અમે બધા ટોળું વળી ફરતા અને દરેક ઘરઆંગણે જઈ બોલતા કે,

'હનુમાનજીનું તેલ!'

આવી રીતે તેલ ભેગું કરી અમે હનુમાનજીને ચડાવતા. અમારી શેરીમાં ભીંત આગળ એક નાનકડી દહેરી હતી. તેમાં હનુમાનજી ગદા લઈ ઊભા હતા. અમે તેને સિંદૂર ચડાવતા અને દિવાળી આવે દીવા પણ ખૂબ કરતા. હનુમાનજીને આવી રીતે ઘણી વાર શનિવારે શણગારતા અને આંકડાના ફૂલની માળા પણ પહેરાવતા હતા. ડાહી લાંબીને શંકા હતી કે અમે આ તેલ સુખડિયાની દુકાને જઈ વેચી આવીએ છીએ! તેથી તે અમને તેલ આપતી નહીં. એ બહુ જ માથાભારે હતી અને અમારા ઉપર ચિડાય ત્યારે બબ્બે કટકા ગાળો ભાંડતી. તેને સીધી કરવા માટે મેં યુક્તિ બતાવી. પણ મણિયો શંકામાં બોલ્યો:

'ડાહી લાંબીના છાણાં ચોરવાં કેવી રીતે?'

આ વાતો થતી હતી ત્યારે સદ્ભાગ્યે બચુડો ન હતો. તેનો અમે બહુ વિશ્વાસ કરતા નહીં. ઘણી વાર અમે તેને ચાડિયો કહી ચીડવતા. મેં જવાબ આપ્યો:

'સવારે બહુ સરસ લાગ મળે એમ છે!' ડાહી લાંબીના ઘરમાં બે જ માણસો હતા. પોતે અને તેનો દીકરો બચુડો! ડાહી લાંબી એ શેરીની સિંહણ ગણાતી. એ બૂમો પાડી બોલતી ત્યારે શેરીની ભીંતો થરથરતી. ધોળે દિવસે ધાડ પાડવાનું અને તે પણ વળી ડાહી લાંબીના ઘરમાં આ સાંભળી મણિયો ચમક્યો. તે બોલ્યો:

'ચિનાઈ, એ કેમ બને? મારા ભેજામાં એ વાત ઊતરતી નથી. મેં હસતાં હસતાં જવાબ આપ્યો:

'અરે, એમાં તે શું? સવારે જ્યારે તે પાયખાનામાં જાય કે તરત જ બહારથી સાંકળ દઈ દેવી અને પછી આપણે આપણું કામ પતાવી લેવું!'

'શાબાશ ચિનાઈ.' ધમલો બોલ્યો.

'પણ ઉતાવળથી કામ કરવું પડશે. ભાયલો બોલ્યો.

'અરે પણ ડાહી લાંબી બૂમો પાડી શેરી ગજાવી મૂકશે!' ભુદરિયે કેવું

પરિણામ આવશે તે જણાવ્યું.

'ત્યારની વાત ત્યારે.' મેં જવાબ આપ્યો.

'ઠીક ત્યારે. આવતી કાલે સવારમાં છ વાગે સૌ તૈયાર થઈ જજો.' મણિયે કહ્યું. તેના ચહેરા ઉપર સત્તા હતી.

'પણ આજે રાત્રે મારે ત્યાં આવવાનું ભૂલતા નહીં.' ભુદરિયો બોલ્યો.

'એમ તે કંઈ ભૂલાય!' ભાયલો બોલ્યો.

સૌ છૂટા પડ્યા સાંજ પડી ગઈ હતી. મને ભૂખ લાગી હતી. ખીચડી મારી રાહ જોતી હતી, મારે, ખીચડીને ખાતર જવું જ જોઈએ. ખીચડીનું તપેલું દરરોજ સાંજે મારી રાહ જુએ. મારો ગમે તેટલો વાંક હોય, હું ગમે તેવો રખડું હોઉં, પણ તપેલીની મુલાકાત લેવા નિયમિત હાજર થઈ જતો. સાંજે અમે છૂટા પડ્યા, ફરી પાછા રાત્રે સાડા નવ વાગ્યે કોઈ પણ રીતે અમે ભેગા થયા. ફક્ત એક ભુદરિયો ન હતો અને બચુડો ન હતો. તે રાત્રે બહુ રખડવા નીકળતો નહીં પણ અમે તો ઘણી વાર નીકળતા અને ચાંદનીમાં ખૂબ ભટકતા અને બીડીઓ ફૂંકી લહેર કરતા. ઓટલા ઉપર સૈનિકો તૈયાર થઈને બેઠા હતા. ચંદુડાને તપાસ કરવા મોકલ્યો અને તે ખબર લાવ્યો કે બધા સૂઈ ગયા છે. ફક્ત છાણાંની ઓરડી જાગે છે, તેનાં બારણાં ઉઘાડાં છે!

'ભુદરિયો કંઈ ઓછો નથી! જેટલો બહાર છે તેટલો જ ભોંયમાં છે.' મણિયો આનંદથી બોલ્યો. આજે કામ ફળીભૂત થવાનું હતું. ભાયલો બે કોથળા લઈ તૈયાર ઊભો હતો. જરા પણ વખત ગુમાવ્યા સિવાય અમે ઊપડ્યા. હોળીમાતાનું કામ હતું એટલે જરા પણ ઢીલ ન કરાય એવી અમારી માન્યતા હતી. આનંદમાં અને વિજય મળશે એવી આશામાં અમે આગળ વધી રહ્યા હતા. શેરીમાં શાંતિ હતી. ભીંતો બધી અમને ઓળખતી હતી કે અમે કેવા છીએ. ભીંતો પણ મૌન ધારણ કરીને ઊભી હતી. રાતડો ખૂણામાં પડ્યો હતો, તે અમારો મિત્ર હતો.

આકાશમાં તારલાઓ અમારી સામે જોઈ આંખો ટગટગાવતા હતા અને મીઠું મીઠું હસતા હતા. ચંદુ પોતાના સ્વભાવ પ્રમાણે શાંત હતો. અમે આવી પહોંચ્યા અને બહુ જ સાવચેતીથી કામ શરૂ કરી દીધું! એક પછી એક કોથળા ભરાવા લાગ્યા અને ખાલી થવા લાગ્યા. કોઈપણ રીતે વધુ અવાજ ન થાય તે માટે અમે બહુ સાવચેત હતા.

થોડી વારમાં છાણાં ખલાસ કર્યા. બાકી દસ કે બાર છાણાં રહ્યાં તે આવતી કાલે રસોઈમાં કામ આવશે એમ ધારી રહેવા દીધાં ધમલો તો તે છાણાં પણ રાખવાની વિરુદ્ધ હતો. ઓરડી બંધ કરી અમે ચાલી નીકળ્યા બહુ ઝપાટાબંધ

કામ કર્યું. હું તો તદ્દન થાકી ગયેલો. ભાયલે અને ધમલે કોથળાઓ ઊંચકવામાં ખૂબ મદદ કરી હતી. એ બન્ને સેવાભાવી હતા! હજી સવારે મોટી ધાડ પાડવાની છે. સિંહણના મુખમાં ધોળે દિવસે હાથ નાખવાનો છે એ વિચારે અમે બધા છૂટા પડ્યા. જતી વખતે મણિયે અમને બધાને એક એક હાથી છાપની સિગારેટ આપી.

અમે સૌ છૂટા પડ્યા. સવારે વહેલા ભેગા થવા માટે મારી આંખ ઉપર નિંદ્રાના આંગળા ફરતાં હતાં, હું ઘરે જઈ નિંદ્રાના ખોળામં પડ્યો.

માથે જ્યારે ચિંતા કે જવાબદારી આવી પડે છે ત્યારે માણસ જરા વધારે સાવધાન બને છે. પરીક્ષાનું દબાણ જેમ વધતું જાય તેમ તેમ અભ્યાસી વધારે નિયમિત બને! હું પણ અમુક જાતના દબાણને લીધે વહેલો ઊઠ્યો. સવારે છાણાંની ઓરડી ઉપર હલ્લો કરવો છે એ ચિંતાએ મને વહેલો ઊઠાડ્યો. ઘરમાં ફક્ત મારી બા ઊઠ્યાં હતાં. પણ તે તો પોતાનું કામ કરતાં હતાં. રોજ કરતાં મને આજે વહેલો ઊઠેલો જોઈ તે બોલ્યાં:

'કેમ આજે વહેલો ઊઠ્યો?'

મારાથી એમ કેમ કહેવાય કે હોળી માતા માટે લૂંટ કરવા જવું છે! પણ કોઈ નવો જવાબ બનાવવાની મારી બાના પ્રશ્ને મને ફરજ પાડી:

'બા, આજે ઊંઘ જરા વહેલી ઊડી ગઈ! દાતણ ક્યાં છે?' જવાબ આપીને મેં વાતને તરત જ ફેરવી નાખી.

મોટા માણસોમાં પણ વાત ફેરવી નાખવાનો સદ્‌ગુણ હોય છે!

દાતણ લઈ હું બહાર નીકળી પડ્યો. ઓટલા આગળ મણિયો ધુમાડા કાઢતો ઊભો હતો. હજી સુધી કોઈ આવ્યું ન હતું. મને જોઈ મણિયો બોલ્યો:

'કેમ ચિનાઈ, તું આવ્યો પણ હજી સુધી કોઈ આવ્યું નથી!' હું જવાબ આપું છું ત્યાં મારી નજર ચંદુડા ઉપર પડી, તે આવતો હતો.

'આ ચંદુડો આવ્યો!' મણિયાને મેં જવાબ આપ્યો. થોડી વારમાં બીજા ત્રણ જણા આંખો ચોળતા આવી પહોંચ્યા. પણ હજી બે સેવાભાવી કુમારો આવ્યા ન હતા. તેમના વિના એક ડગલું પણ આગળ ધપી ન શકાય? ગઈ કાલે રાત્રે તેમણે સખત કામ કર્યું હતું એટલે કદાચ થાકી ગયા હશે, એમ મારું માનવું હતું.

મણિયો પણ મનમાં મૂંઝાતો હતો. ચંદુડાને તપાસ કરવા મોકલ્યો હતો. સમાચાર આવી પહોંચ્યા, હજી ડાહી લાંબી ઊઠી નથી, થોડી વારમાં ઊઠશે અને તેથી અમારે વખતસર પહોંચી જવું જોઈએ! પણ ભાયલો ન હતો, ઘરે જઈને બૂમ કેમ પડાય?

એવામાં એક ગાડાનો અવાજ આવ્યો. એ ધીમે ધીમે પાસે આવતું હતું. મેં

જોયું તો ત્યાં બળદને બદલે બે માનવી ગાડું લઈ આવતા હતા. ત્યાં તો ચંદુડો બોલી ઊઠ્યો:

'આ આવ્યા, ગાડું લઈને આવ્યા!'

'આટલું બધું મોડું? અમે તો ક્યારના રાહ જોઈએ છીએ.' મણિયે પૂછ્યું.

ભાયલો પૂર બહારમાં હતો. રાત્રિનો થાક તે ઉતારીને આવ્યો હતો ધમલો પણ કામ કરવા તૈયાર હતો. ભાયલો બોલ્યો:

'અરે, હું અને ધમલો તો સૌથી પહેલાં આવી પહોંચ્યા હતા પણ તમે કોઈ હતા નહીં એટલે જરા દૂર ફરવા ગયા ત્યાં તો શેરીના નાકા આગળ આ ખાલી ગાડું પડ્યું હતું તે નજર ચડ્યું અને અહીં લઈ આવ્યા. છાણાં ભરવા કામમાં આવશે.'

'અરે પણ ગાડાવાળો ગોતશે તો?' મણિયે પૂછ્યું.

'ત્યારે જોયું જવાશે, અત્યારે તો ઊપડો. મોડું થાય છે!' મેં કહ્યું.

ગાડું તૈયાર થયું. ધમલો અને ભાયલો ગાડું હોંશથી ખેંચતા હતા અને પાછળ અમે ધીમેથી ગાડાને ટેકો આપી ચાલતા હતા. લશ્કર આગળ ધપ્યું. આખી શેરીમાં શાંતિ હતી; ફક્ત અમે અશાંતિમાં હતા. ડાહી લાંબીના ઘર પાસે આવી પહોંચ્યા. હજી સુધી તેના મકાનનું બારણું ખૂલ્યું ન હતું. બહાર ઓટલાને ખૂણે પાયખાનં હતું. બારણા પછવાડે જરા અંદર ચોકમાં છાણાંની ઓરડી હતી. હવે જો બારણું ખૂલે તો અંદર ઘૂસી જવાય. હવેલીમાં ઠાકોરજીના દર્શનની રાહ જોતા જેમ ભક્તો ઊભા રહે તેમ અમે પણ બહાર ઊભા હતા. અમે તેની નજરે ન ચડીએ તેવી રીતે શાંત ઊભા હતા. દરેક મુખ પર આતુરતા હતી. અમારી નજર બારણાં તરફ હતી. ઊઘડે તેટલી જ વાર હતી, જે બાઈ આખી શેરીનાં બૈરાંઓને ગાળો દેવામાં પૂરી પડતી તેને અમે આજે જીતવાના હતા.

અમે સૌ સૈનિકની જેમ એક જ આદર્શ રાખી ઊભા હતા. ગમે તે થાય પણ છાણાં તો લૂંટવા હતાં. શાંત ઊભા હતા. ત્યાં તો જરા અવાજ આવ્યો. હંમેશના નિયમ પ્રમાણે હાથમાં પાણીથી ભરેલું એક ડબલું લઈ, ઊંચી તાડ જેવી, ભયંકર મુખમુદ્રાવાળી એક બાઈ બારણાં ઉઘાડી ત્રણ દીવાલની એક નાની ઓરડીમાં ગઈ. મણિયો શાંતિથી બોલ્યો:

'ચિનાઈ, તું સાંકળ બંધ કરી આવ.' પાયખાનાની સાંકળ બહારથી દેવી જોઈએ. તે વિના કામ ક્યાંથી પાર પડે? ધીમે પગલે હું ઓટલા ઉપર ચડ્યો અને જરા પણ અવાજ ન થાય તેમ સાંકળ બહારથી બંધ કરી. ઓટલા આગળ ગાડુ ઊભું રાખ્યું. હું સાંકળ બહારથી બંધ કરતો હતો ત્યાં તો ભાયલો, મણિયો

વગેરે સૌ એક જ કૂદકે અંદર ઘૂસી ગયેલા. આંખના પલકારામાં તો છાણાંની ઓરડી ખાલી કરી નાખી અને ઝપાટાબંધ કોથળા ભરાવા લાગ્યાં. ચંદુડો અને હું જેમ બને તેમ ઉતાવળથી લાકડાં ગાડામાં ભરતા હતા. અવાજ ન થાય તે માટે ખૂબ સાવચેતી રાખેલી. બહાર નીકળતી વખતે પણ હું ધ્યાન રાખતો હતો કે સાંકળ તો બરાબર છે ને!'

ત્રણ ચાર કોથળા ભરીને છાણાં ઠલવાયાં હશે ત્યાં પાયખાનાના બરણાનો અવાજ આવ્યો. અમે ચમક્યા, પણ મેં કહ્યું:

'કંઈ વાંધો નહીં, તમે તમારે ઝડપથી કામ કર્યે રાખો. એ તો અંદર પુરાઈ છે!'

ફરીવાર બારણાને ધક્કો માર્યો પણ ન ઊઘડ્યું. ઘણા પ્રયત્નો કર્યા પણ વ્યર્થ. પછી તો બચુડાને બે-ત્રણ બૂમો પાડી પણ બચુડો તો અંદર ગોદડું ઓઢી ભરઊંઘમાં પડ્યો હતો. અમારું કામ ચાલતું હતું અમારી ઉતાવળમાં જરા પગલાનો અવાજ વધી ગયો હતો અને ગાડામાં છાણાં લાકડાં નાખતી વખતે પણ થોડો અવાજ થતો હતો. આ અવાજ અને ધમાલ સાંભળી, ડાહી લાંબીએ પાયખાનાના બારણાની તડમાંથી જોયું તો તેની નજરે છાણાંનો ભરેલો કોથળો ચડ્યો. પાયખાનાની ત્રણ ભીંતો ધણધણી ઊઠે એટલા જોરથી સવારના પહોરમાં તેના મુખમાંથી તેની પ્રિય ગાળ નીકળી, 'મારા રોયા, વાંઝિયાઓ, મને પૂરીને છાણાં લઈ જાઓ છો?'

અમે ગભરાયા. તેની ગાળ બહુ જબરી હતી. સારું હતું કે અમે કોઈ હજી પરણ્યા ન હતા! તેણે બારણાં જોરજોરથી ભભડાવવા માંડ્યા! હું સાંકળનું ધ્યાન રાખતો હતો અને બોલતો હતો કે:

કંઈ વાંધો નહીં, શાબાશ ભાયલા, શાબાશ ધમલા.'

એક પણ ક્ષણનો વિલંબ કર્યા સિવાય ગાડું ભરાતું હતું. લાકડાં પણ ભરાતાં હતાં. અંદરથી ગાળો વરસતી હતી.

મૂઆ ફાટી પડ્યાઓ, મને બહાર કાઢો, એ મને બહાર કાઢો, એ બચુડા ઊઠ, ઊઠ, આ ઘોરખોદિયાઓ છાણાં લઈ જાય છે.'

બચુડો ઊઠે તેવો ન હતો. પાયખાનાનાં બારણાં એટલા જોરથી અથડાતાં હતાં કે તૂટી જવાની મને બીક લાગતી હતી. હવે બહુ છાણાં અંદર ન હતાં. લાકડાં બધાં ભરી દીધાં હતાં. મેં કહ્યું, 'હવે બસ કરો. તૈયાર થઈ જાઓ. ઉતાવળ, ધમલા ઉતાવળ.'

ધમલો અને હું ગોઠવાઈ ગયા. હું પણ ઓટલા ઉપરથી નીચે ઊતરી, પાછળ ધક્કો દેવામાં રોકાયો. ગાડું જેવું ઊપડ્યું કે તરત જ નાટકનો પડદો બંદુકનો

અવાજ થાય અને ઊપડે તેમ એક અવાજ સાથે સાંકળ નકૂચામાંથી નીકળી ગઈ. અમે ગાડુ મારી મૂક્યું. પાછળ હાથમાં ડબલું લઈ રણચંડિકાની જેમ શોભતી તે દોડી. આગળ અમે પાછળ તે, પણ એમ અમે હાથમાં આવીએ?

છાણાં-લાકડાંની વ્યવસ્થા કરી અમે છૂટા પડ્યા. છૂટા પડતી વખતે મેં કહ્યું: 'આજે કોઈએ શેરીમાં બહાર નીકળવું નહીં. આવતી કાલે આપણે મળીશું.' આખો દિવસ બહાર ન નીકળવું એમ નક્કી કરી અમે સૌ છૂટા પડ્યા.

* * *

૧૯ નવું પરાક્રમ

હું પણ વખતસર ઘરે પહોંચી ગયો. નાહીધોઈ ડાહ્યોડમરો થઈ લેસન કરવા બેસી ગયો. પણ આનંદ એટલો બધો થતો હતો કે વાંચવું જરા પણ ફાવતું ન હતું. સવારના પહોરમાં જ ગાળો ખાધી હતી. હું વાંચવાનો પ્રયત્ન કરતો પણ ચોપડીનાં પાનાં ઉપર એક બાઈનું ઝાંખું ચિત્ર ખડું થતું હતું. તે બાઈ હાથમાં ડબલું લઈ છોકરાઓની ટોળી પાછળ દોડતી હતી મને મનમાં ખૂબ હસવું આવતું હતું અને યુક્તિ કોઈ પણ જાતની મુશ્કેલી વિના બરાબર પાર પડી એ યાદ કરી હું સંતોષ અનુભવતો હતો. આંક ગોખવા હતા, શબ્દો પાકા કરવા હતા અને થોડું 'ડિક્ટેશન' લખવું હતું, કામ તો ઘણું હતું પણ આવું કામ મને ગમતું ન હતું.

સવારમાં તો આખી શેરીમાં હાહાકાર મચી રહ્યો, ધોળા દિવસે ડાહી લાંબીની છાણાંની ઓરડી લૂંટાઈ, રાતે ભુદરિયાનાં છાણા ચોરાયાં. આ બે વાતો આખી શેરીમાં પ્રસરી ગઈ. અને બીજા બધા પોતાનાં છાણાં માટે ખાસ સાવચેત રહેવા લાગ્યા. દરેક બૈરાંના મુખમાં ડાહી લાંબીની વાત હતી. મારી બા બહારથી પાણી ભરીને આવ્યાં અને મને પૂછ્યું:

'આજે બે ઠેકાણે છાણાં ચોરાયાં છે! ડાહી લાંબીને તો પાયખાનામાં પૂરીને છાણાં લૂંટી ગયા છે! તું તો સવારે લૂંટવામાં નહોતો ને?'

મેં ડાહ્યા બની જવાબ આપ્યો:

'બા, હું હતો, પણ જોવામાં હતો. બહાર ઓટલે જ ઊભો હતો!'

'ઠીક, આપણે એવા ધંધા નથી કરવા. ડાહી લાંબીને બોલવામાં કોઈ પહોંચે એવું નથી, એ બબ્બે કટકા સંભળાવે છે!' મારી બાએ મને બધી વાત કરી અને હું લૂંટવામાં ન હતો એમ ખાતરી કરી આપી. મારી બા ફરી બોલ્યા:

'આપણે ધ્યાન રાખવાનું છે કે કોઈ છાણાં ચોરી ન જાય! છોકરા તો રોય વડ ઉપરથી વાંદરા ઉતારે તેવા છે.'

મારી બાને ક્યાં ખબર હતી કે વડ ઉપરથી વાંદરા ઉતારનારા-એમાંનો હુ એક છું! એ તો એમ જ માનતાં કે હું બહુ ડાહ્યો છું. અને ઘરમાં બનતાં સુધી ડાહ્યોડમરો થઈને બેસી રહેતો.

નક્કી કર્યા પ્રમાણે અમે કોઈ એ દિવસે ઘરમાંથી બહાર ન નીકળ્યા ભુદરિયો પણ ન નીકળ્યો. મને થયું કે તેની બાએ કદાચ માર્યો હશે અથવા તે ઓરડીમાં પૂરી દીધો હશે.

બીજે દિવસે અમે બધા નદીકિનારે ભેગા મળ્યા અને ખૂબ હસ્યા ભુદરિયે આવ્યો હતો. તેણે કહ્યું:

'તમે બધા છાણાં લેવા આવ્યા ત્યારે હું જાગતો હતો. મારી બા ઉપર સૂત હતાં અને હું નીચે સૂતો હતો.'

'પણ તારી બા કંઈ બોલ્યાં નહીં?' મેં પ્રશ્ન પૂછ્યો.

'બીજે દિવસે સવારે મને બે-ચાર ગાળો દીધી કે મારા રોયા, અમે તો સૂઈ ગયા હતા પણ તું અવાજ સાંભળીને ન ઊઠ્યો?' મેં સાંભળી લીધું. આખો દિવસ હું બહાર ન નીકળ્યો. મારી બાને થોડુ કામ કરાવ્યું એટલે તે ખુશ થયાં હું કામ કરું એ તેને બહુ ગમે!'

મેં તેને ફરી પૂછ્યું:

'તેં શું કામ કરાવ્યું કે તારી બા તારા ઉપર ખુશ થઈ ગયા?'

'ખાસ તો કંઈ નહીં પણ ઓરડા વાળી આપ્યા અને તેના નાના છોકરાને રમાડ્યો!' ભુદરિયે જવાબ આપ્યો. થોડા મહિના પહેલાં ભુદરિયાને એક નવો ભાઈ મળ્યો હતો પણ ભુદરિયો ભાઈ પ્રત્યે બેદરકાર હતો.

'પરમ દિવસે હોળી છે. બોલો હવે શું કરવું છે?' મણિયે પૂછ્યું.

'હોળી પૂરી થાય તે પછી આપણે ધાણીદાળિયા ઉડાવવા છે!' ધમલે કહ્યું

'આ વખતે આપણી હોળી બહુ મોટી થશે.' ભાયલો શાંતિથી બોલ્યો.

'આટલું શાંતિથી સાંભળ્યા પછી મેં કહ્યું:

'આ વખતે આપણે કંઈ નવું પરાક્રમ કરવું જોઈએ.'

'હજી શું બાકી રહ્યું છે?' ભાયલે મને પ્રશ્ન કર્યો.

'શું કંઈ નવી યુક્તિ શોધી કાઢી છે, ચિનાઈ?' મણિયે પૂછ્યું મેં ધીમેથી જવાબ આપ્યો:

'નવું તો કંઈ નહીં. અત્યાર સુધી આપણે ઘણાયને રંગ ઉડાડ્યો છે, પણ

મારો વિચાર એવો છે કે આ વખતે દીવાનસાહેબ દર્શન કરવા આવે ત્યારે તેમનાં સફેદ કપડાં ઉપર હોળીની કંઈ નિશાની તો થવી જ જોઈએ.'

'એ તો મારી દે એવું કામ છે!' ભાયલો જાણે ઊંઘમાંથી બોલ્યો. મેં સીધો જવાબ આપ્યો:

'ના, ના. એટલું અઘરું કામ નથી. દીવાનની પાછળ ઘણા માણસો ચાલે છે. અંદર કોઈએ ઘૂસી જવું અને દીવાનસાહેબને છાપો મારી ચાલ્યા આવવું. આમાં તમને શું અઘરું લાગે છે?'

શેરીમાં એવો રિવાજ હતો કે હોળીના દિવસોમાં અમે લાકડાનાં બીબાં બનાવતા અને તે કોઈના ઉપર છાપતા. તેમાં ભીંત ઉપર લખાય છે તેવા પ્રકારનું સાહિત્ય કોતરવામાં આવતું. હિંમત એટલી બધી આવી ગઈ હતી કે દીવાનસાહેબના વાંસા ઉપર પણ એ બીબું છાપતાં વાંધો ન આવે!

'પણ એવુ કામ કરવાની હિંમત કોણ કરે?' ભાઈલે શંકા બતાવી ધમલો હસતાં હસતાં બોલ્યો:

'કેમ, ભુદરિયો!'

'ભુદરિયાનું કામ નહીં.' મણિયો ગંભીરતાથી બોલ્યો અને મુખમાંથી થોડા ધુમાડા બહાર કાઢ્યા. પછી પોતાની અરધી સિગારેટ ધમલાને આપી, મણિયાનો જવાબ સાંભળી ભુદરિયાને પાનો ચડ્યો.

'શું તમે એમ ધારો છો કે હું તે કામ ન કરી શકું?'

'ના, ભાઈ ના તું હજી છોકરું છો, છોકરાથી છાશ ન પિવાય!

'ધમલો જરા ભુદરિયાને આજે બનાવતો હતો. ભુદરિયો પણ ગઈ કાલે પોતાની યુક્તિ સફળ થયેલી જોઈ જોરમાં આવી ગયેલો અને તેથી જ સંપૂર્ણ શ્રદ્ધાથી બોલ્યો:

'ધમલા, મને છાશ પીતાં આવડે છે! દીવાનસાહેબના વાંસા ઉપર છાપો મારવા હું જઈશ અને જરૂર કામ પાર પાડીશ' હું ભુદરિયાને ચીડવતો હતો. ભુદરિયામાં નવી શક્તિ અને નવું જોમ આવતું હતું. સામાન્ય રીતે ભુદરિયો આવા તોફાનમાં બહુ ભાગ લેતો નહીં. પણ આજે તો તેનામાં નવું જોર આવ્યું હતું, તેનામાં આત્મશ્રદ્ધા પ્રગટી હતી. મેં પૂછ્યું:

'ભુદરિયા, પકડાઈશ તો માર્યો જઈશ! દીવાનસાહેબ પાસે જવું એ ખ્યાલમાં છે?'

'પકડાય તે બીજા, તમે જોજો તો ખરા.' ભુદરિયો ખીલ્યો હતો.

સાહસ ખેડવાની વૃત્તિ ધીમે ધીમે ભુદરિયામાં જાગી હતી અને જ્યારે તે વૃત્તિ

જાગે છે ત્યારે માનવી સિંહ જેટલી તાકાત અનુભવે છે. ધૈર્ય પ્રાપ્ત કરે છે અને ગમે તેવું ખરાબ પરિણામ પણ સહન કરવા તૈયાર થાય છે. ભુદરિયાની આજે તે દશા હતી. તે સાહસિક વીર હતો. જે કામ કરવાની ભાયલાની હિંમત ન ચાલી તે કામ ભુદરિયે માથે લીધું. ઘણી વાર એમ લાગે છે કે જે કામ મહાપુરુષો નથી કરી શકતા તે કામ સામાન્ય માણસ કરી બતાવે છે. માનવસ્વભાવમાં આવી વિચિત્રતાઓ જોવામાં આવે છે. સાહસવૃત્તિ તો દરેકમાં આવી હોય છે પણ તેને વાપરનાર જુદી જુદી રીતે વાપરે છે. શક્તિ તો દરેક પાસે હોય પણ તે સુંદર રીતે વાપરવાથી ખીલે છે. આખરે લાંબી ચર્ચા પછી નક્કી કર્યું કે પરમ દિવસે સાંજે ભુદરિયાએ દીવાનસાહેબનાં કપડાં ઉપર છાપ મારવી અને આવું કામ કરી, શેરીનું નામ અમર કરવું.

આ સાહસ કંઈ જેવું તેવું ન હતું, પરિણામ શું આવશે તે કહેવું મુશ્કેલ હતું. અમારો હર્ષ ક્યાંય છુપાતો ન હતો. બીજો દિવસ આખો હોળીની તૈયારી માટે ગયો. આ વખતે છાણાં ખૂબ એકઠાં થયાં હતાં. જેમ છાણાં વધારે તેમ આનંદ પણ વધારે!

આ બધી મહેનત, આ સાહસ અને ધમાલની પાછળ અમે તન, મને અને કોઈ વખત ધન પણ ખરચતા. હોળી સળગે, તેની જ્વાળાઓ નૃત્ય કરતી નજરે પડે અને અમે તે નિહાળીએ એમાં જે આનંદ આવતો તે વર્ણવી ન શકાય તેવો છે. હોળીને આડા પંદર દિવસ હોય તે પહેલાં અમારો આનંદ પ્રગટ થતો અને હોળીની જ્વાળાઓ શાંત થઈ જાય ત્યારે અમે પણ શાંત થતા અને નવો સંતોષ અનુભવતા. ગોઠ માગીને જે પૈસા ભેગા કર્યા હોય તેમાંથી અમે નદી કિનારે બેસી નાસ્તો કરતા.

એ નાસ્તાની મજા તો જુદા પ્રકારની હતી. ગાર્ડન કે પાર્ટીનો કૃત્રિમ આનંદ ત્યાં ન હતો. હૉટેલમાં કે કોઈ બીજી જગ્યાએ એવો આનંદ મળવો મુશ્કેલ હતો.

જેને માટે આ ધમાલ અને શ્રમ ઉઠાવ્યાં હતાં, જેને માટે અમે શ્રદ્ધાપૂર્વક ડાહી લાંબીની ગાળો ખાધી હતી, જેને માટે અમે ચોરી કરતાં પણ પાછા પડ્યા ન હતા, તે હોળીમાતા આજે આવી પહોંચ્યા. બધા કામથી ખૂબ ધમાલમાં હતા. શેરીના બીજા શ્રદ્ધાળુ મોટા પુરુષો પણ અમને મદદ કરતા, છાણાં લેવામાં નહિ પણ હોલી ગોઠવવા માટે! શેરીમાંથી નાની નાની છોકરીઓ પોતે જાતે થાપેલ છાણાં લઈ આવી પહોંચતી અને હોળીમાતાને ચરણે તે ભેટ ધરતી ધમલે ગોઠના પૈસા ભેગા થયા હતા તેમાંથી થોડા પૈસાનું દૂધ ખરીદ્યુ અને કૂતરાંઓને પાયું.

આજે સાંજે હોળી! ખરેખર અમે નાચતા હતા.

મણિયો, ભાયલો હું વગેરે સૌ સાંજ માટે તૈયાર થઈ ગયા હતા. આજે રાજા અને દીવનસાહેબ આવવાના હતા. દીવાનસાહેબનાં સફેદ વસ્ત્રો ઉપર અમારી શેરીની છાપ પાડવાની હતી. અમે કોઈએ નહીં કલ્પેલું એવું સાહસ ખેડવા ભુદરિયો આજે તૈયાર થયો હતો. ભોળો ભુદરજી પણ રંગમાં હતો. હજી સાંજ પડવાને થોડી વાર હતી; અમે રાહ જોતા બેઠા હતા. દરવાજા બહાર મેદાનમાં હોળી ગોઠવાઈ ગઈ હતી. ફકત છાણાંનો વ્યવસ્થિત રીતે ઢગલો ગોઠવ્યો હતો પણ એ ઢગલામાં અદ્ભુત શક્તિ ભરી હતી. એ ઢગલામાં અગ્નિદેવ પોઢ્યા હતા. અમે અગ્નિદેવને ઉઠાડવાના હતા અને અગ્નિ આજે પોતાની જીવન-સહચરી જ્વાળા સાથે નૃત્ય કરવાનો હતો. એ નૃત્યા નિહાળી અમે ગાંડાઘેલા બનતા; દરેક છાણાંમાંથી જ્વાળાઓ નીકળવાની, અને બધી જ્વાળાઓ ભેગી થઈ સહનૃત્ય કરશે. કેવી મજા! કેટલો આનંદ! અમે અગ્નિ અને જ્વાળાના નૃત્યનું પૂજન કરતા; અમે તેને હોળીમાતા કહેતા.

આ નૃત્ય જોવા માટે અમે ઘરે ઘરે ભીખ માગી હતી અન ભીખ માગતી વખતે એક જ લીટી બોલતા:

'હોળીમાતા હોળી છાણાંથી ભરો ઝોળી!'

હોળીમાતાનું નામ સાંભળી ઘરમાંથી સ્ત્રીઓ બહાર આવતી અને અમારી ઝોળીમા પોતાની શ્રદ્ધા પ્રમાણે છાણાં આપી જતી. જે કોઈ માથાભારે હોય અને અમને ખૂબ ગાળો દેતી હોય તેને અમે વગર સંકોચે લૂંટતા અને છાણાં ભેગાં કરતાં.

દૂરથી ઢોલના અને બીજાં વાજિંત્રોના અવાજ સંભળાયા. અમે એકદમ ઊઠ્યા, રાજા અને આખો દરબાર એક મોટી પાટમાં બેસીને આવતો અને દરવાજા આગળથી નીચે ઊતરી પગે ચાલીને હોળીમાતાનાં દર્શન કરવા આવતો.

'ભુદરિયા, તૈયાર, સવારી આવી પહોંચી છે.' મેં કહ્યું.

'તૈયાર દોસ્ત, એમાં તારે કંઈ કહેવું ન પડે!' ભુદરિયો હિંમતથી બોલ્યો.

માથે મૂંડો, મોટી ચોટલી, ફાટેલું ખમીશ અને જેવી તેવી ગંદી પોતડી, આ બધાનો સરવાળો એટલે ભુદરિયો. શરીર ઠીકઠીક હતું. મૂખ ઉપર ખૂબ સહન કર્યું હોય એવી છાપ સ્પષ્ટ હતી. આંખો પાછશ ઊંડે ઊંડે માતા માટે રૂદન ચાલતું હતું. ભુદરિયાને ફક્ત પોતાની સગી માની ખોટ હતી. એ ખોટ આખા જીવનભરમાં કોણ પૂરી પાડી શકે? મેં ભુદરિયાના મુખ ઉપર ઝીણી નજર નાખી અને કહ્યું:

'ભુદરિયા, એ કામ કરવાની હિંમત ન હોય તો હું પાર પાડીશ. હજી વિચાર કરી લે.' મારા શબ્દોમાં અશ્રદ્ધા હતી, પણ ભુદરિયે મક્કમ જવાબ આપ્યો:

'હવે રાખ વજિયા, હું જરૂર છાપો મારી આવીશ.'

'તૈયાર, તૈયાર.' મણિયો બોલ્યો. સવારી ધામધૂમ કરતી દરવાજા આગળ આવી પહોંચી. સદા ભારેખમ મોઢાં રાખનાર અમલદારો નીચે ઊતર્યાં. રાજાની પાછળ સૌ ચાલતા હતા.

પાઘડી, લાંબો કોટ અને ધોતિયું-આ ત્રણ વસ્તુઓમાં ગંભીરતા વસે છે. ગંભીર મુખમુદ્રા ન રાખે તો અમલદાર શેના? સારાયે શહેરનાં દુઃખોનું દર્દ પોતાનામા સમાવી દેવાનો ડોળ કરનાર દીવાનસાહેબ, કોઈ પણ જીવની હિંસા ન થઈ જાય એવા ધીમે પગલે આગળ ધપતા હતા.

ટોળી એક બાજુ શાંત ઊભી હતી. અમે બધાં અમલદારોની ચાલવાની છટા નીરખતા હતા ત્યાં તો ચૂનિયો બોલી ઊઠ્યો:

'ભુદરિયો?'

અમે તરત જ જોયું તો મોટા પુરુષોના ટોળામાં પોતડી પહેરી એક નાનો છોકરો ઘૂમતો હતો. શી હિંમત! અમલદારો ગજગતિએ હોળીમાતા તરફ જતા હતા. દીવાનસાહેબ અને બે-ચાર પટાવાળા પણ ધીમે ધીમે ચાલતા હતા. ભુદરિયો જરા આગળ વધતો હતો. પોતાનું કાર્ય તેણે પાર પાડવાનો નિશ્ચય કર્યો હતો. એ આગળ વધતો હતો. અમારો શ્વાસ ઊંચે ચડતો હતો. અમારી નજર ભુદરિયાનાં પગલાં તરફ હતી અને અમે પૂતળાની જેમ ભુદરિયા તરફ જોઈ રહ્યા હતા. શેરીનું નામ અમર કરવા તે હાથમાં બીબું લઈ ઘૂમતો હતો. તેને દીવાનસાહેબની લગોલગ આવી પહોંચેલો જોઈ, મણિયો બોલી ઊઠ્યો, 'શાબાશ.' અમે એકદમ શાંતિ પકડી. હમણાં ભુદરિયો કૂદીને પાછળથી થાપો મારશે એ... એ... એ ભુદરિયો સાચે કૂદ્યો અને જોરથી પાછળ છાપ મારી. પણ તરત જ ભુદરિયે ચીસ પાડી.

'ઓ બા મારી ગયો!' ભુદરિયાની ચોટલી પકડી એક પટાવાળાએ તેને હવામાં ઊંચો કર્યો અને બોલ્યો:

'સુવર, ઠેઠ અહીં આવ્યો!'

'ઓ બાપુ, મૂકી દો.' ભુદરિયે ચીસ પાડી. દીવાનસાહેબ ભલા માણસ હતા. તેણે છોડી દેવાનો હુકમ કર્યો. પટાવાળો કહે:

'સાહેબ, તમારી પાછળ જુઓ તો ખરા.'

અમલદારો મનમાં હસતા હતા. ભુદરિયાને છૂટો મૂક્યો તેવો જ અમારી પાસે આવ્યો. તેની આંખમા દુઃખનાં આંસુ હતાં. અમલદાર મંડળમાં જાણે કંઈ બન્યું જ ન હોય એવી જાતનું વાતાવરણ છવાઈ ગયું પણ અમારે મન તો એ મોટામાં મોટું સાહસ હતું.

'ભુદરિયા, જોઈએ તારું માથું!' મણિયે પૂછ્યું.

'બહુ હેરાન થયો!' ધમલો બોલ્યો.

ભુદરિયાનું માથું જોયું તો ચોટલીમાંથી થોડા વાળ નીકળી ગયા હતા. અને આસપાસ લોહીની ઝીણી ઝીણી ટપકીઓ દેખાતી હતી. ભુદરિયાની વેદના સહન ન થઈ શકે તેવી હતી. ભુદરિયો હિંમતથી બોલ્યો:

'છાપ તો બરાબર ચોંટાડી આવ્યો છું.'

'અરે, તેં તો કમાલ કરી, અમે આવી આશા રાખી જ ન હતી. પણ ચોટલી ખેંચી ત્યારે તને શું થયું?' ધમલો હસતાં હસતાં પૂછતો હતો.

'અરે, મારી આંખે અંધારા આવી ગયાં, આંખમાંથી પાણી નીકળ્યું. 'ચોટલી રાખવામાં આ એક મોટું દુઃખ છે.' ભુદરિયો પોતાના અનુભવો કહેતો હતો.

હોળીનો તહેવાર પૂરો થયો. બેત્રણ દિવસ પછી નિશાળમાં 'નોટીસ' આવી કે 'હોળીને દિવસે ઘણા છોકરાઓ અપશબ્દ વાપરે છે તે ના વાપરવા જોઈએ.' આવી તો ઘણી શિખામણોથી તે 'નોટીસ' ભરેલી હતી પછી તો દર વર્ષે હોળી આવ્યા પહેલાં આવી જાતની 'નોટીસ' આવતી.

* * *

૨૦ ધોળા વેપારી

વાતચીત કરતા અમે ઊભા હતા ત્યાં પાછળથી 'મારો-મારો' એવો અવાજ આવ્યો. મને થયું કે શું કોઈ અમને મારવા આવે છે! અમે એકદમ તૈયાર થયા અને જોયું તો એક મોટું ટોળું એક કૂતરાની પાછળ પડ્યું હતું.

'ભાગજો... છેટા રહેજો, હડકાયું છે.'

ફરી બૂમો આવી. અમે પથરા લઈ તૈયાર થઈ ગયા. જોયું તો એક ધોળું કૂતરું આગળ નાસતું હતું અને માણસો લાકડીઓ લઈ પાછળ પડ્યા હતા. અમે પણ પાછળ પડ્યા. અમારી શેરીના કોઈ કૂતરાને તે કરડે નહીં તે માટે અમે ખૂબ સાવચેતી રાખેલી અને આખરે એ ધોળા કૂતરાને શેરી બહાર કાઢ્યો ત્યારે જ સંતોષ વળ્યો. ધમલો ખીજમાં બોલ્યો:

'ચિનાઈ, હું જ્યારે જોઉં છું ત્યારે ધોળા કૂતરા જ હડકાયા થાય છે!'

મેં શાંતિથી જવાબ આપ્યો:

'ધમલા, તારી વાત સાચી છે. ધોળા કૂતરા જ હડકાયા થાય છે અને ગમે તેને કરડીને હેરાન કરી મૂકે છે. ધોળા કૂતરાઓનો કદી વિશ્વાસ ન કરવો. દેખાવમાં લાગે રૂપાળા પણ તેને પાળવાથી પરિણામ સારું આવતું નથી.'

ધમલો પણ મારી સાથે સંમત થયો અને બોલ્યો:

'સારું છે કે આપણી શેરીમાં એક પણ ધોળો કૂતરો નથી અને હોય તો શેરીમાંથી કાઢી મૂકવો જોઈએ, કારણ કે ધોળા કૂતરા દગાખોર નીકળ્યા છે. શેરીનું રક્ષણ કરવાને બહાને ભક્ષણ કરે છે.'

થોડી વાતચીત પછી અમે છૂટા પડ્યા. થોડા દિવસ તો બધું વાતાવરણ શાંત હતું, કંઈ ખાસ તોફાન થયું નહીં. એક દિવસ અમે નદીના કિનારે બેઠા

હતા ત્યાં એક મોટા પથ્થર પાસે એક મોટું ઝાડ હતું તેના ઉપર નજર ગઈ. તેની ડાળીઓ ઘણી નીચે હતી. ડાળી ઉપર બેઠાં બેઠાં માણસ, નીચે ચાલ્યા જતા માણસના માથા ઉપર જરૂર મારી શકે! હું બોલ્યો:

'આ ઝાડની ડાળી ઉપર બેસીને તો ઘણું સરસ કામ કરી શકાય તેમ છે. જરા હિંમત જોઈએ!'

'બોલ, બોલ, એ કંઈ નવી યુક્તિ લાગે છે.' ભાયલો બોલ્યો.

'ડાળી ઉપર બેઠાંબેઠાં નીચે ટોપલામાંથી કેરી લઈ શકાય!' હું હસતાં હસતાં બોલ્યો. નદીને સામે કિનારે સ્ટેશન હતું અને ત્યાં કેરીનો સમય આવે ત્યારે ખૂબ કેરીઓ આવતી અને માણસો કેરીના ટોપલા ભરીભરીને શહેરમાં લઈ જતા. અને આવા અસંખ્ય ટોપલાઓ ઝાડ નીચેથી પસાર થતા હતા. મારી દાનત બગડી હતી. મેં યુક્તિ રચી કે જો એક ટોપલામાંથી એક કેરી લેવાય તો પણ ઘણી કેરીઓ ભેગી થાય અને ખાવાની મજા પડે!

'અરે શાબાશ ચિનાઈ, કેરી ખાવાની મજા આવે હોં!' ધમલો બોલ્યો.

'ના, ના, કામ કરવા જેવું છે.' મણિયો કબૂલ થયો.

'પણ તમે કેરીઓ લઈને નાખશો ક્યાં?' ભુદરિયો બોલ્યો.

'હા, એ વાત સાચી. આટલી બધી કેરીઓ ક્યાં નાંખવી?' ભાયલો જરા મૂંઝાયો. મેં જરા વિચાર કરી જવાબ આપ્યો:

'અરે, એમાં મૂંઝાઓ છો શા માટે? ચાર જણા પથરા પાછળ એક કોથળો લઈ બેસે અને કેરી લેનારો ઉપરથી કેરી ફેંકે!'

બધાને આ વાત ગમી. વગર પૈસે અને થોડી મહેનતે કેરી ખાવી કોને ન ગમે?'

'બરાબર કેરી ખાવાની મજા પડશે!' ધમલો બોલ્યો.

'પણ પહેલાં તારે કેરી લેવી પડશે!' મેં કહ્યું. ધમલો જરા થોભ્યો, અને ના પાડવાથી આબરૂ જશે એમ માની તે બોલ્યો:

'પહેલાં હું કેરી લેવા ચડીશ પછી તારો વારો!'

'કબૂલ, આપણે બધા વારાફરતી કેરી લેવા ચડીશું. તમે બધા પથરા પાછળ કોથળો લઈ બેસજો પછી જોઈ લેજો મજા!' હું બોલ્યો.

'આ વખતે ખૂબ કેરી આવી છે!' મણિયો બોલ્યો. આ યુક્તિ ક્યાંય પણ બહાર ન પાડવી એવા સોગન લઈ અમે ઊઠ્યા.

કેરીનો સમય આવી પહોંચ્યો. અમારી આતુરતા વધી અને એક દિવસ યુક્તિ અમલમાં મૂકવી એમ નક્કી થયું. ભાયલો પોતાના ઘરમાંથી કોથળો લઈ

આવ્યો. સાંજનો સમય હતો. નદીને સામે કિનારેથી ટોપલા ચાલ્યા આવતા હતા. નદીમાં પાણી બહુ ન હતું. ભુદરિયો, ભાયલો, મણિયો અને હું પથરા પાછળ કોથળો લઈ બેઠા. ધમલો ડાળી ઉપર બેઠો હતો. ડાળી ઉપરથી હાથ ખુશીથી ટોપલામાં પહોંચી શકે તેમ હતું. ધમલે પહેલો પ્રયત્ન કર્યો અને તે સફળ થયો. તરત જ એક કેરી અમારા કોથળામાં આવી પડી. આનંદ થાય એ સ્વાભાવિક છે. થોડીવારમાં બીજી કેરી આવી પહોંચી પછી તો ધમલો એવી ચાલાકીથી કર ઉઘરાવતો હતો કે ટોપલો ઊંચકનારને જરા પણ શંકા ન આવે!

મીઠા જેવી વસ્તુ ઉપર કર છે તો કેરી ઉપર શા માટે નહીં?

'વાહ ધમલા, આવવા દે.' ધીમેથી ભાયલો બોલ્યો.

ધમલો પોતાની ફરજ બજાવતો હતો. કેરી તો ઘણી થઈ ગઈ. પછી તો અમારે ધમલાને ના પાડવી પડી. ધમલો નીચે આવ્યો. એ હસતો હતો. અમે તેનો વાંસો થાબડ્યો. પાસે બગીચો હતો તેમાં ગયા અને કેરીના ભાગ પાડ્યા. તો દરેકને ભાગે સાત કેરી આવી! સાત કેરી ઓછી ન હતી કેરી ઘોળીને અમે આનંદ શરૂ કર્યો.

'માલ તો સારો છે!' ભાયલો જરા મશ્કરીમાં બોલ્યો:

'હોય જ ને? ધમલાની પસંદગી છે!' મેં કેરી ચૂસતાં કહ્યું.

'ઓય માર્યા, મારી કેરી ખાટી નીકળી!' ધમલો બોલ્યો. અમે હસી પડ્યા. ભુદરિયો કેરીનો ગોટલો ચૂસતાં બોલ્યો.

'એમાં શું? ચોરીનો માલ ખાટો પણ નીકળે!'

'ચોરી-શેની? લેતાં મહેનત પડી હતી.' ધમલો જરા ઉગ્ર થઈ બોલ્યો.

ભુદરિયો ધમલા ઉપર ચોરીનો આરોપ મૂકે છે એ સમજી હું ધમલાને ખુશ કરવા બોલ્યો:

'એમાં ચોરી જેવું કંઈ નથી. એ લોકો આંબા ઉપરથી કેરી લઈ આવ્યા તે જ મોટી ચોરી છે! કેરી આપણે ખાઈએ અને બીજા ખાય એ બધું સરખું જ છે ને? કંઈ ઢોર તો કેરી નહીં ખાય ને?'

'સાચી વાત, તદ્દન સાચી વાત, ચિનાઈ બરાબર કહે છે.' ભાયલો બોલ્યો: ભાયલાને મારી ફિલસૂફી પસંદ પડી, બીજા બધાને પણ પસંદ પડી. ભુદરિયો શાંત થઈ ગયો. એ કેરી ચૂસતો હતો.

ખરેખર, કેરી ખૂબ મીઠી હતી, વગર પૈસે આવી સુંદર કેરી મળતી હશે? વગર પૈસે દુનિયામાં ઘણાં કામ થાય છે. મોટા મોટા દેશો પણ વગર પૈસે વેપારીઓએ તાબે કર્યા છે. અને ત્યાંના રહેવાસીઓને ગુલામ બનાવ્યા છે, એવા દાખલા

ઇતિહાસમાં ઘણા છે. વગર પૈસે કામ કઢાવવામાં અમુક સદ્‌ગુણની જરૂર પડે છે! પહેલી તો જીભની મીઠાશ, બીજી લુચ્ચાઈ, ત્રીજો સદ્‌ગુણ તે વિશ્વાસઘાતનો. સામા પક્ષના માણસોને ફોડતાં આવડવું જોઈએ અને ચોથો સદ્‌ગુણ અંદર અંદર લડાવી પારકા દેશને પોતાનો કરી લેવો! બે બિલાડી વચ્ચે વાંદરો ફાવી જાય એ ચિત્ર નીરખીને જોઈએ તો ઘણું જાણવાનું મળે તેમ છે. વગર પૈસે કેમ કામ થાય તે અમે સારી રીતે જાણતા હતા એટલે જ કેરીનો કર ઊઘરાવ્યો અને મજા કરી. કર હંમેશાં પોતાના કલ્યાણ માટે ઉઘરાવવામં આવે છે!

કેરીનો રસ ખૂબ સરસ લાગ્યો અને મારુ તો પેટ ભરાઈ ગયું. રસ ઉડાવ્યા પછી સૌ છૂટા પડ્યા. હું ઘેર ગયો અને જમવા બેઠો. પણ આજે બરાબર ભૂખ ન હતી. એટલે બહુ જ ઓછું ખાધું મારી બાએ પૂછ્યું:

'આજે કેમ બહુ ઓછું ખાધું?'

'મેં બહુ જ સીધો જવાબ આપ્યો.'

'બા, આજે બરાબર ભૂખ લાગી નથી!'

લગભગ દસ દિવસ સુધી મેં ઉપલો જવાબ આપ્યો. મને રોજ ભૂખ લાગતી ન હતી. છતાં શરીરમં લોહી વધતું હતું એ મારી બાને નવાઈ જેવી વસ્તુ થઈ પડી.

એક દિવસ સાંજે ડાળી ઉપર બેસીને હું કેરીનો કર ઉઘરાવતો હતો, પાછળ ચાર-પાંચ જણા કોથળો લઈ શાંત બેઠા હતા. લગભગ ઘણી કેરીઓ ભેગી થઈ હતી. કોઈ દિવસ નહીં અને આજે બધા એકદમ કોથળો મૂકીને નાસી ગયા અને મેં જોયું તો ડાળી નીચે આંખોમાંથી ક્રોધ વરસાવતો એક વેપારી ઊભો હતો. હું થરથરી ઊઠ્યો. વેપારીએ બૂમ પાડી:

'હેઠો ઊતર, હરામખોર, હાડકાં રંગી નાખું!'

મારાથી છટકી શકાય તેમ ન હતું. ધીમેથી હું નીચે ઊતર્યો વેપારી તો ધૂંવાફૂંવા થઈ ગયેલો. ફરીથી તેણે મને કેરી ચોરતાં જોયો હતો, એટલે પાછળથી આવી ઊભો રહ્યો. તેન જોઈ ભાયલો, ધમલો વગેરે નાસી ગયા. કોથળામાં પડેલી કેરીઓ જોઈ તે વધુ ચિડાઈ ગયો અને મારા કાન પકડી બોલ્યો:

'સુવર, આ ધંધો ક્યાંથી શીખ્યો? કેટલા દિવસથી કરે છે?'

મેં બીજા પ્રશનનો જવાબ તરત જ આપ્યો.

'આજે જ કેરી ખાવાનું મન થયું!'

વેપારી ચિડાયો અને બોલ્યો:

'ભાઈસા'બને કેરી ખાવાનું મન થયું! તારા બાપનું નામ શું? તું કોનો દીકરો છો?'

મેં મારા બાપુજીનું નામ આપ્યું. વેપારી મારા બાપુજીને સારી રીતે ઓળખતો હતો. નામ સાંભળી વેપારી જરા નરમ થયો અને બોલ્યો:

'અરરર, તું આવા ધંધા કરે છે? આજે આવવા દે, તારા બાપાને હું રાત્રે મળીશ!'

બાપાને મળવા કરતાં મને બેચાર તમાચા માર્યા હોત તો સારું હતું, પણ તે ન બન્યું. મને છોડી મૂક્યો, વેપારી કોથળો અને કેરીઓ બન્ને લઈ ગયો. વિલે મોઢે વિચાર કરતો હું ઘર તરફ પગલાં માંડતો હતો ત્યાં ભાયલો મળ્યો અને સમાચાર પૂછ્યા:

'ચિનાઈ, માર્યો તો નથી ને?'

'એમ તે તેના બાપની તાકાત છે કે મને મારી શકે!' મેં બડાઈ મારી ભાયલો મારી સામે જોઈ રહ્યો. તેને નવાઈ લાગી કે ચિનાઈમાં એવું તે શું ભર્યું છે કે વેપારી તેને હાથ પણ ન અડકાડી શક્યો?

એવામાં તો ધમલો, ભુદરિયો, મણિયો, ચંદુડો વગેરે મને ઘેરી વળ્યા અને હું માર ખાધા વિના આવ્યો છું તે જાણી બધા આશ્ચર્ય પામ્યા.

'કોથળો ક્યાં ગયો?' ભાયલો બોલ્યો:

'કોથળો વેપારી લઈ ગયો.' મેં જવાબ આપ્યો:

'મારો બેટો ચોર, કોથળો લઈ ગયો?' ભાયલો તાડુક્યો. કોથળો લઈ જનાર વેપારી ભાયલાની દૃષ્ટિમાં ચોર હતો. મેં ગંભીરતાથી જવાબ આપ્યો:

'વેપારી બધા ચોર જ હોય છે.'

'વેપારીના મોઢાનો રંગ કેવો હતો?' ધમલો વિચાર કરતો બોલ્યો.

'સહેજ ધોળો?' મેં જવાબ આપ્યો. ધમલાની માન્યતા મજબૂત હતી કે ધોળા રંગના કૂતરા ખરાબ હોય છે. હવે તે માન્યતા તેણે માનવજાતિને લાગુ પાડી. તે બોલ્યો:

'ચિનાઈ, ધોળા રંગના વેપારીઓ બધા ચોર અને દગાબાજ હોય છે!'

પછી તો બધાને ગળે વાત ઊતરી ગઈ કે ધોળા વેપારીઓ બધા ચોર અને દગાબાજ હોય છે.

* * *

૨૧ એક સાહસિક નિર્ણય

હું ઘરે ગયો પણ મનમાં બીક હતી. આજે ભૂખ બરાબર લાગી હતી પણ રોજ કેરીના રસનું ભોજન કરનાર આ ચિનાઈને ખીચડીમાં બહુ સ્વાદ ન આવ્યો. મારો વિચાર એવો હતો કે જમીને તરત જ સૂઈ જવું. પણ માણસના વિચાર તરત જ ફળિભૂત થતા હોત તો દુનિયા ચાલત કે નહીં તે શંકા છે! હું જમીને ઊઠું ત્યાં કોઈએ બારણું ખખડાવ્યું. હું ચમક્યો, મારા પેટમાં ફાળ પડી, નક્કી પેલો વેપારી આવ્યો. મારા બાપુજી અંદરના ઓરડામાં બેઠા હતા તે બહાર આવ્યા અને બારણું ખોલ્યું, ખરેખર તે પેલો વેપારી જ હતો. પાઘડી, લાંબો કોટ, દોતિયું અને એરંડિયું પીધા જેવું મોઢું! મને આવા માણસો ગમતા ન હતા!

'આવ, આવો.' મારા બાપુજીએ આવકાર ન આપ્યો હોત તો શું તે વેપારી પાછો જાત?

'આવવાનું ખાસ તો કારણ નથી પમ બે શબ્દો કહેવા'તા, હોય એમાં શું? છોકરા છે ને. કેરી ખાવાનું મન થાય. આપના ચિરંજીવીને જરા સોબતની અસર થઈ છે!' વેપીરી મીઠાશથી બોલતો હતો પણ ચોખ્ખુ બોલતો ન હતો. મારા બાપુજીની આતુરતા તેણે વધારી.

મારા બાપુજીએ પૂછ્યું:

'શું વાત બની છે? તમારી દુકાને આવી કેરી ખાઈ ગયો છે?'

વેપારી હસતાં હસતાં બોલ્યો: 'ના રે ના, ખાઈ જાય તો એની જ દુકાન છે ને! છોકરાં કેરી ન ખાય તો કોણ ખાય? આ તો સહેજ તમને જણાવવા ખાતર કહેવાની જરૂર પડી કે ભાઈ, કેરી ડાળ ઉપર ચડી ચોરી... અરે ના, લેતા હતા.'

મારા બાપુજીની આંખો લાલચોળ બની મને થયું કે આપણા બાર વાગી ગયા. તે તાડૂક્યા.

'હજી ચોરી કરવાની ટેવ ગઈ નથી? ક્યાં ગયો એ હરામખોર. અહીં આવ.'

હું બહાર ઓસરીના ખૂણામાં લપાઈને બેઠો હતો અને શું પરિણામ આવે છે તેની રાહ જોતો હતો. મારી બા પણ ખૂબ આતુરતાથી આ વાત સાંભળતા હતાં. મારા બાપુજી કંઈ પગલાં ભરે તે પહેલાં તો મારા વાંસા ઉપર એક જોડો આવીને પડ્યો. અને પછી શબ્દો આવ્યા.

'ત્યારે જ મારો રોયો, રોજ રાત્રે પૂરું ખાતો ન હતો! હજી ચોરી કરવાની ટેવ ગઈ નથી કેમ?'

'અરે રહેવા દો, રહેવા દો, છોકરાં છે, હોય, એ તો ચોરી કરે!' વેપારી મને બચાવવા ઊઠ્યો. હું પોક મૂકી રડતો હતો. મેં મારા બાપુજીને જવાબ આપ્યો:

'એં... એં... બાપુજી, મેં ચોરી કરી ન હતી, મને ધમલે કીધું હતું, એટલે મેં કેરીઓ ખાધી!'

બાપુજી વાધારે ચિડાયા, 'ચૂપ કર, મારે તારી વાતો સાંભળવી જ નથી. એક તો ચોરી કરી અને ઉપરથી બચાવ કરે છે? હવે જો આ ધંધો કર્યો છે તો કાઢી જ મૂકીશ.'

કાઢી મૂકવાની ધમકી આપતા પણ કાઢી ન મૂકતા એ મોટું દુઃખ હતું. વેપારી ચાલ્યો ગયો. પણ મને વેપારીઓ ઉપર ખૂબ ચીડ ચડી અને તે પણ સફેદ-ગોરા વેપારીઓ ઉપર! ધમલો કહેતો હતો તે મને સત્ય લાગ્યું. રાત્રે વેપારીઓ ઉપર મનમાં હજારો ગાળો વરસાવતો હું સૂઈ ગયો.

કેરી ચોરવાનું બંધ કર્યું. જો પકડાયા ન હોત તો વગર પૈસે લહેર કરવાનો અમારો દૃઢ નિશ્ચય હતો. ચોરીના પ્રસંગો તો સામાન્ય બની ગયા હતા. વગર પૈસે લહેર કરવાની કળા તે ચોરી, ચોરી ઘણા પ્રકારની છે. પોતાની બુદ્ધિના બળે અજ્ઞાનતાનો લાભ લેનાર પ્રજા ચોર છે! અંદર અંદર ફાટફૂટ પડાવી રાજ્યા જીતી લેનાર માનવી પણ એક પ્રકારની ચોરી કરે છે. કેળવણીને નામે પૈસા કમાનાર કેળવણીખાતું પણ ચોર છે. ગરીબો પાસેથી કર ઉઘરાવી, પોતાના જ કલ્યાણને માટે રાજ્ય કરનાર રાજવી પણ એક મોટો ચોર છે. મિલમજૂરોના પરસેવા ઉપર તાગડધિન્ના કરનાર મિલમાલિક પણ ચોરના ઇલકાબને લાયક છે. કેટલાક દિલના જોર હોય છે તો કેટલાક કામના પણ ચોર નીકળે છે. એક અથવા બીજા પ્રકારની ચોરી કરીને જ માણસો વિલાસ ભોગવે છે, જરૂરિયાત ઉપરાંત ધનસંગ્રહ કરનાર પૂંજીપતિ પણ સમાજનો ચોર છે, ન્યાયનો પંથ ચૂકી

શિખામણ દેનારા પિતા પણ ચોર છે અને એક ભોળી પ્રજાને ભોળવી તેને લૂંટી લેનાર બીજી પ્રજા પણ સુધરેલી ચોરી જ કરે છે!

પ્રમાણિક મહેનતની આજે કદર નથી!

થોડા દિવસો શાંતિમાં ગયા. કંઈ નવા-જૂની ન થઈ. એક વાત અમે સાંભળી અને તે સાચી હતી, મણિયાની સગાઈ થઈ, મણિયો થોડા દિવસોમાં કરાંચી જવાનો હતો. બચુડો પણ ભણવામાં બહુ ચાલાક હતો. એટલે તેના મામા તેને કલકત્તા ભણાવવા માટે ગઈ કાલે લઈ ગયા. બચુડો અમારી સાથે બહુ રખડતો નહીં. શેરીમાંથી હવે એક પછી એક ઓછા થવા લાગ્યા. મણિયાની વહુ કેવી હશે એ વિશે કલ્પના દોડાવતા અમે ઓટલા પર બેઠા હતા. પણ ત્યાં તો મણિયો આવી પહોંચ્યો.

'કેમ મણિયા, હવે કે દિ' પરણવાનો છો?' ધમલો બોલ્યો.

'આવતે વર્ષે લગ્ન થશે.' મણિયો પતિ તરીકેની જવાબદારી સમજી ગયો હોય એવા ભાવ મુખ ઉપર રાખી બોલ્યો.

'ફાવ્યો ત્યારે!' ભાયલે કટાક્ષ કર્યો. મણિયો કંઈ જવાબ આપે તે પહેલાં અમારી નજર ભુદરિયા ઉપર પડી તે કંઈ નવા સમાચાર લાવ્યો હોય એમ લાગ્યું. ભુદરિયો ઉતાવળથી બોલ્યો:

'મણિયા, પેલી મૂળકી ધૂણે છે!'

'હેં! મૂળકી ધૂણે છે? કોણ વળગ્યું?' મણિયો હેબતાઈ ગયો અને બોલ્યો.

'અરે, કૂવે પાણી ભરવા ગઈ ત્યારે કોઈ બાવણ વળગી!' ભુદરિયે જવાબ આપ્યો.

અમે બધા સડક જ થઈ ગયા. ભૂતપ્રેતની વાતોમાં અમને ખાસ રસ હતો અને તે લોકોનું અસ્તિત્વ છે એમ પણ અમે માનતા હતા. ભુદરિયાના ઘરના ખૂણા આગળ 'મામો' રહે છે એમ કહેવાતું હતું. ડાહી લાંબીના પાયખાના પાછળ એક ઘાંચણ ડાકણ થયેલી છે એવી વાતો અમે સાંભળેલી. પણ કદી 'મામો' કે ઘાંચણ જોયાં ન હતાં એટલે તેમને કોઈપણ પ્રકારે જોવાની અમારી ઉત્કંઠા હતી.

થોડા દિવસ પહેલાં એવી વાત પણ સાંભળેલી કે જમાદારની શેરીમાં બોરડી ઉપર રોજ એક ડોસો મધરાતે પોક મૂકી રૂએ છે. આવી વાતો અમને ભયંકર લાગતી, પણ એ ભયંકરતામાં અમે અજબ પ્રકારની મજા જોતા હતા. ભૂતને જો વશ કરાય તો આપણે ફાવી જઈએ એમ હું માનતો હતો અને કોઈપણ ઉપાયે ભૂતને ખુશ કરી તેને વશ કરવો જોઈએ એવી મારી મહત્ત્વાકાંક્ષા હતી.

નવું જાણવાનું મળશે એવી આશામાં અમે એકદમ મૂળકીના ઘરે ગયા. ત્યાં

જઈ જોયું તો આસપાસ ઘણાં બૈરાંઓ ભેગાં થયાં હતાં. છૂટો ચોટલો રાખી મૂળકી ધૂણતી હતી અને જોરજોરથી વિચિત્ર બૂમો પાડતી હતી.

તેનું આખું સ્વરૂપ બદલાઈ ગયેલું. મૂળકી આવી ભયંકર અને બિહામણી હશે? મૂળકીને જોઈને થયું કે ભુદરિયો કહેતો હતો તે સાચું હતું. મેં ભુદરિયા સામે જોયું તો ભુદરિયો શાંત ચિત્તે આંખો ફાડી મૂળકીના વિરાટ સ્વરૂપને નિરખતો હતો. થોડી વારમાં એક પુરુષ આવ્યો. તે આવી બાબતમાં કંઈ જ્ઞાન ધરાવતો હોય એમ લાગ્યું. આવીને તેણે મૂળકીને ખૂબ જોરથી તમાચો લગાવ્યો અને બૂમ પાડી બોલ્યો:

'બોલ, તું કોણ છે? શા માટે અહીં આવી છો?'

તમાચો એટલા જોરથી પડ્યો કે સૌ ધ્રુજી ઊઠ્યા મૂળકીએ ધૂણતાં ધૂણતાં જવાબ આપ્યો:

'હું બાવણ છું. મારે એક સાડલો જોઈએ, હું કૂવામાં છું. પાણી ભરતાં મૂળકીનો ઘડો મારા માથા ઉપર વાગ્યો એટલે હું અહીં આવી.'

'સાડલો આપીએ તો ફરી વાર આવીશ?' પેલાએ જોરથી બૂમો પાડી, અને ફરીથી મૂળકીને જોરથી તમાચો માર્યો. મૂળકીના ગાલ ઉપર પાંચે ય આંગળાં ઊઠી ગયા. અમને મૂળકીની ખૂબ દયા આવી. એક તો હેરાન થતી હતી અને ઉપરથી સખત માર! અમારા આવ્યા પહેલાં તો મૂળકીને મરચાંનો ધુમાડો પણ આપ્યો હતો.

થોડી વારમાં મૂળકી શાંત થઈ ગઈ. તેણે પાણી માંગ્યું. પછી અમે સૌ ભૂત ઉપર વાતો કરતા ઓટલા ઉપર બેઠા. મણિયે બધાને સિગારેટ આપી. મણિયો હવે થોડા દિવસનો મહેમાન હતો; બે કે ચાર દિવસમાં તો તે કરાંચી જવાનો હતો. વાતમાં ને વાતમાં કહ્યું:

'મણિયા, આપણે કોઈ ભૂતને વશ કર્યું હોય તો?'

'ચિનાઈ, એ કંઈ છોકરાના ખેલ નથી; ભૂતને વશ કરવું એ સહેલું નથી!' મણિયો સલાહ આપતો હોય એમ બોલ્યો.

'પણ આપણે ચાર-પાંચ જણા જઈએ અને પછી તેની સાથે વાતો કરીએ.' મેં કહ્યું. ભાયલો અને ધમલો શાંત બેઠા હતા. ભાયલો બોલ્યો:

'પણ ચિનાઈ, તેં કોઈ દિવસ ભૂત જોયું છે?'

'જોયું તો નથી પણ ભૂત છે એ વાત તદ્દન સાચી છે!'

મેં દઢતાપૂર્વક જવાબ આપ્યો. ધમલે હવે મૌન તોડ્યું. મૂળકીના પ્રસંગ પછી તેણે પણ ભૂત વિશે કંઈ ઊંડો વિચાર તો કર્યો હતો.

'આપણે વશ કરવાની પછી વાતો કરીએ, પણ પહેલાં ભૂત થાય છે ક્યાં? આપણે ભૂતને જરૂર જોવું જોઈએ. જોયા પછી વિચાર કરીએ કે તેને વશ કરી શકાય કે કેમ?'

'હા ઈ સાચી વાત. ભૂતને જોવું તો જોઈએ.' ભાયલો બોલ્યો.

'ભૂત હોય ક્યાં?' મેં પ્રશ્ન કર્યો. પ્રશ્નનો જવાબ તરત જ ભુદરિયે આપ્યો:

'ભૂત ખાસ કરીને મસાણમાં હોય છે અને રાત્રે બહાર આવે છે!'

ભુદરિયે વાત કરી ત્યાં તો ભૂતની ભયંકરતા મારી આંખ આગળ ખડી થઈ ગઈ. મારી ઇચ્છા ભૂત જોવાની હતી. હું બોલ્યો:

'ગમે તેમ થાય પણ આપણે આવતીકાલે ભૂત જોવા જઈએ.'

'પણ પાસે લોઢાની કોઈપણ વસ્તુ રાખવી પડશે, કારણ કે જ્યાં લોઢું હોય ત્યાં ભૂત ન આવે.' ભુદરિયો બોલ્યો.

શેરીમાં એવી માન્યતા હતી કે ગમે તેવું ભૂત હોય પણ જો પાસે લોઢાની કોઈપણ વસ્તુ હોય તો ભૂત પાસે આવી ન શકે. અમે સૌ આ માન્યતામાં શ્રદ્ધા ધરાવતા હતા એટલે અમે કબૂલ થયા કે લોઢાની ચીજ તો પાસે રાખવી તે સહીસલામતી ભરેલો રસ્તો છે.

'ત્યારે કાલે ક્યારે જઈશું?' ધમલો જરા ઉતાવળો થયો.

'આવતી કાલે રાત્રે આઠ વાગે આપણે બધા સાથે જઈએ.' મેં કહ્યું.

'બરાબર કાલે રાત્રે અમાસ છે એટલે અંધારામાં ભૂત જોવાની મજા આવશે.' ભુદરિયો બોલ્યો.

સ્મશાનમાં ભડાકા થાય છે તે ભૂતના ભડકા થાય છે એમ અમે જરા પણ સંકોચ વિના માનતા. નદીકિનારે થોડે દૂર બાંધેલું એક સ્મશાન હતું. દિવસે અમે ઘણીવાર સ્મશાન પાસેથી જતા. સ્મશાન બહુ જ પાસે હતું. સ્મશાન આગળ એક પીલુડીનું નાનકડું ઝાડ હતું. તેમાંથી પીલું ખાવા અમે ઘણી વાર જતા.

થોડી વધારે ચર્ચા થયા પછી નક્કી થયું કે આવતી કાલે જરૂર ભૂત જોવા જવું અને પછી તેને વશ કરવાનો વિચાર કરવો. દરેકના મુખ ઉપર સાહસિકવૃત્તિ ખીલી ઊઠી અને મારી આશા ફળિભૂત થવાનો સમય આવી પહોંચ્યો. ભૂત વિશે ચર્ચા કર્યા પછી અમે થોડુંક રમ્યા. ગમે તેમ અમારે વખત પસાર કરવો હતો. પહેલાં સાતતાળી રમ્યા, પછી લંગડી અને પછી થોડું તોફાન કર્યું. તોફાન કંઈ બહું મોટું ન હતું. રમતાં રમતાં ચુનિયાનું ધ્યાન ડાહી લાંબીના મકાન તરફ ખેંચાયું. ધ્યાન ખેંચવાનું કારણ એ હતું કે તેની અગાસીના કિનારે તુલસીનાં કૂંડાં પડ્યાં રહેતાં. તે કૂંડાઓ જોઈ ચુનિયાની નિશાનવૃત્તિ ઝબકી ઊઠી તે બોલ્યો:

'ચાલો, પેલા કૂંડા કોણ પાડી દે છે?'

'બધાનું ધ્યાન તે તરફ ગયું. ચંદુડાની આંખોએ નિશાન જોઈ લીધું અને મેં ચુનિયાના વિચારને વધાવી લીધો. હું આનંદમાં આવી બોલ્યો:

'આવી જાવ, કોણ પહેલાં પાડી દે છે!' ભાયલો શૂરાતનમાં આવી બોલ્યો:

'ચિનાઈ, તું કેટલા ઘામાં પાડી દઈશ?'

'દસ ઘામાં!' મેં ટૂંકો જવાબ આપ્યો.

'આપણા પાંચ!' ચુનિયો બોલ્યો, શરત જામી.

'મારા ત્રણ.' નિશાનબાજીમાં એક્કો એવો ચંદુડો બોલ્યો.

ધમલો સાત ઘામાં કબૂલ થયો, ભાયલો પણ હરીફાઈમાં ઊતરવા કબૂલ થયો. મણિયો શાંત ઊભો હતો, તેણે ઉદારતા દાખવી. હરીફાઈને ઉત્તેજન આપ્યું અને બોલ્યો:

'જેનાથી કૂંડું પડશે તેને આ સિગારેટ અને પાન!'

'ત્યારે કરો પથરા ભેગા!' હું લહેરમાં બોલ્યો:

ભુદરિયો પ્રેક્ષક તરીકે રહ્યો. રમત રમતને ઠેકાણે રહી અને સૌ પથરા વીણવા લાગ્યા. ભુદરિયો ડાહી લાંબીના ઓટલા ઉપર બારણાં પાસે બેઠો. બારણું બંધ હતું. સામે નિશાનબાજો પથરા લઈ ગોઠવાઈ ગયા. સૌ કૂંડાને નિરખવા લાગ્યા! જાણે રણમેદાનની તૈયારી! શાંતિ છવાઈ ગઈ.

મૂળકી મણિયાથી થોડે દૂર ઊભી હતી. તે પણ આ નિશાનબાજી જોવા આતુર હતી. આજે કોઈ કૂંડાનું ભૂંડે હાલે મોત નીપજવાનું હતું.

'ત્યારે થવા દે ધમલા, પહેલો ઘા તું કર.' મણિયો બોલ્યો.

'બધા એક હારમાં ગોઠવાઈ ગયા. ચંદુડાને છેલ્લે ઊભો રાખવામાં આવ્યો હતો, કારણ કે તે બહુ જબરો હતો. ધમલે નિશાન લીધું, એક આંખ સહેજ ઝીણી કરી અને જોરથી પથરો ફેંક્યો. પણ કમનસીબ કૂંડાના કે પથરો સહેજ પાસેથી જતો રહ્યો.

'જરા રહી ગયું.' મણિયો બોલ્યો:

અર્ધા શેરથી વધારે વજનનો પથરો ભાયલે ફેંક્યો પણ તે તુલસીના છોડને અડીને પસાર થઈ ગયો અને અવાજ સાથે તે અગાસીના ચોકમાં પડ્યો. મેં ફેંક્યો પણ કંઈ વળ્યું નહીં. ચુનિયે બરાબર નિશાન લીધું, પથરો કૂંડામાં લાગ્યો પણ પથરો નાનો હોવાથી કૂંડાને કંઈ અસર ન થઈ. આખરે ચંદુડે મોટો પથરો ઉપાડ્યો. એ પથ્થર કાળો હતો, માણસના માથા ઉપર આવે તો મોત નીપજાવી દે એવો તે ભારે કઠણ હતો. ચંદુડાની કીર્તિથી કોઈ અજાણ ન હતું. અમે બધા

જોઈ રહ્યા; મૂળકી પણ સગર્વ ચંદુડા સામે જોતી હતી. ચંદુડો એટલે શેરીનો અર્જુન! કૂંડાનું મોત હવે પાસે આવ્યું ચંદુડે પથરો લીધો એટલે આવી બન્યું! બે દિવસ પહેલાં જ ચંદુડે રમતમાં ને રમતમાં એક વોરાજીના તોલામા પથરો મારેલો અને લોહી કાઢેલું!'

તીર છૂટ્યું... સન્‌ન્‌ન્‌ કરતો પથરો પહોંચ્યો કે તરત જ કિનારા ઉપરથી કૂંડું નીચે પડ્યું અને અવાજ થયો પણ એ કૂંડાનો અવાજ સંભળાય છે કે તરત જ અમે એક ચીસ સાંભળી.

'ઓ મારા બાપલિયા. મરી.

જોયું તો છૂપી રીતે બારણું ખોલી, કાળકા જેવી લાગતી ડાહી હાથમાં સળગતું લાકડું લઈને ઊભી હતી. ભુદરિયાનાા પડખામાં ચાંપી દીધું એટલે ભુદરિયો બૂમ પાડી નાઠો. લાકડામાંથી નીકળતા ધુમાડા ડાહી લાંબીના મુખ આગળ ગૂંચળા થઈ આકાશમાં જતા હતા અને ડાહી લાંબીના સ્વરૂપને વધુ ભયંકર બનાવતા હતા. આવા ભયંકર સ્વરૂપમાં સજ્જ થયેલાં માતાજી અમારા ઉપર કોપાયમાન થયા અને શાપનો વરસાદ વરસાવ્યો.

'મારા રોયા વાંઝિયાઓ, તમારું નખ્ખોદ નીકળી જાય, નવરા બેઠા પથા ફેંકો છો? ફેંકોને તમારા ઘર ઉપર, અહીં તમારા બાપનું શું દાટ્યું છે?'

ડાહી લાંબીની ગાળો સાંભળવાનો વખત નહતો. તેના મુખમાંથી શબ્દોની અખંડિત ધારા વહેતી; તેનું સ્વરૂપ નાનાં બાળકોને તાવ લાવી દે તેવું હતું. અમે તો 'ઓય માર્યા!' કરતા હસતાં હસતાં નાસી ગયા. દરવાજા બહાર ભુદરિયો લીંબડા નીચે બૂમો પાડતો બેઠો હતો.

'ઓ વજિયા, બહુ બળે છે.' ભુદરિયો વેદના સહન કરતો હતો.

'ડાહી લાંબી દગાખોર નીકળી!' ધમલો જરા હસતાં હસતાં બોલ્યો.

ભુદરિયાનું ખમીસ જરા બળી ગયું હતું. અંદર ચામડી ઉપર મોટું ચાઠું પણ પડી ગયેલું. એટલું સારું થયું કે ભુદરિયો બહુ દાઝ્યો નહોતો.

થોડી વારમાં તે શાંત થઈ ગયો. અમે ડાહી લાંબી ઉપર ગાળોનો વરસાદ વરસાવતા હતા.

'અરે ઈ વિશ્વાસ કરવા જેવી બાઈ નથી!' ભુદરિયો પોતાના અનુભવ ઉપરથી વાત કરતો હતો. ડાહી લાંબી ઉપર તે ખૂબ ખીજાયો હતો.

'ચંદુડા, તે કૂંડું આબાદ પાડ્યું! તું ખરો ટાંકીદાર છે!' ભાયલો બોલ્યો. ભાયલે ચંદુડાનો વાંસો થાબડ્યો. મણિયે પોતાનું વચન પાળ્યું, ચંદુડાને એક પાન ખવરાવ્યું અને એક હાથી છાપની સુંદર દૂધ જેવી ધોળી સિગારેટ આપી.

ક્રિકેટનો ખેલાડી જે છટાથી સિગારેટ પીએ તે છટાથી ચંદુડો ફક્ત હોઠ વચ્ચે દાબી પીતો હતો.

ભાયલે મારા કાનમાં કહ્યું. 'ચિનાઈ, મલ્લાજી જાય!'

કોઈપણ વોરો ગૃહસ્થ અમારી નજરે ચડે એટલે અમે તેમને અચૂક ચીડવતા અને એક સાથે બધા બોલતા, વોરાજીને જોઈ અમારો ટીખળી સ્વાભાવ જાગી ઊઠ્યો. ભુદરિયો શાંત થઈ ગયો. વોરાજી ચટપટ ચાલ્યા જતા હતા તેની પાછળ અમે ગયા અને જરા દૂર રહી ગાવા લાગ્યાઃ

મલ્લાજી મોરિયા, ઘીમાં ડબોરિયા,
ઘી છે ખાટું, અને મલ્લાજીની માને દાટું.

આખો રસ્તો ગાજી ઊઠ્યો. અમે ખૂબ જોરથી લલકારતા હતા. આગળ વોરાજી ધીમે પગલે ચાલતા હતા. થોડી વાર પછી તો તે પણ ખીજાયા અને અમારી પાછળ દોડ્યા.

'મારા સાલાઓ, મારી પાછળ પરો છો? હું કોન છું તે તમે જાનો છો?'

અમે ભાગ્યા નાસી જવું તે અમારી નીતિ હતી. દુશ્મનને પજવી નાસી જવું એ નીતિ તો સુધરેલી પ્રજાએ પણ સ્વીકારી છે. દૂરથી અમે જોરથી બૂમ પાડીઃ

'મલ્લાજીને માથે તોલો, તોલા ઉપર બેઠો હોલો, મલ્લાજી માથે તોલો.'

કંઈ ન વળવાથી વોરા સદ્‌ગૃહસ્થ ચાલ્યા ગયા. પછ તો અમે સૌ છૂટા પડ્યા. આવતી કાલે રાત્રે સ્મશાનમાં જવું છે એ વાત નક્કી થઈ ગઈ.

* * *

૨૨ બહાદુરીથી પીછેહઠ

આવતી કાલે રાત્રે ભૂત જોવા જવું છે. એવા વિચારોના તરંગોમાં ભુદરિયો ઘરે ગયો; તેનો આનંદ શેરીમાં જ ઉભરાતો; ઘરમાં પગ મૂકે કે તરત જ તેના મૂખ ઉપર દુઃખની છાયા ફરી વળતી. તેનો તિરસ્કાર થતો, તેને નસીબમાં મહેણાં સિવાય બીજું કશું જ ન હતું. રોજ તેની નવી બા કંઈકને કંઈ વાંક કાઢીને ધમકાવતી અથવા તો શિક્ષા પણ કરતી. ભુદરજીમાં રહેલી શક્તિઓ પ્રોત્સાહનના અભાવે દબાઈ ગયેલી હતી છતાં કોઈ કોઈ વાર એ શક્તિઓ પોતાનું મૂળ સ્વરૂપ જ્યારે પકડતી ત્યારે ભુદરિયો રંગે ચડતો અને નવાઈ પમાડે એવાં અદ્ભુત પરાક્રમો કરી બતાવતો. ભુદરિયાની આંખોમાં નરી નિર્દોષતા ભરી હતી પણ સોબતની થોડી થોડી અસરથી તે જરા લુચ્ચો બન્યો હતો માતાના અતિ મારને લીધે અને પિતાના અમાનુષી દબાણને લીધે ભુદરિયો અસત્યના પંથે વળ્યો હતો.

એ સાંજે ભુદરજીને માથે કઠણાઈ બેઠી તે જમવા બેઠો પણ તેની બાનું ધ્યાન ખમીસ ઉપર ખેંચાયું. ખમીસ જરા બળી ગયું હતું. તેને તો એટલું જ જોઈતું. ગમે તે ઉપાયે ભુદરિયાનો વાંક શોધી કાઢવો. જમતાં જમતાં તેને માર પડ્યો. ભુદરિયો રડી પડ્યો. પીડા તો થતી હતી પણ જ્યાં પીડા થતી હતી ત્યાં જ માર પડ્યો. ભુદરિયો મને બીજે દિવસે મળ્યો ત્યારે તેણે પોતાની કરુણ કથા મને કહી અને રડી પડ્યો તે એટલું જ બોલ્યો:

'વજિયા, આના કરતાં મરી જવું વધારે સારું છે?'

હૃદયના ઊંડાણમાંથી આ શબ્દો નીકળ્યા હતા. ભુદરિયો બાળક હતો એ નિઃસ્વાર્થી અને નિર્દોષ હતો. જગતમાં આવા માણસો ઉપર જ દુઃખના ડુંગર ખડકવામાં આવે છે. શેરીના વાતાવરણમાં મિત્રો વચ્ચે અમે દુઃખને ભૂલી જતા અને

આનંદમાં મસ્ત બન્યા તેમાં વળી આજે સાંજે તો મોટું પરાક્રમ કરવા જવું હતું.

નિશાળેથી સાંજે છુટ્યા. ખાસ કંઈ નવાજૂની ન બની. ફક્ત ધમલે માસ્તરના હાથનો બરાબર ટોપરાપાક ખાધો. માર ખાવાનું કારણ ફક્ત એટલું જ કે નિશાળની દીવાલો ઉપર કોલસા વડે નવું સાહિત્ય લખતાં લખતા તે પકડાયો હતો. આવું તો ઘણીવાર બનતું.

સાંજ પડી, એક પછી એક અમે ઘરમાંથી છટકીને બહાર આવ્યા. ભૂતની શોધમાં જવું હોય તો કંઈ પણ લોઢાની વસ્તુ જોઈએ. એ નિયમ પ્રમાણે હું મારા બાપુજીની લોઢાની કુંડળીવાળી લાકડી લઈ છૂપી રીતે બહાર નીકળી ગયો. ઓટલા ઉપર એક પછી એક શૂરવીરો આવવા લાગ્યા. ચંદુડો ચપ્પુ લઈ આવી પહોંચ્યો. ભાયલાના હાથમાં લોખંડનો દસ્તો હતો અને તે રોફમાં બોલતો હતો કે 'જો ભૂત સામે આવી જાય તો ખોપરી તોડી નાખું!'

એવામાં તો ધમલો હાથમાં મોટો ખીલો લઈ આવી પહોંચ્યો. મણિયો તો ક્યારનો આવીને બેઠો હતો. બીજા બે-ત્રણ જણા પણ સાધનો લઈ આવી પહોંચ્યા. ફક્ત એક માણસની ખોટ હતી. અમે આતુરતાથી રાહ જોતા હતા. ત્યાં તો ધમલો બોલી ઊઠ્યો:

'આ આવ્યો!'

ટૂંકી પોતડીવાળા ભુદરજી ઉતાવળથી આવતા હતા. મેં પૂછ્યું.

'કેમ ભુદરિયા, વાર લાગી?' ભુદરજીએ તરત જ જવાબ આપ્યો.

'વજિયા, હું લોઢું ગોતતો હતો; કંઈ જડ્યું નહીં પણ આખરે...'

'ત્યારે તું શું લાવ્યો?' ભુદરિયો ખુલાસો કરે છે ત્યાં મેં પૂછ્યું.

'અરે આ રહ્યો દોસ્ત!' આટલું બોલી ભુદરજીએ ધોતિયામાં ભરાવેલો ચીપિયો બહાર ખેંચી કાઢ્યો, જાણે કોઈ કાઠીએ તલવાર ખેંચી. કંઈ પણ ન મળવાથી ભુદરજીએ પોતાની અકકલ ચલાવી, રસોડામાંથી ચીપિયો ચોરી લાવ્યો! અમે બધા હસી પડ્યા પણ આખરે ચીપિયો લોઢાનો બનેલો છે એટરલે ચાલશે એમ મન મનાવી અમે જવા તૈયાર થયા. મારા હૃદયમાં ફફડાટ જાગ્યો કે ભૂત વશ નહીં થાય તો!

હાથમાં જુદા જુદા પ્રકારનાં હથિયારો ધારણ કરી ભૂતની તપાસમાં સૈન્ય નીકળ્યું. ધમલા જેવા શ્વાનસૈન્ય સેનાપતિની પાછળ રાતડો પણ ગંભીર પગલાં ભરતો ચાલ્યો આવતો હતો. આવા જોખમ ભરેલા પ્રસંગે રાતડો ઘણી વાર અમારી સાથે જ આવતો. રાતડાનું વ્યક્તિત્વ કંઈ જેવું તેવું ન હતું. સિંહની ગરદન જેવી તો તેની ડોક હતી અને દૃષ્ટિ ગરૂડ જેટલી જ ઝીણી હતી. ભાયલાના હાથમાં

દસ્તો શોભી રહ્યો હતો. ભાયલો ભીમ જેવો લાગતો હતો. ભાયલો બોલ્યો:

'જો ભૂત આપણને હેરાન કરવા આવે તો હું માથા ઉપર દસ્તો મારી તેનું માથું ફોડી નાખીશ.' ધમલાને બોલ્યા સિવાય ન ચાલ્યું.

'અરે, મારી પાસે જો આવે અને કંઈ ગરબડ કરે તો છાતીમાં ખીલો ઠોકી દઉં.' ધમલા પાસે મોટો ખીલો હતો તે અમને બતાવ્યો. ભુદરિયો પણ બે શબ્દો પોતાની બહાદુરી બતાવવા માટે બોલ્યો:

'જો ધમલા, તમે કદાચ ભૂત પકડો તો હું આ ચીપિયાથી તેનું નાક દબાવી દઈશ, તારે કંઈ ગભરાવા જેવું નથી.'

મણિયો સિગારેટ ફૂંકતો હતો. ચંદુડો ખિસ્સામાં મૂકેલા પથરા સરખી રીતે ગોઠવતો હતો. અને હું હાથમાં લાકડી ફેરવતો હતો.

વાતાવરણમાં શાંતિ હતી. આજુબાજુ ઊભેલાં વૃક્ષો તપીતપીને સાંજે શાંતિ લેતાં હતાં. એક પણ પાંદડું જરા પણ હાલતું ન હતું. વૃક્ષો અમને જોતાં હતાં. આ બાજુ સંધ્યા રાત્રી બન્ને ભેગાં મળી અમને જોતાં હતાં. અમે સાહસ કરવા જતા હતા. 'અમે રહી જશું' એવા ફફડાટમાં થોડા ઘણા તારાઓ પણ આકાશમાં આવી અમારી સામે આંખો ટગમગાવતા હતા. શાંતિ! અજબ શાંતિ! સૈન્ય આગળ વધતું હતું. નદી પણ શાંત હતી. દેડકાઓનો અવાજ આવતો હતો, અમારા સાહસને વધાવી લેવા માટે એ સંગીત ચાલતું હતું. આખી કુદરત અમને સાહસ કરવા આગળ પ્રેરતી હતી. ઉપરથી આંખો પટપટાવતા તારા સંદેશો મોકલી રહ્યા હતા કે,

'આગળ વધો, અમે તમને ફતેહ ઇચ્છીએ છીએ. યુવાનો આગળ વધે.' વૃક્ષો પણ નીચાં નમી, બે હાથ જાણે પહોળા કરી બોલતા હોય એમ લાગ્યું:

'આગળ વધો, બાળકુમારો, સાહસપંથે પડો અમે તમને વિજય ઇચ્છીએ છીએ.' આવા સંદેશાઓ ઝીલતું લશ્કર મૂંગે મોઢે આગળ વધતું હતું. વિજયની આશામાં સાધનો સાથે સૈન્યશૂરા સૈનિકો ધીમે પગલે આગળ ધપતા હતા. દુરથી અખંડ શાંતિમાં ભયંકર લાગતું સ્મશાન અમે જોયું. અંધકારમાં તે જરા ઝાંખુ લાગતું હતું. તેને જોઈ ભુદરિયો બોલી ઊઠ્યો:

'મસાણ! મસાણ!' અત્યાર સુધી અમે છૂટા છૂટા ચાલતા પણ સ્મશાનને જોઈ હાથમાં હાથ રાખી ચાલવા લાગ્યા. ભાયેલે હાથમાં દસ્તો જરા મજબૂત પકડ્યો. ભુદરિયે હિંમત બતાવવા જરા જોરથી ચીપિયો ખખડાવ્યો. ધમલે પોતાના ખીલા સામે જોયું. ચંડુડે ચપ્પુ બરાબર ઉઘાડ્યું અને હાથમાં રાખ્યું. મેં લાકડી જરા મજબૂત પકડી. લશ્કર આગળ ધપ્યું. દરેકના હૃદયમાં બીક પેસી ગયેલી

પણ પોતાની નબળાઈને ઢાંકવા કયો માનવી પ્રયત્ન નથી કરતો? મારું હૃદય સ્મશાન જોઈ ધડકી ઊઠ્યું.

સ્મશાન આટલું ભયંકર લાગતું હશે એ ખ્યાલમાં ન હતુ. હવે સમજાયું કે ભૂતને વશ કરવું એ કંઈ રમત નથી.

'આપણે અહીં ઊભા રહીએ.' મણિયો બોલ્યો. સ્મશાનથી થોડે દૂર ઊભા રહેવું અને ત્યાંથી ભૂતને જોવું એમ નક્કી થયું. મણિયાના વિચારને સૌએ વધાવી લીધો, કારણ કે આગળ ધપવાની હિંમત કોઈનામાં ન હતી. દરેકના મુખ ઉપર ભયની છાપ પડી ચૂકી હતી.

'અહીંથી ભૂતને જોઈ શકાશે? હું ધીમેથી બોલ્યો. શાંતિ અને અંધકારમય વાતાવરણમાં ભયનાં મોજાં ફેલાયેલાં હતાં. ભુદરિયો મારો હાથ પકડી ઊભો હતો. તે બોલ્યો, પણ બહુ જ ધીમેથી,

'હવે આગળ વધવાની જરૂર નથી. આપણે પહેલાં ભૂતને જોઈ લઈએ.'

આખરે એક ઝાડ નીચે અમે શાંતિથી ઊભા. મારા હૃદયના ધબકારા વધી ગયા હતા. ભુદરિયાની નાડી ઉતાવળથી ચાલતી હતી. તે જરા જરા ધ્રૂજતો હતો. મણિયો ઝાડના થડની પાછળ ઊભો હતો. ભાયલો અને ધમલો બન્ને શાંત હતા. ચંદુડો પણ ખિસ્સામાં હાથ નાખી ઊભો હતો. દરેકની આંખો સ્મશાન તરફના અંધારા ઉપર હતી. એ અંધકારમાંથી ભૂત નીકળશે એવી આશામાં અમે ઊભા હતા. પગ જમીન ઉપર ચોંટી ગયા હતા. થોડી વાર સુધી તો કંઈ ન બન્યું. અમારી દશા કફોડી હતી. ભૂતને અમારે જોવું હતું કે ભૂત અમને જોવા માટે આવવાનું હતું! આવી દશા થઈ ગયેલી. હથિયારો લઈ યુદ્ધે ચડેલા સૈનિકો શાંત ઊભા હતા. એવામાં સ્મશાનની બાજુમાંથી એક પડછંદ વ્યક્તિ અંધારામાં પસાર થતી જોઈ. પણ એ જોવાની અમારામાં હિંમત ન હતી. તેને જોવું એટલે મોતને જોવું! બહાદુર ગણાતો મણિયો આંખો મીંચી ગયો. અને જોરથી બૂમો પાડી,

'ઓ મારા બાપ, મને ભૂતે પકડ્યો!'

અમે જીવતા હતા કે કેમ તે શંકા હતી. મણિયો પોતાની બૂમ પૂરી કરે છે ત્યાં સ્મશાનની ભીંત આગળથી એક હાસ્ય પસાર થયું.

'હા... હા... હા... હા... હી... હી...'

આવું ક્રૂર હાસ્ય સાંભળવા માટે અમારા કાન જરા પણ ટેવાયેલા ન હતા. રાતડે જોરથી ભસવાનું શરૂ કર્યું. આખા વાતાવરણમાં એક જાતનો ભય પ્રસરી ગયો. હું પાછું વાળીને જોઉં છું તો ચંદુડાને મુઠ્ઠીઓ બીડી નાસતો જોયો. પાછળ ભાયલો ઊપડ્યો. પાછું જોવાની કોઈને દરકાર ન હતી. ભૂત હમણાં ભરખી જશે

એવી બીકમાં ને બીકમાં અમે બધા નાઠા. હતું તેટલું જોર કરીને હું દોડતો હતો પાછળ ભુદરિયો રહી ગયો. તે બૂમો પાડતો હતો. મારા હાથમાંથી લાકડી પડી ગઈ. કટોકટીના સમયમાં એક બીજાને મદદ કરવા કોણ ઊભું રહે?

હું માંડમાંડ ઓટલા આગળ પહોંચ્યો. ચંદુડો હાંફતો હાંફતો ઊભો હતો. ભાયલો અને મણિયો શાંત થઈ ઓટલા ઉપર લાંબા થઈ પડ્યા હતા. હું પણ થાક ખાવા બેઠો. રાતડો પણ જીભ કાઢીને હાંફતો હતો. કોઈ ભૂતનું નામ લેતું ન હતું. ઉજ્જડ ચહેરે અમે સૌ બેઠા હતા; ફક્ત એક જણાની ચિંતા થતી હતી અને તે ભુદરિયાની! એ પાછળ રહી ગયેલો.

'આ આવ્યો.' ધમલો બોલી ઊઠ્યો. ફક્ત ખમીસમાં સજજ થયેલા ભુદરજી દોડતા દોડતા આવી પહોંચ્યા. આખું શરીર પરસેવે રેબઝેબ હતું. હજી અંગમાં કંપારી હતી. ભુદરિયો ધ્રુજતો હતો. ઓટલા ઉપર આરામ લેવા એ બેસી ગયો. ભુદરિયો મોતના મુખમાંથી બચીને આવ્યો હતો. આરામ લીધા પછી ધમલે પૂછ્યું:

'ભુદરિયા, ધોતિયું ક્યાં નાખ્યું?' ભુદરિયે જવાબ આપ્યો:

'ધોતિયું રસ્તામાં છૂટી ગયું, ચીપિયો પણ રસ્તામાં પડી ગયો!

'ગભરાઈશ મા, હો દોસ્ત, મારી લાકડી પણ રસ્તામાં પડી ગઈ છે.' મેં ભુદરિયાને આશ્વાસન આપ્યું. ત્યાં તો ભાયલો પણ બોલ્યો,

'ચિનાઈ, મારો દસ્તો પણ રસ્તામાં પડી ગયો છે.' મેં જવાબ આપ્યો.

'આપણે સવારે જઈ બધું શોધી કાઢીએ.'

'ખુશીથી આપણે વહેલા જઈશું અને આપણી ચીજો પાછી લાવીશું. મારું ચપ્પુ પણ પડી ગયું છે.' ચંદુડો બોલ્યો.

'પણ હું સવારે નહીં આવુ.' ભુદરિયો બોલ્યો, કોઈ ભૂતને યાદ કરતું ન હતું. ઘરે જવાનું મોડું થતું હતું. એટલે સૌ છૂટા પડ્યા. સવારે હથિયારોની શોધમાં નીકળી પડવું એમ નક્કી થયું.

મને આખી રાત ભૂતનાં સ્વપ્નાં આવ્યાં. સવારે ઊઠી સૌ હથિયારોની શોધમાં નીકળી પડ્યા. ભાયલાનો દસ્તો મળ્યો. પાસે થોરમાં ઊડીને ભરાઈ ગયેલું ભુદરિયાનું ધોતિયું પણ મળ્યું. જરા આગળ ચાલતાં ભુદરિયાથી વિખૂટો પડેલો ચીપિયો પણ મળ્યો. ધમલાનો ખીલો ન મળ્યો અને ચંદુડાનું ચપ્પું પણ ન મળ્યું. મારી લાકડી મળી. ઝાડના થડ પાસે જ પડી હતી.

'આપણે રાત્રે તો ન ગયા પણ અત્યારે મસાણમાં જઈ આવીએ.'

મેં કહ્યું મારી ઇચ્છા એવી હતી કે જો દિવસે ભૂત નીકળે તો જરૂર જોવું અને એની સાથે વાતો પણ કરવી. ધમલો પણ મારા વિચારને મળતો થયો અને બોલ્યો:

'હાલો, આપણે જઈએ, અત્યારે તો ભૂતના બાપની પણ પરવા નથી! દિવસે મળે તો કાન પકડીને બજારમાં ફેરવું!'

'હા... હા... હા... હી... હી... હી...'

અમે એકબીજાના હાથ પકડી લીધા. ધમલો નાસી જવાની તૈયારી કરતો હતો. પણ મેં રોક્યો. દીવાલ પાછળથી હાસ્ય આવ્યું હતું. ભાયલામાં શૂરાતન ઉભરાયું. હાથમાં મજબૂત દસ્તો પકડી તે બોલ્યોઃ

'કોણ છે બેટમજી, કોણ રાડો પાડે છે?' તરત જ અમારી અજાયબી વચ્ચે દીવાલ પાછળથી એક ગાંડો એક હાથમાં લુગડાના ગાભા લઈ હસતો નીકળ્યો!

'ઓત્તારીની! આ જ માણસ રાત્રે હોવો જોઈએ.' હું આનંદમાં બોલ્યો, જાણે મોટી શોધ કરી હોય એવો આનંદ મારા મુખ ઉપર છવાયો. આખો ભેદ ખુલ્લો પડી ગયો. હું મારી મૂર્ખાઈ ઉપર મનમાં હસી પડ્યો.

'બસ, આ જ ગાંડો રાત્રે નીકળ્યો હતો.' ધમલો બોલી ઊઠ્યો. પેલો ગાંડો હસતો નદીએ ગયો. અમે બધા એકીટસે તેને જોઈ રહ્યા. ગઈ કાલે રાત્રે અમે તેને ભૂત ગણ્યો એ કેટલી મૂર્ખાઈ કરી?

'મારો બેટો રાત્રે તો ભૂત જેવો જ લાગતો હતો.' ભાયલો બોલ્યો.'

'જો આવી ખબર હોત તો રાત્રે પણ આપણે ભાગી ન જાત!' મણિયો બોલ્યો.

આખો ભેદ જ્યારે ખુલ્લો થઈ ગયો ત્યારે અમે બધા હસી પડ્યા. આ ગાંડાનું હાસ્ય સાંભળી અમારા હોશકોશ ઊડી ગયા હતા. આવી રીતે અમે ક્યાંય છેતરાયા ન હતા. આવો ભય કદી અનુભવ્યો ન હતો. નદી કિનારેથી પેલુ હાસ્ય સંભળાતું હતું. એ ગાંડો માનવી હસ્યા જ કરતો હતો. નદીના વહેતા નીરને જોઈ તે હસતો હતો. આકાશમાં ચાલ્યાં જતાં વાદળાં નિરખી તે હસી પડતો. ઝાડની ડાળીઓને નૃત્ય કરતી જોઈ તે હસી પડતો. તેનું હાસ્ય ભયંકર હતું. એ હાસ્યની પાછળ શો ભાવાર્થ હશે તે તો તે જાણે! એ શા માટે સ્મશાનમાં જ વસતો હતો? એ શા માટે હસતો? શું તે કોઈની પાછળ ગાંડો બનેલો? સંસાર ત્યજી દઈ મસ્ત બની ગયો હતો? આ પ્રશ્નોનો જવાબ અમારી પાસે ન હતો.

રણમેદાને ભૂલી ગયેલાં હથિયારો પાછાં લઈ અમે હસતા હસતા ઘર તરફ વળ્યા. હવે પછી ભૂતની શોધ નથી કરવી એમ નક્કી કર્યું. ભૂત જેવી કોઈ વસ્તુ જ નથી એવી સજ્જડ માન્યતા મારા હૃદયમાં છવાઈ ગઈ. અંધકારમાં જ ભૂતાવળો જાગે છે! જ્યાં પ્રકાશ છે ત્યાં ભૂત નથી! અંધકારને લીધે જ આપણે સામા માનવીથી ડરીએ છીએ. સામો માનવી પછી ભલે ગાંડો નીકળે પણ જ્યાં સુધી અંધકાર છે ત્યાં સુધી જ ભય છે.

રાજકીય બાબતમાં પણ અંધકાર મુખ્ય કામ કરે છે! અંધકાર કે અંધેર જ્યારે છવાય છે ત્યાં ભલભલી સત્તા પણ બેઘડી મૂંઝાઈ જાય છે!

ઘર આગળ અમે આવી પહોંચ્યા. ભુદરજીનું ધોતિયું હું ભુદરજીને ત્યાં આપવા જવા તૈયાર થયો. પણ ઉંબરામાં પગ મૂકું છું ત્યાં તો કોઈએ મારો કાન પકડ્યો.

'સુવર, તેં જ મારા દીકરાને બગાડ્યો! મારા દીકરાને મસાણે લઈ ગયો હતો? ગઈ કાલથી જ તેને તાવ ચડી આવ્યો છે.' એ ભુદરિયાના બાપા હતા.

સ્મશાનથી આવ્યા પછી ભુદરિયાને સખત તાવ આવ્યો હતો. તે તાવમા બધી વાત બકી ગયો હતો. ભુદરિયો ગોદડું ઓઢી એક ખૂણામાં પડ્યો હતો. અપમાન સહન કરી, મારા મિત્ર તરફ લાગણી ભરેલી દૃષ્ટિ ફેંકી હું ચાલ્યો ગયો. એ અપમાને મારું હૃદય ભાંગી નાંખ્યું.

* * *

૨૩ ભુદરિયાની વિદાય

ઉંબર ઉપરથી મને બહાર કાઢી મૂકવામાં આવ્યો. એ અપમાન હું બહુ જ મુસ્કેલીથી ગળી ગયો. પણ મારી આંખોમાં ઝળઝળિયાં ઊભરાઈ આવ્યાં. ભુદરિયો માંદો પડે અને મને ત્યાં જવાની રજા ન મળે એ શું અમાનુષી જુલમ નથી? મેં ભુદરિયાને બગાડ્યો હતો એટલે મને બહાર કાઢી મૂક્યો! મારી બા એમ કહેતા હતા કે ભાયલે મારો ભવ બગાડ્યો. હવે આમાં કોણ કોને બગાડતું હતું તે મોટો ગૂંચવાડા ભરેલો પ્રશ્ન હતો!

આખા મિત્રમંડળમાં એકદમ ખબર પડી ગઈ કે ભુદરજી માંદો છે. એકબાજાને માટે અમે મરી પડતા. ભુદરિયાને જોવા માટે અંદર જવાની સખત મનાઈ હતી. ભુદરિયાનો તાવ વધતો જતો હતો. બે દિવસ સુદી ભુદરિયો બહાર ન આવ્યો એટલે અમે ધારી લીધું કે હજી તાવ ઊતર્યો નથી. ચિંતા વધતી હતી પણ પ્રેમાળ ભુદરજીને મળવા કઈ રીતે જવું? રાત્રે સૂતી વખતે પણ ભુદરિયો મારી આંખ આગળ ખડો થતો. ફક્ત પ્રેમથી ભરપૂર તે સુંદર કોમળ ચહેરો હતો. હોઠ ઉપર હાસ્ય રમતું હતું. તેના હોઠ ઝીણા અને બહુ જ સુંદર હતા. ભુદરિયાના ચહેરાને યાદ કરતાં જ મારી આંખમાં પાણી આવી જતું, કારણ કે મને ત્યાં જવાની સખત મનાઈ હતી. સવારમાં બિછાનું છોડું કે તરત જ ભુદરજીની માંદગી મને યાદ આવતી અને હું ફક્ત નિઃશ્વાસ નાખતો! શેરીમાં મસ્તી સૂકાઈ ગઈ હતી. આખી શેરીમાં ગમગીની ફેલાઈ ગઈ હતી. અમારા ચહેરા ઉપર ઉલ્લાસ ન હતો; નિશાળેથી ભણી ઘેર આવતા. રસ્તામાં ભુદરિયાની અને તેની નવી બાની વાતો કરતા. ભુદરિયાના દુઃખી જીવન ઉપર અમે દયા વરસાવતા હતા. ભુદરિયાને અમે ઘણી રીતે મદદ કરી હતી.

મને જ્યારે પૈસો વાપરવા મળતો ત્યારે હું જરૂર તેમાંથી અર્ધો ભુદરિયાને આપતો. ભુદરિયાને પણ મારા ઉપર અગાધ પ્રેમ હતો. નાતમાં જમવા જાય તો ગમે તેવી રીતે મારા માટે કંઈક તો ખાવાનું જરૂર લાવે! મણિયો તો કરાંચી ઊપડી ગયો. શેરીમાં રમતગમત બંધ હતી. મણિયો ગયો, અમને ખૂબ લાગી આવ્યું. એ ઉદાર હતો અને જરા પણ સ્વાર્થી ન હતો. સ્વાર્થી તો કોઈ ન હતું. ચંદુડાના બાપાની બદલી થવાની હતી એટલે તે પણ ચાર-પાંચ દિવસનો મહેમાન હતો. ભાયલાની સગાઈ માટે વાતો ચાલતી હતી એમ ભાયલો કહેતો હતો. ધમલાના બાપાને એમ લાગ્યું કે ધમલો હવે આગળ ભણશે નહીં એટલે ધમલાને કામે વળગાડવાની વાતો થતી હતી. ધમલો કામ ઉપર ચડવા માટે તૈયાર હતો, કારણ કે તે ઘણી વાર કહેતો કે:

'વજિયા, હું તો આ કવિતા અને લેખાંની કૂંચીઓ ગોખી ગોખીને કંટાળ્યો છું!'

ખરી રીતે અમે બધાય કંટાળ્યા હતા. કંટાળીએ એમાં કંઈ નવાઈ નથી. ગોખવા સિવાય બીજી કેળવણી જ ક્યાં છે? જે વિષય ગમતો ન હોય તે પણ ગોખવો પડે. શહરો અને નદીઓનાં નામ ગોખવા, આંક ગોખવા, લેખાંની કૂંચીઓ ગોખવી, કવિતાઓ ગોખવી, ઇતિહાસમાં કંઈ પણ ન સમજાતું હોય તો પણ કડકડાટ મોઢે રાખવો જોઈએ! ગોખણપટ્ટી સિવાય બીજું શું છે?અમે ગોખતાં પણ સમજણ વિના! પૌંડ, શિલીંગનું કોષ્ટક તૈયાર કરતાં પણ પૌંડ પથરો છે કે સોનાનાણું તે કંઈ ખબર ન હતી. પરીક્ષામાં ધમલાને 'મુંબઈ' બતાવવાનું કહ્યું એટલે ધમલો નકશા પાસે ગયો અને થોડા વિચાર પછી તેણે પોતાની આંગળી 'સિલોન' પર મૂકી! ભૂગોળમાં ફક્ત નદીઓ અને શહેરોના નામ ગોખતાં. બીજું કંઈ ભાન ન હતું.

બાળપણથી જ ગોખણપટ્ટી કરવી પડે છે, કેળવણીકારોએ ગોખવાની પદ્ધતિને કેળવણીમાં મુખ્ય સ્થાન આપ્યું છે, કારણ કે એ લોકો એમ માનતાં લાગે છે કે ગોખણપટ્ટી કરવાથી ભાવિ નાગરિકો તૈયાર થાય છે! આ પ્રણાલિકા તો ઠેઠ બાળપોથીથી માંડી બી. એ. સુધી ચાલી આવી છે! પરિણામ શું આવ્યું છે?

આજે યુવાનોમાંથી સર્જન શક્તિ નાશ પામી છે! કલ્પનાશક્તિ પણ મરી ગઈ છે. થોકડાબંધ યુવાનો ડિગ્રી લઈ દર વર્ષે નીકળે છે. હિંદને શું મળ્યું? હજારો બી. એ. અને એમ. એ. થાય છે પણ દેશનું સાહિત્ય કેટલું આગળ વધ્યું? કેળવણી સંસ્કાર માટે નથી પણ જીવનનિર્વાહ માટે છે! વિદ્વાનોમાં આજે વ્યાભિચાર ખેલાય છે! પરદેશથી પાછા ફરેલા યુવાનો પણ શું કરે છે? પ્રોફેસર થવાની મહત્વાકાંક્ષા રાખે છે!

નિશાળની ઘરેડમાંથી છૂટી સાંજે ઓટલા ઉપર બેસતા ક્યાંય ગમતું ન હતું. થોડા ગપાટા મારી છૂટા પડતા. ભુદરિયાનો તાવ હજુ સુધી ઊતર્યો ન હતો. મારું હૃદય વીંધાતું હતું. ભુદરિયાને જોયા સિવાય ચાલે તેમ ન હતું. જે ભુદરિયો રોજ મળે, અને હમેશા સાથે જ હોય તે ભુદરિયો આ ચિનાઈને છોડી તાવમાં પટકાયો હતો. ભુદરિયો માંદો હતો. ભુદરિયાના હૃદયમાં એક પ્રકારની માંદગી સદાયને માટે રહેતી. માતાની ખોટ પૂરી પાડનાર કોઈ ન હતું. ભુદરિયાનો સર્વ પ્રેમપ્રવાહ મારા પર ઢોળાયો હતો. બન્ને બટુકડા મિત્રો કલાકો સુધી પોતાનાં સુખ-દુ:ખની વાતો કરતા અને એકબીજાના હૃદય ખાલી કરતા. ભુદરિયાને જોતાં જ મારું હૃદય પ્રેમથી ભરાઈ જતું. ભુદરિયાનો ચહેરો જોયા સિવાય હું કેમ રહી શકું? મારા હૃદયમાં વેદના હતી-દર્દ હતું. ભુદરિયા માટે પ્રેમ હતો. આખરે ભુદરિયાને કોઈપણ રીતે જોવાનો નિશ્ચય કર્યો.

આજે ઓટલા પર બેઠો બેઠો હું વિચારતો હતો. ભુદરિયાને મળવા નિશ્ચય કરી એકદમ હું ઊઠ્યો. દઢ પગલે, ચિંતાતુર ચહેરે હું મારા પ્યારા મિત્રને મળવા આતુર બન્યો. ભુદરિયાના ઘર તરફ ગયો. ડેલીમાં પગ મૂક્યો પણ અચકાયો. મને એવો ભાસ થયો કે કોઈએ મારો કાન પકડ્યો મને શબ્દો યાદ આવ્યા.

'તેં મારા દીકરાને બગાડ્યો!'

હું પાછો ફર્યો. ભાંગેલા હૃદયે મિત્રને મળવાની આતુરતા વધતી હતી. આખા મકાનમાં શાંતિ હતી. સંધ્યાનો ઝાંખો અંધકાર ધીમે ધીમે જામતો હતો. થોડીવાર પછી તરત જ મારી નજર બહારના રસ્તા ઉપર એક બારી પડતી હતી ત્યાં ગઈ. બારી જરા ઊંચે હતી. એ જ ઓરડામાં ભુદરિયો સૂતો હતો. મારા મુખ ઉપર આનંદ છવાયો. મિત્રને મળવા હું આતુર હતો. આતુરતા માનવીને ગમે તેમ પણ સુઝાડે છે, બે-ત્રણ મોટા પથરા ભેગા ગોઠવી મેં બારીના સળિયા પકડી લીધા.

મારી દૃષ્ટિ સામે ખૂણા ઉપર પડી. ઝાંખુ ઝાંખુ એક ફાનસ ભુદરિયા આગળ પડ્યું હતું. ભુદરિયાની પથારી આગળ તેનો બાપ, તેની નવી બા અને પડોશના બીજા બે-ત્રણ બૈરાં બેઠાં હતાં. ગંદા એવા ઓરડામાં એક ખૂણે મારો પ્યારો મિત્ર વેદના સહન કરતો હતો. ભુદરિયાની માંદગી વધતી હતી તે બકતો હતો. ગાંડા માનવીની જેમ તે બધુંય બકતો હતો. ગોદડું ફેંકી દીધું. તેના બાપાએ ફરી ઓઢાડ્યું. ભુદરિયો ધીમેથી બોલ્યો, બોલ્યો નહીં પણ બક્યો:

'બાપા ભૂત! જો આવ્યું! મરી ગયો! ઓ બાપા, ઓ બા.'

મારું હૃદય ચિરાયું, ભુદરિયાને બાઝી પડવાનું મન થયું. ફરી અવાજ આવ્યો.

'બાપા, તમે બહાર જતા ત્યારે મારી નવી બા મને ખાવા ન આપતી બાપા,

ઓ બાપા, મારી બા મને છાણાંની ઓરડીમાં પૂરી દેતી. મને માર મારતી. તમારે મોઢે તે રોજ ખોટું બોલતી, બાપા મારું માથું ફાટે છે... બાપા, મારી જૂની બાને તમે ક્યાં મૂકી આવ્યા?'

ભુદરિયો શાંત થયો. તેના બાપા તેના કપાળ ઉપર હાથ ફેરવતા હતા. તેની આંખમાં આંસુ હતાં. મુખ ઉપર કરુણા હતી. પશ્ચાતાપ હતો. ફરી ભુદરિયે બકવાસ શરૂ કર્યો,

'બાપા, ઓ બાપા, વજિયો ક્યાં? મારે મળવું છે! બાપા, ભૂત આવ્યું. જુઓ, જુઓ, મને પકડી જાય! વજિયા...'

મારાથી હવે ન રહેવાયું. હવે તો હદ થતી હતી. ભુદરિયાને મળવું જ જોઈએ. ભુદરિયો મને ભૂલ્યો ન હતો. મારા હૃદયમાં જોર આવ્યું. બારીના સળિયા છોડી હું ઉતાવળે પગલે ઘરમાં દાખલ થયો. બધા આંખો ફાડી જોઈ રહ્યા. આ નાનકડો ચિનાઈ ભુદરિયા પાસે ઊભો રહ્યો. તેના કપાળ ઉપર હાથ મૂક્યો. ભુદરિયાના ચહેરા ઉપરથી ગુલાબી ઊડી ગઈ હતી. તાવ સખત હતો, બેભાન અવસ્થામાં ભુદરિયો બકતો હતો. હું રડતો હતો ભુદરિયે આંખ ઉઘાડી તે બોલ્યો:

'બાપા, વજિયાને બોલાવો... બાપા, વજિયો ક્યાં છે?'

કેવા મીઠા શબ્દો! શબ્દમાં અક્ષરે અક્ષરે પ્રેમ ભરેલો હતો. હું ગદ્‌ગદ્ કંઠે બોલ્યો:

'ભુદરિયા, હું અહીં છું.' હું વધુ બોલી ન શક્યો.

ભુદરિયાની ઝીણી મજાની આંખો આ ચિનાઈને નિરખી રહી જાણે પ્રેમનાં પૂર ઉભરાતાં હોય એમ લાગ્યું. હું ભુદરિયા પાસે બેઠો હતો. એકદમ ભુદરિયો બેઠો થયો. મારે ગળે વળગી પડ્યો.

'વજિયા, તું તો મારો વહાલો દોસ્ત, વજિયા, વ...જિ..યા આવ...જે.'

ગળેથી હાથ છૂટી પડ્યા. બાળ ભુદરિયો પથારીમાં પટકાયો. તેની આંખો બંધ થઈ ગઈ. તેના સુંદર ગુલાબની પાંખડી જેવા હોઠ બિડાઈ ગયા. ભુદરિયો શાંત થઈ ગયો. તેણે સદાના માટે શાંતિ લીધી. ભુદરિયાના પિતાએ રુદન શરૂ કર્યું. આસપાસ બેઠેલાં બૈરાંઓ પણ રોવાં લાગ્યાં. ભુદરિયો શાંત પડ્યો હતો. ભુદરિયાનું શરીર હતું પણ એ શરીરમાં પ્રાણ ન હતો, ચેતન ન હતું. હું ચોધાર આંસુએ રડતો હતો. મારા કોમળ હૃદય ઉપર આ જબરો ફટકો હતો. મારાથી બૂમ પડાઈ ગઈ.

'ભુદરિયા, ઓ ભુદરિયા!'

હું પણ બાળક જ હતો. મિત્રનું ઘર છોડી હૃદયમાં વિલાપ કરતો હું ઘેર

ગયો. મારી બાનાં ખોળામાં માથું મૂકી ખૂબ રડ્યો. આંખમાંથી આંસુ ચાલ્યાં જતાં હતાં. રાત્રે ખાધું પણ નહીં, ઊંઘ પણ ન આવી.

ભુદરિયાનો નિર્દોષ ચહેરો મન બોલાવતો હતો. ભુદરિયો પોતાની દુ:ખી દુનિયા છોડી આ ચિનાઈને મૂકી ચાલ્યો ગયો. મારા હૃદયમાં કદી ન વસેલી એવી ગમગીની ફેલાઈ ગઈ. આખી રાત મેં મિત્રને યાદ કર્યો. બે-ત્રણ વાર ઊંઘમાંથી ઝબકી ઊઠ્યો પણ મારી બાએ પાણી આપી સુવાડી દીધો.

* * *

૨૪ વિદાય

બીજે દિવસે સવારે હું મોડો ઊઠ્યો. ઊઠીને જોઉં છું તો સવારની ટ્રેનમાં એક મહેમાન આવ્યા હતા. ભરાવદાર શરીર, ગંભીર મોઢું અને આનંદી સ્વભાવ! સામા માનવીને એક ક્ષણમાં માપી લે એવી આંખો મારા ઉપર ફરી વળી. ઘણા માણસોના ચહેરા ફક્ત આનંદી લાગે પણ વાતચીત કરે ત્યાં ચીડ ચડે! ઘણા માણસોના ચહેરા ગંભીર લાગે પણ વાતમાં ઊતરીએ ત્યારે એમ જ લાગે કે તેની સાથે વાતો કર્યા જ કરીએ! આ મહેમાન બીજા પ્રકારના હતાં. હું મહેમાન સાથે બહુ બોલતો નહીં, કારણ કે બધા વડીલોથી હું બહુ બીતો. પણ આ મહેમાને તો મને પહેલાં બોલાવ્યો:

'કેમ છો નામદાર, તબિયત કેવી છે?'

જાણે કોઈ મિત્રે મારા સમાચાર પૂછ્યા! મને નવાઈ લાગી! વડીલ આટલી છૂટથી હસીને બોલી શકે. મેં છૂપી રીતે તપાસ કરી તો તે લાંબો કોટ પહેરીન આવ્યા ન હતા. લાંબો કોટ પહેરનાર દરેક માનવી મને ગંભીર લાગતો. આ મહેમાને ટૂંકો કોટ, કાળી ટોપી, સુંદર કાળા અમેરિકન જોડા અને ધોતિયાને કછોટા મારીને પહેર્યું હતું. મને થયું કે આ મહેમાન જુદા જ પ્રકારના છે, એમની પાસે મોટો ટ્રન્ક પણ ન હતો. એક નાનકડી પેટી હતી. તેમાં પાન હતાં અને બે-ચાર ચોપડીઓ હતી અને એક અંગ્રેજી છાપુ પડ્યું હતું.

એ મારા ફૂઆ હતા. જમવા માટે મેં બોલાવ્યા:

'ફુઆ, જમવા ચાલો.'

તે એકદમ હસી પડ્યા. તેમની આંખો પાછળ પ્રેમનાં મોજાં ઉછળતાં હતાં. મને કહે:

'જો વજુ, મને ફુઆ કહીને ન બોલાવતો, મને 'કેશુભાઈ' કહેવું.'

મને તો ખૂબ નવાઈ લાગી એ મારી સાથે ખૂબ વાતો કરતા. અમે બન્ને ગામમાં ફરવા ગયા, હું તેમને ફરવા લઈ ગયો. જે તોફાનો કહેવાય તેવાં હતાં તે તોફાનની વાતો કરી. નદીમાં અમે જમાદારની શેરીના છોકરાઓને હરાવ્યા હતા એ વાત કરી તેમને મારી વાતોમાં ખૂબ રસ આવ્યો. મોટી ઉંમરના માણસો બાળકોની વાતોમાં રસ લેતા હશે તે તો મેં ત્યારે જ જાણ્યું. એ મારી સાથે હસીને વાતો કરતા, રસ્તા ઉપરની એક દુકાનેથી તેમણે મારી પાસે પાન મંગાવ્યું. ત્યારે મને નવાઈ લાગી કે શું વડીલો પણ પાન ખાતા હશે! ખરેખર આ મહેમાન તદ્દન જુદા જ હતા. તેમણે પાન ખાધું એટલું જ નહીં પણ મને પણ આપ્યું મને તો તેમની સાથે ફરવાનું બહુ મન હતું.

તેમણે પોતાના ઘરની વાત કરી વાર્તાની ચોપડીની વાતો કરી પછી મને પૂછ્યું:

'તું ચાલ મારી સાથે અમદાવાદ!'

મારે તો એટલું જ જોઈતું હતું. શેરીમાંથી હવે મજા ગઈ હતી. ભુદરિયાનો ફટકો ઊંડો ઊતરી ગયો હતો અને મને લાગેલું કે હવે શેરીમાં રહેવામાં સાર નથી. બધા વડીલો મને 'લુચ્ચો, ચોર, રખડું' એવાં ઉપનામો આપતા. શેરીનાં બૈરાંઓ-ડાહી લાંબી જેવા-મને છૂટે મોઢે ગાળો દેતા હતા. માસ્તરથી તો હું કંટાળ્યો હતો. મારે શેરી છોડવી જ જોઈએ એમ મને લાગતું હતું.

આખરે નક્કી થયું કે આવતી કાલે સાંજે મારે અમદાવાદ જવું! મારો આનંદ ઉભરાતો હતો. નવું નવું જોવાનું મને બહુ ગમતું. કોઈ મારે પણ નહીં. અમદાવાદમાં હું પહેલી અંગ્રેજીમાં બેસવાનો હતો. એટલે મારી માન્યતા એમ કે અંગ્રેજી ભણી હું મોટો સાહેબ થઈ જઈશ. રખડવાનું, બીડી પીવાનું, ચોરી કરવાનું બંધ કરીશ એમ મેં મનમાં નક્કી કરી નાખ્યું. એ વખતે હું વારંવાર થોડું અંગ્રેજી બોલતો હતો. કોઈ છોકરાને ગાળ દેવી હોય ત્યારે હું આંખો કાઢી, મુઠ્ઠી બીડી, કડક ચહેરો રાખી જોરથી બૂમ પાડતો.

'એય સાલા ઢેમ બિલાડી રાસ્કલ!'

બસ આટલું જ આવડતું હતું અને હું વારંવાર સદુપયોગ કરતો. અંગ્રેજી ભણવાની બહુ હોંશ હતી. કોટ-પાટલૂન તો પહેરવાં જ જોઈએ એવી મારી સજ્જડ માન્યતા હતી, કારણ કે જ્યારે બચુડો પહેલી અંગ્રેજીમાં આવ્યો. ત્યારે તે જ દિવસે દરજીને ત્યાં કોટ-પાટલૂનનું માપ આપી આવ્યો. આવી તો ઘણી લાલચો હતી. અમદાવાદ જઈશ તો પટિયાં પણ પાડી શકાશે અને રોફમાં ફરાશે. મને થયું કે હવે જવું જ જોઈએ.

અને મારે જવાનો વખત પણ થયો.

મારી બાનું હેત ઉભરાતું હતું. સવારથી જ મને શિખામણો આપવી શરૂ કરી હતી. હું પણ જાણે શિખામણ પાળવા, શિખામણનો દરેક શબ્દ જીવનમાં ઉતારવા માટે આતુર હોઉં એમ સાંભળતો હતો. હું દરેક શિખામણને અંતે ડાહ્યોડમરો થઈ બોલતો:

'હા બા, જરૂરી કરીશ.'

મારે માટે એક પોટલું મારી બાએ બાંધી આપ્યું. પોટલામાં મારાં કપડાં હતાં. જમવા બેઠો. દહીં અને ખીચડી ખાધાં. જમ્યા પછી મારી બાના કહેવા પ્રમાણે કુળગુરુની છબીને નમ્રભાવે પગે લાગ્યો, મારા બાપુજીને પણ પગે લાગ્યો. પછી લાંબો કોટ, ચોરણી અને માથા ઉપર જરીવાળી સોનેરી ટોપી પહેરી લીધી. બહાર ગાડી ઊભી હતી. બગલમાં પોટલું રાખી હું કેશુભાઈ સાથે જવા તૈયાર થયો. મારી બાને પણ પગે લાગ્યો, તે રડી પડ્યાં, મને પણ રડવું આવી ગયું. એ જાતનું રુદન મેં પહેલુંવહેલું અનુભવ્યું. પગે લાગ્યો એટલે મારી બાએ મારાં દુ:ખણા લીધાં અને બોલ્યા:

'ત્યાં જઈ સુધરી જજે હો, ફૈબાને માથાકૂટ કરાવતો નહીં હો.'

મારે ઘણું બોલવું હતું પણ બોલી ન શક્યો, જતી વખતે મારી બાએ મને સાકરનો કટકો આપ્યો, ઘરની બહાર આવ્યો. ગાડીમાં પોટકું મૂક્યું કે તરત જ મારી નજર બીજે પડી બે હેતાળ આંખો મને નીરખતી હતી. ગુલાબી ઘાઘરી અને ગુલાબી પોલકામાં સજ્જ થયેલી એક નાની છેકરી મને જોતી હતી. હું તેની સામે જોઈ રહ્યો. ઘોડાગાડી ઉપડી પાછળથી મીઠો અવાજ આવ્યો. 'વજુ, આવજે, આવજે...' હું જવાબ ન દઈ શક્યો, મારી દૃષ્ટિ તેના ઉપર હતી, એ દૃષ્ટિમાં જ જવાબ હતો. એ મારી સામે જોઈ રહી, હું તેની સામે જોઈ રહ્યો. ગાડી સ્ટેશન આગળ અટકી. બગલમાં પોટકું મારી કેશુભાઈની પાછળ ચાલ્યો. જોઉં છું તો બે મિત્રો મને વળાવવા આવેલા. ભાયલો અને ધમલો. અમે ડબ્બામાં બેઠા. મેં પોટલું છોડ્યું અને અંદરથી બે ભમરડા કાઢ્યા. હાથ લંબાવી મારા મિત્રોને મેં ભેટ આપી દીધા. મારો વિચાર ભમરડા અમદાવાદ લઈ જવાનો હતો. મિત્રોને જોઈ તે વિચાર માંડી વાળ્યો. ધમલાની પાછળ રાતડો ઊભો હતો. એ પણ કંઈ સંદેશા પાઠવતો હતો.

સીટી વાગી. રાતડે રુદન શરૂ કર્યું. ધમલે અને ભાયલે હાથ ઊંચા કર્યા. ધીમે ધીમે ટ્રેન ઊપડી. ડબ્બાની બારીની બહાર હું ડોકું કાઢી ઊભો રહ્યો. દૂરથી જ્યારે મિત્રો દેખાતા બંધ થતા હતા ત્યારે ઝીણો અવાજ આવ્યો, 'વજિયા... આવજે... આવજે.' મારી આંખો ભીની હતી. ગાડી આગળ ધપતી હતી. હું શાંત હતો. ગાડી પૂલ ઉપર હતી. નીચે નદી વહેતી હતી અહા! મારી નદી, જેમાં હું રમ્યો, કૂદ્યો અને આનંદ કર્યો. નદીનું નીર વિદાયગીત ગાતું હતું. આ એ જ પૂલ કે

જેની નીચે હું નદીની રેતીમાં બેસી જોયા કરતો અને નવી કલ્પનાઓ રચતો, સૂર્ય આથમતો હતો. આખા વાતાવરણમાં ફક્ત એન્જિનનો અવાજ નીકળતો હતો.

ભક્ છુસ્ ભુક્ છુસ્

મારું મન કંઈ નવી પીડા અનુભવતું હતું. દૂરથી નદી કિનારે ઊભેલું શિવમંદિર દેખાયું. મને છગનો યાદ આવ્યો, હૃદય ભરાઈ આવ્યું. ખલાસ, ખલાસ, મને ખૂબ જ ગમતી એવી નદી ગઈ. ટ્રેન આગળ વધી રહી. ધુમાડાના ગોટેગોટા આકાશમાં તારલાઓ સાથે મીઠી મીઠી વાતો કરવા માટે આગળ ધપતા હતા. હું બાઘાની જેમ બેઠો હતો. મને કંઈ ભાન ન હતું.

મારી આંખ આગળ હસતો ચહેરો આવી ઊભો રહ્યો. સુંદર મજાના હોઠ, નમણું નાક અને પ્રેમભરી આંખો એ મિત્ર મીઠું મીઠું મલકતો હતો. એ બોલતો હતો:

'વજિયા, આવજે...' હું તો જાઉં છું.'

મારી આંખ આગળથી એ દૂરને દૂર જતો હતો. મેં જોયું તો તેના ગળામાં ફૂલની દોરી હતી. એ દોરી પકડી કોઈ દેવ તેને લઈ જતા હતા. દેવનાં વસ્ત્રો મોગરાના ફૂલનાં બનાવેલાં હતાં. એ બાળકને દોરી જતા હતા. મારે માટે ઝંખતો એ ગુલાબી, હસમુખો ચહેરો દુર ને દૂર સોનેરી વાદળોમાં આગળ ધપતો હતો. એ ધીમું ધીમું બોલતો હતો.

'આવજે... હું તને નહીં ભૂલું, તું મને નહીં ભૂલતો.

ગયો, આખરે મારો દોસ્ત ભુદરિયો ગયો. મૃત્યુદેવ તેને ક્યાંક લઈ ગયા. પણ એ ગયો કે તરત જ ફરી અવાજ આવ્યો.

'આવજે આવજે...'

પાછળ જોયું તો ભાયલો અને ધમલો! બન્ને મોટા પથ્થર ઉપર ચડી બૂમો પાડતા હતા કે:

'આવજે... આવજે...'

મારા કાનમાં એ ત્રણ અક્ષરો જ ગાજતા હતા. દરેક અક્ષર જોરથી હથોડાની જેમ મારા કાન ઉપર પડતો હતો.

'આ... વ... જે.'

મારા માથા ઉપર કોઈએ હાથ મૂક્યો

'વજુ, ઊઠ ઊઠ તૈયાર થા.'

હું જાગી ઊઠ્યો આંખો ઊઘડી ગઈ. સવાર પડી ગયેલું. દૂરથી અમદાવાદની મિલોના ભૂંગળાં દેખાતા હતાં.

(સમાપ્ત)



લોકપ્રિય સામયિકો 'ચિત્રલેખા' તથા 'જી'ના સંસ્થાપક વજુ કોટકે ગુજરાતી પત્રકારત્વ ક્ષેત્રે નવો ચીલો પાડ્યો. ફિલ્મના કથા-પટકથા લેખનથી કારકિર્દીનો આરંભ કર્યા પછી વજુભાઈની કલમે આલેખાયેલી નવલકથાઓ અને તત્ત્વચિંતનની રત્નકણિકા 'પ્રભાતનાં પુષ્પો'એ વાચકોની અપૂર્વ ચાહના હાંસિલ કરી, પુરાણથી વિજ્ઞાન અને રાજકારણથી ફિલ્મ સુધીના અનેક વિષય પર એમનું પ્રભુત્વ રહ્યું. 'ચિત્રલેખા'એ સૌથી વધારે ફેલાવાનો વિક્રમ સર્જીને લોકપ્રિયતાની એ પ્રણાલી જાળવી રાખી છે.

બચપણનાં સંભારણાં

ગાડી સ્ટેશન આગળ અટકી.
બગલમાં પોટલું મારી કેશુભાઈની પાછળ ચાલ્યો.
જોઉં છું તો બે મિત્રો મને વળાવવા આવેલા. ભાયલો
અને ધમલો. અમે ડબ્બામાં બેઠા.
મેં પોટલું છોડ્યું અને અંદરથી બે ભમરડા કાઢ્યા.
હાથ લંબાવી મારા મિત્રોને મેં ભેટ આપી દીધા. મારો
વિચાર ભમરડા અમદાવાદ લઈ જવાનો હતો. મિત્રોને
જોઈ એ વિચાર માંડી વાળ્યો. ધમલાની પાછળ
રાતડો ઊભો હતો. એ પણ કંઈ સંદેશા પાઠવતો
હતો. સીટી વાગી. રાતડે રુદન શરૂ કર્યું. ધમલે અને
ભાયલે હાથ ઊંચા કર્યા. ધીમે ધીમે ટ્રેન ઊપડી.
ડબ્બાની બારીની બહાર હું ડોકું કાઢી ઊભો રહ્યો.
દૂરથી જ્યારે મિત્રો દેખાતા બંધ થતા હતા ત્યારે
ઝીણો અવાજ આવ્યો, 'વજિયા... આવજે...'

– વજુ કોટક





ચિત્રલેખા
પ્રકાશન


ISBN 81932423 3-5
9 788193 242339